Date of Publication - Posted on 10th of Every Month


समानो मन्त्रः । (ऋग्वेद) • समानी प्रपा । (अथर्ववेद)

# પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૨૦ એપ્રિલ : ૨૦૨૬ અંક : ૧૦ ₹ 20



ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર




greenfibre

FORMALS | CASUALS | PARTY WEAR

Ahmedabad • Alibag •Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Bardoli • Bilimora •Gandhidham • Gandhinagar
Godhra • Himmatnagar • Hyderabad • Indore • Jamanagar • Junagadh • Kadi • Kalol • Mehsana • Modasa • Nadiad •
Palanpur • Patan •Porbandar • Rajkot • Surat • Surendranagar • Visnagar • Vadodra • Vapi greenfibre.com | jadeblue.com

**समानो मन्त्रः** (ऋग्वेद) **समानी प्रपा** (अथर्ववेद)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦


વર્ષ : ૨૦ એપ્રિલ : ૨૦૨૬ અંક : ૧૦



સંપાદક

**કિરીટ દૂધાત**

**પ્રકાશન મંત્રી**

ભીખેશ ભટ્ટ

**પરામર્શનસમિતિ**

**હર્ષદ ત્રિવેદી**
પ્રમુખ

**યોગેશ જોષી**
**રાજન્ ભટ્ટ**
ઉપપ્રમુખ

**સમીર ભટ્ટ**
મહામંત્રી



## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ–૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફેક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

# અનુક્રમ


◈ **પ્રમુખીય : મથામણ** - ૨૮ - હર્ષદ ત્રિવેદી, ૬

◈ **કવિતા :**

● **યુદ્ધ અને અર્થ** - અજય સરવૈયા, ૮ ● **યુદ્ધનો સમય** - રાજેશ પંડ્યા, ૧૦
● **કંઈ કહેવા કરું છું** - પ્રતિષ્ઠા પંડ્યા, ૧૦ ● **બટેરબાવીસા** - હરીશ મીનાશ્રુ, ૧૧
● **વ્યતીત** - મણિલાલ હ. પટેલ, ૧૨ ● **એક વૃદ્ધ** - દક્ષા સંઘવી, ૧૨
● **ગઝલ** - શોભિત દેસાઈ, ૧૩ ● **ભીંત ઘસઘસાટ** - નરેશ સોલંકી, ૧૩
● **ગઝલ** - સિકંદર મુલતાની, ૧૩ ● **કેટલું જીવીશ?** - ઈશાન દોશી, ૧૪
● **ત્રણ ગઝલો** - શૈલેશ ગઢવી, ૧૫

◈ **ટૂંકી વાર્તા :**

● **હરગોવિન ચોટલી** - સુમન શાહ, ૧૬ ● **ગ્લેડિયેટર્સ** - બિપિન પટેલ, ૨૩

● **ઓળો રોટલો** - જગદીશ, ૨૭ ● **૮:૫૬ની ચર્ચગેટ ફાસ્ટ** - બાદલ પંચાલ, ૩૬

◈ **સંસ્મરણ :**

● **તે હિ નો દિવસાઃ ગતાઃ એસ.ટી. યાત્રા** - અધીર અમદાવાદી, ૪૦
● **સાતમી તારીખ** - રમણીક અગ્રાવત, ૪૬

◈ **નિબંધ :**

● **પહાડ મારું પિયર** - મનસુખ સલ્લા, ૪૮ ● **ખીહર** - સ્નેહલ ત્રિવેદી, ૫૨

● **અરણ્યપ્રસ્થ - દિવ્યરાજસિંહ યાદવ,** ૫૫

◈ **નાટક : ● એકાંકી - કેસ નં. ૫૯૫૬/૪૭** પ્રવીણ પંડ્યા, ૫૯

◈ **અભ્યાસ : ● ગ્રંથસમક્ષ કરતું મૂલ્યવાન સંપાદન** - કિશોર વ્યાસ, ૭૪

◈ **રસાસ્વાદ : ● રેતીમાં ખૂંપેલું મોરચંગ** - વિજય સોની, ૭૯

◈ **અંજલિ : ● રાજુ બારોટની વિદાય નિમિત્તે :** - પરેશ નાયક, ૮૪

◈ **સંપાદકીય :**

● **રાગા** MAGA : One Battle After Another - કિરીટ દૂધાત, ૯૨

● **સાભાર સ્વીકાર** - ૯૬

● **પરિષદવૃત્ત** - ઇતુભાઈ કુરકુટિયા, ૯૭

● **સાહિત્યવૃત્ત - સંકલન** : ઇતુભાઈ કુરકુટિયા, ૯૯

● **ગુજરાતી સાહિત્ય પરિષદનું અંદાજપત્ર (વર્ષ ૨૦૨૬-'૨૭)**, ૧૦૧

● **આ અંકના લેખકો** - ૧૧૦


◈ **આવરણ ચિત્ર :** B. V. Doshi - Encounters-Serigraph On paper-31x43 inches-2014

◈ **આવરણ-સંકલ્પના :** આગમ શાહ

# મથામણ – ૨૮

હર્ષદ ત્રિવેદી

ધીરુબહેન પટેલનો જન્મ તા. ૨૯-૫-૧૯૨૬ના રોજ થયેલો. આ આખા વર્ષને આપણે એમના જન્મશતાબ્દીવર્ષ તરીકે ઓળખીશું. એ નિમિત્તે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો થતા રહેશે. ગુજરાત વિશ્વકોશે તો પ્રારંભ પણ કરી દીધો. ઝેડકેડ પબ્લિકેશન દ્વારા પારુલ કંદર્પ દેસાઈ અને કંદર્પ ર. દેસાઈએ તો 'ધીરુબહેન પટેલ અધ્યયનગ્રંથ' પણ પ્રકાશિત કરી દીધો એ પણ આનંદની વાત. આપણી ભાષાના અનેક સાહિત્યકારોની સમયાંતરે જન્મશતાબ્દીઓ ઊજવાઈ છે, ઊજવાતી રહે છે. પરંતુ કેટલાક સાહિત્યકારો એવા હોય છે કે જેમના નામ સાથે આખું ગુજરાત અને મુંબઈ બેઠું થઈ જાય. સહુને પોતપોતાની રીતે કશુંક કરવાનું મન થાય. એવું એક નામ એટલે ધીરુબહેન પટેલ. ધીરુબહેનને જેટલો રસ પોતાનું સાહિત્ય લખવા-છપાવવાનો હતો એથીય ઝાઝી ધખના આપણી બહેનો લખતી થાય એમાં હતો. તેઓ માત્ર સ્ત્રીધર્મી જ હતાં એમ નહીં કહી શકાય. એમના હૈયે સમગ્ર ગુજરાત અને ગુજરાતી ભાષાનું હિત વસતું હતું. કોઈ પણ નવા લેખકને ઉમળકાથી આવકારતાં. એમના મનમાં જેટલો આદર જૂના સાહિત્યકારો પ્રત્યે હતો એથી વિશેષ અપેક્ષાઓ નવા સાહિત્યકારો પાસે રહેતી. આટલી મોટી ઉંમરે પણ તેઓ હંમેશાં તરોતાજા લાગતાં એના કારણમાં સતત સંપર્ક અને સાહિત્ય પ્રત્યેનો લગાવ તો ખરો જ, વધારામાં એક પ્રકારની હકારાત્મકતા અને કશુંક સારું થઈને જ રહેશે એવી દૃઢ પ્રતીતિ હતી.

એક વાર અમે એમને મળવા ગયા. નિરાંતે વાતો કરી. શું નવું લખો છો? એની વાત કરો. આપણી વાત ધ્યાન દઈને સાંભળે; એટલું જ નહીં, ઉપયોગી સૂચનો પણ કરે. રાજી થાય અને મળીએ ત્યારે પૂછ્યા વિના ન રહે કે 'પેલું કેટલે પહોંચ્યું?' કડક પટલાણી ઉઘરાણી કરે. ઉમળકો તો એવો કે સમય કાઢીને વાંચી આપે. વાતવાતમાં અમે કહ્યું કે એકાદ વખત અમારે ઘેર આવો. તમને, ખાસ તો અમને આનંદ થશે. 'હા જોઈશું ને પછી વાત...' એવું કંઈ નહીં. નિર્મલાભાભી સાથે ચર્ચા કરીને મને કહે, 'પરમદિવસે મને લેવા આવજો. આપણે તમારે ત્યાં રોટલો સાથે ખાઈશું! હું સાંજ સુધી રહીશ.' આવ્યાં ને આખો દિવસ રહ્યાં. કેટકેટલા વિષયોની વાત થઈ! સર્જનાત્મકતા શી ચીજ છે એ અંગે એમણે સંભાષણ ન કર્યું, ઉદાહરણો આપીને વાત કરી. આપણને આશ્ચર્ય થાય કે આ બહેનને કેટકેટલા વિષયોમાં રસ છે! રસ જ શું કામ? અદ્યતન જાણકારી પણ ખરી. બહુ ખુલ્લા હૃદયનાં હતાં ધીરુબહેન. એમને સ્ત્રી-પુરુષના ભેદ વિના માણસમાં રસ હતો. સહુને સમભાવથી જોવાનો ખ્યાલ તો સહુને ગમે, પણ આચરણ કરવું એ નાની વાત નથી. એમને મૂળભૂત પ્રકૃતિમાં અને ભારતીય અધ્યાત્મમાં ઊંડો રસ હતો. 'આનંદ' એ એમનો પ્રિય શબ્દ. એમનો તર્ક પણ ખૂબ પાકો. અનેક પ્રકારે સવાલ-જવાબ કરી જાણે. નામ પ્રમાણે ધીરજ ધરી જાણે.

ધીરુબહેનનું મૂળ વતન તો ચરોતરનું ધર્મજ, પણ એમનો જન્મ વડોદરામાં થયેલો. અભ્યાસ અને ઉછેર મુંબઈમાં. સાંતાક્રુઝની પોદ્દાર હાઈસ્કૂલ, એલ્ફિન્સ્ટન કૉલેજ જેવી

સંસ્થાઓમાં એમનો અભ્યાસ. ૧૯૪૯ થી ૧૯૬૪ સુધી અંગ્રેજીનાં અધ્યાપક રહ્યાં અને પછી ફક્ત વાંચન અને લેખનમાં જ વ્યસ્ત રહેવાના સંકલ્પ સાથે નોકરી છોડી દીધી. પ્રકાશક પણ બન્યાં. આનંદ અને કલ્કિ પ્રકાશન પણ એમનાં સાહસ. પણ એ કંઈ લાંબું ચલાવવા જેવું લાગ્યું નહીં. પણ સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં વ્યક્ત થતાં રહ્યાં. વચગાળામાં 'સુધા' સાપ્તાહિકનાં તંત્રી પણ થયાં હતાં. સાહિત્ય સંદર્ભે કોઈ પણ પડકારને ઝીલવા સદા તત્પર. વાર્તા-નવલકથામાં એમની મુખ્ય અભિવ્યક્તિ. પણ કવિતા, નાટક, રેડિયોનાટક, ટેલિવિઝન માટે શ્રેણી, બાલસાહિત્ય, નિબંધ વગેરે ઉપરાંત ફિલ્મો પણ લખી. એમાં ગીતો પણ એમનાં જ. ધીરુબહેનમાં કાયમ ઊર્જા છલકતી રહેતી. અન્યોની સર્જનાત્મકતાને બહાર લાવવાની અને સંકોરવાની એમની આગવી શૈલી હતી.

એમની બે લઘુનવલો 'વાંસનો અંકુર' અને 'આંધળી ગલી' અનેક વાર વિવિધ સ્તરે પાઠ્યપુસ્તક રહી ચૂકી છે. એ પછી એમણે 'એક ભલો માણસ' પણ લખી. પરંતુ 'વાંસનો અંકુર'ના પ્રાગટ્યની કથા નિરાળી છે. એક વખત સુરેશ દલાલને ત્યાં લઘુનવલના સ્વરૂપ અંગે ચર્ચા ચાલતી હતી. ધીરુબહેન કહે – 'મને લઘુનવલ એટલે શું, તે સમજાવતાં નહીં ફાવે. પણ મને ખબર છે કે લઘુનવલ એટલે શું? તમને લખી આપીશ!' એ પછી ફક્ત પાંચ કે છ દિવસમાં જ એમણે 'વાંસનો અંકુર'ની હસ્તપ્રત આપી દીધી! એમણે ભાગ્યે જ કશું બીજી વાર લખ્યું હશે. કહી શકાય કે ધીરુબહેન માત્ર લેખિકા જ નહોતાં, એક વાતાવરણ હતાં, આબોહવા હતાં. નવા લેખકો માટે પ્રાણવાયુ હતાં. ઉત્કૃષ્ટ સાહિત્ય સંદર્ભે એમને અનેક માન-સન્માન પણ પ્રાપ્ત થયેલાં. રણજિતરામ સુવર્ણચંદ્રક, મુનશી સુવર્ણચંદ્રક, દર્શક પુરસ્કાર, અકાદેમી પુરસ્કાર, ગૌરવ પુરસ્કાર, ધૂમકેતુ નવલિકા પુરસ્કાર, અકાદેમીનો બાલસાહિત્ય પુરસ્કાર વગેરેથી એમના ઘરની દીવાલ શોભતી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ એમને મહિલા આરક્ષણની રીતે નહોતું મળ્યું. એક પૂરા કદનાં સાહિત્યકારનું એ સન્માન હતું.

પ્રમુખપદેથી એમણે કહેલું કે – 'શતાબ્દી નિમિત્તે આપણે પરિષદને પ્રજા સમીપ લઈ જવી છે. માત્ર અમદાવાદ, મુંબઈ જેવાં શહેરોમાં નહીં. અનેક નાનાંમોટાં શહેરો અને ગામડાંઓમાં ગુજરાતીઓ રહે છે, અન્ય પ્રાંતોમાં પણ ઘણાબધા ગુજરાતીઓ વસ્યા છે. આ તમામ સ્થળોએ પરિષદની પ્રવૃત્તિ ચાલવી જોઈએ....લોકોને એમ લાગવું જોઈએ કે પરિષદ અમારી છે. અમારી ભાષાનું, અમારાં સાહિત્યનું કામ એની દ્વારા થાય છે. માટે અમે અમારો બનતો ફાળો જરૂર આપીશું. ભાષાનો પ્રચાર, સાહિત્યનો સંપર્ક અને ગુજરાતીપણાનું ગૌરવ એ અમારું ધ્યેય હશે અને એ ધ્યેય પાર પાડવાના પ્રયત્નોથી અમે સૌ એકબીજાની નિકટ આવીશું અને એક સુદૃઢ સંસ્કારી ગુજરાતી સમાજનું નિર્માણ કરીશું.'

આપણે ધીરુબહેનને કહીએ કે અમે આપના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં પગરણ આદરી દીધાં છે. આજે ગુજરાતી સાહિત્ય પરિષદની પ્રવૃત્તિઓનું અને સ્થળોનું વૈવિધ્ય દેખાય છે તે તો પાશેરામાં પહેલી પૂણી જેવું છે. પણ જેમ તમારા મનમાં ઉમંગ હતો, કાર્યશક્તિ હતી એમાંથી અમે પ્રેરણા લઈ રહ્યા છીએ. ધીરુબહેનની જન્મશતાબ્દી રંગેચંગે ઊજવાય અને ભાષા-સાહિત્યની સમૃદ્ધિ છલકાય એવી ભાવના સાથે એમની વંદના કરીએ અને આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

## યુદ્ધ અને અર્થ | અજય સરવૈયા

### ૧. ભાગલા

દરેક યુદ્ધમાં
પાણી, તેલ, નદી, ખાડી
વહેંચાઈ જાય છે
બે ભાગમાં.

પછી પાણીનો અર્થ
પાણી નથી રહેતો.
નદીનો અર્થ
નદી નથી રહેતો.
તરસનો અર્થ
તરસ નથી રહેતો.

તમે તમારી
તરસ ને ભૂખને ઊંચકી
ભટકતા રહો છો
એક ઠામથી બીજા ઠેકાણે.
તરસનો કોઈ આરો નથી હોતો,
ને ભૂખને વહેંચી નથી શકાતી બે ભાગમાં.

યુદ્ધનો પણ ક્યાં કોઈ આરો હોય છે,
એ તો ચાલ્યા કરશે અવિરત.
આ બે ભાગનો કાટમાળ વેંઢારીને
રઝળતા રહેશો ત્યાં સુધી.

■

### ૨. કાટમાળ

આભ ફાટી પડે છે
અવિરત વિસ્ફોટથી
ત્યારે થાય કે આ બધા કાટમાળનો
કોઈ ઘાટ ઘડાશે?
કે ક્યારેય ઘાટ ઘડાશે?

સપાટી ફાટી પડે છે
તાપથી
ત્યારે થાય કે
હવે કોઈ અર્થ નથી રહ્યો.
ઉપર કે બીજે ક્યાંય.

અર્થ હવે નિર્વાસિત થઈ ગયો છે.
એને શોધવો રહ્યો
શરણાર્થીઓના કેમ્પમાં
કે કાટમાળમાં.

■

## ૩. વાદળ

શબ્દની સપાટી ઉપર
ઘેરાં વાદળ છવાયાં છે અર્થનાં.
વરસાદ તો પડશે અનરાધાર.
વીજળીના કડાકાભડાકા પણ થશે અવારનવાર.

અર્થને હવે સપાટીની
નીચે, ઊંડે કે તળિયે
શોધી નહિ શકાય.
અર્થ ત્યાં વસતો હશે કોઈ કાળે.

અર્થે હવે
ઠેકાણું બદલ્યું છે પોતાનું.

■

## ૪. રઝળપાટ

ઘેરાં વાદળો વચ્ચે
ભડાકા થયા કરે છે દિવસ-રાત.

સપાટી પર ભેગો થયા કરે છે કાટમાળ
શાળા ને મકાનોનો,
પુલો ને કારખાનાનો,
સપનાં ને આશાનો.

અર્થનો આ કાટમાળ
ખભે લાદીને
રખડતી રહેશે નવી પેઢી
સીમાઓ પાર.

રઝળપાટ એ છે
અર્થનું નવું ઠેકાણું.

■

## ૫. માખી

મીરોસ્લાવ હોલુબની માખીની વંશજ
બણબણે છે
આ માઈલો ફેલાયેલા કાટમાળ ઉપર.
હવે યુદ્ધના મેદાન જેવું કંઈ રહ્યું નથી.
યુદ્ધ મૂલ્યો માટેની લડત હશે કોઈ કાળે.
હવે યુદ્ધનો અર્થ યુદ્ધ રહ્યો નથી.
હવે યુદ્ધનો વેપાર ગામ, નગર,
શહેર બધું જ આવરી લે છે.
એટલે કે મેદાન છોડી બીજું બધું.
એમાં કોનો નફો થાય છે ને કોનું નુકસાન
એનાથી માખીને શું?
માખી તો મડદાં શોધી રહી છે કે
જેના પર ઈંડાં મૂકી શકાય.

કાટમાળની ઉપર-નીચે,
અંદર-બહાર, બધે જ
માખીઓ બાઝી ગઈ છે.
શહેર, નગર, ગામ, મહોલ્લા,
ચોક, શેરી, ફળિયાં ચોમેર
માખીઓ જ માખીઓ
ફેલાઈ ગઈ છે.

હોલુબની માખી પોતાના પગ ઘસી
રહી છે
અર્થ પર બેઠા બેઠા.

■

## યુદ્ધનો સમય | રાજેશ પંડ્યા

જે ભાષામાં લખી શકાય છે
શાંતિ,
એ જ ભાષામાં લખી શકાય છે
યુદ્ધ.

યુદ્ધ અને શાંતિ
બંને એક જ ભાષાના શબ્દો છે.

જોકે
યુદ્ધનો અર્થ લાલ હોય છે
અને શાંતિનો અર્થ સફેદ.
આ બંને શબ્દો લખાયા હોય
તે પહેલાંના કાગળ જેવો કોરો
કશાય શબ્દથી ખરડાયા વિનાનો
નર્યો શ્વેત
જ્યાં
લેખક અને વાચક
શત્રુ અને મિત્ર
યુદ્ધ અને શાંતિ
શબ્દ અને અર્થ
જેવાં અનેક દ્વંદ્વ
ઉદ્‌ભવતાં પહેલાં જ શમી ગયાં હોય
એવા ભાષાતીત પ્રદેશનો પર્યાય છે
કોરો કાગળ,

જેની જરૂર છે આજે કવિતા લખવા માટે
યુદ્ધના સમયમાં.

■

---

## કંઈ કહેવા કરું છું | પ્રતિષ્ઠા પંડ્યા

હું ક્યારની કંઈ કહેવા કરું છું
પણ પેન કાગળ પર મૂ કું ત્યાં તો
એક મોટા ધડાકા સાથે
થઈ જાય છે કાગળના ચૂરેચૂરા
સળગે છે પાસે બેઠેલો જૂનો ખડિયો
જાણે કોઈ તેલનો કૂવો!
હવામાં ડ્રૉનની જેમ
ઊડવા માંડે છે મારી આસપાસ
ન લખાયેલી કવિતાના શબ્દો
મચાવતા આતંક મારા મનમાં
ને હું કોરા કાગળની કરચોના ઢગ તળે
મારું માથું છુપાવી
શાંતિ શોધવા મથું છું.

■

# બટેરબાવીસા | હરીશ મીનાશ્રુ

(સ્મરણપુણ્યઃ બોલે બાવન બહાર બટેર)

પ્રથમ તો આંખ મીંચી મનમાં એક ધાર બટેર.
પછીથી માંડ કથા જેનો હોય સાર બટેર.

ચબરખીમાં તું અમસ્તુંય જો ચીતરે મીંડું,
તો એને ઈંડું ગણી લઈ ધરે અવતાર બટેર.

બને કે તારે ગગન સાથે લેણદેણ હશે,
તેં જીવનભર કર્યાં છે બસ જમેઉધાર બટેર.

હાથમાં ઝાલી રાખું ત્યાં લગી જ એક હશે,
હવામાં આમ ઉડાડું તો બેશુમાર બટેર.

છટકતાં રહેતાં હાથમાંથી એ બધાં જ સતત,
ને ખાલી હાથમાં છેવટ બચે અસાર બટેર.

છે બુલંદીનો એ જ અર્થ કે ઊડતાં ઊડતાં,
નજર ચુકાવી બની જાય નિરાકાર બટેર.

બટેર છે, પરંતુ માત્ર એ બટેર નથી,
છે તો ઊડવાની અભિલાષનો આકાર બટેર.

બટેર હોવા છતાં એ બટેર હોતું નથી,
નીકળી જાય જ્યારે હોવાનીયે પાર બટેર.

બટેર જેવું હકીકતમાં કશું છે જ નહીં,
છતાંય સૌ કર્યા કરે છે બસ પ્રચારઃ બટેર.

બટેર ઊતરી જો જાય સ્વયંમાં ઊંડે,
એને સમજાય છે કે હોય છે અપાર બટેર.

જો મનાકાશમાં ઊડવાની થાય વૃત્તિ તો,
સ્વરૂપ બદલી બની જાય છે વિચાર બટેર.

ગણિતમાં કદાપિ એને ગોઠશે જ નહીં,
કદી ગણી ન શકો બે અને બે ચાર બટેર.

બટેર પ્હેલાં બે બટેર, બે પછી છે, ગણો,
તો બની જાય પ્રહેલિનો એક પ્રકાર બટેર.

એ મારો જાતઅનુભવ છે, લાખ કોશિશથી,
જઈ શકતાં જ નથી આયનાની પાર બટેર.

છે તો બાવનનું પિંજરું ને એમાં ઝૂલવાનું,
છતાંય બોલતું બાવનની સાવ બ્હાર બટેર.

શું હું બટેર છું? – એ પ્રશ્ન સ્વયંને પૂછો,
એ શક્ય છે કે ભીતરથી ભણે હકાર બટેર.

ન મળે કોઈને કોઈના ખરખબર સ્હેજે,
તો બની જાય સ્વયં મુખ્ય સમાચાર બટેર.

લખું બટેર પણ ના અક્ષરોને પાંખ ફૂટે,
શી રીતે શાહી પર રાખે હવે મદાર બટેર.

બટેરમાં ઉમેરો વિશ્વ સકળનાં પંખી,
જવાબ આવશે એક જઃ આ નિર્વિકાર બટેર.

એ છે ભાષાની જેમ ભૂખરું, ભૂખરું જ રહે,
ભલે ને મેઘધનુષ્યો કરે પસાર બટેર.

બટેર હોવાની પીડાને વ્યક્ત કરવી હો,
તો ગઝલમાં ભરી લો આમ ભારોભાર બટેર.

આપી આપીને રદીફ઼ આપે પરગજુ ભાષા,
બટેરુ લઈને તું માંગે છે લગાતાર બટેર.

■

પરબના ગયા અંકમાં પેજ નં. ૬૮ ઉપર “નદી અને માનવ સહઅસ્તિત્વની વેદનશીલ નદી કથા : “નદીષ્ટ”ના લેખક તરીકે **શ્રુતિ ગજ્જર**નું નામ વાંચવા વિનંતી.

## વ્યતીત | મણિલાલ હ. પટેલ

વેઠેલું વ્યતીત બને ત્યારે વ્હાલું લાગે છે.
પાર ઊતર્યા પછી કઠોર સમય મીઠો લાગે છે,
બારેમાસ ને ચારે પહોરના તડકા સરખા નથી હોતા...
સવારને વીતતાં વાર નથી લાગતી,
ને બપોર કેમેય ખૂટતી નથી.
સાંજના લાંબા પડછાયા ઘડીક ડરાવે છે.
રાત ભૌતિક સૃષ્ટિને ઓઝલ કરીને સુખ આપે છે.

ઋતુઓ આનંદ સાથે રંજાડ લાવે છે;
પાનખર વિના વસંત આવતી નથી.
પૃથ્વી ઘાસ વગરની કદી રહી નથી
જે આંસુને સૂરજ પણ સૂકવી શકતો નથી–
એ આંસુ જેણે સાચવ્યું છે તે ધનાઢ્ય છે.

વ્યતીતને ભૂલી શકાય થોડોક સમય...
પણ એને ભૂંસી શકાતો નથી કદીય.
આપણો પાયો જ નહિ, આપણી ઓળખ છે
વ્યતીત. વ્યતીત અને હોવા વચ્ચે હોય છે કેવળ
હવાનું અદશ્ય આવરણ માત્ર...

સદીઓથી જિવાતું આવેલું જીવન એકધારું–
આપણે અંદર કે બહાર બદલી શકતા નથી.
આપણને હંફાવતું હરાવતું રહે છે
પ્રકૃતિનું પરમ સત્યઃ
'સત્યમેવ જયતે'...

■

## એક વૃદ્ધ | દક્ષા સંઘવી

**એક અછાંદાસ કાવ્ય**

ભળભાંખળે નગરની કાળી સડક પર
લાકડી ઠપકારતો
નીકળે છે એક વૃદ્ધ
મંદિરમાં મંગળા દર્શન કરતો હોય
એમ જોયા કરે છે વૃદ્ધ
પોતાના નગરનો
રોજેરોજ બદલાતો ચહેરો

કંઈક વિસ્મય, ભય, નિરાશા,
નિસ્પૃહતાના થાકથી
નગરના આ ચમકતા ચહેરા સામે
વૃદ્ધનો ચહેરો થોડો વધુ ઝાંખો થાય
અને થોડો વધુ વૃદ્ધ થઈ
એ પાછો ફરે ઘર તરફ.

■

## ગઝલ | શોભિત દેસાઈ

સૌ પહેલાં તો જન્માવીને હેરાન કર્યાં તેં.
એ બાદ લગાતાર પરેશાન કર્યાં તેં.

હંમેશ તું સાંભળશેના આપીને અભયદાન,
કાયમના પછી આડા નથી કાન કર્યાં તેં?

છેવટ સુધી પ્યાદાઓ બધા હાથમાં રાખી,
આરંભે બધા માર્ગને આસાન કર્યાં તેં.

ઉધારી જમા ખાતે રહી ચોપડે મારે,
અળવીતરાં કંઈ કેટલાં તોફાન કર્યાં તેં!

માણસ અતિ સામાન્યને ભભરાવી ભભૂતી,
ઢોંગી ને ધતૂરા પછી ભગવાન કર્યાં તેં.

આદમની પૂરી જાત છતાં તારી ઋણી છે,
પીડા ન સહન થાય તો બેભાન કર્યાં તેં.

■

## ભીંત ઘસઘસાટ | નરેશ સોલંકી

એક છાંટો પડ્યો માથે,
જાત સદંતર પાણી પાણી; અષાઢ ચાલે સાથે,
એક છાંટો પડ્યો માથે.

કેમ ઝીલશે કાયા કૂણી?
હૈયે અઢળક ભાર.
પરપોટા સમ કાયા કૂણી,
કરવત જેવી ધાર.

હડી કાઢતો વાયુ ભીનો ઊંચકે એક જ હાથે,
એક છાંટો પડ્યો માથે.

નાનકડું કદ સાવ આમ તો,
તોય નવાબી ઠાઠ.
છાંટે છાંટે કહેઃ પ્રેમના,
આવ ભણાવું પાઠ.

છેક લોહીને વીંધી નાખે, તીર પડ્યા એ ભાથે,
એક છાંટો પડ્યો માથે.

■

## ગઝલ | સિકંદર મુલતાની

**'બોલો..!'**

જૂઠ; છો.. દિલફેંક, બોલો!
લ્યો.. કદી તો નેક બોલો!!

વાત ઝીલે; હર તળેટી,
ટોચ પર જઈ.. છેક, બોલો!

નીચે ઈશ્વરની સહી છે..
જોઈએ છે? ચેક, બોલો??

મૃત્યુ નિશ્ચિત છે બધાનું,
કાપવી છે..! કેક, બોલો??

તો નવી ગઝલો લખાશે–
કૈંક.. પેટીપૅક, બોલો!!

ચોતરફ પ્રસરી.. 'સિકંદર',
એ બૂ.. છે કે મહેક, બોલો??

■

# કેટલું જીવીશ? | ઈશાન દોશી

અત્યારે મને વિચાર આવ્યો
કે હું કેટલું જીવીશ?

કાલની સવાર જોઈ શકીશ?
ગઈ કાલની સવારે હું જીવતો હતો કે નહીં?

આ વિચાર મને આજકાલ
અવારનવાર આવે છે
પરોઢિયે સાંજનો વિચાર કરું
આ વર્ષે ગયા વર્ષનો વિચાર કરું
દર બે ઘડીએ આવતી ક્ષણોનો વિચાર કરું
આને કંઈ જીવવું કહેવાય?

મસ્ત મગન થઈ હું
ક્યારેક વિચારવાનું બંધ કરું
ત્યારે પણ પ્રશ્નો ઊઠે અંદરથી કે
આવી રીતે તો કેટલું જિવાય?
વિચાર ભૂલી જવા માટે પણ પ્રયત્નો કરું
અને અમુક યાદ રહે એના પણ પ્રયત્નો
ચાલતા હોય.

આસપાસ જોઉં તો
સામે રસ્તે ચાલતાં દંપતીના હાસ્યને જોઈ
એમના એકબીજા સાથે વિતાવેલા જીવનની
કથાઓ રચું, પછી વિચારું કે એમને
આ મારી ભ્રમણાઓ સાથે શું લેવાદેવા?
એમની પાછળ એક કૂતરો જીભ કાઢી
એમનો પીછો કરે છે
એને કદાચ એવી ઇચ્છા હશે
કે એમના પ્રેમનો એક ટુકડો
એક સ્વાદિષ્ટ બિસ્કિટ બની
રસ્તા પર વેરાશે અને એને પણ
એમના સ્નેહનો સ્વાદ ચાખવા મળશે.
આ બધી કલ્પનાઓ કરતાં
પાછો એક વિચાર આવે કે
હું કેટલું જીવીશ?
કેટલા સ્નેહના ટુકડા મારા હૃદયથી વેરાશે?

મારા જીવનના આવા હિસાબો કાઢતાં કાઢતાં
હું વધારે ને વધારે બેહિસાબ થતો જાઉં છું
મારી અંદરના માણસ સાથે ચર્ચાઓ કરતાં
ક્યારેક ચિડાઈ જાઉં, ક્યારેક હું એને ચીડવું
અમે એકબીજા સાથે વાતો કરવાનું ટાળીએ
ત્યારે ફરી આજુબાજુના પરિસરમાં
હસતા, રડતા, સાંભળતા, સંભળાવતા
જીભાજોડી કરતા, સરખામણી કરતા
માનવોમાં હું મારા અંદરના માણસને યાદ કરું
એને કોણી મારી નમ્રતાપૂર્વક કહું,
હું મારી જાત વગર અને તું મારા હોવા વગર
કેટલું જીવીશ?

ધીમા હળવા આવજે
હું મને જવાબ આપું
તું જીવીશ તારા જીવન દરમિયાન
મારા અને તારા જીવંતતાના વિચારો
મરણ સુધી જોડાયલા છે
અને મારી-તારી અંતિમ ક્ષણ સુધી
આપણે એટલું જ જીવશું કે આપણે
અવારનવાર પૂછતા રહીએ
કેટલું જીવીશ?

■

## ત્રણ ગઝલો | શૈલેશ ગઢવી

### ૧) પારકાં નથી

આંખોમાં આજકાલ કોઈ ઝાંઝવાં નથી,
જે કંઈ નિહાળું છું એ હવે કલ્પના નથી.

થોડાઘણા પ્રયત્ન પછી થાકી જાઉં છું,
દિલને મનાવવાની સતત ઝંખના નથી.

વરસો પછી મળ્યાં તો અજાણ્યાં જ થઈ ગયાં,
મનને હતો એ ભ્રમ કે હજી પારકાં નથી.

બચપણની નોંધપોથીમાં બહુ છેકછાક છે,
નાના કે મોટા કૌંસ નથી, હાંસિયા નથી.

પૂછે છે માત્ર એના બગીચાનું નામઠામ,
ફૂલો વિશે આ લોક વધુ પૂછતા નથી.

■

### ૨) માંગતો નથી

રાખું છું પણ હિસાબ કદી માંગતો નથી,
સામેથી હું ગુલાબ કદી માંગતો નથી.

ઉલ્લેખ છે તમારો ફકત એ વિશે કહો,
પૂરેપૂરી કિતાબ કદી માંગતો નથી.

મારી તરસ વિશે તો વધુ શું કહી શકું?
સામે રહો, શરાબ કદી માંગતો નથી!

ઝાકળની જેમ એમાં ફના થઈ જવું ગમે,
નિસ્તેજ આફતાબ કદી માંગતો નથી.

એવું નથી કે પૂછવા જેવું નથી કશું,
સારું છે કંઈ જવાબ કદી માંગતો નથી.

■

### ૩) હોંકારો

પરિસ્થિતિ છે નવી ને નવા છે પડકારો,
છે તારી જેમ મને માત્ર મારો સધિયારો.

સમાઈ જાય નહીં ક્યાંક મૌનમાં સઘળું,
કરું છું વાત, મને આપજે તું હોંકારો.

વિચાર આવી રહ્યા છે, જતાય રહેવાના,
હું કોને આપી શકું આવકારો-જાકારો!

રહસ્ય પામી શકાયું ન જન્મ-મૃત્યુનું,
વધારે વીંખવા જેવો નથી હવે ગારો.

લખ્યું છે શાસ્ત્રમાં કે ભય વગર નથી ભક્તિ,
હું કેમ આપી શકું કોઈ પુખ્તને ડારો!

■

## ટૂંકી વાર્તા

# હરગોવિન ચોટલી

સુમન શાહ

હરગોવિન ચોટલીને મેં જૅલમાંથી છૂટીને નીકળતો જોયો, હું બાગમાં જતો'તો, પોલીસ એને ધકેલતી'તી – "ઉંદેડા! હકણો મરજે!"

અમારા ગામમાં જૅલ અને બાગ નજીક નજીક છે. બાગમાં મારા જેવા સજ્જન તો કો'ક જ આવે, પણ લુખ્ખા બહુ આવે. પોલીસ એમને બાગમાંથી જ પકડી જાય, સ્હેલું પડે.

મૉડી સવારના તડકા થયા છે પણ ચૉપાસ ઠંડક છે.

હરગોવિને બાગ ભણી નજર નાખી. મને એમ કે બાગમાં આવશે, પણ એ તો બીજી બાજુએ ચાલવા લાગ્યો. થોડું અંતર રાખી હું એની પાછળ ચાલવા લાગ્યો. પણ કોણ જાણે એને ખબર પડી ગઈ તે અટકીને ઊભો, જોકે હું અટક્યો નહીં.

"ચાલો ને પ્રભાકરભૈ, મારી જોડે, મારી રૂમે." "ના ના, અત્યારે નહીં" "તો પ્હૉંચો મારા ભૈબંધ મનોજને તાં." "શું કામે? અને ઓળખાણ-પિછાણ વિના?" "તમે તો ક્હેતા હોવ છો, તમે સજ્જન છો, તમને ના નહીં પાડે, ક્હેજો કે હું હરગોવિનનો ભૈબંધ છું, કામ-બામ કૈં નૈં, તમે પ્હૉંચો."

એટલું કહીને એ લગભગ દોડતો થઈ ગયો. મેં જોયું કે એની ચોટલી કૂદતી'તી. એક વાર એને એના દાદાએ કહેલું એ એણે મને કહેલું, 'ચોટલી રાખવાથી ભગવાન જોડે જોડાયેલા રહેવાય છે.' એ દેખાતો બંધ થયો. મને સમજાતું ન્હૉતું કે મને આમ એના ભાઈબંધને ત્યાં મોકલે છે કેમ...મેં ગલીની દિશામાં ચાલવાનું ચાલુ રાખ્યું.

ગયા માર્ચમાંય પોલીસ હરગોવિનને લઈ ગયેલી, મને ઇસ્માઇલ માસ્તરે કહેલું, 'ચોટલી લફંગો છે, કૉલેજ નિયમિત જતો નથી, ભણતો નથી, બે વરસથી નપાસ ને નપાસ થાય છે, જિન્દગીની પત્તર રગડી રહ્યો છે.' ઇસ્માઇલ એના સૅકન્ડરીના ટીચર, મારા જેવા સજ્જન છે, એ પણ બાગમાં આવતા હોય છે. બીજા લોકો પણ આવે છે, ચાલવા; કોઈ કોઈ યુવતીઓ પણ આવે છે. બદમાશો તો બબડતા આવે, ખિસ્સાં કાતરીને ચૉરેલી નૉટોની ભાગીદારી અંગે ગાળો બોલે, મારામારીય કરે. બે-ત્રણ પોલીસ તો બાગમાં જ હોય, ખૂણામાં પત્તાં ટીચતા હોય.' માસ્તરે એમ પણ કહેલું કે 'શ્યામલી હરગોવિનને છોડીને પંજાબ ચાલી ગઈ એ પછી એ 'દેવદાસ' થઈ ગયો છે.' મોં બગાડીને બોલેલા, 'ઓછો નથી, છોકરી જોઈ નથી ને ગંદું બોલ્યો નથી, આંખ પણ મારે; એટલે તો તે દિવસે પોલીસ એને થપ્પડ મારતાં મારતાં લઈ ગયેલી.'

એમ તો હરગોવિને મનેય કહેલું કે પોલીસ એને અવારનવાર પકડી જાય છે ને દરેક વખતે એક-બે દા'ડામાં છોડી મૂકે છે. એમ પણ ક્હેતો કે 'અંદર હોઉં કે બ્હાર, મને કસો ફરક નથી પડતો, મજા આવે છે.'

વિચારોમાં મને ખ્યાલ ન રહ્યો કે ગલી તો પૂરી થઈ ગઈ; સામે ગેટ છે, એ પર નેમપ્લેટ છે, 'મનોજ દવે'. મેં મારી 'સજ્જનતા'ને પૂછ્યું–જવું કે કેમ. એણે કહ્યું–જવાય. મેં કહ્યું–પણ કારણ શું આપવું? એણે કહ્યું–કારણની બધે જરૂર નથી હોતી; જોકે ડહાપણ વાપરજો...

લૉ, ઠોકર વાગી! પંપાળતાં પંપાળતાં મેં બેલ માર્યો : "હું હરગોવિન ચોટલીનો મિત્ર...તમારે ત્યાં આવવા અમે જોડે જ નીકળેલા, પણ એ આગળ થઈ ગયેલો."

મનોજ દવે કશું બોલ્યો નહીં, પણ હથેળી હલાવી મને આવકાર્યો. મેં જોયું કે એણે લીલા રંગના બરમૂડા પર સફેદ ટીશર્ટ પ્હેર્યું છે.

"મનોજભાઈ, આ છજામાં બેસું અહીં આ ખુરશી પર?"

મનોજ મને ગૂંચવાયેલો લાગ્યો, પણ બોલ્યો, "બેસો."

એની પાસમાં હતાં એ બેન મને તીખી નજરે જોતાં'તાં.

"તમે બેન, મારી સામે એમ ન જુઓ, હું તો હરગોવિનના ક્હેવાથી આવ્યો છું."

"તમે પોલીસ છો?" મને મનોજે પૂછ્યું.

"ના ના."

"ઠીક...જેલમાંથી ભાગીને આવ્યો હોય એટલે પોલીસ મારા લગી આવી પ્હોંચે છે."

મને થયું કે મનોજ જુઠ્ઠું બોલે છે, હરગોવિન ભાગીને ન આવે...એટલામાં એ બોલ્યો, "હરગોવિન પાગલ છે."

"ઓઓ ઓ! સાલા લુચ્ચા, હું પાગલ છુંઉં?" સામેના રૂમમાંથી બૂમ આવી, બૂમ હરગોવિનની હતી.

મેં ફુસફુસાટથી પૂછ્યું, "અંદર છે?" મનોજ પણ ફુસફુસાહટથી બોલ્યો, "અંદર જાતે બંધ થઈ ગયો છે. જેલમાંથી છૂટે પછી એને પાગલપનના દૉરા પડે છે."

મને સૂઝ્યું નહીં કે શું બોલવું. મારા મનમાં ગૂંચવાડો થયેલો - એ તો એની રૂમે જવા ક્હેતો'તો...અહીં અંદર કેવી રીતે...

પેલાં બેન હજી મને એ રીતે જ જોતાં'તાં. હું ચૂપ બેસી રહ્યો.

પણ કદાચ એટલે જ હરગોવિન મારા મનમાં ભમતો થયોઃ 'પ્રભાકરભૈ, સાંભળો. ગયા જાન્યુઆરીમાં મેં મારા ફેસબુક ફ્રૅન્ડ્સને બાગમાં મળવા બોલાવેલા. 'કેટલા છે?' 'પૂરા પાંચ હજાર! તમારા?' 'હશે વીસેક' 'તમે યાર, છૉ એકલા, પન કૈંક આડુંઅવળું નથી કરતા...ભલે, સાંભળો, આમ તો મેં દરેકને જૅન્ટલ રિમાઇન્ડર મોકલેલાં, પણ હાજર ખાલી ઓગણીસ, જોકે છોકરીઓ તેર હતી, મેં આંખથી ગની કાઢેલું. એક છોકરીએ બધાંને એક એક ચૉકલેટ આપી પન મને ચૉકલેટ સાથે બૂકે ધર્યો, મલકાતી'તી. એના હોઠ પાતળા હતા. હું એને ગમી જાય એવું કૈંક કરવા જતો'તો, પન, ખાખી ગધનો કૂદતો કૂદતો

આવ્યો ને ક્હે, 'કોની પરમિસનથી સભા ભરી છે?' એ મને જૅલ ભની ધકેલતો'તો. મેં મૉં મલકાવી કહ્યું, 'તમે લોકો યાર, પોલીસ થૈને જુગાર રમો છો!' એને ચમકાવવા મેં એના ગાલે નાનો ચૂંટલો ભર્યો. હરામી ક્હે, 'પાનાં રમીએ છીએ.' મેં કહેલું, 'તો ચાલો પીઍસઆઇ પાસે.' 'ના યાર.' 'તો એમ કરીએ કે આપણે ડીલ કરી લૈએ.' 'કેટલા?' 'દર ફેરી પાન્સો.' એવિયો ચાલી ગયેલો, તમને સું કહું પ્રભાકરભૈ, આઘે મેં જોયું તો હાળો ઊભો ઊભો મૂતરતો'તો. આવા, સી ખબર, કોનીય ઑલાદો છે.'

મેં ડોકું ફેરવીને જોયું કેમ કે મને બીક કે ગમે ત્યારે મનોજ મને ચાલી જવા ક્હેશે. પણ એ તો પેલી બેન જોડે ગુસપુસ કરતો'તો. મેં ડોકું પાછું વાળી લીધું ને હરગોવિનવાળા રૂમ ભણી જોવા લાગ્યો – અંદર ખરેખર હશે...શું કરતો હશે...મને થયું, શું કામ આવ્યો હું અહીં...મેં નજરને બ્હાર ઘુમાવી...છજા સામેનું આકાશ રોજ જેવું ભૂરું હતું.

એક વાર ઇસ્માઇલ માસ્તર મને ક્હે, 'ગયા સોમવારે હરગોવિન ઊડતાં પંખીઓને ક્હેતો'તો, 'અલ્યાં, જાવ જાવ, મળી આવો મારી સ્યામલીને.' દરમ્યાન કો'ક યુવતી આવેલી, એની આગળ બોલેલો, 'તુમ ઑરત લોગ કિતની 'વો' હો...' ક્હેતો એને હગ કરી બેઠેલો, પેલીએ એને લાફો મારેલો, બે પોલીસ દોડતા આવેલા ને એને પકડી ગયેલા. 'મીંયા, તમે ત્યારે શું કરતા'તા?' 'હું તે શું કરું? પીઍસઆઈ આવી લાગેલો; ક્હે, 'જૅલ મેં ડાલ દો સાલે કો!'

મને યાદ આવ્યું કે બાગમાં આવતી યુવતીઓમાં કોઈ કોઈ તો એકદમ સુન્દર હોય છે, પણ એથી કરીને...એટલાંમાં મને હતપત સંભળાઈ, જોયું તો પેલી બેન મનોજને છાતીલગોલગ અડી ગયેલી. હું સમજું કે શું કરવા માગે છે, ત્યાં તો એ એને કિસ કરવા લાગી, એની કમર ફરતો હાથ ગોઠવીને મનોજે એને પોતાની સાથે ભીડી દીધી; એ પણ કિસ કરવા લાગ્યો. કૉણ જાણે, મને મજા આવી, પ..ણ..થયું કે ના ના મારે આવું ના જોવું જોઈએ, તોય જોવાયા કર્યું – બન્ને કિસ પર કિસ કરતાં'તાં.

એટલે મારા મનના બાગમાં ભમતા હરગોવિનને મેં ફરી બોલાવ્યો...'પ્રભાકરભૈ, તે દિવસે એક છોકરી દોડતી'તી, કાનમાં કસુંક ભરાવીને બબડતી'તી. મેં એને ઊભી રાખી...'દોડતાં દોડતાં બોલો છો, સ્વાસ ભરૈ જસે...'વ્હૉટ નૉનસૅન્સ' બોલીને એ મૉં મચકોડતી ચાલી ગયેલી. હવે તમે જ ક્હૉ પ્રભાકરભૈ, આમાં એ રૂપારીનું મેં કૈં પન બગાડ્યું ક્હેવાય?...બહુ વરસ પર માધ્યમિકના પ્હેલે જ દા'ડે ઇસ્માઇલ માસ્તરે મને બોધ આપેલો, 'હરગોવિન, રોજ બાગમાં જજે ને 'કેમ છો?' કરીને રોજ એકને ફ્રૅન્ડ બનાવજે, તારામાં માન્સાઈ વધસે.' એટલે હું રોજ્જે એમ કરતો. પન એક જોડું વિચિત્ર, સામું મળે, મને દેખાય કે એકબીજાની હથેળીઓ પકડી રાખી છે, જાને બન્નેને બીક હોય – કોઈ આને ઉપાડી જસે, કે કોઈ આને. એકમેક જોડે કસું બોલે જ નહીં, એવાં મૅંઢાં ને એવાં બાયલાંને મારે 'કેમ છો' સું કામ ક્હેવું...'

એમ બોલતા હરગોવિનને હું મનોમન જોઈ રહેલો પણ એકાએક મારું ડોકું આ તરફ ફરી ગયું, કેમ કે મને પેલાંઓની બુચ્ચમ્બુચ્ચા સંભળાયેલી. મને થયું – હરગોવિનને બોલાવું. એની પેલી બૂમ ભણી હું ફાંફાં મારવા લાગ્યો, પણ બારણાં સપાટ બંધ, મને મૂંઝારો થવા લાગ્યો...ત્યાં જ મારી નજર પડી, હરગોવિન રૂમમાંથી બ્હાર હીંચકે

ઝૂલતો'તો. મેં પાંપણો પલકાવીને ખાતરી કરી. ફર્શ પર બપોરના તડકાનો પટ્ટો પડ્યો'તો, એમાં હરગોવિનનો પડછાયો ઝૂલતો'તો. એટલાંમાં એ જાત સામે ભાષણ કરતો હોય એવી અદાથી બોલવા લાગ્યો, 'મારું ચાલે તો સર્ટ પૅન્ટ અન્ડરવૅર કસું પ્હેરું જ નૈં.' હરગોવિને શર્ટ પૅન્ટ કાઢીને ફગાવી દીધાં. 'તું સરલા, બેડરૂમમાં જા.' મને સમજાયું કે બુચ્ચમ્બુચ્ચાવાળીનું નામ સરલા છે. એ બોલી, 'ના ના, એમાં શું, બરાબર છે' 'શું બરાબર?' 'અન્ડરવૅર તો છે જ ને!' હરગોવિન ઊભો થઈ ગયો. અમે ત્રણેય જણાં અન્ડરવૅર જોઈ રહ્યાં. ભાષણ એણે આગળ ચલાવ્યું, 'વાઘા છે વાઘા, અસલ તો બૉડી છે.' અમારામાંથી કોઈ બોલ્યું નહીં. 'મને ગંદો ગનનારો, માં'ય જાય તમારો સમાજ!' મેં જોયું કે સરલાએ એને હીંચકે પાછો બેસાડ્યો ને હીંચકાને હળવો ધક્કો મારી આપ્યો. હરગોવિન સરલા સામે ઝીણી આંખે સ્મિત કરી રહ્યો. હું બોલ્યો, "હવે હરગોવિન, નીકળીએ બાગમાં જવા." સાંભળ્યું ન હોય એમ કાઉન્ટર પર મોં ધોવા લાગ્યો. હું ફરી બોલ્યો, "હરગોવિન, ચાલ ને હવે બાગમાં જઈએ." પણ એ તો મનોજને ક્હેતો'તો, "દર વખ્તે તો અહીં ડીઑડરન્ટ હોય છે, ક્યાં છે?" મનોજે ડીઑડરન્ટ ધર્યું, ને બોલ્યો, "ન્હાયા પ્હેલાં?" "ન્હાવાનું તમારે હોય" બોલતો હરગોવિન ડીઑડરન્ટ લગાવે છે, ઘડીમાં સરલા ભણી જુએ છે, ઘડીમાં ઝીણી સિસોટી બોલાવે છે...

હું હતો છતાં મારી પરવા વગર હરગોવિન રૂમમાં જતો રહ્યો. મેં મારા મનને મનાવ્યું – એમ કે ડીઑડરન્ટની મીઠી સુવાસ તો છે, ભલે મને અડીને દૂર વિલાઈ ગઈ.

જોકે મને થયું, આ બધી વાતોથી મને ચીડ થવા લાગી છે, એટલે મેં ફરી બૂમ પાડી, 'હરગોવિન, અંદર શું કરવાને છું, મોડું થાય છે, ચાલ ને હવે!' બારણાં એવાં જ સપાટ બંધ હતાં. એટલામાં મેઇનડોરનો બેલ વાગ્યો. ટી-શર્ટ અને જીન્સમાં કોઈ છોકરી દાખલ થઈ. એના હાથમાં લીશ બાંધેલો ડૉગી હતો. "ડૅડી, ટેવિન હમણાં આવે છે." જવાબમાં મનોજ બોલ્યો, "બેટા લીલી, એ બ્લૅક મને પસંદ નથી." "ડોન્ટ સ્પીક ધૅટ વર્ડ, ટેવિન સિમેટ્રિકલ છે, તમને ગમશે, આજે તમે ઓકે કરશો જ" "નહીં તો?" "નહીં તો ભાગી જઈશ, રડતા રહી જશો...સરલાઆન્ટી, કેમ છો તમે?" "લ્હેરમાં, મારે પણ મનોજ જોડે ઓકે કરાવવાનું છે." "સરસ, એ પછી હું તમને આન્ટી નહીં, સૅકન્મૉમ કહીશ." "એટલે?" "ડૅડીની સૅકન્ડ વાઇફ..." સરલાએ શરમાવા જેવું કર્યું. એટલામાં ફરી બેલ વાગ્યો. કદાચ ટેવિન અને એક આધેડ વયની બાઈ દાખલ થયાં. "રમામૉમ, નાઇસ ટુ મીટ યૂ," લીલી બોલી, "તું આજે ડૅડને ઓકે કહીને કાયમ માટે છૂટી થઈ જા." મનોજ નીચું જોઈ રહેલો. પણ એટલાંમાં અચાનક હરગોવિન હાજર થયો, મેં જોયું કે એણે હવે કપડાં પ્હેર્યાં છે, બોલ્યો, "પ્રભાકરભૈ, તમે યાર, બૂમો સું કામ પાડો છો, બાગમાં જસું જ ને!" ત્યારે લીલી બોલતી'તી, "મૉમ, હું તને ઝામ્બિયા લઈ જઈશ. તું હું ને ટેવિન મજાથી રહીશું. ત્યાં પણ હિન્દુ ટૅમ્પલ છે." "હા લીલી", હરગોવિન વચ્ચે બોલ્યો, "ટેવિન હારુ ઘીના વઘારવાળી ખીચડી ખાસ બનાવજે." "બિલકુલ અન્કલ; હું ટેવિનને કૉળિયા ભરાવીશ..."

મેં જોયું કે બધાં નજર ફેરવી ફેરવીને એકબીજાંને જોઈ રહ્યાં છે. "વ્હૉટ ઇઝ કૉળિયા?" ટેવિન બોલેલો. બધાં ખડખડાટ હસી પડ્યાં. મને સમજાતું ન્હૉતું કે મનોજ સરલા લીલી રમામૉમ ટેવિન બધાં ઓકે ઓકેમાં શું ગૂંચવાયાં છે, એમની વચ્ચે આટલી

બધી ગરબડ કેમ છે. ત્યાં હરગોવિન મારું કાંડું પકડીને ધીમેશથી બોલ્યો, "નાગાં આ બધાં છે, હું નૈં, ચલો, ઊઠો!" "પણ બધાંને આવજો તો કર." "આવજો-બાવજો કૈં નૈં, બસ ચાલો." હું ઊઠતો'તો ત્યારે બધાં અમને 'બાય' માટે હાથ હલાવતાં'તાં. લીલીનો ડૉગી અમને આંખો ઠેરવીને જોતો'તો.

રસ્તે હરગોવિન ક્હે, "તમને મેં મારી રૂમે ચાલો કહેલું, પન તમે યાર કાં ચાલી ગયેલા?" "મજાક છોડ, હમણાં આપણે બન્ને તો હતા મનોજ દવેને ત્યાં!" "એમ? તો એમ હસે...ઠીક...ચાલો, હું તમને પૂતળી બતાવું, હામે જ રહે છે...સ્કૂટર પર ફાવસે ને તમને?" "ક્યાં છે સ્કૂટર?" "આ રહ્યું" "ફાવશે પણ તારો ખભો સજ્જડ પકડીશ." "ભલે ભલે, એથી તો મને સ્યામલી યાદ આવી જસે, સાવ ચોંટીને બેસતી'તી, એના કઠન બોબલા...અહાહા...તમે બેઠા ને બરાબર?" હરગોવિને કિક મારી. "બેઠો; પૂતળી કોણ છે?" "પૂતળી પૂતળી છે, હામેના મકાનમાં રહે છે, રોજ હવારે જોઉં એટલે મારા જીવને ઠંડક થાય છે...સું કામ છુપાવું? કાયમ મને સ્યામલી લાગે છે. અમ્બોડો સ્યામલી વાળતી એવો જ વાળે છે, ઊંચો. મને એની ગરદન પંપાળવાનું મન થયા કરે છે." "સામે રહે છે તો શું કામ વાર કરે છે?" "હા પન કદી મળ્યો નથી...મળવું પન નથી" "કેમ?" "એને બસ જોયા કરવાની મજા આવે છે." હરગોવિને હૉર્ન માર્યું. "આમ છાનોછાનો ચાહું છું એટલે મને બીક પન લાગે છે." એણે ફરી હૉર્ન માર્યું. "છોડો! પન મને એ ક્હૉ કે આને પાગલપન ક્હેવાય? મનોજ્યો હાળો મને પાગલ ક્હે છે...ઇસ્માઇલ માસ્તર મને ચારિતર વિનાનો ક્હે છે, મારામાં એવું સું છે..." હરગોવિને ફરી હૉર્ન માર્યું. "પ્રભાકરભૈ, પૂતળીને ત્યાં એક જાડિયો આવે છે, ગટ્ટો ને ટાલિયો." "એનો વર હશે." "એમ? તો એમ હસે, પન એની હારે પૂતળી બચારીની રાતો...પાતળી પર જાડિયો...એ વિચારે હું ગળગળો થૈ જૌં છું, મારાથી નથી વેઠાતું." હરગોવિને બ્રેક મારી. "ઊભા રહૉ, હિમતાનો આઇસક્રીમ લેતા જઈએ." "ઑગળી નહીં જાય?" "તો અહીં જ ખૈ લૈએ, બાજુએ આવો."

આઇસક્રીમ અમે ફૂટપાથ પર ઊભા ઊભા ખાવા માંડ્યા.

હરગોવિન એકાએક બોલવા લાગ્યો, "સ્યામલીને એવું તે સું થયું, પ્રભાકરભૈ... મેં તો નથી કદી એને ડારી કે નથી ડરાવી...જૅલમાં ચવાનું આપવા આવેલી...દિલાસા આપતી'તી...તને વ્હેલો છોડી મૂકસે...હું તને લેવા આવીસ..મન્દિરે થૈને જસું, હનુમાનજીને નારિયેર વધેરસું...રાતે તું મને વરગીને હૂઇ જજે." મેં કહ્યું, "હરગોવિન, થવાનું થઈ ગયું, ભૂલી જા."

મૉંમાં હરગોવિને આઇસ્ક્રીમ ઠાલવી દીધો ને હોઠ લૂછતાં બોલ્યો, "પ્રભાકરભૈ, એક વાત પૂછું, મેં કદી તમને પૂછ્યું નથી, પન તમે યાર, એકલા કેમનું જીવો છો? કે પછી રાખી છે કોઈ ખાનગીમાં?" "એ વાત છોડ, એ ક્હે કે સરલાનું શું છે?" "પ્રભાકરભૈ, સરલા મનોજ જોડે પાક્કે પાકું જોડાવા માગે છે." "પણ મનોજ તો પરણેલો છે." "તો પન...એટલે તો રમા છૂટાછેડા માગે છે. મનોજે સરલાને ને લીલીને ને રમાને ને જાતને હા પાડીને બધું ઓકે કરવાનું છે, જબરો ફસાનો છે...જોકે પ..ન, જોકે, તમે કમાલ તો જુઓ પ્રભાકરભૈ, સરલા હાળી મારી જોડેય પાકું જોડાવા માગે છે. અમારા બેયની જોડે એને વારાફરતી જલ્સા કરવા છે. બાગમાં આવે ને મારા સરીર જોડે અડપલાં કરે." "આ

તો તેં કદી મને કહ્યું નહીં!" "તમે એને મને એમ કરતી જુઓ ને તમને અચરજ પમાડું, એટલે...હમનાં આપડે બાગમાં જૈસું, સરલાય આવસે, રોજના ઇસ્માઇલ તો હસે જ." "પેલી રમા આવશે?" "એ વાંકડિયાવાળવારી તમને ગમી ગૈ લાગે છે, હવે એકલીય પડવાની છે, જોડાઈ જાવ." "ભલા માણસ! હું ખાલી જાણવા માગું છું." "ઠીક ઠીક, ચાલો, પાછા બેસો બરાબર...

પેલે જુઓ, એ છે ભૂરિયાની ભાડે સાઇકલની દુકાન, હું અહીંથી વીસ-ની લૈ જતો." "વીસ-ની?" "છોકરી સમજ્યા ને? તમેય સું, વ્હીલ વીસ ઇન્ચનું હોય, એટલુંય નથી જાનતા..." "એમ તો તને મારા નામની ક્યાં ખબર છે?" "પ્રભાને કરનારા." "ખોટું! પ્રભાના કરનારા." "તો એમ હસે...લૉ આવી ગ્યા મારી રૂમે."

અમે ખાટલામાં બેઠા. ઊઠીને હરગોવિન મને પાણીનો ગ્લાસ ધરતાં ક્હે, "પેલાએ આજે મને ઉંદેડો કહ્યો ને, મને બરોબર લાગે છે...આજે જૅલમાં, કાલે બ્હાર, પ્રમન દા'ડે જૅલમાં, ચૉથે દા'ડે બ્હાર." "તારી ચોટલી તારી પૂંછડી." "ખરું... ...પેલી ડીલ કરેલી એટલે છોડી મૂકે, પન એમને ઠોક્યાઓને પૈસા ખાવાનાં બા'નાં જોઈએ, બાકી ગુનો મારો કસો છે જ કાં?... ... હરગોવિન બગડેલા મોંએ આંટા મારવા લાગ્યો...પાણી પીતાં પીતાં હું એને જોઈ રહ્યો. "તમારે પૂતળીને જોવી છે?" "ચાલ બતાવ." "બતાવું પ..ન..." હરગોવિન રમૂજી ચ્હેરે ચોટલી વાળવા લાગ્યો. "કેમ?" "કસું નૈં." "સાચું બોલ, પૂતળી છે ખરેખર કે ગપનો ગોળો?" "અરે, પ્રભાના કરનારા, સું કામ મારા મગજને ખોતરો છો, હોય પન ખરી ને ન પન હોય, એમ રાખો ને!" "સારું સારું, ચાલ, બાગમાં પ્હોંચીએ."

બાગમાં એક બાંકડે હું અને હરગોવિન છીએ, સામેના બાંકડે ઇસ્માઇલ માસ્તર છે. બપોર નમી ગઈ છે. ચોપાસ કોઈ હજી દેખાતું નથી. હવાની હળવી લહરો આવે છે. એટલામાં સરલા આવે છે. સાડીમાં નથી, અત્યારે ફરાકમાં છે. જરા સંકોચાતી અમારી વચમાં બેસી જાય છે, મને ક્હે છે, "જરા આઘા ખસો ને ભૈ." એ જ કરડી નજરે જોઈ રહેલી. તરત એણે હરગોવિનના ગાલે બચ્ચીઓ કરી ને આજુબાજુ જોઈને એના ખૉળામાં માથું ખોસી દીધું. મને થયું, ખૉળામાં શું કરવા માગતી હશે. મેં વિચારી જોયું કે અત્યારે મનોજ આવી ચડે તો કેવું જબરું મોટું રમખાણ થાય...જોકે તો તો એની પાછળ રમાય આવે...લીલી પણ આવે...પાછળ ટેવિન પણ આવે...

એ બધાં મને આકાશે ચગેલી પતંગના દોરે એક પછી એક લટકેલાં લાગે છે...હા, પણ મારે શું...

ત્યાં એકાએક હરગોવિન ઘાંટો પાડીને બોલ્યો, "મારે ઇસ્માઇલને સીધો કરવો છે, તમારથી નૈં થાય." "કોણ ઇસ્માઇલ?" "આ સામે બેઠો છે એ!" "આવું બોલાય? ઇસ્માઇલમીંયા તો તારા સાહેબ!" "મારો સેનો! મારો સેનો સાએબ! ઘંટાનો!..."

મેં જોયું કે બાગની શાન્તિના ટુકડા થઈ ગયા.

"મારી એકોએક બાબતે જૂઠાનાં ચલાવે છે!...મને ખરાબ ચીતરે છે, ગંદામાં ગને છે, જાનો છો કેમ? કેમ કે હું એનાં એકોએક પોલ જાનું છું..."

એના બોલના બાગમાં પડઘા પડતા'તા.

“એને લીધે જ હું જે મળે એને ‘કેમ છો’ કરતો થૈ ગ્યો ને! એને લીધે જ મને જૅલો થઈ! એને જ પીઍસઆઈને કીધેલું કે હું લફંગો છું! ફલાનીને હગ કરતો’તો...પ્રભાકરભૈ, હું તો જરાક જ અડેલો...બેઠો બેઠો આખો દા’ડો માન્સાઈની ફાડે છે...એને તમે યાર, બધા સર્જ્જન લોકો, સર્જ્જન સમજો છો, ખરું? પન તપાસ કરો કે પેલી ડ્રૉઇન્ગટીચરના વરે એને લાફા કેમ મારેલા?” હું વિચારમાં પડી ગયો. “અબે ઓ ચોટલી! ક્યારનો સાંભળી લઉં છું તને”, ઇસ્માઇલમાસ્તર બરાડ્યા, કંઈક બબડ્યા ને થૂંક્યા. “મને ગાળ દીધી?” “હા!” “મને થૂંક્યા?” “હા.” “એમ?” “હા; બાકી તું જૂઠડો છું નાલાયક છું, મગજ ને જીભડી બન્ને હંભાળ, નહીં તો” “નહીં તો સું?”...માસ્તર જવાબ આપે એ પ્હેલાં હરગોવિને કૂદીને એમની છાતી પર મુક્કો માર્યો, એ ‘ઓ રે’ કરતા પડી ગયા.

હું એમને બેઠા કરવા જતો’તો પણ અટકી ગયો ને હરગોવિનને જોઈ રહ્યો.

બધું એટલું તો અચાનક બનેલું કે મને આગળ સૂઝ્યું નહીં કે શું કરવું.

હરગોવિનથી છૂટી પડેલી સરલા ઊભી ઊભી આમતેમ ડાફોરિયાં મારવા લાગી.

જોતજોતાંમાં પોલીસ પણ આવી લાગી : “સાલા હરામી! રોજ ભવાડા કરે છે, ચાલ! હવે તો તારી ખૅર નથી.”

હું કંઈ કહું એ પહેલાં પોલીસ હરગોવિનને બોચીએથી ઝાલીને દંડો મારતાં મારતાં લઈ ગઈ.

ઇસ્માઇલ માસ્તર અને સરલા મને કશું કહ્યા વિના ઝટપટ જુદે જુદે રસ્તે નીકળી ગયાં.

બધું વાતવાતમાં બન્યું...હું મને કોસતો રહ્યો...કરું શું...વિચારોમાં અટવાતો બેસી રહ્યો.

સાંજ પડવા લાગી. મૉડેથી મને થયું - હું ઢીલો પડી ગયો છું.

એટલે પછી જૅલ ભણી ચાલતો થયો. જૅલ આવી. મેં ડોક તાણીને જોયું - જૅલમાં અંધારું લાગ્યું. પણ તરત જૅલના સળિયા પાછળ હરગોવિન દેખાયો - પલાંઠી વાળીને બેઠેલો - ચોટલી મુઠ્ઠીમાં પકડીને...દેખાયું તે ખરું હતું કે કેમ - સમજાયું નહીં...

એટલે પછી હું ઝડપથી ચાલવા લાગ્યો.

■

## સમક્ષ–૨૦૨૫

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ‘સમક્ષ-બે હજાર ચોવીસ’ પ્રગટ કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં મહત્ત્વનાં પુસ્તકોની સમીક્ષા સમાવવામાં આવી છે. ૨૦૨૫ના વર્ષ માટે ડૉ. રમણ સોનીને સંપાદનકાર્ય સોંપવામાં આવ્યું છે.

આ સંદર્ભે જાન્યુઆરી ૨૦૨૫થી ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં પ્રકાશિત થયેલાં પુસ્તકો મોકલવા માટે લેખકો તથા પ્રકાશકોને વિનંતી કરવામાં આવે છે. પ્રાપ્ત થયેલાં પુસ્તકોમાંથી સંપાદક, ઉત્તમતાને ધોરણે પસંદગી કરશે.

આપનાં પુસ્તકો ગુજરાતી સાહિત્ય પરિષદને તા. ૩૦મી જૂન સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી.

# ગ્લેડિયેટર્સ*

બિપિન પટેલ

મારા ખાસ મિત્રનો ફોન આવ્યો, 'વર્ષોથી આપણે શોધતાં હતાં, તે રશિયન સાહિત્યકારનું જીવનચરિત્ર, દિવાળીની સફાઈ કરતાં મળી આવ્યું. આજે સાંજે જ કુરિયર કરું છું. કાલે મળી જશે. સંજોગવશાત્ ન મળે તો મને ફોન કરજો. આપણે ત્યાં ખાનગી તંત્રને પણ હલાવીએ તો હલે, બાકી નઘરોળવેડા. આખા તંત્રને ઉપરતળે કરી નાંખીશ.'

મારા એ મિત્ર કડક અનુશાસનમાં માને. ત્રીજે દિવસે હું ફોન કરું તે પહેલાં એમનો ફોન આવ્યો, 'બોલો, પુસ્તક નથી મળ્યું ને?'

મેં નકારમાં જવાબ આપ્યો, 'હજુ સુધી તો નથી મળ્યું.'

'હું નહોતો કહેતો? હવે એમને મારો કમાલ બતાવી દઈશ!'

'થોડી ઓછી કડકાઈ કરજો. માણસ છે. ભૂલ થાય પણ ખરી!'

'કેમ પૈસા નથી લેતા? તમે જ પાનસો વાર યાદ કરાવ્યું છે, ને હવે દયા ખાઓ છો?'

'હા, કહી મેં વાત પડતી મૂકી.'

એ પછીના દિવસે સાંજે પાંચ વાગે મારા ઘરનો બેલ રણક્યો. પચાસની ઉંમરના એક ભાઈ અદબ વાળીને મારી સામે ઊભા હતા. એમણે આછા આસમાની રંગનું શર્ટ અને લેંઘો પહેરેલાં. લેંઘાની બંને મોળીઓ ગોળ વાળીને લોખંડની રિંગ ભરાવેલી. મેં નામ પૂછ્યું.

મનુ.

મેં એમને બેસવા આગ્રહ કર્યો ત્યારે બેઠા. એમના માટે પાણી લાવ્યો અને પૂછ્યું, ''કેમ આવવાનું થયું, મનુભાઈ?'

'હું મારુતિ કુરિયરમાંથી આવું છું. અમારાથી મોટી ભૂલ થઈ ગઈ છે. તમારું પૅકેટ ડિલિવર નથી થયું.'

મેં એમની સામે ધ્યાનથી જોયું. માથે શેષ બચેલા, વધેલા વાળ કલાકારની જેમ ડોક પાછળ દેખાતા હતા. અઠવાડિયે એક વાર દાઢી કરતા હશે તેથી ઠંઠા આડાઅવળા ફૂટી આવ્યા હતા. મેં વધારે તાકીને જોયું. ચહેરો ચિરપરિચિત લાગ્યો.

---

* પુરાતન સમયમાં રોમના લડવૈયાઓને ગ્લેડિયેટર્સ કહેવામાં આવતા.

(૨)

એક દૃશ્ય મનમાં ઝબક્યું : નવરંગપુરાના અમારા પહેલા ભાડાના ઘરના વરંડામાં હું બેઠો હોઉં. હું જીવાળ હતો તેથી વહેલો જાગી જતો. વહેલા ઊઠવાની એક લાલચ, બા મોટાભાઈ(બાપુજી)ને રાતપાળી હોય ત્યારે સાંજ માટે, બાની ભાષામાં 'ઈમના મોથા જેવડો' – ભાખરી ભાંગીને મોટો લાડુ બનાવતાં. એ બનાવે ત્યારે એમની સામે ખડાઈ જતો. મારી નાની વાડકીમાં મૂકેલું ચૂરમું ત્યારે જ અર્ધું ખાઈ જતો અને બાકીનું બપોરે જમતાં. મોટાભાઈ સાઇકલની સીટ નીચે ભરાવેલા ગાભાથી સાઇકલ ચકચકિત કરી સ્ટૅન્ડ પર ઊભી કરે. મને સૂચના આપે, 'જો ટેણી, ગાડી પડે નહિ એનું ધ્યાન રાખજે.' હું મોં આડો હાથ રાખીને મંદ મંદ હસતો. રોમન ગ્લેડિયેટરની જેમ બે પગે રિંગ ભરાવી, હાથમાં ટિફિન લઈને મોટાભાઈ એમની ગાડી પાસે આવે. સાઇકલને સહેજ પણ જફા ન પહોંચે તેમ સ્ટૅન્ડ પરથી હળવે હાથે ઉતારે. એમની દાઢીના ઠંઠા પણ આડાઅવળા ફૂટી નીકળ્યા હોય, એ નહેરુબ્રિજ તરફ હંકારી જાય. વહેલી સવારે અનેક સાઇકલોની ટોકરીઓના રણકારથી બ્રિજ ગુંજી ઊઠે. અમદાવાદના માન્ચેસ્ટર કહેવાતા પૂર્વ તરફની મિલોનાં મોટાં ભૂંગળાં મજૂરોની જેમ બીડીનો કસ ખેંચીને ધુમાડો ફેંકતાં હોય. શહેરની વિકાસની દોડ પછી મિલોની એ ચીમનીઓ ક્રમશઃ ઓલવાતી ગઈ. પછી જૂજ ભૂંગળાંનો ધુમાડો દૈત્યની જેમ વિરાટ થતા શહેરનાં અજવાળામાં સમાઈ ગયો. જરૂર નહોતી તોય મેં મનુભાઈને પૂછ્યું, 'તમે બાઇક પર આવ્યા છો ને?'

'ના સાહેબ. બાઇકનો જોગ ન હતો. સાઇકલ પર, હર્ક્યુલિયસ પર આવ્યો છું. પગમાં જોર છે ત્યાં સુધી ખેંચીશ, છોકરાંઓ નિત નાનાં થોડાં રહેવાનાં છે?'

મોટાભાઈ એમના છોકરાઓના, અમારા સારા ઉછેર માટે રોજ વીસ કિલોમીટર સાઇકલ ખેંચતા. દરરોજ રાતે હું એમના પગ દબાવી આપતો, કોઈક વાર વધારે તરોડ થતી ત્યારે, દીવાલ પકડીને એમના પગ ગૂંદતો.

મનુભાઈનું પણ એમ જ હશે? મેં વધારે પડપૂછ કરી એમનો ઘા ન ખોતર્યો. પાણી પીધા પછી એમને હોશ આવ્યો હોય તેમ એ બોલ્યા, "સાહેબ, મને બરાબર યાદ છે. ગયે અઠવાડિયે આ સોસાયટીમાં જ આવ્યો હતો. સાહેબ ડ્રાઇવર રસ્તો ન ભૂલે અને કુરિયર ઘર ન ભૂલે. તમારું પૅકેટ કોઈ બહેનને આપ્યું છે. મને બરાબર યાદ છે. વખત છે ને ખાંચાફેર થયો હોય. તમારા ઘરમાં આખો દિવસ કોક તો રહેતું હશે ને?

મેં હા કહીને એમને કહ્યું, 'અમારા ઘરમાં કોક ને કોક હાજર હોય જ અને ભૂલમાં બીજાને ઘેર આપ્યું હોય તોપણ, ઘેર આવીને આપી જાય. સોસાયટી સારી છે, બધા ઉજળિયાત છે.'

'પણ હું પૅકેટ આપી ગયો છું, એ સો ટકા.'

મેં એમને આશ્વાસન આપતાં કહ્યું, 'જેને પણ આપ્યું હશે તે મને આપી જશે. તમે ચિંતા ન કરશો.' પછી મેં ચા ઑફર કરી. એમણે ના પાડતાં, છેક સરસપુર જવાનું છે, એમ કહી ગાડી હંકારી. આ વખતે, મોટાભાઈ વખતે મરકલું કર્યું હતું, એમ કરવાની હિંમત ન ચાલી. મનુભાઈ જતાં જતાં કહેતા ગયા, 'સાહેબ, બગીચો સરસ બનાવ્યો

છે. મોટાં ઝાડ પણ છે, ઑક્સિજન મળ્યા કરે.' અંધારું ઊતરી આવ્યું હતું તેથી આખો બગીચો જોવાનો સમય ન રહ્યો. તોય એ બોલ્યા, 'ખેડુ લાગો છો, સાહેબ ?'

(૩)

મનુભાઈ તે પછીનાં બે અઠવાડિયાં પૅકેટ બાબતે પૂછી ગયા, પણ મારો નકારમાં જવાબ સાંભળી, ખુરશીઓની હારમાં, મારાથી સારી એવી દૂરની છેલ્લી ખુરશીમાં ગુનેગારની જેમ થોડું બેઠા, નીચું જોઈ નિરાશ ચહેરે પછી નીકળી ગયા. મારા મિત્ર દમ મારતા હશે તેથી બિચારા દર અઠવાડિયે આવતા હશે.

(૪)

નવરંગપુરા છોડી અમે નવા ખરીદેલા ટેનામેન્ટમાં રહેવા ગયા હતા ત્યારે, મોટા ડ્રૉઇંગરૂમમાં આઠ બેઠકવાળા સોફા બનાવડાવ્યા હતા. ત્યારના સોફાના સામેના છેડા પર, ટી.વી. બરાબર દેખાય તેમ મોટાભાઈ બેસે. હાથમાં પુસ્તક, પુસ્તકના વચ્ચેના પાનામાં આંગળી ખોસી હોય, નજર ટી.વી. સામે માંડી હોય. રસ પડે ત્યાં સુધી જુએ, ને ફરી પુસ્તકમાં માથું ખોસી દે. એ વખતે અમારે ત્યાં નવું કલર પિક્ચર ટ્યૂબવાળું ટી.વી. લીધું હતું. સારા કાર્યક્રમો અને બુધ - રવિએ ટેલિકાસ્ટ થતી ફિલ્મો જોવા, પડોશીઓ પણ આવી ચડતા. આખો રૂમ હકડેઠઠ ભરાઈ ગયો હોય. મોટાભાઈ જોતાં જોતાં બોલે, 'આવું ખરાબ બધાંને કેમ ગમતું હશે ? એના કરતાં સામાજિક જોતા હોય તો ?' પણ પ્રણવ અને અનુજાની સામે જોતાં ત્યાં જ બેસે. જોનારા વધી જાય ત્યારે કેટલાક નીચે બેઠા હોય. મોટાભાઈ પગ ઉપર લઈ પુસ્તક વાંચતા રહે. કરે. એક દિવસ અનુજાએ એમની સામે જોયું, એમને ત્યાં બેસવાની ચોખ્ખી ના ન પાડી, પણ એની નારાજગી પામી ગયા હોય એમ અચાનક બીજા રૂમમાં બેસવા માંડ્યા.

મનુભાઈ એમની નિષ્ફળતાના કારણે આમ છેલ્લી ખુરશીમાં બેઠા હશે ?

તે પછી એક દિવસ સવારે સાત વાગે દૂધ અને છાપું લેવા ગેટ પાસે ગયો, ત્યાં જ એક્ઝોરાના છોડ પાસે, લોનમાં ઝાકળ કે માળીએ છાંટેલા પાણીથી ભીંજાયેલું, પેલા પુસ્તકવાળું કવર દેખાયું. મિત્રના મરોડદાર અક્ષરો વાંચ્યા કે, દિલમાં સો દીવા પ્રગટી ઊઠ્યા. દૂધ ને છાપું ત્યાંનાં ત્યાં જ રાખી, કવર ખોલી એ પુસ્તકને સ્પર્શતાં જ ઝૂમી ઊઠ્યો. કલાપીની પંક્તિ યાદ આવી, *'બની શકે તો જીવીશ એકલાં પુસ્તકોથી.'*

બરાબર સવારે દસ વાગે મનુભાઈને ફોન કર્યો. મેં એમનો આભાર, અભિનંદન આપ્યાં. મેં કહ્યું, 'ક્યારેક મળીએ ત્યારે, મનુભાઈ.' ફોન મૂકતાં પહેલાં મનુભાઈએ પૂછ્યું, 'સાહેબ, તમને મળવા આવું ?'

'આટલે લાંબે આવવાની શી જરૂર ?'

'સાહેબ, કુરિયર તરીકેની મારી કારકિર્દીમાં બટ્ટો ન લાગ્યો એનો આનંદ અને તમારી ધીરજને ધન્યવાદ આપવા છે. શેઠે પણ નોકરીમાંથી કાઢી ન મૂક્યો. પેડલ પર પૃથ્વીની પરકમ્મા કરતો આવી ચડીશ. આવું ને સાહેબ ?'

હું હા કહ્યા સિવાય ન રહી શક્યો.

હું સામાન્ય રીતે દરરોજ બપોરે આરામ કરી પાંચ વાગે ઊઠી જાઉં છું. શિયાળાની સાંજના તડકાની મજા લેતાં બગીચામાં બેસી રહું. એ દિવસે વળી ચાર વાગે જાગી ગયો. બારણું ખોલતાં જ ખુરશીમાં બેઠેલા મનુભાઈને જોઈ હું ખુશ થઈ ગયો. પૂછ્યું, 'ક્યારના બેઠા છો ?'

ખુરશીમાંથી ઝડપથી ઊભા થઈ ગયા. 'ત્રણ વાગે બધાં પૅકેટ પૂરાં થઈ ગયાં, તે મને થયું તમને મળતો જાઉં.'

'પણ આટલું બધું બેઠા રહ્યા એના કરતાં બેલ મારવો તો ને ?'

'પણ તમને અર્ધી ઊંઘમાં જગાડાતા હશે ?'

'ઊંઘના ક્યાં પૈસા બેસે છે ? જગાડવો હતો ને ?'

મારા સંપૂર્ણ ધોળા વાળ જોઈને નમીને પગે લાગવા ગયા. મેં એમના બંને હાથ પકડી લીધા ને એમને પ્રેમથી ભેટ્યો. એ દિવસે તો આગ્રહ કરીને ચા પિવડાવી. એમણે મને પૂછ્યું, 'પછી, કોના ઘેરથી મળ્યું ?'

'સ્વર્ગલોકમાંથી દેવદૂત આવીને મૂકી ગયા હશે.'

'મજાક ન ઉડાવો, સાહેબ. સાચું કહો.'

'મારે માટે પણ એ રહસ્ય જ છે, મનુભાઈ ! કોણ હશે ?'

'તમે કહેતા હતા તેમ બધા ઉજળિયાત છે, તેથી આવું ખોટું કામ કરે જ નહિ. પણ સાહેબ, મને રાજીપો એનો થયો કે, તમારે જોઈતું હતું તે પુસ્તક મળી ગયું,' અને સંકોચપૂર્વક ઉમેર્યું, 'મારી જિંદગીમાં કાળી ટીલી ન લાગી.'

આટલું બોલીને એ ઊભા થયા. એમની આંખો ભીની હતી. તે દિવસે અંધારામાં બગીચો બરાબર નહોતો જોવાયો. એટલે ફરીને જોવા લાગ્યા. અચાનક ગેટની દીવાલના છેડે, એ તદ્દન સુકાઈ ગયેલાં અશોકવૃક્ષ અને બોરસલ્લી જોઈને, કારને સોલિડ બ્રેક મારે ને ઊભી રહે, એમ ત્યાં જ ખોડાઈ ગયા. બંને વૃક્ષો નીચેથી ટોચ સુધી જોયાં. એ જોઈ ઊભરાતાં આંસુ મહાપ્રયત્ને રોકી, ત્યાં જ ઊભા રહ્યા. એમનો પોતાનો બગીચો હોત તો, બંને વૃક્ષોને ભેટી પડ્યા હોત.

મારી સામે જોઈ મને જ સંભળાય એવા ધીમા અવાજે બોલ્યા, 'કુદરત આમ સાવ થોડી રૂઠે ? આ તો માણસના કામા !'

પછી મારી પાસેનાં, સામેનાં અને ખાંચામાં બધાંનાં ગાર્ડન જોયાં. બધા બંગલામાં લૉન, અને એકસરખાં કાપેલાં શાલેય લાગતાં ફૂલોના કેડ સમા છોડ જોઈ રહ્યા. ક્યાંય મોટું ઝાડ ન જોઈને બોલ્યા, 'આને બ્યૂટીફિકેશન કહેવાતું હશે ?'

પછી મારી સામે પણ જોયા સિવાય બધા બંગલા સામે જોતાં જોતાં, એમણે આપેલા પુસ્તકનો ભેદ ખૂલી ગયો હોય એમ, દીવાલના ટેકે ઊભી કરેલી સાઇકલ મારી મૂકવા જતા હતા ને મેં એમને પાછા બોલાવ્યા. મેં કહ્યું, 'આખો દિવસ ડિલિવરીમાં પગ થાકતા હશે, કેમ મનુભાઈ ? વળી, છેક સરસપુર જવાનું. તમારા છોકરા પગ ગુંદી દે છે ને ?'

'ક્યાંથી ગુંદે ? બેય ઘણા નાના છે. પણ કાયમ નાના ને નાના થોડા રહેશે ?' કહી મારી સામે પણ જોયા સિવાય ગાડી મારી મૂકી. ■

# ઓળો રોટલો

જગદીશ

બારૈયાસાહેબ કંઈ બોલે તે પહેલાં જ નવાગામનો વિનુ બાઇક ધીમી પાડીને બોલ્યોઃ

'પેટ્રોલ પંપ સુધી જાવ સુ સાયેબ.'

'કંઈ વાંધો નય, ન્યાં લગણ લેતો જા...'

બારૈયાસાહેબ જાણતા હતા કે આસપાસનાં પચ્ચીસ ગામોમાં અહીં એક જ પેટ્રોલ પંપ હતો એટલે ત્યાંથી કોઈક ને કોઈક તો મળી જ જશે... વિનુ પેટ્રોલ પુરાવીને બારૈયાસાહેબને ઉતારીને જતો રહ્યો. રસ્તો સૂનકાર, પણ બારૈયાસાહેબ અનુભવી જીવ... ચાલવા માંડ્યા... 'બસ ઊપડી જશે તો? પાંચ દિવસ નિશાળમાં આચાર્યનો ચાર્જ સંભાળવો પડશે... ન કરે દ્વારકાધીશ ને કોઈકની છોકરી ભાગી જાય... ગાંધીનગરની ટીમ ચેકિંગમાં આવે... કોઈક નિશાળિયો ખોવાઈ જાય... આવી બધી કાલ્પનિક બીકને લીધે જ બારૈયાસાહેબ સાવધાની રાખતા કે તેમણે ચાર્જ ન લેવો પડે, વળી જૂનાગઢના પ્રવાસની મજા પણ જતી કરાય નહીં...' બારૈયાસાહેબે ઝડપથી પગ ઉપાડ્યા...

પાંચ દિવસ કયા કયા શાક બનાવવાનાં છે... કેટલો ખર્ચ કરવાનો છે... કઈ કઈ ટ્યૂબલાઇટ બંધ રાખવાની છે... અને કેટલો સમય ટી.વી. ચાલુ કરવાનું છે... વગેરે વગેરે સૂચનાઓની યાદી બનાવીને બારૈયાસાહેબે આ સૂચનાઓના કડક અમલ માટે ધર્મપત્નીને તાકીદ કરી દીધી હતી. વિમલ ગુટકાનો મફતમાં મળેલો થેલો અને થેલામાં ત્રણ જોડી કપડાં, ટુવાલ અને ચાદરની સૌથી નીચે સુખડીનો ડબ્બો કોઈ અમૂલ્ય ખજાનાની જેમ સંતાડી બારૈયાસાહેબ રાત્રે દશ વાગે ઘરેથી નીકળી ગયા હતા... બસ હવે કો'ક મળી જાય તો નિશાળે ટાઇમસર પૂગી જવાય... સુખડીનો ડબ્બો ભુલાઈ તો નથી ગયો ને? એ વાતની ત્રણ-ચાર વખત ખાતરી કરી લેવામાં આવી... બસમાં રાત્રે અંધારામાં બારીની તિરાડમાંથી આવતી ઠંડી હવામાં સંતાઈને... અવાજ ન આવે રીતે સુખડી ખાવાની એક વિશેષ સિદ્ધિ બારૈયાસાહેબે હાંસલ કરી લીધી હતી...

પાછળથી એક બાઇકનો અવાજ અને લાઇટનો શેરડો આવ્યો. બારૈયાસાહેબના જીવમાં જીવ આવ્યો... એમણે તરત જ પાછળ ફરીને જોયું તો આશ્ચર્ય અને ખુશીનો પાર જ ના રહ્યો. આવનાર માણસ મનુભાઈ સીઆરસી હતા!!

'લે... સાહેબ અત્યારે ક્યાં?' મનુભાઈ સીઆરસીએ બાઇક ઊભી રાખી.

'પ્રવાસ જાય છે નિશાળમાંથી જૂનાગઢ, સોમનાથ... દ્વારકા... સાડાબારે બસ ઊપડવાની છે, પણ તમે અત્યારે કેણી પા?'

બારૈયાસાહેબ પૂછ્યા વગર જ મનુભાઈની બાઇકમાં ટીંગાઈ ગયા. મનુભાઈ સીઆરસીએ વિમલ ગુટકાની પડીકી મોંમાં પધરાવી ત્યારે બારૈયાસાહેબે વિમલ ગુટકાનો થેલો મનુભાઈ સીઆરસીના વાંસા પાછળ ગોઠવી દીધો.

'તમે અત્યારે કેણી પા?' બારૈયાસાહેબે ફરીથી પૂછ્યું.

'આપણે ઓળા પાડવાવાળા વનરાજસિંહ નથી?'

'હા... હા...' બારૈયાસાહેબે નહોતા ઓળખતા તોય હા પાડી. 'હા... તે એમની વાડીએ ઓળા-રોટલાનો પ્રોગ્રામ રાખ્યો'તો મને બોલાવેલો પણ એક જરૂરી કામ હતું એટલે જવામાં મોડું થઈ ગયું ને ત્યાં તમે મળી ગયા...'

'સારું થયું ને મારું કામ થઈ ગયું... જો તમે ન મળ્યા હોત તો અટાણે નિશાળે પૂગવું અઘરું થઈ જાત... પણ તમારે મોડું તો નયં થાય ને?' બારૈયાસાહેબે મનુભાઈ સીરઆરસીની પ્રત્યે એક ચાલાકીભરી સહાનુભૂતિ દર્શાવી...

'અરે ના! તમને તો ખબર છે ને આપણે તો રાતના રાજા... હું જાઉં પછી મારા માટે નવો ઓળો બનાવશે...'

'તે બનાવે જ ને! તમારી રખાવટ કંઈ ઓછી સે' બારૈયાસાહેબે રોટલા પર ચોપડતા હોય એવું માખણ માર્યું...

બારૈયાસાહેબ જેટલી વારમાં એક આખો રોટલો ઉપાડી જતા એટલી જ વારમાં મનુભાઈ સીઆરસીએ બારૈયાસાહેબને એમની નિશાળના ગેટ પાસે ઉતારી દીધા... નિશાળે હજુ કોઈ નહોતું આવ્યું.

'લાગે છે તમે બહુ વહેલા આવી ગયા. હાલો વાર હોય તો મારી હારે; ઓળો રોટલો ખાઈને પાછા આવી જશું..'

ઓળા રોટલાની વાત સાંભળતાં જ બારૈયાસાહેબમાં કોઈ આદિમ આવેગ અનુભવવા લાગતા... અત્યારે મનુભાઈ સીઆરસીએ તેમને ઓળો રોટલો ખાવાનું ઇજન આપ્યું ત્યારે પણ બારૈયાસાહેબની નસોમાં એક લખલખું પસાર થઈ ગયું. કોને ખબર કેમ? પણ રીંગણાનો ઓળો અને બાજરીના રોટલાનું નામ સાંભળતાં જ બારૈયાસાહેબના મગજની કંદરામાં રીંગણાના શેકેલા ડીંટિયાં... રોટલા ઉપર ઊપસી આવતી બૈરાંની આંગળીઓની મુલાયમ છાપ... અને ગરમાગરમ... ધગધગતા રોટલા પર ધીમે ધીમે ઓગળતા માખણના લોંદાનું ઉત્ખનન થવા લાગ્યું... પ્રવાસમાં જવાનું ન હોત તો ત્રણ રોટલા ને ચાર છાલિયાં ઓળો ઉલાળી જાત...

'તમ... તમારે નીકળો... તમારે મોડું થશે... કો'ક દિ ખાશું... શિયાળો તો હવે શરૂ થશે.'

આમ કહી બારૈયાસાહેબે ઓળા રોટલાની ઇચ્છા સાચા ઇતિહાસની જેમ સંતાડી દીધી અને મનુભાઈ સીઆરસીને વળાવી દીધા.

મનુભાઈ થોડીક જ ક્ષણોમાં અદૃશ્ય થઈ ગયા.

નિશાળનું મેદાન ખાલી હતું. એક ઝાંખી લાઈટ ચાલુ હતી, પણ એ તરફ જવાની બીક લાગતી હતી. બારૈયાસાહેબના દિમાગમાંથી હજી પણ ઓળો રોટલો ખસતો ન્હોતો. આમ તો બારૈયાસાહેબ આખું વરસ બટેટાનું રસાવાળું શાક જ ખાતા, પણ જો કોઈ પાર્ટી આપે ત્યારે એમનું પ્રિય ભોજન 'ઓળો રોટલો' રહેતું. પાર્ટી આપનાર વ્યક્તિને બારૈયાસાહેબ ઓળા રોટલાના ફાયદા વિશે એવી સરસ મોટિવેશનલ સ્પીચ આપતા કે સામેવાળો પંજાબી ખવડાવતો હોય તો એ પણ ઓળા રોટલા પાસે જ આવીને અટકી જતો... પછી તો બારૈયાસાહેબ... ગોરખીનાં લીલાં કાંટાળાં રીંગણાં પર હાથ ફેરવતા ત્યારે એની ખરબચડી સપાટી બારૈયાસાહેબને ગજબનો ઉન્માદ આપતી... રીંગણાને સ્વચ્છ પાણીથી ધોતા ત્યારે તેઓ સ્વયં રીંગણાં બની જતા... આમ તો તેમને કોઈ પણ પ્રકારનાં કામ કરવા સામે પ્રચ્છન્ન વાંધો હતો, પણ સાંઠીકડાથી ઓળાને પલટાવી પલટાવીને શેકવાનું કામ તેઓ હોંશથી કરતા... રીંગણાંને શેકતી વખતે તેની ગંધ ગાંજાની જેમ માથે ચડી જતી... જોઈએ તો એવું જ લાગે કે પ્રાગૈતિહાસિક કાળનો કોઈ આદમી માંસ શેકતો ન હોય! અગ્નિદેવની આંચ ઓળાના અસ્તિત્વને ભડથું ન બનાવી દે ત્યાં સુધી બારૈયાસાહેબ એક એક રીંગણાને કલિંગના વફાદાર સૈનિકને સમ્રાટ અશોક જેવી રીતે ભૂંજી નાખતો હશે એવી જ રીતે ભૂંજી નાખતા! અને ઓળાનો લસણ-મરચા-આદું-કોથમીરનો વઘાર થાય ત્યાં સુધીમાં શેકેલા ડિંટિયા ચાવવા બેસી જતા.

અત્યારે એવો જ લાલચટક ઓળો બારૈયાસાહેબના દિમાગમાં તૈયાર થઈ રહ્યો હતો ત્યાં જ આશાપુરા ટ્રાવેલ્સની લક્ઝરી બસનું હૉર્ન સંભળાયું. રોટલાની અપ્સરા અંતર્ધાન થઈ ગઈ...

જોતજોતામાં તો નિશાળનું મેદાન વિદ્યાર્થીઓ અને વાલીઓથી ભરાઈ ગયું. બારૈયાસાહેબની એક વરસના બાર લેખે બાવીશ વર્ષના મહિનાઓનો વિશાળ અનુભવ એ હતો કે બસ ઊપડવાની હોય ત્યાં સુધી જગ્યા માટે માથાકૂટ થયા વિના ન રહે એટલે તેઓ હંમેશાં મજા નથી એમ કહી આચાર્યસાહેબની ઑફિસમાં ઘૂસી જતા અને "બોલો, આઈશ્રી ખોડિયાર માની જે..." નો અવાજ સંભળાય ત્યારે જ બસમાં ચડતા. અત્યારે પણ એમણે એ જ જૂનો દાવ અજમાવ્યો પણ નવા આચાર્યે અચાનક નવો જ નિયમ અમલમાં મૂકી દીધો કે, 'પ્રવાસમાં જનાર શિક્ષકે પણ પ્રવાસ ફી આપવી પડશે...' આ નવા વટહુકમનો વજ્રાઘાત બારૈયાસાહેબ પર જ પડ્યો... કારણ કે બારૈયાસાહેબ દૃઢપણે માનતા કે નિશાળના પ્રવાસમાં એક પણ રૂપિયાનો ખર્ચ થવો જોઈએ નહીં, આથી જ જ્યારે આ વખતે શિક્ષક દીઠ પંદરસો પંદરસો વસૂલ કરવાનો આ અમાનવીય નિયમ માનવતા વગરના નવા આચાર્યએ અમલમાં મૂક્યો એટલે બારૈયાસાહેબની તબિયત ખરેખર બગડી ગઈ. લાંબી ચડસાચડસી પછી એવું નક્કી થયું કે બારૈયાસાહેબ પ્રવાસમાં નહીં જાય! બારૈયાસાહેબનું કહેવું એમ હતું કે એમને તો પ્રવાસમાં જવું જ નહોતું, પણ સોલંકીસાહેબને અનુકૂળતા ન્હોતી એટલે એમના બદલે જવા માટે તેઓ તૈયાર થયા હતા – દર વખતે કોઈક ને કોઈકની મદદ કરતા રહેતા બારૈયાસાહેબે કેટલીય વખત જૂનાગઢનો પ્રવાસ કરી લીધો હતો એટલે હવે આ વખતે તેઓ જવા તૈયાર નથી. નવો આચાર્ય રીઢો

હતો, તેણે ક્રૂરતાપૂર્વક બારૈયાસાહેબના નિર્ણયનો સ્વીકાર કર્યો અને કહી દીધું કે, 'તો તમે કાલથી નિશાળ અને ચાર્જ સંભાળજો...'

આ છેલ્લા વાક્યનો કોઈ તોડ ન્હોતો. થોડી વાર સૂર... સૂર... કરતું ફટાકડાનું રૉકેટ પછી સટાક કરતું ઊડી જાય એવી રીતે નિશાળના પ્રવાસની બસ બારૈયાસાહેબને મેદાનમાં એકલા છોડીને પ્રવાસે જતી રહી...

બારૈયાસાહેબે કદી ન બોલેલી તમામ ગાળો મનમાં મનમાં ઘણી વખત બોલી... નિશાળમાં રોકાવાય એવું કંઈ નહોતું. વાલીઓ પણ બધા સરકી ગયેલા. બારૈયાસાહેબ ગેટ પાસે ઘણી વાર ઊભા રહ્યા, પણ કશી હિલચાલ ન હતી. એમણે પોતાના વિશ્વાસ સાથે વિમલ ગુટકાનો થેલો લઈને ચાલવાનું શરૂ કર્યું.

આજે આટલા વરસમાં પહેલી વાર બારૈયાસાહેબના ચહેરા પર માસ્તર તરીકેની નોકરી સિવાયની ચિંતાની એક હોડી કપાળ પરના કૅપ ઑફ ગુડ હોપથી આગળ વધીને તેમની હોઠ પરની પાતળી મૂછના દોરા સુધી પહોંચી ગઈ હતી. ઠંડી વધી ગઈ હતી... રસ્તો અજગર જેવો ને રાત ચુડેલ જેવી લાગતી હતી.

'મનુભાઈની સાથે વનરાજસિંહની વાડીએ વયો ગ્યો હોત તો સારું હોત' એવો બબડાટ કરતા કરતા બારૈયાસાહેબ ચાલી રહ્યા હતા.

પોતાનો જ પગચાપ અને દૂર... શિયાળિયાંનો રડવાનો અવાજ બારૈયાસાહેબને પળ પળ ડરાવી રહ્યા હતા...

બારૈયાસાહેબનું મૂળ નામ તો કદાચ હવે બારૈયાસાહેબ પણ ભૂલી ગયા હશે. મોટે ભાગે તો તેઓ વર્ગની બા'ર જ રહેતા એટલે પણ તેમને 'બાર રયા' સાહેબ કહી શકાય, પણ આ પ્લૂતિ; સામાજિક વિજ્ઞાનના શિક્ષક બારૈયાસાહેબ અને બારૈયાસાહેબનું ભણાવેલું વિદ્યાર્થીઓની સમજ બહાર રહેતું... બારૈયાસાહેબને ઇતિહાસ, ભૂગોળ અને નાગરિકશાસ્ત્ર સાથે સ્નાનસૂતકનો સંબંધ ન્હોતો! એમને એમના જીવનમાં કોઈ બાબત સાથે નિસબત હતી તો એ દર મહિને મળતા પગારમાં જ! એમનો પગાર કેટલો હશે એ એક ગૂઢ અને ભેદી ઘટના હતી. કેન્દ્રવર્તી શાળાના આચાર્ય... એ આચાર્યનું તમામ વહીવટી કામ કરી દઈને જુદા જુદા લાભ ખાટતા એકાદ ટોમી અને ખુદ બારૈયાસાહેબના આચાર્ય સિવાય ભાગ્યે જ બીજા કોઈને એમના પગારના વાસ્તવિક ફિગરની ખબર હતી. બારૈયાસાહેબનાં પત્નીએ જ્યારે તેમને તેમનો પગાર પૂછેલો ત્યારે બારૈયાસાહેબે ઇકોનૉમિક ટાઇમ્સના ઍડિટરની જેમ બેઝિક વત્તા મોંઘવારી... ઓછી જીપીએફ... ઓછી મંડળી ફરજિયાત બચત... ઓછા જૂથ વીમો... ઓછા સર્વિસ ટૅક્સ ઓછા... એવી રીતે સમજાવી દીધેલું કે પત્ની એવું સમજેલાં કે, "બચારા જીવને કાંય ઝાઝું નંય મળતું હોય..."

બારૈયાસાહેબે મોબાઇલની ટૉર્ચ લાઇટ ચાલુ કર્યા વિના જોયું તો હજી એમનું ગામ પંદર કિલોમીટર આઘું હતું. થોડી વાર પથ્થર પર બેઠા. આખી દુનિયાના તમામ સજીવો લુપ્ત થઈ ગયા હોય એવો સૂનકાર બારૈયાસાહેબને અકળાવી રહ્યો હતો. ફરી ચાલવા લાગ્યા...

બારૈયાસાહેબ શિક્ષક તરીકે નોકરીએ લાગ્યા ત્યારે પહેલી અને છેલ્લી વાર માતાજીને શ્રીફળ ધરેલું, પણ પગારના પહેલે જ મહિને એમણે એક પગારબુક લીધી હતી. બાવીસ

વર્ષ ગુણ્યા બાર માસનો પગાર મળ્યો ત્યાં સુધીના સમયમાં શિક્ષકોએ ફરજિયાત લખવાની હોય એવી દૈનિક આયોજનપોથીમાં એમણે ક્યારેય એક અક્ષર પણ ન્હોતો લખ્યો, પરંતુ એની પગારબુકમાં બાવીશ વર્ષ ગુણ્યા બાર માસના પ્રત્યેક ખાનામાં કાળી, ભૂરી અને લીલા રંગની શાહીવાળી પેનથી બધા જ આંકડાઓ એવા મરોડદાર અક્ષરે લખેલા હતા જાણે કૉલેજના ત્રીજા વરસમાં ભણતા કોઈ છોકરાએ ત્રણ વરસથી ગમતી છોકરીને આપવા માટે નોટ્સ ન બનાવી હોય! બારૈયાસાહેબને એ વાતનો પ્રગટ ગર્વ હતો કે રાજ્યના નાણા વિભાગને પણ જો ક્યારેક ભૂલ ન મળતી હોય તો મારી પાસે સાચ્ચા આંકડા મળી જ રહે! બારૈયાસાહેબનો આ ગર્વ મહદ્અંશે સાચો પણ હતો. બારૈયાસાહેબ કદાચ એમનાં સંતાનોનાં નામ ભૂલી શકે, પણ આ પગારબુકમાં ભૂરીને બદલે લીલી પેનથી એક લીટો થઈ ગયેલો ત્યારે બારૈયાસાહેબને આખી રાત ઊંઘ ન્હોતી આવી. એમણે એ લીટાને ગણી ન શકાય એટલી વાર ગણેલો. ધારી ધારીને જોયેલો... બારૈયાસાહેબને એવું થયેલું કે ભાગ્યવિધાતાએ જાણે ભાગ્ય પર લીટો મારી દીધો છે... ત્રણ દિવસ સુધી તો એમણે પોતાનું પ્રિય બટેટાનું શાક પણ ન્હોતું ખાધું! લીલા લીટાની આ દુર્ઘટના પછી બારૈયાસાહેબે નિશ્ચય કરેલો કે હવે કોઈ વિદ્યાર્થીની પાકી નોટમાં લીટા નહીં કરે... પરીક્ષાના પેપરમાં પણ નહીં... લીલી પેનથી તો નહીં જ. પેપરમાં લીટા મારવાનું કામ પત્ની અને સંતાનોને સોંપી દેવામાં આવેલું. બારૈયાસાહેબ માત્ર ટૂંકી સહી જ કરતા... એમને લીલા રંગ પ્રત્યે ઘૃણા થઈ ગઈ, પણ છ મહિના બાદ ઇજાફો આવ્યો ત્યારે ડિફરન્સના આંકડા લીલી પેનથી જ કરવાના હોય ત્યારે બારૈયાસાહેબે ઉદાર થઈને લીલા રંગને માફી આપી દીધેલી... જોકે પછી એમણે પ્રતિજ્ઞા લીધેલી કે હવે પછી પગારમાં કોઈ પણ પ્રકારની ભૂલ ભૂલથી પણ નહીં કરે...

ઠંડી તો વધતી જતી હતી, પણ બારૈયાસાહેબ પરસેવે પલળવા લાગ્યા હતા. દિવસ હોત તો તો અલ્લાનો બેલી મળી જ રહે... પણ આ અડધી રાત્રે કોઈની લિફ્ટ મળવી શિક્ષકોને બોનસ મળવા જેવી બાબત હતી. બારૈયાસાહેબને જેણે જેણે લિફ્ટ આપેલી એ બધાને યાદ કરીને ફરી ચાલવા લાગ્યા...

આમ તો બારૈયાસાહેબ મિત્રો બનાવવાનું પસંદ ન્હોતા કરતા, પણ હા! નિશાળોમાં માસ્તરો તરીકે નોકરી કરતા અને ખાસ તો અપડાઉન કરતા લોકોની એક યાદી બારૈયાસાહેબે બનાવી લીધી હતી. આ તમામ શિક્ષકોને તેઓ ઓળખતા અને ઓળખાણ ન હોય તો કાઢતા – કોણ કેટલા વાગે આવે-જાય છે તેની સૂક્ષ્માતિસૂક્ષ્મ માહિતી ગાડી નંબર સાથે એમને યાદ હતી. દરેકનો મોબાઇલ નંબર તો અચૂક મેળવી લેતા. કારણ કે બારૈયાસાહેબ પાસે બાઇક કે સ્કૂટર હતું જ નહીં. એમને આવડતી પણ ન્હોતી એટલે બીજા અપડાઉન કરતા શિક્ષકોની બાઇકમાં બેસીને જઈ શકાય એટલે તેમણે આ યોજના અમલમાં મૂકેલી. એક વખત એમનાં પત્નીએ ગાડી શીખી જવાનો અને પોતાની બાઇક ખરીદવાનો પ્રસ્તાવ મૂકેલો ત્યારે બારૈયાસાહેબનું કહેવું એમ હતું કે, “જો આપણે સ્કૂટર લઈએ તો પેટ્રોલનો ખર્ચ થાય... આપણી જેમ કોઈક ચાલીને જતું હોય તો શરમમાં ને શરમમાં લિફ્ટ આપવી પડે... ગાડી બગડે તો રિપૅરિંગનો ખર્ચો આવે... વળી મારી નિશાળ ક્યાં લંકાના સરે છે! વીશ કિલોમીટર તો છે! કોઈક ને કોઈક તો મળી જ જાય...”

પણ અત્યારે આ કાળીડિબાંગ રાતે કોઈ મળતું ન્હોતું… ‘ડોળિયો’ નામની જગ્યા આવી. ‘અહીં ભૂત થાય છે’ એવી કોઈ વાત કરતું ત્યારે બારૈયાસાહેબ આમ કહેનાર અને ભૂત બન્નેની મજાક ઉડાવતા, પણ અત્યારે આ બિહામણી પળે ડોળિયો આવતાં જ બારૈયાસાહેબના પેટમાં ચૂંક ઊપડી ગઈ. ફટાફટ પગ ઉપાડ્યા તોય કોણ જાણે કેમ રસ્તો કપાતો જ નહોતો!

બારૈયાસાહેબે અપડાઉન કરતા શિક્ષકોને એવી સુવિધા કરી આપેલી કે જો આજે કોઈને તેની બાઇકમાં બેસવાનો લાભ આપ્યો હોત તો ફરીથી એનો વારો પંદર દિવસ પછી જ આવે! આટલા બધા વિકલ્પો હતા, પણ અત્યારે…? બિચારા બારૈયાસાહેબ ‘ડોળિયા’ નામની આ જગ્યાએથી શક્ય હોય તેટલી જલદીથી દૂર થઈ જવા ઇચ્છતા હતા અને પ્રત્યેક ડગલે પાછું વળીને જોતા કે ‘કોઈ આવે છે…’ પણ ‘ડોળિયો’ ડોળા કાઢી રહ્યો હોય એમ જ લાગી રહ્યું હતું. બાવીશ વર્ષ ગુણ્યા બાર માસની નોકરી આમ વગર બાઈકે પૂરી કરી લીધી, પણ અત્યારે બાઇક તો ઠીક બગડી ગયેલું બજાજ એમ એઈટી પણ ન્હોતું દેખાતું…

બારૈયાસાહેબને યાદ આવ્યું કે કયા કયા શિક્ષકોએ સૌથી વધુ વખત એમને બાઇકમાં લિફ્ટ આપેલી… રણછોડભાઈ, ધર્મેશભાઈ, લાણભાઈ… ઓહ ઘણાં નામ હતાં, પણ સૌથી વધુ વખત મદદ કરનાર મનુભાઈ સીઆરસી હતા… અને એટલે જ કદાચ બારૈયાસાહેબ એમના જીવનમાં કોઈને સોડા પિવરાવી તો તે માત્ર મનુભાઈ સીઆરસી સાહેબને જ! હા એ વાત જુદી હતી કે મનુભાઈએ બારૈયાસાહેબને લેમન સોડા હજ્જારો વાર પિવડાવેલી…

બારૈયાસાહેબને ચા પીવાની ટેવ ન્હોતી. ચા પીવાથી સ્વાસ્થ્યને ગંભીર નુકસાન થયું છે એવું તેમણે પત્ની અને બાળકોને સમજાવી દીધું હતું એટલે ઘરમાં ચાની ભૂકી આવતી જ નંય. દૂધ તો ભત્રીજો આપી જતો… પાન-માવા-સિગારેટ શિક્ષકને શોભે નહીં! આથી કોઈ શિક્ષક તેમના સોડા પિવરાવે તો બારૈયાસાહેબને કોઈ વાંધો ન હતો. છતાં ભાઈ! માણસને ક્યારેક મસાલાવાળું પાન ખાવાનું મન તો થાય??

બારૈયાસાહેબે એમનોય ઉપાય કરી લીધેલો… ઘરના વાડામાં થઈ ગઈ પછી તો બટેટાનું શાક જમીને બારૈયા એમના દીકરાને પાંચ રૂપિયાની નોટ આપીને મોન્ટુભાઈની દુકાને મીઠો માવો લેવા મોકલતા. દીકરાને શીખવવામાં આવતું કે, ‘ટૂટીફૂટી વધારે ને બીજા પૈસા પાછા” આ વાક્ય કમ સે કમ બે વખત તો બોલવાનું જ. પછી આખો પરિવાર માટે માવાની સામગ્રીમાંથી પાનનાં બીડાં બનતાં અને આખો પરિવાર શાનથી પાન આરોગતો. બારૈયાસાહેબની દિલદારીથી બધા ગદ્‌ગદિત થઈ જતા, પણ થૂંકવાની મનાઈ રહેતી. બીજી વખત પાન ખાવા માટે નાગરવેલ પર નવાં પાન ઊગે એ માટે ફિક્સ પગારવાળો માસ્તર પાંચ વરસ પૂરાં થવાની રાહ જુએ એમ સૌ રાહ જોતા… આ દરમ્યાન બારૈયાસાહેબની દીકરી ભૂલથી કોઈ બહેનપણીને જયાપાર્વતીના વ્રતની પૂજા માટે પાંચ પાન આપી દેતી તો બારૈયાસાહેબ પાનની પાંચ સિઝન સુધી દીકરીને પાન ખાવા માટે બ્લૅક લિસ્ટેડ કરી દેતા…

પગની પિંડી દુખવા લાગી હતી. યાદ આવ્યું કે થેલામાં પાણીની બૉટલ હતી. બારૈયાસાહેબ રોડ ઉપર જ બેસી ગયા. પાણી પીધું અચાનક દૂરથી એક ટ્રકની લાઇટનો શેરડો પડ્યો. બારૈયાસાહેબને શિક્ષકમાંથી કેનીમાં બઢતી મળી ગઈ હોય એમ રાજી થઈ ગયા અને બે-ત્રણ ઘૂંટડા ગળી બૉટલ પાછી મૂકી દીધી, પણ આજની રાત કમનસીબીની હતી. ટ્રક એમના સુધી આવી જ નહીં, પરંતુ આડા રસ્તે વળી ગઈ અને ત્યાં જ થંભી ગઈ... બારૈયાસાહેબ ભારે હતાશ થયા અને વળી પાછા ચાલવા લાગ્યા...

બારૈયાસાહેબ એવું માનતા કે આપણે કોઈના ઘરે મહેમાન થઈને જવું જોઈએ નહીં. એટલે સ્વાભાવિક રીતે જ એમના ઘરે મહેમાન આવતા નહીં, પણ બારૈયાસાહેબને એ વાતનું દુઃખ નહોતું, છતાં એમના બનેવી-કમ-સાળા વરસમાં એક વાર આવતા ત્યારે તેમને કમ સે કમ દૂર હોય એવી ‘દૂર દૂરની જગ્યા’એ ફરવા લઈ જતા બાકી એ સિવાય કોઈ આવી ચડ્યું હોય તો બારૈયાસાહેબ મેડીએથી હેઠે ઊતરતા જ નહીં. ઘરનાને કડક સૂચના રહેતી કે પેટમાં દુઃખાવો હોવાથી કોઈએ મને બોલાવવો નહીં અને પેલા દુષ્ટને બને એટલો જલદી રવાના કરી દેવો...

“પ્રવાસની બસ ખોડિયાર મંદિર પહોંચી હશે...” બારૈયાસાહેબને વિચાર આવ્યો. જો હું ગયો હોત તો અત્યારે આ ગુડિયાવાડી હાંકવાને બદલે તાંતણિયા ધરાના ઠંડા પાણીમાં હાથપગ ધોતો હોત... “એની-” એક ગાળ નવા આચાર્યને દીધી. બારૈયાસાહેબ તેમને સમજાવતા... “પરબવાવ... જૂનાગઢ... સતાધાર જેવી સંતભૂમિ બીજે ક્યાંય નથી. છોકરાં મોટાં થઈને ભણવામાં પડી જશે એમને સૌરાષ્ટ્રની ભૂમિનાં દર્શન તો કરાવવાં જ જોઈએ... વળી આ પ્રવાસમાં ભોજનનો ખર્ચ પણ કરવો પડતો નથી.”

બારૈયાસાહેબની પ્રભાવી રજૂઆત સૌના દિમાગ પર અસર કરી જતી અને પાંચ દિવસ છ રાત્રિનો પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ થતો. હા, એ ખરું કે વિદ્યાર્થીઓ માટે ધર્મશાળા શોધવાના ધક્કા ખાવા એક અપ્રિય પ્રવૃત્તિ હતી એના બદલે બારૈયાસાહેબ છોકરાંઓને બસમાંથી નીચે ઉતારી હાજરી પૂરવાના કામમાં મદદ કરતા.

જૂનાગઢનો ગિરનાર પર્વત ચડતી વખતે કોઈ છોકરાને બાવા ઉપાડી જાય તો?? તો આપણી જવાબદારી આવી પડે. આ વાતની ગુપ્ત ચિંતાને કારણે તેઓ તળેટીમાં જ રહેતા. બસમાં કોઈને ઊલટી થતી જ, આથી બારૈયાસાહેબની બાજી ચત્તી પડી જતી. બારૈયાસાહેબ ઊલટી કરનારની મદદે રોકાતા અને બાકીના ગિરનાર ચડવા જતા, પણ પછી ઊલટી કરનાર જાગતા અને બારૈયાસાહેબ નિરાંતે ઊંઘી જતા... હા, પછી બીજી બધી જગ્યાએ જ્યાં ચાલવું ન પડે ત્યાં ખૂબ મજા કરતા અને સ્ટાફમાંથી કોઈકનું નાળિયેર પાણી પી દેતા અથવા કોઈકનો સરસ આઇસક્રીમ પણ ખાઈ લેતા... આવી રીતે એમણે બાવીશ વર્ષમાં વીશેક જેટલા પ્રવાસ ખેડી લીધા હતા...

પણ અત્યારે અડધી રાતે પગપાળા પ્રવાસ... બારૈયાસાહેબના જીવનમાં એક કદી ન કરેલો પ્રવાસ હતો. ઘરે પહોંચીને આરામ કરવા માટે તેઓ પ્રયત્નપૂર્વક પગ ઉપાડી રહ્યા હતા. ફોન કરીને બૅલેન્સ બગાડવાનો અર્થ ન્હોતો... તેમનો નિયમ હતો કે કારણ વગર ફોન કરાય જ નહીં... આથી તેઓ મોબાઇલમાં જરૂર પૂરતું જ રિચાર્જ કરાવતા. એના બે ફાયદા હતા, કોઈ ફોન માંગે તો બૅલેન્સ નથી એમ કહીને ના પાડી શકાય

અને આપણે જરૂરી કૉલ કરવાનો હોય તો બીજા લોકો આપણને ના પાડે જ નહીં... આથી આઉટગોઇંગ બંધ રહેતું... જોકે અત્યારે રાત્રે દોઢ વાગે કોઈને જગાડાય નહીં એવો બારૈયાસાહેબનો મત હતો એટલે બેકાર થઈ ચૂકેલી જમીનદારીની જેમ એક એક પગલું મુસીબતવાળું બનવા લાગ્યું હતું... બારૈયાસાહેબને હજી નવ કિલોમીટરનું અંતર કાપવાનું બાકી હતું અને આખું શરીર દુખાવો કરવા લાગ્યું હતું જોકે બારૈયાસાહેબ પાસે ફોન ન્હોતો એવું બિલકુલ નહોતું. હા, શરૂ શરૂમાં નાનું ડબલું હતું એમાં કૉલ કરી ફટાકથી કટ કરી દેવાની વિશેષ આવડત એમણે હસ્તગત કરી લીધી હતી. બારૈયાસાહેબનો 'મિસકૉલ' આવ્યો છે એવું જાણીને સામેવાળા જ કૉલ બૅક કરતા, પણ નવો મોટો મોબાઇલ લેવામાં આવ્યો ત્યારે પણ અનલિમિટેડ કૉલ ફ્રી હોવા છતાં એમણે ફોન નહીં કરવાની પરંપરા જાળવી રાખેલી છતાં ક્યારેક કોઈકને કૉલ કર્યો હોય ત્યારે બારૈયાસાહેબ મનોમન ગર્વની લાગણી અનુભવતા અને મહિનાઓ સુધી તેનો આનંદ લેતા... પણ અચાનક જ એક દિવસ તેમને જાણવા મળ્યું કે જો વાપરીએ નહીં તો ડેટા જતો રહે... આથી બારૈયાને પોતાના પર અપાર ગુસ્સો ચડેલો, પણ 'જાગ્યા ત્યારથી સવાર...' નિયમાનુસાર પછી તો બારૈયાસાહેબ યૂ ટ્યૂબના રવાડે એવા ચડી ગયા કે ઘરેથી નિશાળ ને નિશાળેથી જૂનાગઢના પ્રવાસ સિવાય ક્યાંય ન્હોતા ગયા તોપણ ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ સુધીની સફર એમણે ખેડી કાઢેલી...

બારૈયાસાહેબને લિફ્ટ આપનાર શિક્ષકને દેશ-વિદેશના પ્રવાસનો અનુભવ પ્રાપ્ત થતો...

ઉત્તરાખંડના બદ્રીનાથથી ચાર કિલોમીટર આગળ જઈએ ત્યાં ભારતદેશની છેલ્લી દુકાન છે ત્યાંની ચા... એટલે ચા... (બારૈયાસાહેબ ચા ન્હોતા પીતા)

તાજમહેલની પાછળની સાઇડમાં યમુના નદીમાં એટલી ગંદકી છે કે વાત ન પૂછો!

મદુરાઈના મીનાક્ષી અમ્મા મંદિરની કોતરણી એટલે કહેવું પડે હો! ચાર ગોપુરમ્‌માંથી પ્રવેશ ન કરીએ તો દર્શન અધૂરાં રહે.

કર્ણાટકમાં બૅંગાલુરુ સ્ટેશનની બહાર એક સાઇકલવાળો ઇડલી વેચે છે એના જેવો ઇડલી-સંભાર ક્યાંય ન મળે!

બારૈયાસાહેબની આવી વાતો લિફ્ટ આપનારને મજા કરાવી દેતી અને આગામી વૅકેશનમાં તે ટૂરનું આયોજન કરવા લાગતો - પણ અત્યારે... બારૈયાસાહેબનો આ પ્રવાસ કારમો હતો... એવું જ લાગી રહ્યું હતું કે હમણાં ચક્કર આવશે ને પડી જવાશે... એવામાં મગફળીનું ટ્રૅક્ટર દેખાણું. બારૈયાસાહેબ પંજાબના સિંધ પ્રાંતમાંથી આવેલા નિરાશ્રિત હોય એવું મોઢું કરીને ઊભા રહી ગયા... ટ્રૅક્ટરવાળો શહેરના માર્કેટયાર્ડે જતો હતો... અત્યારે કોઈની ઓળખાણ કાઢવાની સોં ન્હોતી એટલે નીચે ખૂંચતી હતી તોપણ ચૂં ચાં કર્યા વિના એક ગૂણી પર બારૈયાસાહેબ ગોઠવાઈ ગયા...

ટ્રૅક્ટરવાળાએ એમને એમના ગામના પાટિયે ઉતાર્યા ત્યારે રાતના સાડાત્રણ થયા હતા... અહીંથી બારૈયાસાહેબનું ઘર પોણા બે કિલોમીટર દૂર હતું. કોઈ આવશે નહીં એવી દૃઢ ખાતરી સાથે એમણે ફરી ચાલવાનું શરૂ કર્યું... લગભગ પંદર કિલોમીટર જેટલું અંતર

એમણે ચાલીને કાપ્યું હતું, પણ આ દોઢ કિલોમીટરનું અંતર અંતિમ મુઘલ બાદશાહના સામ્રાજ્ય જેવું હતું. ઉનાળાની ઉકળાટભરી રાતોમાં પણ વિરામ વગર "હાઉ હાઉ... વાઉઉ... વાઉ..." કરતા ડાઘિયા પણ ટૂંટિયું વાળી વાળીને ઘોરી ગયા હતા. બાવીશ વરસ ગુણ્યા બાર માસના સમય દરમિયાન બારૈયાસાહેબ કોઈ દિવસ આટલું બધું ન્હોતું ચાલેલા... પગની પીંડિયું ફાટ ફાટ થઈ રહી હતી. ઘરની સામે ડંકીથી બારૈયાસાહેબનું અંતર હવે વીશ ડગલાં હતું. વિમલ ગુટકાનો થેલો ફેંકી દેવાનું મન તો હતું, પણ હિમ્મત નહીં. વીશ ડગલાંનું અંતર ઘરેથી નિશાળ જેટલું સુદૂર લાગી રહ્યું હતું. નવા આચાર્યને આપવાની ગાળોનો સ્ટૉક ક્યારનો ખૂટી ગયો હતો. એટલે દેવાયેલી ગાળો બબડાટનું સ્વરૂપ ધારણ કરીને પુનરાવર્તિત થઈ રહી હતી... પણ બારૈયાસાહેબનું ગળું સુકાઈ ગયું હશે કે પછી કોણ જાણે, પણ એમનો આ ગાળછંદ ગળામાંથી કદાચ બહાર જ ન્હોતો નીકળી રહ્યો... ઘરની ડેલીમાં દોરેલાં લાભ-શુભ દેખાયાં એટલે એમનામાં નવી શક્તિ સ્ફુરી... તેમણે હોય એટલું બળ કરીને પગ ઉપાડ્યા... ઘરમાંથી કશોક અવાજ આવ્યો એટલે આટલી વિકટ સ્થિતિમાં પણ તેઓ સાવધ થઈ ગયા અને ડેલી ખખડાવવાને બદલે પાછળના ભાગે ખૂલતી બારી પાસે ગયા અને કંઈ શંકા સાથે અંદરના અવાજો સાંભળવા માટે બારીએ કાન ધરી દીધા, પણ કશું સ્પષ્ટ સંભળાતું ન્હોતું, આથી એક પથ્થર લાવી તેના પર ચડીને બારીના મિજાગરાની તિરાડમાંથી અંદર નજર કરી...

અંદર મનુભાઈ સીઆરસી ઓળો રોટલો ખાઈ રહ્યા હતા...

■

મેં 'સભ્યતા' કેળવવાનો ગજા ઉપરવટનો ને છીછરો માર્ગ લીધો.

જોકે વિલાયતી પણ મુંબઈના કાપનાં કપડાં સારા અંગ્રેજ સમાજમાં ન શોભે તેથી 'આર્મી ને નેવી' સ્ટોરમાં કપડાં કરાવ્યાં. ઓગણીસ શિલિંગની (આ કિંમત તે જમાનામાં તો બહુ જ ગણાય) 'ચીમની' ટોપી માથા પર ઘાલી. આટલેથી સંતોષ ન પામતાં બૉન્ડ સ્ટ્રીટમાં જ્યાં શોખીન માણસોનાં કપડાં સિવાતાં ત્યાં સાંજનો પોષાક દસ પાઉન્ડમાં દીવાસળી મૂકી કરાવ્યો. ભોળા અને બાદશાહી દિલના વડીલ ભાઈની મારફતે ખાસ સોનાનો અછોડો, બે ખીસામાં લટકાવાય તેવો, મંગાવ્યો અને તે મળ્યો પણ ખરો. તૈયાર બાંધેલી ટાઈ પહેરવી તે શિષ્ટાચાર ન ગણાય, તેથી ટાઈ બાંધવાની કળા હાથ કરી. દેશમાં હજામતને દહાડે જોવાને મળતો. પણ અહીં તો મોટા તો અરીસાની સામે ઊભા રહી ટાઈ બરોબર બાંધવામાં અને વાળને પાટિયાં પાડી બરોબર સેંથો પાડવામાં રોજ દસેક મિનિટનો ક્ષય તો થાય જ. વાળ મુલાયમ નહીં, એટલે તેને ઠીક વળેલા રાખવાને સારુ બ્રશ(એટલે સાવરણીએએ જ ના!)ની સાથે રોજ લડાઈ થાય. અને ટોપી ઘાલતાં ને કાઢતાં હાથ તો જાણે કે સેંથો સંભાળવાને માથે ચડ્યા જ છે.. વચમાં વળી સમાજમાં બેઠા હોઈએ ત્યારે ત્યા સેંથા ઉપર હાથ જવા દઈ વાળને ઠેકાણે રાખવાની જુદી જ અને સભ્ય ક્રિયા તો ચાલ્યાં જ કરે.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

## ટૂંકી વાર્તા

# ૮:૫૬ની ચર્ચગેટ ફાસ્ટ

બાદલ પંચાલ

બપોરના ભરતડકે બાંદ્રા–ખાર વચ્ચેના હાર્બર બ્રિજ નીચે તડકાથી થોડી વાર બચવા અંધેરી સ્લો આવીને ઊભી રહી ત્યારે બાજુના પાટે ઊભેલી ચર્ચગેટ સ્લોએ હૉર્ન મારીને અંધેરી સ્લોનું ધ્યાન ખેંચ્યુંઃ ‘પોઓઓઓ...’

અંધેરી સ્લો ચમકી અને એણે લાંબું ‘પોઓઓઓઓઓઓઓઓઓ...’ કર્યું.

‘કેમ બહુ ચિંતામાં લાગે છે? વિરાર યાર્ડમાં બધું ઠીક તો છે ને?’ ચર્ચગેટ સ્લોએ પૂછ્યું.

‘અરે, શું કહું...વિરાર યાર્ડમાં તો રોજ નવી સમસ્યા આવી પડે છે. મારે તમને એક વાત પૂછવી છે. આમ તો તમે અમારા સિનિયર અને આ પાટાઓ પર વર્ષોથી દોડો છો, તો તમે એવું ક્યારે સાંભળ્યું છે કે કોઈ માણસ માણસમાંથી ટ્રેનમાં વટલાઈ જવાની માંગ કરે!’

‘હેં? આ બધી સમસ્યાઓ તમારા વિરાર યાર્ડમાં જ કેમ આવતી હોય છે, અમારા ચર્ચગેટ સ્ટેશને તો આવું કશું બનતું નથી. અને એવું તો વળી ટ્રેન બનવામાં શું દાટ્યું છે? માણસોનો તો કોઈ ભરોસો થાય? માણસને બરાબર માણસ બનતાં નથી આવડ્યું ત્યાં વળી ટ્રેન શું બને!’

બાજુના પાટેથી વિરાર ફાસ્ટ ખડખડ ખડખડ...હસતી દોડી ગઈ.

પછી કંઈક યાદ આવતાં ચર્ચગેટ સ્લો બોલીઃ ‘હા, પણ વર્ષો પહેલાં મને યાદ છે કે બાંદ્રા સ્લો ટ્રેને મને એક વાર કહેલું કે એને એવું સપનું આવેલું કે આપણે બધી લોકલ ટ્રેન પહેલાં મુંબઈના માણસો હતી અને રાતોરાત બધી ટ્રેન બની ગયેલી. જોકે બાંદ્રા સ્લો થોડી ચસકેલ હતી, નકરો બકવાસ કર્યા કરતી એટલે કોઈ એની વાતને બહુ ધ્યાનમાં ના લેતું.’

આટલું બોલ્યા પછી ચર્ચગેટ સ્લો અને અંધેરી સ્લો પોતપોતાના પાટે ચાલવા લાગી.

અંધેરી સ્લો વિચારમાં પડી અને હજુ તો સાંતાક્રુઝ પહોંચીને ઊભી રહી ત્યાં પ્લૅટફૉર્મ નંબર ચાર પર ઊભેલી ટ્રેને કહ્યું : ‘અરે એ અંધેરી સ્લો, પેલો કોણ માણસ છે જેને ટ્રેનમાં વટલાઈ જવું છે? એને કહેજે કે મારે ટ્રેનમાંથી માણસમાં વટલાઈ જવું છે. આ એક્સચેન્જ ઑફર સ્વીકાર્ય હોય તો કહે.’

ત્યાં પ્લૅટફૉર્મ નંબર બે પર ઊભેલી ટ્રેને કહ્યું :’ કેમ ટ્રેનના જીવનથી કંટાળ્યા કે શું?’

પ્લૅટફૉર્મ નંબર ચાર પરથી હળવે હળવે સરકતાં તે બોલી : 'આ રોજેરોજ વધતો જતો બોજો હવે મારાથી સહેવાતો નથી. દોઢ વરસ પહેલાં મારા નવ ડબ્બાથી વધારીને બાર ડબ્બા કર્યા અને હવે ગઈકાલે જ બીજા ત્રણ ડબ્બા જોડીને પંદર કર્યા. આ પંદર ડબ્બામાં સવાર-સાંજ માણસોના જથ્થેજથ્થા ઢસડવામાં મારું આખું શરીર દુ:ખે છે. ખેંચીખેંચીને માણસોએ મારાં હૅન્ડલ ઢીલાં કરી નાખ્યાં છે, મારા કેટલાક ડબ્બામાં તો પંખાએ હવે ચાલતા નથી. ટ્રેનનું તો ટ્રેનનું પણ છે તો શરીર જ ને...'

અંધેરી સ્લો હવે વિલેપાર્લે સ્ટેશનથી અંધેરી જતાં ધીમી પડી. થાકીને અંધેરી પહોંચતાં જ એણે 'ફિસ્સસ્સ્સ...' કરતાં હવા છોડી.

અહીંથી અંધેરી સ્લો વિરાર ફાસ્ટ બનતી હતી. એ પ્લૅટફૉર્મ પર ઊભી રહે એ પહેલાં જ લોકો ધક્કામુક્કી કરતા ચઢી ગયા.

બાજુના પાટે દહાણુ સ્લો આવી અને વિરાર ફાસ્ટ બનતી અંધેરી સ્લોને જોતાં બોલી: 'વિરાર ફાસ્ટ, મને તો એક વાત સમજાતી નથી કે જો માણસ ટ્રેનમાં વટલાઈ જાય તો ટ્રેનનું જીવન શું એને માફક આવશે?'

ત્યાં પાંચમા નંબરના પ્લૅટફૉર્મ પર ઊભેલી બોરીવલી ફાસ્ટ બોલી : 'તમને બધીને ભલે લાગતું હોય કે આ મુંબઈના માણસો અને આપણે મુંબઈની લોકલ ટ્રેન, એટલે બંનેના જીવનમાં ફરક તો હોય જ ને...પણ એવું નથી. આ તો આપણા પાટા દેખાય છે ને એમના પાટા દેખાતા નથી બસ, એટલો ફરક.'

વિરાર ફાસ્ટે સાંભળ્યું પણ કોઈ પ્રતિભાવ ન આપ્યો, ત્યાં દહાણુ સ્લો ફરી બોલી: 'તમે બધાએ એક નવી વાત સાંભળી કે નહિ? આજે મારામાં બેઠેલો એક માણસ બીજા માણસને કહી રહ્યો હતો કે થોડા જ વખતમાં મુંબઈની બે લોકલ ટ્રેન વચ્ચેનું અંતર ત્રણ મિનિટથી ઘટાડીને અઢી મિનિટનું કરાશે. એટલે આપણી દોડાદોડ હજુ વધવાની.'

ત્યાં તો બોરીવલી ફાસ્ટ અંધેરીથી ઊપડતાં બોલી: 'પોઓઓઓ.... આ માણસની દોડાદોડનો તો કોઈ પાર જ નથી. હું તો કહું છું કે પેલા ટ્રેન બનવા માંગતા માણસને કહેજે કે એના કરતાં દરિયાકિનારાનો પથરો બનજે પણ લોકલ ટ્રેન તો કદીયે ના બનતો.'

વિરાર ફાસ્ટ અને બોરીવલી ફાસ્ટ સમાંતરે ચાલતી રહી. રામમંદિર સ્ટેશનેથી પસાર થતી વખતે રોજની જેમ વિરાર ફાસ્ટની નજર સ્ટેશનથી થોડે દૂર બે પાટાની વચ્ચે ખખડી ગયેલી એક સમયની ટિકિટબારી પર પડી. એના પર મોટા અક્ષરે લખાયેલું: 'અબૅન્ડન્ડ.'

વિરાર ફાસ્ટે એની બારીમાંથી જેટલું દેખાય એટલું જોયું, પણ અંદર ફક્ત અંધકાર અને જાળાં બાઝેલાં દેખાયાં.

ગોરેગાંવ સ્ટેશને ધીમા પડતા પ્લૅટફૉર્મ પર બે દિવસથી ભૂખ્યા કૂતરાને એણે 'પોઓઓઓ...' કરીને બોલાવ્યો પણ કૂતરો આંખો ખોલ્યા વગર પડ્યો રહ્યો. વિરાર ફાસ્ટને તો ધ્રાસ્કો પડ્યો કે આટઆટલા માણસો એની પાસેથી પસાર થાય છે, પણ કોઈને એનું ભૂખ્યા હોવું દેખાયું નહિ હોય! પછી એને થયું કે એ પણ શું કરી શકી છે ફક્ત અહીંથી પસાર થયા સિવાય...

બોરીવલી ફાસ્ટ વિરાર ફાસ્ટને આમ વિચારમાં રત થયેલી જોતાં બોલી: 'આ મુંબઈના માણસોનું જીવન પણ કેવું છે ને; એમણે પણ રોજ સવારે આપણી જેમ જ નિર્ધારિત

સમયે ઘરની બહાર નીકળી જવાનું છે, નિર્ધારિત સમયે સ્ટેશને પહોંચવાનું છે. નિર્ધારિત સમયે સ્ટેશન છોડીને પસાર થઈ જવાનું છે. સહેજ બે-ત્રણ મિનિટ મોડા પણ પડવાનું છે. કારણ કે ક્યાંક કોઈક પાટા પર કોઈક ટ્રેન મોડી પડી હશે.

આપણી જેમ જ આ માણસો પણ કેટલીય ગણતરીઓ કરીને નીકળ્યા હોય, છતાંયે ધાર્યા સમયે, ધારી જગ્યાએ, ધાર્યા માણસની પડખે ક્યાં પહોંચી શક્યા છે.

મને લાગે છે ટ્રેન હોય કે માણસ કોઈ મોડા પડતા નથી, આપણને ક્યાંકથી નીકળતાં અને ક્યાંક પહોંચતાં મોડું 'થઈ' જતું હોય છે.

વિરાર ફાસ્ટ બોલી : 'તો તમને શું લાગે છે કે માણસનું અને ટ્રેનનું જીવન સરખું જ હોય છે. આપણામાં જેમ ટૅક્નિકલ ખામીઓ સર્જાય, વધુ વરસાદથી આપણે અટકી જઈએ, ઓવરહેડ તૂટી જાય કે કોઈ પુલ આપણા પર તૂટી પડે એવી બધી સમસ્યાઓ માનવજીવનમાં પણ હોય છે.'

બોરીવલી ફાસ્ટ બોલી : 'હા, માનવજીવનમાં પણ આપણી જેમ જ અઢળક ખામીઓ અને બીમારીઓ સર્જાય છે. આ તારી બારીની ઉપરની ખાલી જગ્યામાં ચોંટાડેલું પેલું સ્ટીકર વાંચી જો – પ્રેમ, દગો, ધંધો, નોકરી, માનસિક તણાવ, સંતાનપ્રાપ્તિ, કર્જ, ઝઘડા, લાંબી બીમારી અને હજુ તો ગુપ્તરોગોની સમસ્યા તો જુદી જ! એના સિવાય કોઈ માણસ ગુમ થયાની, કોઈના છેતરાયાની, જૂઠી દવાઓની આ બધી એડવર્ટાઇઝ પણ માણસની સમસ્યાઓ જ છે. આ તો આપણે મુંબઈની લોકલ ટ્રેન એટલે આપણને આ બધું ખબર બાકી પેલી માલગાડી કે એક્સપ્રેસ ટ્રેનને આ બધી ગતાગમ ન પડે.'

વિરાર ફાસ્ટ હવે બોરીવલીથી આગળ નીકળી ગઈ હતી. બોરીવલી ફાસ્ટ સાથે વાત કર્યા પછી માનવજીવનની વિચિત્રતા તરફ આજે એનું ધ્યાન ખેંચાયું.

'ક્યા કિયા ઉસ લડકી કા?' એના જ ડબ્બામાં બેઠેલા એક છોકરાએ બીજાને પૂછ્યું ત્યારે ગંદા ઈશારા સાથે પેલા છોકરાએ કહેલુંઃ 'ડન ઍન્ડ ડમ્પડ.' સાંભળીને એને થયેલું કે પોતાના ડબ્બામાંથી એ છોકરાઓને બહાર ફેંકી દે પણ...

વસઈ પર ભારે ભીડ વચ્ચે સાતેક વરસની છોકરી ચઢી ગઈ પણ એની મા ચઢી ન શકી અને પોતાને સ્ટેશન છોડીને નીકળી જવું પડ્યું ત્યારે પેલી છોકરી અને એની માની ચીસો સાંભળીને એને ફરી ઊભા રહેવું હતું પણ...

સાંજે ચસોચસ ભીડમાં ભૂલથી જેન્ટ્સ ડબ્બામાં ચઢી ગયેલી પેલી સ્ત્રીના શરીર પર કેટલીય આંખો અને ખરબચડા હાથ ફરી વળેલા, પણ પોતે દોડ્યા સિવાય શું કરી શકેલી?

વિરારથી અંધેરી અને અંધેરીથી વિરાર વચ્ચે દોડાદોડ કરતાં ભાયંદરની ખાડી પર ડૂબતા સૂરજને જોવા માટે થોડી વાર ઊભા રહેવું હતું પણ...

અને આજે રાતે તો...

જ્યારે માણસોના જથ્થાને લઈને એ વિરાર તરફ દોડી રહી હતી ત્યારે પેલી અબૅન્ડન્ડ ટિકિટબારીવાળી જગ્યામાંથી અચાનક એક સ્ત્રી નીકળી અને એની સામે પાટા પર ઊભી રહી ગઈ. એને બાજુમાં હટાવવા હૉર્ન માર્યાં, પોતાની ઝડપ ધીમી કરવાના લાખો પ્રયત્ન કર્યા અને છેલ્લે હેડલાઇટમાં એનો ચહેરો જોવાની કોશિશ પણ કરી જોઈ પણ...

અસંખ્ય ‘પણ-’ ના ભાર લઈને રાતે ખડ...ખડ...ખડ...પાટા પર લથડતી એ પોતાના યાર્ડમાં આવી.

૪:૫૧ની ચર્ચગેટ ફાસ્ટ, ૫:૩૫ની દહાણુ ફાસ્ટ, ૫:૫૩ ની બોરીવલી સ્લો અને પેલો માણસ જેને ટ્રેનમાં વટલાઈ જવું છે એ સૌ વિરાર ફાસ્ટથી અંધેરી ફાસ્ટ બનતી ટ્રેનની રાહ જોતા યાર્ડમાં ઊભા હતા.

દહાણુ સ્લો બોલી: ‘એ બધું તો ઠીક પણ મને એ નથી સમજાતું કે તારે દુનિયાની કોઈ વસ્તુ નહિ પણ ટ્રેનમાં જ કેમ વટલાઈ જવું છે, હું તો કહું છું કે તું મુંબઈ ઍરપૉર્ટનું પ્લેન બની જા, આખી દુનિયા જોવા મળશે. કોઈ ઊંચી ઇમારત, દરિયો, ઝૂંપડપટ્ટી, સ્ટેડિયમ, સિનેમાહૉલ કે પછી બીજું કંઈ પણ બની જા પણ આ ટ્રેન જ શું કામ?’

પેલો માણસ બોલ્યો: ‘તમને શું લાગે છે મુંબઈમાં આટઆટલી લોકલ ટ્રેનો ક્યાંથી આવે છે? અરે, મુંબઈમાં શું કામ, આખી દુનિયામાં આટઆટલી ટ્રેનો કે પછી વાહનો ક્યાંથી આવે છે એની કંઈ ખબર છે? તમે બધા ભ્રમમાં છો કે આ બધાં વાહનો ફૅક્ટરીમાં બને છે, પણ એવું નથી. મારા જેવા મુંબઈના જ માણસો ધીરે ધીરે મુંબઈની લોકલ ટ્રેનમાં વટલાઈને તમારી આસપાસ પાટા પર દોડાદોડ કરે છે અને તમને ખબર પણ નથી. તમે બધા પણ જે પોતાને મુંબઈની લોકલ ટ્રેન કહેવડાવો છો ને તો તમે પણ એક સમયે મુંબઈનો એક માણસ જ હતા. આ તો ટ્રેનમાં વટલાઈ ગયા પછી તમે માનવજીવન ભૂલી ગયા છો.’ ‘આ માણસ જુઠ્ઠો છે.’ ‘આ માણસ આપણને ગુમરાહ કરી રહ્યો છે.’ ‘આ માણસ આપણી સમસ્યાઓને વધારશે.’ ‘આ માણસને કચડી નાખો..’ જેવી બૂમાબૂમ સાંભળીને અંધેરી ફાસ્ટે જોરથી ‘પોઓઓઓઓઓઓઓ...’કર્યું અને બધા શાંત પડ્યા.

‘આ માણસ સાચું કહી રહ્યો છે. ટ્રેનસમાજ એ માનવસમાજનું ઍક્સટેંશન છે અને રહેશે.’

...પછી તો કોઈએ કશું પૂછ્યું નહિ. બધી ટ્રેનની આંખોમાં મૂકસંમતિ હતી અને બધાએ પોતાની હેડલાઇટનો પ્રકાશ એ માણસ પર પાડીને એનો સ્વીકાર કર્યો.

સમય થયો અને ૪:૫૧ની ચર્ચગેટ ફાસ્ટ ટ્રેનનાં પૈડાં સરક્યાં, ટ્રેનની અંદરની લાઇટો શરૂ થઈ, પંખા ફર્યા, પકડવાનાં હૅન્ડલ એકબીજા સાથે અથડાયાં અને ખડખડ હસ્યાં. ટ્રેન યાર્ડમાંથી સરકીને બહાર નીકળી ગઈ.

પછી તો ૫:૩૨ની અંધેરી ફાસ્ટ, ૫:૩૫ની દહાણુ ફાસ્ટ, ૫:૫૩ની બોરીવલી સ્લો એમ એક એક કરતી ટ્રેને યાર્ડ છોડ્યું.

ફક્ત એક જર્જરિત ટ્રેન પડી રહી.

પેલો માણસ ૮:૫૦ એ પાટા પર પોતાના બે હાથ અને બે પગ મૂકીને વાંકો વાંકો ચાલવા લાગ્યો, પેલી જર્જરિત ટ્રેને જોયું કે થોડી વારમાં તો એ માણસના બે હાથ અને પગ પૈડામાં વટલાઈ ગયા અને એ પાટા પર સરકવા લાગ્યો.

વિરાર સ્ટેશનના ઇન્ડિકેટરમાં ૮:૫૬ની ચર્ચગેટ ફાસ્ટ ટ્રેન પહેલી વાર દેખાઈ અને ત્યારથી લઈને આજ લગી મુંબઈના પાટા પર ૮:૫૬ની ચર્ચગેટ ફાસ્ટ ટ્રેન દોડી રહી છે.

■

# તે હિ નો દિવસાઃ ગતાઃ એસ.ટી. યાત્રા

અધીર અમદાવાદી

યુકેમાં બે વરસ પહેલાં બ્રિસ્ટલથી લંડન આવવા માટે બસનું રિઝર્વેશન કરાવેલું હતું પણ બસપૉર્ટ પર પહોંચ્યા બાદ જાણવા મળ્યું કે અમારી બસ કૅન્સલ થઈ છે. કારણ? ડ્રાઇવર હાજર નથી થયા. કોઈ વૈકલ્પિક ડ્રાઇવર પણ નહીં. પછી ઇન્ડિયાવાળી કરીને અમે બીજી કોઈ બસમાં લંડન પહોંચ્યા.

ગુજરાતમાં વર્ષોથી સ્ટેટ ટ્રાન્સપૉર્ટ (એસટી) છે, બીજાં રાજ્યોની સરખામણીમાં કાર્યક્ષમ છે. ગુજરાતનાં ગામડે ગામડે હજુ પણ એસટી દ્વારા પહોંચી શકાય છે. અમારા જેવા જનરેશન-એક્સના સૌને - અપવાદ સિવાય - એસ.ટી.માં મુસાફરી કરવાના અનુભવ હશે. અમે ઘણું ફર્યા છીએ તેમાં વિસનગર, અંબાજી, વિદ્યાનગર, વડોદરા, ચાણોદ, સોમનાથ, જૂનાગઢ, માંગરોળ અને પ્રાંતિજ જેવાં સ્થળોએ એસટીમાં મુસાફરી કર્યાના અનુભવો વિશેષ યાદ આવે છે.

એ સમયે એસટી બસમાં બેસવા માટે લાઇનમાં ઊભા રહેવાનો રિવાજ નહોતો. હજુ પણ લાઇન વિશેની આપણી સમજ અપરિપક્વ છે. સિટી બસમાં ચઢવાના અને ઊતરવાના દરવાજા જુદા હોય છે, પરંતુ એસટી બસમાં પૅસેન્જરને ચઢવા માટે એક જ દરવાજો, અને એ વચ્ચે રહેતો. ડેપોમાં આવીને બસ હજુ રિવર્સ થતી હોય ત્યાં ટોળું દરવાજા તરફ હલ્લો કરતું. આટલા ઝનૂન સાથે જો આપણે મોગલો સામે ધસી ગયા હોત તો કદાચ એ લોકો અફઘાનિસ્તાનથી જ પાછા ફર્યા હોત. કંડક્ટર જો દરવાજો બંધ કરીને ગયો હોય તો બારણાં પર લટકી, બારીમાંથી હાથ નાખી, દરવાજાની સ્ટૉપર અંદરથી પૅસેન્જરોએ ખોલવાની રહેતી. તુલસીદાસ ચંદન ઘસે તિલક કરે રઘુવીર પ્રમાણે દરવાજો ખોલનાર દરવાજાની પાછળ લટેકેલો હોય બરાબર ત્યારે જ દરવાજાની જમણી બાજુ ટાંપીને ઊભેલું કોક મોકો જોઈ બસમાં પહેલું ઘૂસી જતું. ત્યાર બાદ રેગ્યુલર ધક્કામુક્કી શરૂ થતી. બે-ચાર જણા 'શાંતિ રાખો શાંતિ રાખો આખી બસ ખાલી જ છે' એવો પાઠ દૂરથી કરતા, પણ મોકો મળતાં એ પણ ઘૂસ મારતા.

મહિલાઓ એ વખતે પણ પુરુષસમોવડી જ હતી અને ભીડમાં પોતાની જગ્યા પોતે કરી લેતી. ખાસ કરીને સામાનનો ઉપયોગ આડશ તરીકે કરી, બીજાને રોકી ઘરના સભ્યોને પણ ચઢાવી દેતી. આવામાં ક્યારેક વ્યક્તિ ચઢી જાય અને થેલો બહાર રહી

ગયો હોય, થેલો અને થેલો પકડેલો હાથ ચઢી ગયો હોય અને વ્યક્તિ અંદર આવવા મથતી હોય એવું પણ બનતું. બસમાં આગળ બેસવું કે પાછળની તરફ, તેની વ્યૂહરચના પણ અમુક લોકો કરતા. સહકુટુંબ ચઢનારામાં જે હોશિયાર હોય એનું કામ અંદર ઘૂસી સીટો પર કબજો જમાવવાનું રહેતું. અમુક એટલા હોશિયાર રહેતા કે ચાર જણ જવાના હોય તો છ સીટ રોકી વધેલી બે સીટો કોઈ દૂરના ઓળખીતાને, કે જેમને સ્ટૅન્ડ પર ઊભેલા જોયા હોય, આપી ઉપકૃત કરતા. આ ઓળખીતાં કોઈ બહેન હોય એવું અનાયાસે બનતું. એ વખતે બિસલેરી, વૉટરબૅગ્સ કે કુલ વૉટર બૉટલ્સ નહોતી આવી એટલે કેટલાક લોકો બરણીમાં પાણી ભરીને મુસાફરી કરતા. ચઢવાની ધક્કામુક્કીમાં છલકાયેલા પાણીનો અભિષેક લોકો પર થતો. ત્યારે માણસો ઘણા સહિષ્ણુ હતા એટલે પાણી ખંખેરી આગળ વધતા. કોક વળી ચાલુ બીડીએ બસમાં ચઢતું હોય એનાથી પણ બચવું પડતું. કારણ કે બીડીથી શર્ટમાં કાણું પડવાથી નુકસાન તો થતું જ, પણ એ કરતાં ઘરમાં વડીલોને ખુલાસા આપવા વધારે અઘરા હતા!

એક્સપ્રેસ બસનાં પાટિયાં લાલ અને લોકલનાં કાળા અક્ષરે ચીતરેલાં રહેતાં. ડેપોમાં ખાલી બસ ઊભી હોય અને ડ્રાઇવર પાટિયું લઈને નીકળે એટલે એ પાટિયું જોઈ બસ આપણી છે કે નહીં એ નક્કી કરવાનું રહેતું. પાટિયા વગરની બસમાં જાણકાર લોકો બસના નંબરને આધારે પહેલેથી બેસી જતા. એવી બસમાં અડધા ચઢીને 'ક્યાં જવાની?' પૂછી લેવું પડતું. જે જવાબ મળે તે જવાબ જવાબ આપનારની જાણકારી અનુસાર સાચો હોય, પણ હકીકતમાં ખોટો નીકળે ત્યારે આખુંય ધાડું હુડુડુડુ અને બબડાટ કરતું સાચી બસની શોધમાં ઊતરી જતું. તો ક્યારેક આવી પાટિયા વગરની બસમાં બેઠા હોઈએ, પછી ડ્રાઇવર આવીને પાટિયું લગાડે જેનો પાછળનો ભાગ જ બસમાંથી દેખાતો. આવી બસ ઊપડે અને કંડક્ટર ટિકિટ આપે, ત્યાં સુધી મનમાં ફફડાટ રહેતો કે ખોટી બસમાં તો ચઢ્યા નથી ને? અને એ વખતે ખોટી બસમાં ચઢેલા અધવચ્ચે ઊતરનારા બાઘા નીકળતા પણ ખરા. એ ઊતરે પછી પૅસેન્જરોમાં એમની બાઘાઈની ચર્ચા ઉત્સાહભેર થતી. કોક વળી દયા પણ ખાતું કે 'અજાણ્યા હશે બચારા'! ક્યારેક એવું બનતું કે મહેસાણાથી અમદાવાદની બસ આવી હોય એટલે આપણે એ પાછી મહેસાણા જ જશે એમ માનીને પૅસેન્જરો ઊતરે ના ઊતરે ત્યાં ઉતાવળે ચઢી જઈએ ને એ બસ ડેપોમાં જતી હોય, કે પછી અન્ય રૂટ પર; એટલે પાછું સડસડાટ નીચે ઊતરવાનું થતું. સ્ટૅન્ડ પર સામાન પાસે પરિવારને બેસાડી મુખ્ય માણસે આ પ્રકારે ઘણી દડમજલ કરવી પડતી. મોટાં બસ-સ્ટેશનો પર લાઉડ સ્પીકર પર તમારી શ્રવણશક્તિની ચકાસણી કરે તે મુજબ જાહેરાત પણ થતી. મરફીના નિયમ મુજબ પહેલી પાંચ જાહેરાત તમારી બસની ના હોય એવું ઝાઝું બનતું.

બસમાં ધારાસભ્યની સીટ રિઝર્વ રહેતી. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ એસટીમાં મુસાફરી કરતા એવું ક્યાંક વાંચ્યું છે. એ અંગે ચર્ચા કરવામાં સાર નથી. લાંબા અંતરની બસ હોય તો ક્યારેક કોઈ રિઝર્વેશન કરાવતું. રિઝર્વેશનની સીટો

આગળ હોય એટલે બસમાં ચઢનાર જાણકારો પાછળની બાજુ ધસારો કરતા. કાળા અક્ષરના પાટિયાવાળી બસ લગભગ દરેક ગામના પાટિયે ઊભી રહેતી અને મોટું ગામ હોય તો છેક અંદર સુધી જતી. આ કારણસર લોકો રૂટ પર આવતાં ગામની રહેણીકરણી અને બજારથી પરિચિત થતા, જે સમયે પંચાત કરવા કામમાં આવતું.

બસમાં પાછળની તરફ બે સીટો ટાયરની ઉપર આવે એટલે એમાં પગ મૂકવાની જગ્યાએ ઢોળાવ હોય. એ સીટમાં બેસેલ વ્યક્તિને ટૂંટિયું વાળ્યું હોય એવું લાગતું. બસ ખાડામાં ઊછળે તો ઢીંચણ નાક પર વાગે પણ ખરા. આ સીટો કુટુંબમાં નાના છોકરાઓને ખાસ ફાળવવામાં આવતી, અથવા છેલ્લે ભરાતી. બસની અભેરાઈ અને પૅસેજમાં બૅગો અને થેલાઓ ઉપરાંત ઘરવખરી, ટોપલાં, ડબા, પંખા, શહેરથી ખરીદેલો માલસામાન અને કવિઓએ પણ કલ્પના ના કરી હોય એવી વસ્તુઓ પ્રસરેલી રહેતી. મોટે ભાગે સામાનવાળા છેલ્લી સીટ પકડતા એટલે પૅસેજમાં મૂકેલ સામાન નજર હેઠળ પડ્યો રહે. ઉપરની જાળીવાળી રેકમાં સસ્તો અને ચોરવાનું મન ના થાય એવો સામાન મુકાતો. એ પણ ઠાંસી ઠાંસીને. સૌથી અગત્યનો સામાન પગ પાસે, અને એનાથી પણ અગત્યના થેલા, પાકીટ, પર્સ ખોળામાં રહેતાં. પૅસેજમાં ફેલાયેલ સામાન ઠેકી, ઉપરના દંડા પર લટકી લાંબી ફલંગ ભરી સીટમાં બેસવાની લગભગ સૌને ફાવટ રહેતી. આ રીતે સામાન ઠેકવામાં સામાનને પગ અડે એટલે સામાનને સ્પર્શી એ હાથ આંખે કે કપાળે અડાડી સામાનની માફી માંગવાનો રિવાજ ત્યારે પણ હતો.

લાંબા અંતરની બસ વચ્ચે ક્યાંક ઊભી રહે એટલે એકીપાણી માટે ધસારો થતો. કોક માવા ગોતતું, કોક બીડી સળગાવતું ને દિવસ હોય તો સિંગ, શેરડીનો રસ અને પાણીના ગ્લાસવાળા ફરી વળે. બસ ફરી ઊપડવાની થાય ત્યારે કંડક્ટર પૂછે કે 'કોઈ બાકી નથી રહી ગયુંને?'. એમાં કોઈ એમ કહે કે 'અહીં બાજુમાં એક ભાઈ બેઠા'તા એ દેખાતા નથી' એટલે એમની શોધખોળ થાય. પણ એ ભાઈ તો ત્યાં સુધીમાં ઘેર પહોંચીને વાળુપાણી કરતા હોય તો ક્યાંથી પાછા આવે? તો કેટલીક વાર ઊતરી જનાર બીજા કોઈનું પાકીટ લઈને ઊતરી ગયો છે એવી જાણ પણ અધરસ્તે થતી.

રેલવેની મુસાફરીમાં સ્વિચ પાડ્યા પછી કાંસકા વડે ચાલુ કરવા પડતા એવા પંખા પણ એસટી બસોમાં નહોતા. બસ શહેરની બહાર નીકળે એટલે પવન અડે એટલે સમગ્ર બસમાં હાશકારો વ્યાપી જતો. એવામાં બારી પર બેસનાર સાવ નસીબદાર જ હતા એવું પણ નહોતું. બારીવાન(દરવાનની જેમ)નું કાર્ય અંદરની તરફ બેઠેલા મુસાફરોને ફેરિયાઓ દ્વારા અપાતાં પાણી અને શેરડીના રસના ગ્લાસ 'પાસ ઑન' કરવાનું રહેતું. આ ક્રિયામાં છેક જમીન પર ઊભેલી વ્યક્તિ દ્વારા અપાતો શેરડીના રસનો જામ છલકાય, તો તે અંગે સૉરી કહેવાનો રિવાજ અંદર-બહાર એકે તરફે નહોતો. બારણામાંથી અંદર ધકેલવામાં આવેલ માસી કે કાકાનો સામાન બારીમાંથી ચઢાવવામાં આવતો. આ કાર્ય માટે મૂકવા આવનારની 'બી' ટીમ કામ કરતી. 'બી' ટીમનું મુખ્ય કામ સામાન સાથે અંદર ચઢેલ સગાનાં ફાઇનલ લૉકેશન તરફની બારી ઉપર પહોંચી બારીવાન મારફત સામાન

અંદર પહોંચાડવાનું રહેતું. આ દરમિયાન 'એ' ટીમના વડા 'બી' ટીમની મદદે પહોંચી જાય તેવું પણ બનતું. ત્યાર બાદ બસ ઊપડે ત્યાં સુધી સંબંધ પ્રમાણે 'આવજો-યાદ આપજો' ચાલતું. જનાર જાય તે પછી મૂકવા આવનારના ચહેરાના હાવભાવ અને ઉદ્ગારો નોંધપાત્ર રહેતા.

બસ શહેરની બહાર નીકળી ગઈ હોય અને સ્ટેટ હાઇવે પર સામેથી કોઈ જાણીતી બસ મળી જાય તો બે બસના ડ્રાઇવરો નજીક નજીક બસ ઊભી રાખી કૅબિનમાંથી જ એકબીજાના ખબર-અંતર પૂછી લેતા. તો કોક ડ્રાઇવરનું ગામ રસ્તામાં પડતું હોય તો તેને ટિફિન આપવા કોઈ આવ્યું હોય એના માટે બસ ઊભી રહેતી. આવા અનિર્ધારિત સ્ટૉપ પર બસ પાંચ-દસ મિનિટ ઊભી રહે છતાં ભાગ્યે જ કોઈ અકળાતું, કારણ કે એ વખતે એવી ઉતાવળ કોને હતી? અને હોય તોયે એ શું ભડાકા કરી લેવાના હતા?

એ વખતે ટાઇમપાસ માટે મોબાઇલ નહોતા એટલે બસમાં લોકો સામાજિક પ્રશ્નોની ચર્ચા કરી સમય પસાર કરતા. એમાં આજુબાજુવાળા પણ સહર્ષ જોડાઈ જતા. બસના કાચ ખખડતા હોય, ઍન્જિનનો અવાજ આવતો હોય, કે પછી આજુબાજુમાં કોઈ નથી બેઠું એમ ધારીને - વાતો કરનાર હંમેશાં મોટે મોટેથી વાતો કરતા. બે-ત્રણ કલાકની મુસાફરીમાં તમે ધારો તો કોઈ વ્યક્તિની બાયૉગ્રાફી લખી શકો એટલી માહિતી મળી જતી. જેમ કે આગળ બેઠેલા લાલ સાડીવાળાં બહેનનાં સાસુનું કલ્પનાચિત્ર આપણે ચોક્કસ બનાવી શકીએ. આજુબાજુ બેઠેલાં પણ ત્યારે વગર લેવાદેવાએ 'ના વાત હાચી છ' કરીને આસાનીથી વાતમાં જોડાઈ જતાં.

ફોર લેન અને સિક્સ લેન રસ્તાઓ એ સમયે ઓછા એટલે એકંદરે પ્રવાસ ધીમી ગતિએ થતો. છતાં ડ્રાઇવર અચાનક બ્રેક મારે કે સ્પીડમાં વળાંક પર બસ ચલાવે તો ન્યૂટનના ગતિના નિયમોથી અજાણ ઊભા રહેનારા હડસેલા ખાતા અને બે-ચાર સીટ જેટલું સ્થળાંતર મરજી વિરુદ્ધ કરી નાખતા. બસમાં ઊભેલા ઓછા હોય અને એમણે ઉપર કશું પકડ્યું ના હોય તો આ સ્થળાંતર અડધી બસ જેટલું પણ થઈ જતું. આગળની સીટની પાઇપ પર કે પછી બારીના આડા સળિયા પર માથું મૂકીને સૂતેલા સફાળા જાગીને પછી કપાળ પર કેટલું મોટું ઢીમડું થયું તે ચકાસી લેતા. આમ થાય એટલે મુસાફરો જાતજાતના ઉદ્ગારો કાઢતા, સાવ આરામથી ફેલાઈને બેઠેલા પણ!

મુસાફરોની ચોક્કસ લાક્ષણિકતાને કારણે બસની સીટોનાં લીલાં કવર ખૂબ જ મજબૂત બનાવવામાં આવતાં હતાં. એમાં કોયર-નારિયેળનાં છોડાં ભરેલાં રહેતાં. પછી તો અંદર ડનલોપ પણ આવવા લાગ્યું. અને નાના છોકરાઓ સ્લેટ લૂછવા એ ખોતરવામાં કજિયા કરવાનું ભૂલી જતા. એ વખતે ભણતર એટલું બધું પણ નહોતું છતાં સીટની પાછળના લીલા પતરા પર લખવા અને ચિત્રો દોરવાની ગુફાયુગ જેટલી જ કોશિશો થતી. વિદ્યાર્થીઓ દ્વારા કંપાસનો ઉપયોગ કાગળ કરતાં સીટ પાછળ આકૃતિઓ દોરવામાં વધારે થતો. અત્યારની જેમ તે વખતે મોબાઇલ કૅમેરા અને સોશિયલ મીડિયા ઇન્ફ્લૂઅન્સર્સ હોત તો આવા કલાકારોનો પરિચય દુનિયાને મળત.

ડ્રાઇવરોમાં યુનિફૉર્મ રહેતો પણ સીટની બાજુમાં જ આવેલા એન્જિનની ગરમીના લીધે ડ્રાઇવરભાઈ સીટ પર બેસતાંવેંત પહેલું કામ પોતાનું ખાખી શર્ટ સીટની પાછળ લટકાવવાનું કરતા. કંડક્ટરો પણ એમના શર્ટની ઉપર યુનિફૉર્મનું ખાખી શર્ટ પહેરતા જેનાં બટન ખુલ્લાં રહેતાં. અત્યારે લૅપટૉપની બૅગ જેવડી આવે છે એવડો મોટો પતરાનો ડબ્બો કંડક્ટરના એક હાથમાં રહેતો જેમાં જુદા જુદા મૂલ્યની ટિકિટના ડટ્ટા ભરાવેલા રહેતા. બીજા હાથમાં ટિકિટમાં કાણાં પાડવા માટેનું પંચ રહેતું. થૂંકવાળી આંગળી કરી ટિકિટ ફાડ્યા પછી એમાં પંચથી કાણાં પાડવાની પ્રક્રિયા અત્યંત યંત્રવત્ રહેતી, એટલે જ ભૂલેચૂકે જો કંડક્ટરને નાતની પંગતમાં પૂરીઓ પીરસવાનું સોંપો તો ચોક્કસ પૂરીઓમાં પણ એ કાણાં પાડીને પીરસે, એવું અમારું માનવું છે.

પરચૂરણનો અભાવ ત્યારે મોટી સમસ્યા હતી. એક રૂપિયો નેવું પૈસાની ટિકિટમાં દસ પૈસા બાકી લેવાના છે એ યાદ રાખવામાં અમારા જેવા કેટલાય બે કલાક બીજું કશું વિચારી નહોતા શકતા. છતાં કંડક્ટર ઊતરતી વખતે સામેથી બાકીના આપે ત્યારે માથું ખંજવાળવાનું થતું, કે 'હત્તારીની, આપણે તો ભૂલી જ ગયા'તા'. ક્યારેક પરચૂરણના અભાવે કંડક્ટર ટિકિટ પાછળ બાકીના પૈસા લખી આપે તો એ ફોતરા જેવી ટિકિટ એમાં લખેલા રૂપિયા જેટલી કિંમતની થઈ જતી. ઊતરતી વખતે બાકી રહેલા એ દસ પૈસાથી માંડીને સાડી સત્તર રૂપિયા હાથમાં આવે ત્યારે જેટલો આનંદ થતો એટલો આનંદ અત્યારે ઇન્કમટૅક્સનું પચ્ચીસ હજાર સાતસોને સાડત્રીસ રૂપિયાનું રિફંડ આવે તેનો નથી થતો.

બસમાં જો તમે આગળ બેઠા હોવ અને ડ્રાઇવરને બસ ચલાવતો જુઓ તો તમને એમ થાય કે આ ભાઈને આપેલો પગાર પૂરેપૂરો વસૂલ છે. બારણું બંધ કરવાથી માંડીને ગિયર પાડવા સુધી દરેક કાર્યમાં કઠણાઈ રહેતી. બસ ઊભી હોય તો ગિયરનો ડાંડિયો મેલેરિયા તાવના પેશન્ટ કરતાં વધારે ધ્રૂજતો. આટલા વાઇબ્રેશનમાં આઠ-દસ કલાક બસ ચલાવનાર ઘેર જઈ સ્થિર સૂઈ કઈ રીતે શકતો હશે તે અંગે કોઈ રિસર્ચ થયું નહોતું, પણ થાત તો આપણને ઘણું જાણવા મળત. ડેશબોર્ડ કહી શકાય એવું કશું બસમાં નહોતું આવતું. હોય તો એમાં મૂકેલા ડાયલમાં કાંટા ના હોય, અને જો કાંટા હોય તો એ હાલતા ના હોય. એકંદરે ડ્રાઇવરના અનુભવ પર બસ ચાલતી. બોલિવુડના અત્યારના બાદશાહની જેમ એ બસોની સ્પીડ બાંધેલી રહેતી, પરંતુ બસનો અવાજ અને ડ્રાઇવરના સ્ટિયરિંગ વાપરવાના અંદાજથી બસ અંગ્રેજી પિક્ચરોમાં ચાલતી બતાવે છે એટલી ઝડપે ચાલતી હોય એવો અનુભવ થતો. બસોમાં ચાલુ કરવા માટે સ્ટાર્ટ બટન રહેતું પણ એ સ્ટાર્ટ બટન જ હોવાથી બંધ કરવા ક્યારેક ગિયર પાડી, બ્રેક દબાવી, એક્સલરેટર છોડી, ઝટકો આપી બસ બંધ કરવાની રહેતી. આમ કરવાથી ઝટકો લાગે તેનાથી લોકો ધાર્યા કરતાં જલદી નીચે ઊતરી જતા.

એ જમાનામાં એસ.ટી.માં પ્રવાસ કરનારે સામૂહિક ધક્કા મારવાના કાર્યક્રમમાં ભાગ લેવું જરૂરી હતું. બસ ઊપડે નહીં એટલે મહિલા-બાળકો-વૃદ્ધો સિવાય ઇતર લોકો ધક્કા મારવા લાગી જતાં. બસ એક વાર ચાલુ થાય પછી ફરી બંધ ન થાય તે ડ્રાઇવરોની

હોશિયારીનો ભાગ ગણાતો. વધારે સમય બસ ઊભી રાખવાની થાય તો ઢાળ પર ઊભી રાખવા જેવી ટૅક્નિક ત્યારે ઘણી પોપ્યુલર હતી.

ગમે તેટલી તકલીફો પડતી, છતાં બસો રેગ્યુલર હતી. મલ્ટિપ્લેક્સના શૉની જેમ પૅસેન્જર ના હોય તો એ કૅન્સલ નહોતી થતી. મુસાફરો સહિષ્ણુ હતા અને ધીરજવાળા હતા. સમાજના દરેક વર્ગનો માણસ આ બસમાં મુસાફરી કરતો. મુસાફરી કષ્ટદાયક હોવા છતાં એસટી ઠેકાણે પહોંચાડતી અને બીજા દિવસે ફરી બસસ્ટૅન્ડ પર ધૂળ ખાવા લોકો આવી જતા. અત્યારે પચાસ વટાવેલ ભાગ્યે જ કોઈ વ્યક્તિ એવી હશે જેણે એસટીમાં મુસાફરી ના કરી હોય. દરેક પાસે એસ.ટી. મુસાફરીની કોઈ ને કોઈ યાદો હશે, તમારી કઈ છે? યાદ કરો.

■

રાજકોટમાં મને અનાયાસે સર્વ સંપ્રદાયો વિશે સમાન ભાવ રાખવાની તાલીમ મળી. હિંદુ ધર્મના પ્રત્યેક સંપ્રદાય પ્રત્યે આદરભાવ શીખ્યો, કેમ કે માતપિતા હવેલીએ જાય, શિવાલયમાં જાય અને રામમંદિર પણ જાય અને અમને ભાઈઓને લઈ જાય અથવા મોકલે.

વળી પિતાજી પાસે જૈન ધર્માચાર્યોમાંથી કોઈ હંમેશાં આવે. પિતાજી તેમને વહોરાવે પણ ખરા. તેઓ પિતાજી સાથે ધર્મની તેમ જ વ્યવહારની વાતો કરે. ઉપરાંત, પિતાજીને મુસલમાન અને પારસી મિત્રો હતા તે પોતપોતાના ધર્મની વાતો કરે અને પિતાજી તેમની વાતો માનપૂર્વક અને ઘણી વેળા રસપૂર્વક સાંભળે. આવા વાર્તાલાપો વખતે હું 'નર્સ' હોવાથી ઘણી વેળા હાજર હોઉં. આ બધા વાતાવરણની અસર મારા ઉપર એ પડી કે સર્વ ધર્મો પ્રત્યે મારામાં સમાનભાવ પેદા થયો.

ખ્રિસ્તી ધર્મ માત્ર અપવાદમાં હતો. તેના પ્રત્યે કંઈક અભાવ થયો. તે કાળે હાઈસ્કૂલને ખૂણે કોઈ ખ્રિસ્તી વ્યાખ્યાન આપતા. તે હિંદુ દેવતાઓની ને હિંદુ ધર્મીઓની બગદોઈ કરતા. આ મને અસહ્ય લાગ્યું. હું એકાદ જ વખત એ વ્યાખ્યાન સાંભળવા ઊભો હોઈશ, પણ બીજી વખત ત્યાં ઊભવાનું મન જ ન થયું. એ જ સમયે એક જાણીતા હિંદુ ખ્રિસ્તી થયાનું સાંભળ્યું. ગામચર્ચા એ હતી કે તેને ખ્રિસ્તી ધર્મમાં પ્રવેશ કરાવવામાં આવ્યો ત્યારે ગોમાંસ ખવડાવવામાં આવ્યું ને દારૂ પિવડાવવામાં આવ્યો. તેનો પોશાક પણ બદલાવવામાં આવ્યો, ને તે ભાઈ ખ્રિસ્તી થયા પછી કોટ, પાટલૂન ને અંગ્રેજી ટોપી પહેરતા થયા. આ વાતોમાંથી મને ત્રાસ પેદા થયો. જે ધર્મને અંગે ગોમાંસ ખાવું પડે, દારૂ પીવો પડે, ને પોતાનો પોશાક બદલવો પડે એ ધર્મ કેમ ગણાય ? આવી દલીલ મારા મને કરી. વળી જે ભાઈ ખ્રિસ્તી થયા હતા તેણે પોતાના પૂર્વજોના ધર્મની, રીતરિવાજની અને દેશની નિંદા શરૂ કર્યાનું સાંભળવામાં આવ્યું. આ બધી વાતોથી મારા મનમાં ખ્રિસ્તી ધર્મ પ્રત્યે અભાવ પેદા થયો.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# સાતમી તારીખ

રમણીક અગ્રાવત

મારા બાપાની એક મને બહુ ગમતી તસવીર સાવરકુંડલાના ગુણવંત ફોટો સ્ટુડિયોમાં લેવાયેલી છે. એ સાતમી તારીખે ગુણવંત સ્ટુડિયોમાં ત્રણ તસવીરો પડાવવામાં આવેલી. બાપાની, બાની અને મારી. (તૂટેલા ઉપલા હોઠવાળો એક છોકરો હજીયે ઘરના માળિયામાં ચઢી ગયેલી પતરાની પેટીને તળિયે પડેલી તસવીરમાં વિવેકાનંદ મુદ્રામાં ઊભો છે). હું તે સમયે સાતમા ધોરણમાં ભણતો હતો. વરસ ૧૯૬૯નું. બાપા અભરામપરા ગ્રામ પંચાયતના દવાખાનામાં નોકરી કરતા હતા. દર મહિનાની સાતમી તારીખે એમનો પગાર થતો. જે લેવા માટે તાલુકા પંચાયતની કચેરીએ સાવરકુંડલા જવાનું રહેતું. એ દિવસે તેઓ મને સાથે અચૂક લઈ જતા. એવો કશો નિયમ નહોતો પણ એમ ગોઠવાઈ જતું. બાપાની આંગળી પકડીને ફરવાનો એ દિવસ.

તે દિવસે કાર્યક્રમ કંઈક આવો રહેતો. આંબરડીથી સવારના સાત વાગ્યાની બસમાં કુંડલા જઈએ. લગભગ એકાદ કલાકનો રસ્તો બસમાં થાય. વચ્ચે વહે નાવલી નદી અને એને એક કાંઠે સાવર, બીજે કાંઠે કુંડલા ગામ. એ બન્ને સંયોજાઈને બન્યું તાલુકાનું નાનકડું શહેર સાવરકુંડલા. નાવલી નદી ચોમાસા પૂરતી વહેતિયાણ હોય. ચોમાસા પૂરતી જ હાજર થાય નાવલી નદી, બાકીના દિવસોમાં હોય તેના દયામણા અવશેષો. તેના પર ઊભું થઈ જાય ધમધમતું બજાર. એ નાવલીબજારમાં પેસો કે લોખંડનાં તગારાંઓને ટીપવાના અવાજથી તમારા કાન ભરાઈ જાય. નાવલી નદીના બસસ્ટૅન્ડ પર ઊતરીને નદીના પટમાં બંધાયેલા પાલામાં ગાંઠિયા અને ચાનો નાસ્તો કરવાથી સાવરકુંડલાના એ દિવસના શ્રીગણેશ થાય. પછી પ્રયાણ થાય જયંતિલાલ વેલજીભાઈની 'દવાની દુકાન' તરફ. દવાની દુકાન જયંતિભાઈ અને લાલજીભાઈ બે ભાઈઓ ચલાવે. જયંતિભાઈ સ્થૂળકાય. સફેદ ઓપન શર્ટ ને લેંઘો એ એમનો કાયમી પહેરવેશ. હસમુખો ચહેરો. લાલજીભાઈ ચમકદાર સફેદ ઓપન શર્ટ અને લેંઘામાં હોય. પણ એમનાં કપડાંની સફેદી જયંતિભાઈનાં કપડાંથી ચડિયાતી. સોનેરી ફ્રેમનાં ચશ્માં લટકામાં. હસું હસું ચહેરો તો જયંતિભાઈ જેવો જ. દુકાનમાં ચાર-પાંચ માણસો ઝડપી લે-મૂક કરતા હોય. એ બધા કામગરા માણસો પણ સફેદ ઑપન શર્ટ અને લેંઘામાં જ સજ્જ હોય. જાણે એ દુકાનના સૌનો એ ગણવેશ.

દુકાનનાં પગથિયાં ચઢતાં હોઈએ ત્યાં જયંતિભાઈ એમના રમૂજી લહેકામાં ગાયઃ

'આજ તો નાના બાપુ આવ્યા છે, આવ્યા છે!'

જયંતિભાઈ એક માણસને દોડાવે. મારા માટે દાસના પેંડાવાળાની દુકાનેથી ચેવડો અને પેંડા હાજર. બાપા જોઈતી દવાઓની યાદી જયંતિભાઈને આપે. કામકાજથી ભરચક દુકાનમાં એક નવું કામ શરૂ થઈ જાય. મેડિકલમાં દવાઓની યાદી આપીને બાપા અને હું તાલુકા વિકાસ અધિકારીની કચેરી તરફ નીકળીએ. બાપા પગાર લેવાનો વિધિ પતાવે ત્યાં સુધી મારે પરસાળમાં બાંકડા પર બેસવાનું. બધું જોયા કરું. મનનાં કોઈ ખૂણે એ બધું નોંધાતું હોય એવી કશી તમા નહીં. બસ રસથી બધું જોવાય! પગાર લેવાનું કામ પૂરું થયે વળી જયંતિભાઈની દુકાને. મને ત્યાં બેસાડી બાપા નદીના પટમાં શાકભાજીવાળાઓ પાસેથી થેલાઓ ભરીને ખરીદી કરી આવે. શાકભાજી સાથે ઋતુમાં મળતાં ફળો અચૂક હોય. દરમિયાન મારા માટે વળી કંઈક ખાવાપીવાનું આવી જાય. બપોરનું ભોજન સ્વામીનારાયણ ભોજનાલયમાં કરીએ. ભોજનાલય ખાવાપીવાના પદાર્થોની સુગંધથી તરબતર હોય. ભોજનાલયનો કપાળમાં લાલચટક ટીલાવાળો માલિક નાકમાંથી બોલે એ સાંભળવાની મને બહુ મજા આવે. સરસ મજાનું ખાવાનું પૂરું થાય ત્યાં લગીમાં જાતજાતનું જોવા/સાંભળવાનું મળે. રેસ્ટોરન્ટની ચહલપહલ માણવાનો આનંદ આવે. પછી બજારમાં નાનીમોટી ખરીદીનું કામ શરૂ થાય. મને જાડો ડ્રૉઇંગ પેપર અને રંગરંગીન પેન્સિલો મળે. ક્યારેક સ્કૅચબુક ને લલચામણા જળરંગો પણ મળે. એ મળે ને એમ થાય કે ક્યારે ઘેર જાઉં અને કશુંક ચિતરામણ માંડું. સોયદોરાથી માંડી જાતજાતની ચીજવસ્તુઓ બાપા ખરીદે. સૌને માટે કંઈ ને કંઈ હોય. ઘેર જવા માટે સાંજની પાંચ વાગ્યાની બસ પકડવાની હોય એટલે ચાર – સવા ચાર સુધીમાં આ બધી ખરીદી પતાવીને બસસ્ટૅન્ડ પર પહોંચવાનું હોય. મજાનો આખો દિવસ વિતાવીને વળતી બસમાં વહેતી બારી પાસે બેઠો બેઠો હું દેખાતાં અને ન દેખાતાં અવનવાં દશ્યો જોયાં જ કરું. જે પછી મને સપનામાં પણ દેખાવાનાં જ હોય!

■

છેક સાત વર્ષથી માંડીને હવે સોળ વર્ષનો થયો ત્યાં સુધી અભ્યાસ કર્યો, પણ કયાંયે ધર્મનું શિક્ષણ નિશાળમાં ન પામ્યો. શિક્ષકો પાસેથી સહેજે મળવું જોઈએ તે ન મળ્યું એમ કહેવાય. એમ છતાં વાતાવરણમાંથી કંઈક ને કંઈક તો મળ્યા જ કર્યું. અહીં ધર્મનો ઉદાર અર્થ કરવો જોઈએ. ધર્મ એટલે આત્મભાન, આત્મજ્ઞાન.

મારો જન્મ વૈષ્ણવ સંપ્રદાયમાં, એટલે હવેલીમાં જવાનું વખતોવખત બને. પણ તેને વિશે શ્રદ્ધા ઉત્પન્ન ન થઈ. હવેલીનો વૈભવ મને ન ગમ્યો. હવેલીમાં ચાલતી અનીતિની વાતો સાંભળતો તેથી તેને વિશે મન ઉદાસ થઈ ગયું. ત્યાંથી મને કંઈ જ ન મળ્યું.

પણ જે હવેલીમાંથી ન મળ્યું તે મારી દાઈ પાસેથી મળ્યું. તે કુટુંબની જૂની નોકર હતી. તેનો પ્રેમ મને આજે પણ યાદ છે. હું આગળ જણાવી ગયો છું કે હું ભૂતપ્રેત આદિથી ડરતો. તેનું ઔષધ રામનામ છે એમ રંભાએ સમજાવ્યું. મને તો રામનામના કરતાં રંભા ઉપર વધારે શ્રદ્ધા હતી, તેથી મેં બાળવયે ભૂતપ્રેતાદિના ભયથી બચવા રામનામનો જાપ શરૂ કર્યો. તે બહુ સમય ન ટક્યો. પણ જે બીજ બચપણમાં રોપાયું તે બળી ન ગયું. રામનામ આજે મારે સારુ અમોઘ શક્તિ છે, તેનું કારણ હું રંભાબાઈએ રોપેલું બીજ ગણું છું.

**– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# પહાડ મારું પિયર

મનસુખ સલ્લા

બધાંને પર્વતનું ઘેલું હોય કે નહિ, મને તો છે. સંભવ છે કે અમારા ગામમાં પહાડ નહોતા, બધું સરસ પણ સપાટ હતું એટલે મને પહાડની માયા હોય. અભાવનું ખેંચાણ વધુ હોય. લગભગ ચૌદમે વર્ષે મારા નાનાજીનાં અસ્થિ દામો કુંડમાં પધરાવવા જૂનાગઢ ગયો ત્યારે ગિરનાર ચડ્યો હતો. જેના ગામ પાસે નાની ટેકરીઓ પણ નહોતી એ કિશોર ગિરનાર ચડે ત્યારે એની નજરે સઘળું બદલાઈ જાય. અનેક વાનગીઓવાળા ખંડમાં પ્રવેશતાં એક કિશોરને શું ખાવું ને શું ન ખાવું એની મૂંઝવણ થાય એવી મારી હાલત થઈ હતી. મને તો બધું જ ગમતું હતું.

પર્વતની ટોચથી ધરતી સુધી ફેલાયેલી લીલોતરી જોઈને એમાં ઓગળતો જતો હતો. વાદળાં હું ઉપર હતો ત્યાંથી નીચાં હતાં એ જોઈને જાદુઈ શેતરંજ યાદ આવી હતી. એક એક ટૂક ચડતાં લાગતું કે મંદિરને છુપાવી રાખીને એના શિખરનું જ દર્શન કરાવવું હતું. પાછું ફરીને જોતાં પગથિયાંઓ અચલ સૂતેલા અજગર જેવાં લાગતાં હતાં. મંદિરની ધજા જાણે જુદી જ રીતે ફરકતી લાગતી હતી. ધરતી પરના મંદિરની ધજા ફરકે ખરી, પણ પ્રૌઢ નારીની જેમ સંયમપૂર્વક. પર્વત ઉપરના મંદિરની ધજા જાણે ઊડી જતા કબૂતરની પાંખ જેવી લાગે. દૂરનાં ધરતી પરનાં વૃક્ષો ગમે તેટલાં મોટાં હોય પણ પર્વત ઉપરથી તો ટબૂકડાં જ લાગે. નદી ગમે તેટલી પહોળી હોય, પણ રૂપાની સેર જેવી લાગતી હતી. ઘરો તો જાણે ઢબૂકડાં ગોઠવ્યાં હોય એવાં લાગતાં હતાં. માંડ વેંત જેવડાં.

આટલી વિપુલતા, આવી અવનવીનતા, આવું સોહામણું દૃશ્ય પહેલી વાર જોઈને લાગ્યું હતું કે દૃશ્ય ભલેને એનું એ હોય, પરંતુ પર્વતશિખરેથી જોતાં ધરમૂળથી બદલાઈ જાય છે. એની અનુભૂતિ રોમાંચક હોય છે. આ અનુભવ મારા માટે અપૂર્વ હતો. એટલે હૈયાની દાબડીમાં અક્ષય રૂપે સચવાયો છે. આજે માત્ર ૩-૪ માળનાં પગથિયાં ચડતાં જરાક વિરામ લેવો પડે છે, થાક અનુભવાય છે, પરંતુ એ ક્ષણે ગિરનારની દત્તાત્રેયની ટૂક સુધી ચડતાં ઉત્સાહ અને આનંદ જ અનુભવ્યો હતો.

પહાડ ઉત્તુંગ હોય કે ટેકરી જેવડો નાનકડો હોય, પણ એનાં લક્ષણો આગવાં હોય. કારણ કે પહાડ ધરતી પર હોવા છતાં વધુ તો આકાશમાં હોય છે. દૂરથી એવું લાગે કે ટોચ રૂપે પહાડ હાથ લંબાવીને આકાશને અડકવું હોય તેમ ઉદ્‌ગ્રીવ હોય છે. વાદળ પહાડને અડીને ગલીપચી કરતાં હોય ત્યારે પહાડને હૈયે કયો ભાવ જાગતો હશે એની વિવિધ

કલ્પના કરવાનું જરૂર ગમે. તળેટીમાંથી જોતાં પર્વતશિખરો જાણે આકાશમાં ચીટકાડી દીધાં હોય એવાં લાગે. એટલે એવો ભાવ દૃઢ થયો છે કે જે ગામ પાસે પહાડ હોય એ જરૂર સદ્ભાગી ગણાય, કારણ કે એના ખોળામાં જન્મેલાં અને ઝૂલેલાંઓને કાયમ આરોગ્યનું આશ્વાસન આપતા રહે છે.

ટેકરી તો એની એ હોય છે, પરંતુ મોસમ અને પ્રહર મુજબ એનું રૂપ બદલાતું રહે છે. ઉનાળામાં શુષ્કતા પુરબહારમાં હોય, ઘાસ સુકાઈને પીળચટ્ટું બની ગયું હોય, ઉઘાડા પડી ગયેલા પથ્થરો નિમાણા થઈ ગયા હોય, ઉઘાડી ટેકરીઓ પર આક્રમણ કર્યું હોય એમ તાપ અકળાવી મૂકે એમ બધું બાળતું હોય ત્યારે ટેકરીઓની દયા આવી જાય. એને ઢાંકવા જેવડું વિશાળ આવરણ તો ક્યાંથી લાવવું? પરંતુ એ જ ટેકરીઓ ઉપર વર્ષા મનમૂકીને વરસે પછી કુબ્જામાંથી રમણી બની ગઈ હતી તેમ ટેકરીઓ લાવણ્યવતી બની જાય. કૃષ્ણના સ્પર્શે કુબ્જા સર્વાંગ સુંદર બની ગઈ હતી એમ વર્ષાના મધુર સ્પર્શે ટેકરીઓ નવાં રૂપરંગ ધરે. આખી સૃષ્ટિની શુષ્કતા વિદારવી હોય એમ લીલોતરી મદહોશ બનીને વ્યાપી વળે. પથ્થરોની જડતા ઢંકાઈ જાય. દાદાની દાઢી પસવારતાં બાળકો જેવું ઘાસ સહુને મોહકતા પ્રદાન કરે.

પર્વતોનો જન્મ કેવી રીતે થયો એની શોધ ભૂસ્તરશાસ્ત્રીઓ ભલે કર્યા કરે આપણને તો એનાં આકાશ આંબતાં શિખરો જ વધુ આકર્ષે. ક્યાંક વળી નાની દદૂડી વહેતી થાય. થોડો વખત વહેતી રહે, પરંતુ ક્યાંક તો નદી રૂપે પ્રવાહ વહેતો જ રહે. તો વર્ષાજલને પહાડોએ નિરાંતે પીધું હશેને? પહાડ અને નદીને બધા કવિઓએ પિતા-પુત્રી સ્વરૂપે જ આલેખ્યાં છે એ અમસ્તું નથી બન્યું. સંબંધ જોડ્યા વિના માણસને ચેન નથી પડતું. ત્યાં સજીવ-નિર્જીવની વાડ આડી આવતી નથી. એટલે કેવળ નદીને જ નહીં, મને પણ પહાડ પિયર જેવા લાગે છે. માણસ ગમે તેટલો અરસિક હોય, પણ તક મળે ત્યારે પરિવાર સાથે કે એકલો પહાડ પર પહોંચી જાય છે. એનું આકર્ષણ દુર્નિવાર હોય છે. ધરતીથી ભલે થોડી વાર પણ ઊંચે તો ચડ્યા! પરંતુ જો તમે પહાડને ચાહતા હો તો તો સંબંધ જ બદલાઈ જાય. પછી એ કેવળ પથ્થર ન રહે, સ્વજન જેવો પોતીકો લાગે. એમાંય ચાંદની રાતે દુનિયાદારીની જંજાળ છોડીને એકલા જ ટેકરીને મથાળે, બધાં અંગાંગોનો સ્પર્શ થાય એમ શરીરને ટેકરીને હવાલે કરી દીધું હોય ત્યારે ટેકરી જ નહિ, સમગ્ર પ્રકૃતિ અપૂર્વ બની જાય છે.

પવન, ચંદ્ર, શીતળતા, ક્યાંક દૂરથી આવી જતો પક્ષીનો એકાદ ટહુકો, ગામનાં ઘરોમાંથી ટમટમતા દીવાઓમાંથી સરકીને બહાર આવતો પ્રકાશ – બધાં જ જાણે આપણે માટે જ જન્મ્યાં હોય એમ નૂતન રૂપ ધારણ કરી લે છે. પવન રમતિયાળ બાળકની જેમ ટપલીદાવ રમતો હોય એમ ઘડીઘડી અડી લેતો હોય છે. ચંદ્ર આખી સૃષ્ટિમાં કેવળ આપણને જોતો હોય એમ સ્થિર થઈ ગયેલો લાગે છે. ચંદ્રની શીતળતા અંગાંગને નૂતન ઊર્જા અર્પતી હોય છે. એ સ્પર્શ અનેક ભાવોને સંચારિત કરે છે. એ અનુભૂતિનું યથાર્થ બયાન કેમ કરવું એની મૂંઝવણ થાય. દૂરથી આવતા અસ્પષ્ટ અવાજો ધરતીમાંથી મોં બહાર કાઢતી કૂંપળ જેવા મંદ-મધુર હોય છે. નિસ્તબ્ધતા વ્યાપેલી હોય એની વચ્ચેથી

એકાદ પક્ષી ઊડતાં ઊડતાં ટહુકો મૂકી જાય ત્યારે લાગે કે કોઈક આપણી કાળજી લઈ રહ્યું છે. દૂરથી દેખાતાં ઘરો છાયાચિત્ર જેવાં ભાસે. અને કશાય કારણ વિના આપણે અજાગૃતપણે ગમતાં ગીતની કડી ગાઈ ઊઠીએ. ગાવા માટે કંઠ ઉત્સુક બની જાય. એ તો નિજનું ગાણું. એને પ્રશંસાના બોલથી મેલું કરવાની જરૂર નહિ. પોતાની અંદર જ જાગતા અને શમતા સૂરો આપણને આગવા ભાવલોકમાં લઈ જાય. ત્યારે અહેસાસ થાય કે ટેકરીઓ મંદસૂરે સાથ આપી રહી છે.

મને અનેક વાર પ્રશ્ન થયો છે કે સદીઓથી એક સ્થાને ઊભેલા પહાડોને એમ નહિ થતું હોય કે ચાલને કોઈ દૂરના પહાડને જઈને મળું! જરાક એની સાથે ગપસપ કરું. આપણને એમ થાય કે કુદરતે પહાડોને સ્થિરતા આપી પણ ગતિ ઝૂંટવી લીધી. પરંતુ પહાડોએ એનો રસ્તો શોધી કાઢ્યો છે. તેની ઉપરનાં કેડ સમાણાં ઘાસને તે દૂત બનાવે છે. પવન એનું ગોરપદું કરે છે અને બે પહાડો વચ્ચેનું અંતર ઓગળી જાય છે. એકલતા તૂટી જાય છે અને મૌન ગોઠડી શરૂ થઈ જાય છે.

ચંદ્રપ્રકાશમાં તેમ અંધારઘેરી રાતે ટેકરીઓનું સૌંદર્ય અદ્‌ભુત હોય છે. જાણે ખુદ અંધકાર જુદા જુદા આકારો ધારણ કરીને ઊભો રહી ગયો હોય એવી ટેકરીઓ નમણી લાગે છે. અંધકાર ભલે ગમે તેટલો વ્યાપી વળે, પરંતુ એ ટેકરીઓને સંપૂર્ણ અદશ્ય ન કરી શકે. ત્યારે ટેકરીઓ ઘૂંઘટમાં ઢંકાયેલી નવવધૂ જેવી લજ્જાશીલ પણ મોહક લાગે.

ભંડારિયા ગામ પાસે ટેકરીઓમાં માળનાથ મહાદેવનું મંદિર છે. લોકો મહાદેવથી મોહાય, હું એની ટેકરીઓથી મોહાયો. દસ-બાર કિલોમીટરમાં આ ટેકરીઓ પરસ્પરનાં આંગળાં ભીડીને ઊભી હોય તેમ ઊભી છે. અસાધારણ ઊંચી નથી, પણ તેનું મનોરમપણું તેના ઊંચાનીચા ઢાળોમાં છે. ઘાસને કારણે લોકો તેને બીડ તરીકે પણ ઓળખે છે. મહાદેવનું મંદિર સાધારણ. શિવજી વૈરાગી જેવા. કશાય ભભક વિનાનું સાદું. પરંતુ તેની મોહિની પહાડોની વચ્ચે વસે છે તેમાં છે. મન મૂકીને વર્ષાનો અભિષેક થયા પછી આખો પ્રદેશ ઘાસથી ઊભરાઈ ઊઠે. અડાબીડ ઘાસ. એ કેડ સમાણું થાય અને પવનસ્પર્શે રોમાંચિત થાય ત્યારે લીલપનો સાગર હેલારા લેતો હોય એવું લાગે. એક ટેકરી પરથી પવન દોટ મૂકે અને ઘાસને પણ દોડાવે, તે સામી ટેકરી સુધી. ટેકરી અને ઘાસ જાણે સંતાકૂકડી ન રમતાં હોય! ઘાસ અને પવન સ્વચ્છંદે વિચરતાં હોય. આ લહેરિયાંની વચ્ચે સૂર્યપ્રકાશ પોતાનો રંગ બદલતો રહે. પવન, પ્રકાશ અને ઘાસે ટેકરીઓને શણગારવાનું ઉત્તરદાયિત્વ લીધું હોય એમ વળીવળીને નવાં રૂપો સર્જે. ટેકરીઓ પણ જુદા જુદા આકારની. ચીકુડીની ડાળીઓ માળ પર માળ રચે એમ ટેકરીઓના નાનામોટા ઘાટ હોય.

માળનાથના ડુંગરા મોડી રાત સુધી જાગતા રહે. ગાય, ભેંશ, વાછરડાં-પાડરું બેસીને નિરાંતે વાગોળતાં હોય. માલિક ખાઈ-પીને કંઠ છૂટો મૂકે. સામે શ્રોતા કોણ છે એ અંગે બેપરવા હોય. ગાવાનો જ આનંદ. દુહાની પહોંચ એટલી હોય કે સામેની ટેકરી પર બેઠેલા સાંભળે. તે જવાબમાં સામે દુહો ગાય. પોરહ ચડે તો વચ્ચે 'ભાઈભાઈ'નો હોંકારો પણ આપે. એ વેળાએ ટેકરીઓ સામસામે દુહા બોલતી હોય એવું અનુભવાય. દુહાગીર તો ખાસા દૂર દૂર હોય. રાતનો પ્રહર હોય, એકબીજા દેખાય નહિ. પણ અવાજ રૂપે હાજરી

પરખાય. ચાંદની હોય પણ વાદળાં ઘટ્ટ થઈ જાય તો ચાંદનીના સાળુનો રંગ બદલાઈ જાય એટલે ટેકરીઓનું રૂપ પણ બદલાઈ જાય. મોડી રાતે બધું શાંત-નીરવ બને. આપણને આભાસ થાય કે આપણે સ્વપ્નલોકમાં વિહરીએ છીએ.

ટેકરીઓ પણ ઝોકું ખાઈ લે. ત્યારે બે તત્ત્વોની આંખમાં નિદ્રાની ગેરહાજરી હોય - ઘાસ અને પવનની. તેઓ તરવરાટભર્યા શિશુની જેમ આમથી તેમ દોડતાં રહે. એને જોનાર કોઈ માણસ ભલે ન હોય; આકાશના તારાઓ આ ક્રીડાને માણ્યા કરે. રાત આટલી સુંદર અને મનોરમ હોઈ શકે એ તો ટેકરીઓના અંકમાં જઈએ ત્યારે જ અનુભવાય.

એ સાચું કે ટેકરી, પહાડ અને પર્વત એની ઊંચાઈને કારણે ભિન્ન ભિન્ન નામ ધારણ કરે છે, પરંતુ ત્રણેના ગુણધર્મો લગભગ સરખા. એની નિકટ જનાર ધરતી પરથી ઊંચકાયાનો અનુભવ અવશ્ય કરે. એના સ્વરૂપનું વૈવિધ્ય દરેકને આગવી ઓળખ આપે. પણ આપણે તો ધરતીથી ઉપર ઊંચે ઊઠ્યા એનો આનંદ જ આપણને વશીભૂત કરી દે. એટલે પર્વત પર જતાં મને પિયરમાં પ્રવેશ્યો હોઉં એવી નિકટતા, સહજતા અને હૂંફનો અનુભવ થયો છે. મનુષ્યઅવતારે આમ વિસ્તરવું એ ઓછી ધન્યતા નથી.

■

પણ જે વસ્તુએ મારા મન ઉપર ઊંડી છાપ પાડી તે તો રામાયણનું પારાયણ હતી. પિતાશ્રીની માંદગીનો કેટલોક સમય પોરબંદરમાં ગયેલો. અહીં તેઓ રામજીના મંદિરમાં રોજ રાત્રે રામાયણ સાંભળતા. સંભળાવનાર રામચંદ્રજીના એક પરમ ભક્ત, બીલેશ્વરના લાધા મહારાજ કરીને હતા. તેમને વિશે એક કહેવાતું કે, તેમને કોઢ નીકળ્યો હતો તેની દવા કરવાને બદલે તેમણે બીલેશ્વરનાં બીલીપત્ર જે મહાદેવ ઉપરથી ઊતરતાં તે કોઢિયેલ ભાગ ઉપર બાંધ્યાં ને કેવળ રામનામનો જાપ આદર્યો. અંતે તેમનો કોઢ જડમૂળથી નાશ પામ્યો. આ વાત ખરી હો કે ન હો, અમે સાંભળનારાઓએ ખરી માની. એટલું પણ ખરું કે લાધા મહારાજે જ્યારે કથાનો આરંભ કર્યો ત્યારે તેમનું શરીર તદ્દન નીરોગી હતું. લાધા મહારાજે જ્યારે કંઠ મીઠો હતો. તેઓ દોહાચોપાઈ ગાતા ને અર્થ સમજાવતા. પોતે તેના રસમાં લીન થઈ જતા અને શ્રોતાજનને લીન કરી મૂકતા. મારી ઉંમર આ સમયે તેર વર્ષની હશે, પણ મને તેમના વાચનમાં ખૂબ રસ આવતો એ યાદ છે. આ રામાયણ–શ્રવણ મારા રામાયણ પરના અત્યંત પ્રેમનો પાયો છે. આજે હું તુલસીદાસના રામાયણને ભક્તિમાર્ગનો સર્વોત્તમ ગ્રંથ ગણું છું.

થોડા માસ પછી અમે રાજકોટમાં આવ્યા. ત્યાં આવું વાચન નહોતું. એકાદશીને દિવસે ભાગવત વંચાય ખરું. તેમાં કોઈ વેળા હું બેસતો, પણ ભટજી રસ ઉત્પન્ન નહોતા કરી શક્યા. આજે હું જોઈ શકું છું કે ભાગવત એવો ગ્રંથ છે કે જે વાંચીને ધર્મરસ ઉત્પન્ન કરી શકાય. મેં તો તે ગુજરાતીમાં અતિ રસથી વાંચ્યો છે. પણ મારા એકવીસ દિવસના ઉપવાસમાં ભારતભૂષણ પંડિત મદનમોહન માલવિયાજીને શુભ મુખેથી મૂળ સંસ્કૃતના કેટલાક ભાગો સાંભળ્યા ત્યારે એમ થયું કે બચપણમાં તેમના જેવા ભગવદભકતને મોઢેથી સાંભળત તો તેના ઉપર પણ મારી ગાઢ પ્રીતિ બચપણમાં જ જામત. તે વયમાં પડેલા શુભ-અશુભ સંસ્કારો બહુ ઊંડાં મૂળ ઘાલે છે એમ હું ખૂબ અનુભવું છું, અને તેથી કેટલાક ઉત્તમ ગ્રંથો સાંભળવાનું મને તે વયે ન મળ્યું એ સાલે છે.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

## નિબંધ

# ખીહર

સ્નેહલ ત્રિવેદી

'એ..લા.. એય...લૂંટી લ્યે... લૂંટી લ્યે... આયવો.. આયવો... આણીપા લંગર નાંખ્ય, ખેહી લ્યે, ગાળિયો નાંખ્ય. ટીસ્કી માર્ય ટીસ્કી, થીરીયો કર થીરીયો.' આવો જાત જાતનો ગોકીરો હજી ખીહરને પંદર દિવસની વાર હોય ત્યારથી કાને અથડાવા મંડે. શેરીમાં બાવળના ઝવડા ને દોરામાં પથ્થર બાંધેલા લંગરિયા લઈ લઈને ટીંડોરિયા (છોકરા) મંડે હડિયાપટ્ટી કરવા. આ ટીંડોર પાલટીને જોઈને તો એમ જ લાગે કે હમણાં કોઈકનું આવી જ બનશે. એક-બે તો અંગૂઠાને આંગળીની હાથની આંટી મારીને તૈયાર જ હોય દોરી વીટવા. આ દિવસે સૂર્ય ધનુ રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ કરે એટલે એ દિવસને ઘણા મકરસંક્રાંતિ તરીકે પણ ઓળખે તો ઘણા લોકો એને ઉત્તરાયણ તરીકે ઓળખે પણ અમારા ગામડાગામમાં તો એ ખીહર તરીકે જ ઓળખાય અને ઊજવાય પણ એમ જ. ગામડામાં પાકા ધાબાવાળાં મકાનો તો હવે થયાં, બાકી પહેલાં તો દેશી નળિયાંવાળાં, મેડાવાળાં ઊંચાં ઊંચાં મકાનો હતાં. એ મકાનમાં ઠેઠ ઉપર બરણી, કમંડળ, ડો'લને આવું ખીલિયું મારીને લટકાવેલું રહેતું. પાટિયાની એક અભેરાઈ (કાંધી) ઉપર તો થાળી(ખુમસા), વાટકા અને ગલાસ લોટા તો નિશાળે બેઠા હોય એમ હરોળમાં ગોઠવાયેલા બેઠા હોય. દોઢિયા ઓવડા ને એમાં ને એમાં પાણિયારું ને નાવણિયું (ચોકડી) પણ. એક દૂરદર્શનનું ઍન્ટેના હલાવવામાં ને એક ખીહર ઉપર નળિયાનો કચ્ચરઘાણ બોલતો. પાછું એ નળિયુંય જવા ન દેતા. અવેડે કપડાં ધોવા જઈએ ત્યારે મેલ ઉખેડવામાં એનેય કામમાં લેવાતું. શરીરમાંથી જેમ જેમ મેલ ઊખડતો જાય એમ એમ નળિયું ઊજળું થતું જતું. બાયું હાથેપગે નળિયું ઘસતી જાય ને અલકમલકની પંચાત કરતીયું જાય. વળી કો'ક વાતમાં દમ હોય તો પાછું નળિયું ઘડીક થંભી પણ જાય. દર વખતે ખીહર આવે ને દસબાર નળિયાનો ભૂકો બોલાવે. નળિયા પર ચડીએ એટલે બા બહબહાટી બોલાવે : 'સોમાહે સૂવા પડશે, તમારા હગા હેઠા ઊતરો. આવા તે કાંઈ ભાળ્યા છે માસડે ચડીને પતંગુ ચગાવવાવાળા. જાવ આમ ગંજીવાડા ભેગીના થાવ ને ન્યા સગ્વો તમારી પતંગુ.' ત્યારે તો પાવલીની પતંગ આવતી પણ એ સમયે તો પાવલી મળવીયે કઠણ હતી. ખીહરને દિવસે બધાં ભાંડવડાંને બબ્બે પતંગ મળતી પણ એ પહેલાં તો બા ઝબલાને બંને નાકાએ દોરી બાંધીને પતંગ બનાવી આપતાં. ને પછી તો હેય ને શેરીમાં આ નાકેથી ઓલા નાકે સીધી દોટ મૂકતા ને અમારી સાથે પતંગનેય ધોડિયું કરતા. ખીહરને દિવસે તો આકાશે જાણે મેઘધનુષી રંગોને સજ્યા હોય એવું રંગબેરંગી શોભતું.

મોટાદાદા ગામોટુ કરતા એટલે ખીહરને દિવસે ગામમાં યજમાનના ઘરે ખીચડો લેવા જતા. ક્યારેક ક્યારેક અમેય સાથે જતા. ઘઉં, બાજરો, જા'ર, તલ, માંડવી જે જે ધાન વાડીમાં પાક્યું હોય એ યથાશક્તિ આપતા. પણ એમાં અમને ખાસ કાંઈ રસ ન પડતો. અમે તો ચોરાની બાજુમાં જે ખડકી હતી, એમાંથી એક ડોશીમા જે લાડુડી આપતાં એ લાડુડી માટે જ જતા. અમને તો એમાં જ રસ હોય એટલે તો દાદા સાથે અમે ધક્કો ખાધો હોય. ડોશીમા જે તલની લાડુડી આપતાં એ લાડુડી કરતાં તો એની અંદર અદશ્ય રીતે સંતાયેલી પાવલી વધારે ગમતી. ડોશીમા દાદાને લાડુડી આપતાં ત્યારે એ વાત અચૂક કહેતાં : 'દાદા આમાં ફદિયા નાખ્યા છે. નસીબદારને નીકળશે.' પછી તો અડધું ગામ લેવાનું બાકી હોય પણ અમારે જલદી નસીબદાર થવું હોય. ગમે તે બહાનું કરી નળમાંથી સીધા ઘરે ઊપડીએ. આજે પણ ચોરા બાજુ નીકળું ત્યારે મનોમન એ ડોશીમાની ખડકીમાં પ્રવેશી જાઉં છું. પણ પછી થોડી જ વારમાં મનને મનાવી પાછું વાળી બીજે પોરવું છું. કેમ કે હવે એ ખડકીમાં નથી રહી પાવલી કે નથી રહ્યાં પાવલીનાં દેનાર પેલાં ડોશી ઉજીમા.

ઘરે પણ બાએ તલના, મમરાના, દાળિયાના લાડવા બનાવ્યા હોય. તલસાંકળી બનાવી હોય, શેરડીનો ભારો લીધો હોય, દાદાએ સૂડીથી શેરડીનાં માદળિયાં કરી આપ્યાં હોય. આ બધું લઈને અમારી સવારી ગંજીવાડે પહોંચતી. પતંગ ચગાવવા કરતાં પતંગ લૂંટવાની ભારે મજા આવતી. બધા પોતપોતાની ફીરકીરૂપી હથિયારનું જોર બતાવે. 'મેં તો ફલાણે ઠેકાણે પીવરાવી છે.' તો કોક વળી 'મારે તો શુરૈતથી માંઝો પાયને આવી છે.' તો વળી કોક એમ કહે, 'મેં તો ઘરે પાય છે કાચ ને સાબુદાણા નાખીને.' આવા બધા પડારા પછી મૂળ રમત શરૂ થાય પતંગ ચડાવવાની. એક જણ પતંગની ફીરકી પકડે ને એક જણ ચગયો દેવા જાય. ચગયો દેય ને ચડી જાય તો ભાગ્ય બાકી પાછું નીચે પડે એટલે પતંગનિષ્ણાતો આવે. બે હાથથી પતંગ પકડીને માથામાં ઘસે પછી કહે. 'આ નમેં છે આને નમણ બાંધવી પડશે.' પાછી નમણ ગોતવાની હોળી. ક્યાંકથી આડાઅવળું કરીને નમણ ગોતીને બાંધી, પાછી ઉડાડીએ ને ફરી પાછી નીચે પડે એટલે બીજો હાજર થાય. 'પૂછડું બાંધવું પડશે.' પાછા ક્યાંકથી લીરો ગોતીને પૂછડું બાંધીએ, તોય પાછી ઈની ઈ જ રામાયણ. ઘડીક પવનના આવવાની રાહ જોઈને પતંગને હાથમાં પકડીને ઊભા રહીએ. જેવો પવનનો સુસવાટો આવે કે તરત પતંગને વહેતો કરીએ. પતંગ ચડે તો ભલે, નહિ તો ધોડિયું કરવાનો છેલ્લે એક જ રસ્તો વધતો. એક તો માંડ બે પતંગ નસીબ થયા હોય ને એમાંય પાછા ચગે નહીં એટલે દૂબળે બે ભાદરવા જેવી હાલત થાય.

મોટાં બા દોઢ ગાવ પગપાળા હાલીને ફઈબાને ઘેર ખીચડો દેવા જતાં. સાથે અમે પણ જતા, વળતાં ચણિયા બોરની બોરડીએ તૂટી પડતા. બોરડીને આખી ઝંઝેરીને જૂડી નાખતા. એકેય લાલ પીળો તો શું લીલું બોરેય ન વધવા દેતા. ત્યારે બા બોવ ખિજાતાં, 'આ કુદરત કાંઈ તમારી હુવાંગ નથી. આમાં બધાં પશુ-પંખીડાંનો ભાગ હોય, થોડું વધવા દેજો બીજા હાટુ.'

ખીહર પૂરી થાય કે બાયુંને ગોદડાં સીવવાના દોરા ભેગા થઈ રહે. શારદામા તો ગોદડામાં કલરે કલરના કાપડના કટકામાં કલરે કલરના દોરાના ફાટિયા ચીરીને એક

અલગ ભાત જ પાડતાં. બાયું અવેડે કપડાં ધોવા જાતીયું હોય ને રસ્તામાં ક્યાંય દોરાનું ધૂસળું જોવે કે તરત તગારું નીચે મૂકીને કોઈનીએ લાજશરમ વગર ઉપાડી લેતી.

ખીહરને દિવસે વહેલી સવારે આજુબાજુના ઘરે ગાયને ઘૂઘરી ખવડાવવા જઈએ ને એમાંથી થોડીક બાને ખબર વગર અમારા માટે સંઘરી લઈ. બાને ખબર પડે તો બા ખિજાય. 'મુઆવ ઢોરમાંથીએ ભાગ પડાવો છો?' ગામમાંથી બપોર પછી ઘરે બાવાજીની, દેવીપૂજકની બાયું, ઢોલી, અને બીજા ઘણા અમારા ઘરે ખીચડો લેવા આવતા. ડેલીના ખાનામાં એક તગારું ભરીને અનાજ રાખ્યું હોય ને એક શેરડીનો ભારો હોય એમાંથી બેપાંચ રાડા સૌને અનાજ ભેગા આપવાના હોય. જેવું ડેલીએ કોઈ બોલે કે, 'એ... ખીહરનો ખીસડો આ...પ....જો..' કે તરત દોડીને છાલિયું ભરીને દાણા દઈ આવતા. હવારે દાદા સાથે લેવા જતા ત્યારે અને આ બધા ઘરે લેવા આવે એ બંનેમાં મને ઘણી વાર લેવા કરતાં દેવાની મજા જુદી લાગતી.

ખીહરને આગલે દિવસે બા સાંબેલું લઈને ઢાળિયાના ખાંડણિયામાં સાત ધાનનો ખીચડો ખાંડે. ખીચડો ખાંડતાં જાય ને લાંબા ઢાળે ગીત ગાતાં જાય : 'ખીસડો ખંડાવો રે; હાથ નો અડાડે ઈ હાથીડો ને એનો બાપ કાકીડો.' એટલે શેરીની બાયું જલદી જલદી મંડે સાંબેલાં પકડવા. અમે પણ ખાંડણિયા ફરતા બેસતા. ખાંડણિયો ઊભરાય એટલે હાથથી ભેગું કરીને ખાણિયામાં નાખતા. પછી બા બધી બાયુંને છાલિયું છાલિયું ખીચડો આપે. ખીહરને દિવસે રા'તે વાળુમાં સૌના ઘરે કઢી અને સાત ધાનનો ખીચડો બનતો. સાત ધાનમાં બા જુવાર, બાજરો, ચોળા, વાલ, ચણા, મગ, અને ચોખા લેતાં. ખીહરના બેત્રણ દિવસ અગાઉ આ બધાં ધાનને ઝાંકળીયા કરતાં. કઢી ખીચડાની જમાવટ કર્યા પછી રા'તે ફરી વાર નળિયા પર ચડીએ. બાના ભાઈ શહેરમાં રહેતા એટલે એ કોઈ વાર ખીહરમાં ટુક્કલ મોકલતા. આ ટુક્કલને જોવા તો અમારા ઘરની આજુબાજુ માણસોનાં ટોળેટોળાં ભેગાં થયાં હોય. તો કોઈ વળી કાગળની ચબરખીમાં કૈંક લખીને પતંગની દોરી સાથે બાંધીને વહેતું કરે. આમ કરીને ખીહરનો દિવસ પૂરો થતો. બીજે દિવસે વાસી ખીહર ઊજવાતી. કુટુંબ પરિવાર અને ભાઈબંધ મિત્રો સાથે મળીને ધામધૂમથી ખીહરનો તહેવાર ઊજવતા ને ફરી આવતા વર્ષની આતુરતાથી રાહ જોતા.

■

અત્યાર સુધી કુટુંબોમાં રહેતો હતો તેને બદલે પોતાની જ કોટડી લઈને રહેવું એમ ઠરાવ કર્યો, અને કામ પ્રમાણે તથા અનુભવ મેળવવા સારુ જુદાં જુદાં પરાંમાં ઘર બદલવું એવો ઠરાવ કર્યો. ઘર એવે ઠેકાણે પસંદ કર્યાં કે જ્યાંથી કામની જગ્યાએ અડધા કલાકમાં ચાલીને જઈ શકાય ને ગાડીભાડું બચે. આ પહેલાં હમેશાં, જવાનું હોય ત્યાં ગાડીભાડું ખરચવું પડતું અને ફરવા જવાનો વખત નોખો કાઢવો પડતો. હવે કામે જતાં જ ફરાઈ જાય એવી ગોઠવણ થઈ અને આ ગોઠવણથી હમેશાં આઠદસ માઈલ તો હું સહેજે ફરી નાખતો. મુખ્યત્વે આ એક ટેવને લીધે હું ભાગ્યે જ વિલાયતમાં માંદો પડ્યો હોઈશ. શરીર ઠીક કસાયું. કુટુંબમાં રહેવાનું છોડી બે કોટડી ભાડે લીધી, એક સૂવાની અને એક બેઠક. આ ફેરફાર બીજો કાળ ગણાય. હજુ ત્રીજો હવે પછી થવાનો રહે છે.

**– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# અરણ્યપ્રસ્થ

દિવ્યરાજસિંહ યાદવ

ગાઢ અરણ્ય મધ્યે પસાર થતાં, સર્પાકાર રોડ પર અમારી બસ દોડી રહી છે. ધીંગામસ્તી અને અંતાક્ષરીના સૂરો જાણે બસના ઘોંઘાટ સાથે સ્પર્ધા કરતા હોય એમ અરણ્યને ગજવી રહ્યા છે, પણ મારે આ ધમાલમાંથી અલિપ્ત રહેવું છે. તેથી હું બસની છેલ્લી સીટ પરથી બારી બહાર મીટ માંડી ધરાઈ ધરાઈને, ચોતરફ પોતાનું મોહક વર્ચસ્વ જમાવી બેઠેલી વનસંપદાને નિહાળી રહ્યો છું.

ગઈકાલે આ જ રસ્તેથી જ્યારે અમારી બસ પસાર થઈ ત્યારે રોમાંચ અને તલસાટ હતો, આજે જાણે કંઈ છૂટી રહ્યાની ઝીણી વેદના છે. કૉલેજમાંથી જ્યારે ‘રતનમહાલ’ના એકદિવસીય કૅમ્પની જાહેરાત થઈ ત્યારે બીજા જેમ હરખપદૂડા થયા હતા એવો કોઈ હરખ કે રોમાંચ મને થયો નહોતો. આમેય હું ઘરકૂકડો! ઘરથી કૉલેજ અને ત્યાંથી ઘેર... હું ભલો ને મારો મોબાઇલ ભલો... એ હોય ત્યારે કોઈની મજાલ છે કે મારા એકાંતપ્રદેશમાં પ્રવેશ કરે! પણ છતાંય મિત્રોના આગ્રહથી મેં રતનમહાલ કૅમ્પમાં જવાનો નિર્ણય કર્યો. આમેય એક દિવસનો તો સવાલ છે, કહી મનને મનાવી લીધું અને અમે ઊપડ્યા કૅમ્પમાં...

જતી વખતે પણ એ જ ધમાલ ને ધીંગામસ્તી, અંતાક્ષરીની રમઝટ ને ડાન્સના ઠેકડા. મારા અભિન્ન અંગ જેવો મોબાઈલ અને ખાસ તો આવી યાત્રાઓમાં મારા એકાંતને રક્ષતા હેડફોન્સ સાથે, હું પોતે... ત્રણેય બસની છેલ્લી સીટે નિજાનંદમાં મસ્ત છીએ. હા, વચ્ચે વચ્ચે આંખો બહાર ડોકિયું કરીને વાતાવરણની નોંધ અવશ્ય કરી લેતી. અચાનક ચક્ષુઓએ વિશેષ નોંધ લીધી કે કંઈક અલગ પ્રદેશ શરૂ થયો છે. રોડ તો એનો એ જ છે પણ રોડની આજુબાજુ જ્યાં ખેતરો અને કંપનીઓ નજરે ચડતી એને સ્થાને સાગ, સીસમ, મહુડા અને ગરમાળાનાં હરિતરંગી વૃક્ષો દૃષ્ટિમાં ઝિલાવા લાગ્યાં. સમય વર્ષાઋતુનો, એટલે દૂર દૂર સુધી હરિતરંગનું સામ્રાજ્ય વર્તાવા લાગ્યું. આ દૃશ્ય જોવામાં ક્યારે મારા હેડફોન્સ કાનથી હેઠા ઊતરી ગ્રીવાને વીંટળાઈ વળ્યા એ ખ્યાલ જ ન રહ્યો! અને ત્યાં જ અમારી બસ આવીને ઊભી રહી એક ગેટ પાસે, લખ્યું હતું ‘નળધા કૅમ્પ સાઇટ...’

લીલા રંગનું દ્વાર અને તેના પર પીંછીના લસરકાથી શોભાયમાન બનેલાં નીલકંઠ પક્ષી, દીપડો, ઘુવડ, રીંછ અને વિશેષ તો પૂર્વે કદી ન દીઠેલી ઊડણ ખિસકોલી... સાથે જ લખેલું છે, Welcome to Ratanmahal wildlife sanctuary... ગેટમાં પ્રવેશી અમે અંદર તરફ ચાલ્યાં. ભીતરી સૃષ્ટિ સાથે અમે સરળતાથી તાદાત્મ્ય સાધી

શકીએ એ માટે અમારા ફોનનાં નેટવર્ક પણ ચાલ્યાં ગયાં, જાણે આ નૈસર્ગિક સૌંદર્યને સહજતાથી માણવાની આ પૂર્વશરત ન હોય!

અંદર પગ મૂકતાં જ કોઈ ભિન્ન પ્રદેશમાં પ્રવેશ્યા હોય એવી અનુભૂતિ થતી હતી. રસ્તાની આજુબાજુ વસેલાં લીલાંછમ દ્રુમોએ ઝૂકીને તો માર્ગની જોડાજોડ ક્યાંકથી વહી આવતાં, નાનકડાં પણ સુરમ્ય ઝરણાંએ પોતાના કલકલ નિનાદથી અમને આવકાર્યા. વર્ષાઋતુનો સમય એટલે ઠેર ઠેર આવાં નિર્ઝરો ફૂટી નીકળે એ સ્વાભાવિક છે. થોડેક સુધી ચાલીને અમે કૅમ્પમાં પહોંચ્યા. અહીં પ્રશાસન દ્વારા કેટલાક ટેન્ટ/તંબુ ઊભા કરેલા છે. જીવનમાં પ્રથમ વાર 'ટેન્ટવાસ' કરવા મળશે એનો રોમાંચ થયો. દરેક ટેન્ટમાં ૬-૬ જણ રોકાય એવી વ્યવસ્થા કરવામાં આવી અને સાથે જ પોતપોતાનો સામાન ટેન્ટમાં ગોઠવી આવવાનો હુકમ થયો. ટેન્ટમાં જવા મન થનગનવા લાગ્યું પણ અંદર જઈને જોયું તો વગર વરસાદે ઘેલી થયેલી મારી લાગણીઓ પર પાણી ફરી વળ્યું. સિમેન્ટ-કૉંક્રીટને બદલે કાપડની દીવાલ છે એ જ એક આશ્વાસન, બાકી અંદર નૉર્મલ કોઈ હોટેલમાં હોય એવી જ વ્યવસ્થા હતી. પણ કંઈ નહીં, રીંછ અને દીપડાના વિસ્તારમાં ફક્ત એક જાડા કાપડની અભેદ્ય(?) દીવાલ વચ્ચે રહેવું એય કંઈ ઓછા રોમાંચની વાત છે!

સામાન મૂકી અમે ઊપડ્યા પેટપૂજા કરવા. કૅમ્પની બહાર, થોડેક જ દૂર, મુખ્ય માર્ગની સામેની તરફ એક નાની હોટલ હતી, 'ઢાબા' કહી શકાય. અમ ભૂખ્યાજનોનો જઠરાગ્નિ છોલે-પૂરી જમીને તૃપ્ત થયો. ત્યાંથી આવ્યા ત્યારે તો બપોર થઈ ચૂકી હતી. સાંજે નજીક આવેલો વૉટરફૉલ જોવા જવાનું હતું. તેને વાર હતી માટે અમને આરામ ફરમાવવાનું કહેવામાં આવ્યું, પણ આવી રોમહર્ષિણી જગ્યાએ આરામ કરે કોણ? અમે તો ઊપડ્યા કૅમ્પની પાછળ આવેલા વહેળાને જોવા. વિસ્તાર જોખમભર્યો હતો ને ઉપરથી નેટવર્કવિહીન એટલે સૌને કૅમ્પની હદમાં જ રહેવાની કડક સૂચના આપવામાં આવી.

વહેળાનું જળ કાચ જેવું નિર્મળ છે. અમે જે વૉટરફૉલ જોવા જવાનાં છીએ, એની જ એક ધારા અહીં આ વહેણ રૂપે આવે છે. શૂઝને કિનારે મૂકી, મેં એ વહેણમાં પગ મૂક્યો. તેની શીતળતા દેહ આખામાં પ્રસરી ગઈ. કેટલીયે વાર સુધી હું પગ બોળીને નજીકના પથ્થર પર બેસી રહ્યો. જળનાં અગાધ, અપાર વહેણોને મેં નદીસ્વરૂપે વહેતાં જોયાં છે, સરોવરોનાં શાંત નીર નિહાળ્યાં છે, દરિયો પણ ઘણી વાર જોયો છે, નર્મદા અને મહી જેવી સરિતાઓમાં તો સ્નાન પણ કર્યું છે... તે છતાં એ જળસ્રોતોના પ્રમાણમાં અતિવામન કહી શકાય એવા આ વહેળામાં, ફક્ત પગ ઝબકોળતાં જ હૃદયને અનેરી શાતા મળે છે. હું એમ નથી કહેતો કે નદીઓ, સરોવરો કે સમુદ્રએ મને શાંતિ પ્રદાન નથી કરી, પણ હા, દરેક પાસે જતાં અનુભવ તો નવમ્ નવમ્ જ થાય છે એ ચોક્કસ કહી શકું.

ચાર વાગ્યા આસપાસ અમે વૉટરફૉલ જોવા ઊપડ્યા. ગાઢ અરણ્ય અને ઊખડખાબડ ટેકરીઓ વચ્ચેથી કાચો માર્ગ અમને એ જળપ્રપાત સુધી લઈ જતો હતો. દૂર સુધી, જ્યાં જ્યાં નજર પડી ત્યાં ત્યાં આછા પવને ડોલતાં તરુઓનું હરિત સામ્રાજ્ય. લીલો રંગ આટઆટલી વિવિધતા અને નવીન રૂપો ધરાવે છે એ તો જ્યારે અરણ્યમાં જઈએ ત્યારે જ સ્પષ્ટ રૂપે અનુભવી શકાય.

સતત વરસતા વરસાદના કારણે કાચો માર્ગ વધુ દુર્ગમ બન્યો હતો. ચડતાં, પડતાં, લપસતાં, એકમેકને સહારો આપતાં અને પુષ્કળ થાકેલાં અમને, ખળખળ વહેતા નિતાંત જળધ્વનિએ નવીન ઉત્સાહ આપ્યો. કાન દ્વારા એ મનોહર સ્થળની પ્રથમ શાહેદી મળી અને આંખ તેનાં દર્શનને આતુર બની. તેની આ આકાંક્ષા પૂર્ણ કરવા પગમાં જાણે નવું જોમ પ્રગટ્યું અને સૌ થાક ભૂલવી એ સુરમ્ય સ્થળે જવા અધીરાં બન્યાં.

શિલાઓ પર અફળાઈને ચૂર્ણ ચૂર્ણ થતી, દૂધસમી શ્વેત જળધારાઓથી સુશોભિત જળપ્રપાતને મેં ઘણી વાર સુધી એકીટશે નિહાળ્યા કર્યો. શ્રી સુન્દરમે 'દક્ષિણાયન'માં જોગના ધોધનું અતીવ મનોહર વર્ણન કર્યું છે, એનું સ્મરણ થઈ આવ્યું. એકધારે પડતાં પાણીએ શિલાઓને એક મોટા ખાડામાં ફેરવી દીધી છે અને એમાં જ એક નાનકડું સરોવર બન્યું છે. અમે મન મૂકીને એમાં ન્હાયા, થાક જાણે આ નાવણમાં જ ઊતરી ગયો... અંધારું ઘેરાવાની શરૂઆત થઈ ને અમે પુનઃ કૅમ્પ તરફ રવાના થયા. સાથે આવેલ ગાઇડ તથા તેના સાથી-સુરક્ષાકર્મીઓ અમને વિવિધ વૃક્ષો સાથે પરિચય કરાવતા સાવચેતીપૂર્વક કૅમ્પમાં લઈ જવા લાગ્યા. સંધ્યા સમય બાદ વન્યપશુઓ મારણ માટે બહાર નીકળે છે, તેથી સહુ સાવચેતીથી, ગાઇડના સૂચનમાં રહી પાછા ફરતાં હતાં. પક્ષીઓ અને દૂર અરણ્યમાં કેટલાંક રાની પશુઓના અવાજો દેહમાં ભય અને રોમાંચ બંનેનો અનુભવ કરાવતા હતા.

માર્ગમાં એક જગ્યાએ માંચડો બનાવેલો છે, જેના પર ઊભા રહીને નીચે અરણ્યને નિહાળી શકાય. અમે વારાફરતી તેના પર ઊભા રહીને અરણ્યની મનમોહક આભા નિહાળી. અચાનક અમારી નજર નીચે, દૂરથી ચાલ્યા આવતા એક મોટા અને બીજા ત્રણ પ્રમાણમાં નાના, કાળા ઓળા પર પડી. મન થનગની ઊઠ્યું, જાણે રતનમહાલ આવવું ધન્ય થઈ ગયું! બાળપણમાં જેનો પ્રથમ પરિચય, જે કાવ્ય માધ્યમે થયો હતો, તે કવિતા માનસપટ પર તરવરી ઊઠી...

"રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી,
સામે રાણા સિંહ મળ્યા રે, આફત આવી મોટી,
ઝૂકી ઝૂકીને ભરી સલામો, બોલ્યું મીઠાં વેણ,
મારે ઘેર પધારો રાણા! રાખો મારું કહેણ..."

રીંછદર્શન કરી મન તૃપ્ત થયું. સાથે જ સ્મરણ થઈ આવ્યા પ્રભુ શ્રીરામના સ્નેહપાત્ર બનેલા મહાબલિ ઋક્ષરાજ જાંબુવનજી!

કૅમ્પમાં આવીને અમે પ્રીતિભોજન લીધું. જળપ્રપાતના જળાભિષેકથી દૂર થયેલો થાક વ્યાજ સહિત ઊતરી આવ્યો. છતાં તેને અવગણીને સહુ એકબીજાના સંગમાં રાજી હતા, અલકમલકની વાતોએ ચડ્યા હતા અને અમારી એ વાતો સાંભળવા વર્ષારાણી પણ આવી ચઢ્યાં. ઘનઘોર અરણ્યમાં પવનના સુસવાટા, વીજળીના કડાકા અને સાથે ઝૂમી ઊઠેલાં તરુઓના અવાજો... આ રોમાંચક વાતાવરણને જાણે ભયાનકતાનો પુટ ચઢાવતા હતા...

બીજે દિવસે સવારે ઊઠવામાં મારે મોડું થઈ ગયું. સહુ સ્નાનાદિથી પરવારીને ચા-નાસ્તો કરવા સામેના ઢાબે પહોંચી ગયા. હું નાહીને બહાર નીકળ્યો ત્યારે તો નર્યો

સૂનકાર! ઢાબા સુધી પહોંચવા મારે થોડુંક જ અંતર કાપવાનું હતું. કેમ્પથી મુખ્ય માર્ગ સુધી આવવાનો રસ્તો કાંટાળી વાડથી રક્ષિત હતો, તેમ છતાં મારા મન પર ભયનું સામ્રાજ્ય છવાયેલું હતું, અંગેઅંગમાં ભયની લહેરખીઓ લોહીની સાથે દોડતી હતી. રખેને કોઈ દીપડો કે રીંછ સામે આવી જશે તો હું શું કરીશ? ક્યાંક બેભાન તો નહીં થઈ જાઉં ને? ન જાણે કેટલાય વિચારો મનમાં આવી ગયા. જેમ-તેમ કરીને, આગળપાછળ સતત નજરો દોડાવતાં હું રોડ સુધી પહોંચ્યો. સામે ઢાબાને જોતાં જ રાહતનો શ્વાસ લીધો. ત્યાં જ ડહાપણ ભરેલું મન બોલી ઊઠ્યું કે, "તને વાસ્તવમાં બીક તો લુચ્ચા દીપડાની જ હતી. બાકી રીંછ સામે આવત તો તો તું નિશ્ચેતન હોવાનો ડોળ કરીને સૂઈ જાત ને રીંછ તને સૂંઘીને પાછું વળી જાત..." મારે મારા કાલ્પનિક ભય પર હસવું જોઈએ કે રાહતનો શ્વાસ લેતાં મન પર, એ હું નક્કી ન કરી શક્યો.

નાસ્તો-પાણી કરીને અમે મુખ્ય રોડ પર ટહેલવા નીકળ્યાં. રાત્રે પડેલા વરસાદથી આખુંય વાતાવરણ અભિષિક્ત હતું. લીલા કાગળ પર કોઈક ચિત્રકારે કાળી શાહીથી વાંકીચૂકી રેખા ખેંચી હોય, તેવું સુરમ્ય પરિદૃશ્ય હતું. આ વાદળછાયા વાતાવરણમાં વૃક્ષો મંદ પવનમાં ડોલતાં હતાં, દૂરની ટેકરીઓ પર મોરલા ટહુકતા હતા અને નાનાવિધ પક્ષીઓ તો જાણે સ્વરાગમાં મેઘ-મલ્હાર ગાઈને, ભગવાન ઇન્દ્ર પ્રત્યે અહોભાવ પ્રકટ કરતાં હતાં! આખીયે વનશ્રી જાણે નવપલ્લવિત-પ્રફુલ્લિત બનીને ઝૂમતી હતી. નજીકમાં આવેલ સરોવર જોવા અમે પગપાળા નીકળ્યાં અને રસ્તામાં જ વરસાદ આવીને સહુને ભીંજવી ગયો. અમને ઠંડીથી થરથરતાં જોઈને પવનમાં ડોલતાં વૃક્ષો જાણે અમારી નકલ કરતાં હોય એવો આભાસ થયો.

આખરે આ ભવ્ય, રમણીય અને સ્મરણીય સ્થળથી મન વાળીને ગૃહપ્રયાણ કરવા અમે બસમાં બેઠાં. સહુને મોઢે આ સ્થળની જ વાતો, રતનમહાલની જ ચર્ચા... બારી બહાર તીવ્ર ગતિએ પસાર થતી વનશ્રીને નિહાળતાં મને વિચાર આવે છે કે જે પ્રવાસમાં જવા માટે મનમાં ઉત્સાહ નહોતો, તે પ્રવાસેથી પાછા ફરતાં મનમાં આટલો ખાલીપો કેમ વર્તાય છે? ફોન નેટવર્ક કવરેજના ક્ષેત્રમાં આવી ગયો હોવા છતાં હજુ તેને ચાલુ કરવાની ઇચ્છા કેમ નથી થતી...? મનના આ પ્રશ્નને અવગણીને બસ, હું બહારથી પસાર થતી વનસંપદાને નિહાળી રહ્યો છું...!!

■

એક દિવસ મિત્રે મારી પાસે બેંથમનો ગ્રંથ વાંચવાનું શરૂ કર્યું. ઉપયોગિતાવાદ વિષે વાંચ્યું, હું ગભરાયો. ભાષા ઊંચી, હું માંડ સમજું. તેનું તેમણે વિવેચન કર્યું. મેં ઉત્તર આપ્યો :

'મને માફ કરો એમ ઇચ્છું છું. હું આવી ઝીણી વાતો નહીં સમજું. માંસ ખાવું જોઈએ એ હું કબૂલ કરું છું. પણ મારી પ્રતિજ્ઞાનું બંધન હું નહીં તોડી શકું. એને વિષે દલીલ હું નહીં કરી શકું. દલીલમાં તમને હું ન જ જીતું એવી મારી ખાતરી છે, પણ મને મૂરખ માનીને અથવા હઠીલો માનીને આ બાબતમાં મને છોડી દો. તમારો પ્રેમ હું સમજું છું. તમારો હેતુ સમજું છું. તમને હું મારા પરમ હિતેચ્છુ માનું છું. તમને દુઃખ થાય છે તેથી તમે મને આગ્રહ કરો છો એ પણ હું જોઈ રહ્યો છું, પણ હું લાચાર છું. પ્રતિજ્ઞા નહીં તૂટે.' – **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# એકાંકી
# કેસ નં. ૫૯૫૬/૪૭

પ્રવીણ પંડ્યા

પાત્ર સૂચિ : સમીર, કશ્યપ, જજ નાયક, ક્લાર્ક કુમુદ, વકીલ લાલવાણી, વકીલ દેસાઈ, બેલિફ, એસ. ચંદાકર, કામદાર સમૂહ

(પડદો ખૂલતાં પહેલાં)

નિવેદક : નમસ્કાર, ભાઈઓ અને બહેનો, કેસ નંબર ૫૯૫૬/૪૭ એક કાલ્પનિક કોર્ટરૂમ એકાંકી છે. અહીં દર્શાવાયેલ ઘટના, પાત્રો, સંવાદ, ભાષા, વાક્ય કે વાકયાંશોનો વાસ્તવિકતા સાથે કોઈ સીધો સંબંધ નથી, છતાં પણ જો કોઈને એમાં કોઈ સંદર્ભ દેખાય તો એને માત્ર અકસ્માત સમજવા વિનંતી. તો માણો એકાંકી, કેસ નંબર ૫૯૫૬/૪૭

(પડદો ખૂલે છે. ઘડિયાળના ટકોરા. કોર્ટનો સેટ. થોડી ઊંચાઈ પર જજની ખુરશી અને ટેબલ. પાછળ સત્યમેવ જયતેનું પાટિયું લટકે છે. પાસે ગાંધીજીની સ્મિત કરતી મોટી છબી છે. નીચેના ભાગે સામે બે વિટનેસ બૉક્સ છે. જજની આગળના ભાગે ક્લાર્કનું ટેબલ છે જેના પર કમ્પ્યૂટર રાખેલું છે. જજ નાયકસાહેબ ખુરશીમાં ગોઠવાય છે. બે વકીલ વાતો કરતા પ્રવેશે છે. ક્લાર્કબહેન બેઉ હોઠ પર લિપસ્ટિક લગાવ્યા પછી ભેગા કરવાની મુદ્રા કરી પાઉડરની ડબ્બીમાંના અરીસામાં જોઈ ડબ્બી પર્સમાં મૂકી કમ્પ્યૂટર ખોલે છે. બધો કાર્યકલાપ અગિયારમા ટકોરે પૂરો થાય છે. બેલિફ બૂમ સાથે બહારથી અંદર પ્રવેશે છે.)

બેલિફ : કેસ નંબર ૫૯૫૬/૪૭, ખુશરૂખાન અમજદઅલી મેમણ વિરુદ્ધ કિશનકુમાર ઘેલાભાઈ જોશી ....

(માથે પીળા હેલમેટ સાથે બે ચડ્ડી-બનિયાન ધારી શ્રમિક હાથમાં પાવડા, ઘણ, ત્રિકમ સાથે પ્રવેશે છે.)

નાયક : કેસ નંબર ૫૯૫૬/૪૭ ?

(એક કામદાર હકારમાં માથું ધુણાવે છે, બીજો નકારમાં જજ બેલિફ સામે જુએ છે.) બેલિફ : તમારો કેસ છે?

કામદાર એક : આરકોલોજી, તોડવા બોલાવેલા હુતા.

કામદાર બે : (ઘણ પછાડી) પેલાં આગળથી તોડીએ કે પછવાડેથી?

નાયક : પછવાડેથી?

(બંને જજ તરફ સાધનો લઈ આગળ વધે છે. સામે જજ નાયક ગેવેલ સાથે ઊભા

થાય છે. ટેબલ પર ગેવેલ પછાડી ઑર્ડર ઑર્ડર.. બોલે છે. પેલા ઘણ કોદાળી ઉઠાવી આગળ વધે છે.)

નાયક : મકવાણા આમને રોકો.

(બેલિફ બંનેને રોકે છે.)

નાયક : કોણ છો ?

કામદાર : (હાથમાંનો કાગળ બેલિફને આપતાં) કૉન્ટ્રાક્ટ લેબર! આ એડ્રેસ પર તોડવા બોલાવેલા હુતા!

બેલિફ : (કાગળ જોઈ કામદારને) અહીંથી ચાર મકાન છોડી એક વાવ છે. ત્યાં આરકિયૉલૉજીનું ખોદકામ ચાલે છે. ત્યાં જાવ.

(બંને જઈ રહ્યા છે. નાયક હાશકારો કરી બેસે છે.)

નાયક : લોકોને કાયદો તોડતાં તો સાંભળેલા, પણ આ તો ઘણ કોદાળી લઈ કોર્ટ તોડવા આવ્યા. (બાપુની છબી સામે જોઈ) બાપુ..

(ખડખડાટ હાસ્યનો ધ્વનિ.)

નાયક : તો કોર્ટની કાર્યવાહી શરૂ કરીએ?

દેસાઈ : પ્લીઝ નાયક સાહેબ.. કેસ નંબર ૫૯૫૬/૪૭માં મુદત આપો, મારે તાત્કાલિક પોલીસકમિશનર કચેરી જાવાનું છે.

લાલવાણી : આઈ ઑબ્જેક્ટ સર. કેસ ચલાવો.

દેસાઈ : લાલવાણી, સમજોને યાર.. મારે ક્રિમિનલ કોર્ટમાં બીએમડબલ્યુ.. હિટ ઍન્ડ રનવાળો કેસ છે.

લાલવાણી : મારે શું?

દેસાઈ : તમારા પીડબ્લ્યુડીમાં હું સામે છું તોપણ સપોર્ટ કરીશ.

લાલવાણી : ફરી તો નહિ જાવને?

દેસાઈ : કાળા કોટના સમ.

લાલવાણી : ઠીક છે દેસાઈ.. આઈ એગ્રી..

દેસાઈ : મિ. લૉર્ડ, કેસ નંબર ૫૯૫૬/૪૭માં મુદત પાડો. અમે બેય એગ્રી છીએ..

નાયક : બટ આઈ ડિસએગ્રી..

લાલવાણી : સર, મિયાંબીવી રાજી તો ક્યા કરેગા કાજી? હેં?

નાયક : હું કાજી નથી ડિસ્ટ્રિક્ટ જજ નાયક છું.

દેસાઈ : સમજોને સાહેબ.

નાયક : તમે સમજો. આજે આ સિવિલ કોર્ટમાં મારો પહેલો દિવસ છે. પહેલો કેસ,

બહેન આજનું લિસ્ટિંગ શું છે?

કુમુદ : આ પછીના બે કેસ મ્યુનિસિપાલિટી વર્સિસ પાથરણાબજાર ઍસોસિયેશન, બે ડિવૉર્સ કેસ અને ત્રણ ચેક બાઉન્સના છે.

નાયક : ઓકે.. ઓકે..(સહી કરી કાગળો બેલિફને આપતાં) એ બધામાં મુદત આપો, આજે માત્ર કેસ નંબર ૫૯૫૬/૪૭ ચાલશે.. અને ચુકાદો પણ આજે જ આપવામાં આવશે.

દેસાઈ : એવું કેવી રીતે બને સાહેબ?

નાયક : દેસાઈ, એ મારો ક્રિમિનલ કોર્ટનો રેકૉર્ડ છે.

લાલવાણી : બટ મિ. લૉર્ડ, આ સિવિલ કોર્ટ છે.

દેસાઈ : યસ, ક્રિમિનલમાં બધું ફાસ્ટ ફાસ્ટ ચાલે.

લાલવાણી : સિવિલમાં બધું ધીમે ધીમે ચાલે.

નાયક : એ જ તો પ્રૉબ્લેમ છે. બૅંકના હજારો કરોડ લઈ આર્થિક અપરાધી વિદેશ ભાગી જાય છે અને પછી સિવિલ કોર્ટમાં કેસ ધીમે ધીમે..(કડક અવાજે) તમને ખબર છે, જસ્ટિસ ડિલેઇડ ઇસ જસ્ટિસ ડિનાઇડ. જ્યુડિશિયરીનો આદર્શ છે.

લાલવાણી : પણ એ પ્રૅક્ટિકલ નથી સાહેબ.

નાયક : આપણે કોશિશ તો કરવી જોઈએને? (બેલિફને) કેસ નંબર ૫૯૫૬/૪૭ બેય પક્ષને બોલાવો..

દેસાઈ : (બેલિફને) એક મિનિટ મકવાણાભાઈ.. સાહેબ, બીએમડબ્લ્યુનો કેસ છે, ટ્રાય ટૂ અન્ડરસ્ટૅન્ડ..વીસ વર્ષથી ભરઉનાળે કાળો કોટ પહેરીને ચોરના માથાની જેમ કોર્ટમાં ફરું છું, આજે નસીબ આડેથી પાંદડું ફર્યું છે, બીએમડબલ્યુ, હિટ ઍન્ડ રન.. સાહેબ, ઓછામાં ઓછાં પાંચ વર્ષ.. હાઈકોર્ટ સુધી ચાલશે..છોકરાને લંડન લૉ ભણવા મોકલવો છે સાહેબ.. ધીસ ઇસ ગોલ્ડન ઑપોર્ચ્યુનિટી ફોર મી. આઈ ફોલ્ડ માય હૅન્ડ સર..

નાયક : દેસાઈ, સમજોને ભાઈ, દરેક પ્રૉફેશનમાં એક લિમિટ હોય, હેં, મારે ઘરબાર ફેમિલી નથી? થોડા પ્રૉફેશનલ એથિક્સ તો જાળવવા પડે ને? મકવાણાભાઈ..

લાલવાણી : મકવાણા, હમણાં નહિ.

(બેલિફ બંને વકીલો સામે આમતેમ ડોકું કરી જોયા કરે છે. સંગીત.)

નાયક : મકવાણાભાઈ, જજ હું છું. આ મારી કોર્ટ છે!

દેસાઈ : પણ સાહેબ, સામે બીએમડબ્લ્યુ છે, પ્લીઝ..

નાયક : નો. મકવાણા બેય પાર્ટીને બોલાવો.

બેલિફ : કેસ નંબર ૫૯૫૬/૪૭ ખુશરૂખાન વિરુદ્ધ કિશનકુમાર હાજીર હો..

(બે બેકાર દેખાતા પણ એકદમ મૉડર્ન યુવાન આવીને ઊભા રહે છે.)

નાયક : વિટનેસ બૉક્સમાં આવો

(બંને સામસામા વિટનેસ બૉક્સમાં ઊભા રહે છે.)

નાયક : વેલ, તો તમે ખુશરૂખાન ..

સમીર : ના, હું સમીર છું..

નાયક : તો ખુશરૂખાન ક્યાં?

સમીર : (ઉપર તરફ આંગળી બતાવે છે)

નાયક : તો બોલાવો એમને..

સમીર : ત્યાંથી કેવી રીતે આવે સાહેબ?

નાયક : અરે પણ આવવું તો પડે ને? કોર્ટની મુદત છે...

સમીર : એમની મુદત પતી ગઈ તી' સાહેબ!

નાયક : એટલે?

સમીર : એમને જન્નતનશીન થયાં સાઠ વર્ષ થયાં સાહેબ!

નાયક : એટલે (લૅપટૉપમાં કેસ ફાઈલમાં જોઈ) આર યૂ નોટ ખુશરૂખાન અમજદ અલી મેમણ..

સમીર : એ મારા અબ્બાના અબ્બા હજૂર હતા.

દેસાઈ : દાદા.. આના દાદા..

લાલવાણી : (બીજી તરફ હાથ બતાવી) ને આ કિશનકુમાર લક્ષ્મીશંકર જોશીના દોહિત્ર.. કશ્યપ જોશી છે.

નાયક : એટલે આ કેસ!

દેસાઈ : ૧૯૪૭નો છે સાહેબ, એટલે જ કહું છું મુદત આપો તો હું બીએમડબ્લ્યુ..

નાયક : આ શું બીમડબ્લ્યુ બીએમડબ્લ્યુ માંડ્યું છે? ડેમ ઇટ.

દેસાઈ : સાહેબ, એને ડેમ ઇટ ન કહો.. એ જ તો અમારી રોજીરોટી છે.

નાયક : (માથું ખજવાળે છે.) વેલ ઇટ મીન્સ આ બ્રિટિશ જમાનાનો કેસ?

દેસાઈ : આવા બીજા પણ છે!

નાયક : મારી કોર્ટમાં?

લાલવાણી : જી સાહેબ..બધી કોર્ટ્સમાં.

નાયક : બ્રિટિશર્સ મૂકી ગયા છે!

દેસાઈ : યસ મિ. લૉર્ડ, કેટલાક કેસ ફોડકી જેવા હતા, આજે કૅન્સરની ગાંઠ જેવા બની ગયા છે.

નાયક : (છબી સામે જોઈ) બાપુ ..

(હસવાનો ધ્વનિ)

નાયક : ઓકે.. આ કેસમાં આજે જજમેંટ આવી જવું જોઈએ.

દેસાઈ : પહેલાં કેસ તો સમજો સાહેબ..

નાયક : સમજાવો?

દેસાઈ : હું?

નાયક : વકીલ તમે છો.

લાલવાણી : કેસ ફાઈલમાં છે સાહેબ.

નાયક : મને ફાઈલમાં ગૂંચવવાની કોશિશ ન કરો લાલવાણી. (લૅપટૉપ બતાવે છે.) મારી પાસે ડિજિટલ કૉપી છે. ડિજિટલ ટૅક્નૉલૉજી માય ફ્રૅન્ડ.. દુનિયા બહુ આગળ વધી ગઈ છે. ઓકે, આપણે ક્યાં હતા?

દેસાઈ : હતા ત્યાંના ત્યાં..

નાયક : તો હવે આગળ વધીએ. કહો કેસ શું છે?

દેસાઈ : બહુ લાંબું છે સાહેબ..

નાયક : આમ લીંગર કરવાથી દેશ આગળ નહિ વધે દેસાઈ... સમજ્યા?

દેસાઈ : ઓકે સર.. વાત એમ છે કે ખુશરૂખાન નવાબના વંશજ હતા.

સમીર : (કૉલર ઊંચા કરતાં) મારા અબ્બાના અબ્બા હજૂર..

લાલવાણી : કિશનકુમાર સોકલીનરેશ મહારાજ સંગ્રામસિંહના કાકાની દીકરી બહેનના જમાઈના સાળા હતા..

કશ્યપ : (કૉલર ઊંચા કરી) આપણા દાદા બાપુ..

નાયક : આઈ સી...આગળ..

દેસાઈ : મારા અસીલ પર, એટલે કે ખુશરૂખાન પર એવો આરોપ છે કે એમણે એમની હવેલી ખોદી અને એની દીવાલો કિશનકુમારના ઘર ઉપર પડી, એટલે એનું ઘર પડી ગયું, એણે, એટલે કે કિશન કુમારે વળતરનો દાવો કર્યો.

નાયક : ઓકે. તો વળતર કેમ ન અપાયું?

લાલવાણી : એ હું કહું, મારા અસીલે વળતરનો દાવો કર્યો એટલે સામેવાળા..

નાયક : કોણ સામેવાળા?

લાલવાણી : (સમીર તરફ આંગળી બતાવી) આ..

સમીર : (ઉપર આંગળી લંબાવી) મારા અબ્બાના..

નાયક : અબ્બા હજૂર.. ખબર છે, ખબર છે.. પછી?

લાલવાણી : એમણે કહ્યું, ખોદકામ એમની હવેલીમાં નહોતું ચાલતું, ખોદકામ તો કિશનકુમારના ઘરમાં ચાલતું હતું, એમની દીવાલો પડી અને આમની હવેલી ધરાશાયી થઈ, એટલે વળતર તો કિશનકુમારે ખુશરૂખાનને આપવું પડે!

નાયક : પછી કોર્ટે શું કહ્યું?

દેસાઈ : સાહેબ, એ વખતે આ કેસ વેલનૉન જસ્ટિસ જમનાદાસસાહેબની કોર્ટમાં હતો.

નાયક : જમનાદાસ.. (સમીર સામે જોઈ) મારા અબ્બાના અબ્બા હજૂર..

સમીર : ના, મારા અબ્બાના અબ્બા હજૂર..

નાયક : હું ગ્રેટ જસ્ટિસ જમનાદાસની વાત કરું છું. એ મારા દાદા હતા. એની ઑબ્જેક્શન?

સમીર : ન ન નો સર... મારો કેસ આપના હાથમાં છે.

દેસાઈ : સર આપ એમના દોહિત્ર છો..ગ્રેટ જસ્ટિસ જમનાદાસના.. આહહાહા.. સાહેબ, અમે ૧૯૭૫માં રાજકોટ લૉ કૉલેજમાં સ્ટુડન્ટ હતા, ત્યારે એમનાં જજમેંટ રાત રાતભર વાંચતા.

નાયક : એમ? પણ એ તો અંગ્રેજીમાં લખતા!

દેસાઈ : હા પણ અમે ગુજરાતીમાં વાંચતા.

નાયક : કેવી રીતે?

દેસાઈ : ગૂગલ ટ્રાન્સલેટ!

નાયક : ખરું છે! ઇ મેઇલની શોધ નહોતી થઈ ત્યારે કોઈક ઇ મેઇલથી ફોટા અપલોડ કરતું હતું ને કોઈક ગૂગલ ટ્રાન્સલેટથી જજમેંટ વાંચતું હતું..(બાપુના ફોટા સામે જોઈ) બાપુ..

(હાસ્યનો ધ્વનિ)

નાયક : ઓકે.. ઓકે.. પછી કોર્ટે શું કર્યું?

લાલવાણી : કોર્ટે પુરાતત્ત્વ વિભાગના એક્સપર્ટની પૅનલ બનાવી..

નાયક : ગુડ ડિસિઝન.

લાલવાણી : બેડ..

નાયક : કેમ?

લાલવાણી : આ ડિસિઝનથી કેસની પત્તર ફડાઈ ગઈ..

નાયક : બહેન, આ શબ્દ ન નોંધતા.

લાલવાણી : કેસની પથારી ફરી ગઈ..

નાયક : આ શબ્દ પણ કોર્ટમાં ન ચાલે.

લાલવાણી : જસ્ટિસ જમનાદાસના આ ડિસિઝનથી કેસમાં... ગૂંચવાડો ઊભો થયો.

નાયક : આ યોગ્ય શબ્દ છે, પુરાતત્ત્વ ખાતાની પૅનલ નીમવાથી શું ગૂંચવાડો થયો?

લાલવાણી : પૅનલના ત્રણ સભ્યોએ કહ્યું કે ખુશરૂખાનની હવેલી કિશનકુમારના ઘર પર પડી છે પણ બીજા બે સભ્યોએ કહ્યું કે એવી સંભાવના પ્રબળ છે કે કિશનનું ઘર પહેલાં પડ્યું હોય અને એના કારણે ખુશરૂની હવેલી..

નાયક : પછી?

દેસાઈ : પછી ફરીથી પુરાતત્ત્વ વિભાગે કામગીરી હાથ ધરી..

નાયક : સત્ય શોધવાની?

લાલવાણી : આ બેયનાં ઘર ખોદવાની.

સમીર : જજસાહેબ, મારે કાંઈક કહેવું છે.

દેસાઈ : તારે કાંઈ ન બોલાય. હું તારો વકીલ છું.

નાયક : દેસાઈ, અસીલને બોલવા દો. હાં, બોલ ભાઈ, પણ જો, વૉશરૂમ જવું છે એમ ન બોલતો.

સમીર : નહિ બોલું સાહેબ. હવે બોલું?

નાયક : બોલ.

સમીર : સાહેબ, મારા અબ્બાના અબ્બા હજૂર, નવાબના સગામાં હતા. એમના સમયમાં આ હવેલી હતી. તમે કેસમાં જુઓ સાહેબ..

નાયક : હું જોઉં છું સ્ક્રીન પર, હવેલી હતી.

સમીર : (સ્મૃતિલોકમાં સરી પડતાં) હવેલી.. ત્રણ માળની. બહાર સરસ મજાનો ગાર્ડન અને વચ્ચોવચ સુંદર ફુવારો. ભવ્ય કમાન આકારના દરવાજા. એમાં ત્રીસ ઓરડા. એમાં મલબારી સાગના પલંગો, હાથીદાંત અને ચાંદીનાં પતરાં જડેલા પટારા.. કોતરણીવાળી ગોળાકાર..વિલાયતમાં હોય એવી સીડીઓ. રાજસ્થાની સફેદ આરસના થાંભલા. બેલ્જિયમ કાચના લીલા પીળા લાલ રંગનાં પાર્ટીશન્સ હતાં. અબ્બા હજૂરે મોટા દીવાનખંડમાં છત પર વિલાયતી ઝુમ્મરો મુકાવેલાં. નીચે મહેફિલો જામતી, અબ્બા હજૂર ટેસથી ગુડગુડ કરી હુક્કો ગડગડાવતા, સારંગી ને તબલાંની સંગત જામતી..

(ગીત વાગે છે. એક ચમેલી કે મંડવે તલે ...દો બદન પ્યાર કી આગ મેં જલ ગયે.. એક ચમેલી કે મંડવે તલે.. જજ ગેવલ પછાડે છે. જેનો અવાજ ગીતમાં દબાઈ જાય છે. સમીર હજુ સ્મૃતિલોકમાં છે.)

બેલિફ : સાહેબ, એ ભૂતકાળમાં ખોવાઈ ગયો છે.

નાયક : (ઘડિયાળમાં જોઈ) ગજબ મુસીબત છે. લોકો ભરીઅદાલતમાં ભૂતકાળમાં સરી પડે છે. (ચાવી ભરેલી ઘંટડી હાથમાં આપી) એને ચમેલી કે મંડવે તલેથી પાછો કોર્ટમાં લાવો.

(બેલિફ એના કાન પાસે લઈ જઈ ઘંટડીની ચાંપ દબાવે છે. એના અવાજથી સમીર જાગે છે.)

સમીર : હવેલી.. અબ્બા હજૂરની હવેલી..

નાયક : (ચશ્માં ઠીક કરી. લૅપટૉપમાં જોતાં) છે.. આમાં..હવેલી છે.

સમીર : પણ ત્યાં નથી સાહેબ,

નાયક : ત્યાં પડેલી હવેલી હશે.

સમીર : એ પણ નથી સાહેબ.

નાયક : ઓકે ઓકે. તો ત્યાં પ્લેઇન જમીન હશે?

સમીર : એ પણ નથી.

નાયક : જમીન પણ નથી? તો શું છે?

સમીર : ખાડા. ક્યાંક માથોડું ઊંડા તો ક્યાંક બે માથોડાં ઊંડા.

નાયક : પણ તારા અબ્બા હજૂરે હવેલી ખોદેલીને?

સમીર : એમણે તો સાહેબ થોડી ખોદી હશે. પછી તો આ પુરાતત્ત્વવાળા કામે લાગ્યા. સાહેબ, એમણે બધું ખોદી નાખ્યું. હવે ત્યાં કાંઈ નથી. ઉપરથી પાછું એક પુરાતત્ત્વવાળાનું બ્લૂ રંગનું પાટિયું લટકે છે, આ વિવાદિત ભૂમિ પર કોઈએ પ્રવેશ કરવો નહિ, જે કરશે એની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ભારતીય દંડા સંહિતા..

નાયક : સમીર, દંડા સંહિતા નહિ, દંડસંહિતા..

સમીર : હા, એ સંહિતા અનુસાર સજા થશે. સાહેબ, હું મારા અબ્બા હજૂરની હવેલી.. સૉરી એ જમીન ઉપર જઈ પણ નથી શકતો. એક વાર ત્યાંથી પસાર થતો હતો ને અંદર ગયો..

નાયક : સરકારી બોર્ડ હતું તોય અંદર કેમ ગયો ?

સમીર : બોર્ડ સરકારી હતું પણ જમીન તો મારા અબ્બા હજૂરની હતી ને? એટલે ખાલી (ટચલી આંગળી બતાવી) કરવા અંદર ગયો. એમાં તો પોલીસ મને પકડીને લઈ ગઈ. કહે કે વિવાદિત ભૂમિ ઉપર તે ટ્રેસ પાસિંગ કર્યું છે. મેં કહ્યું પણ ખરું કે મેં સ્ટ્રેસ- ગૅસ કાંઈ પાસ નથી કર્યું, બસ (ટચલી આંગળી બતાવી) આ કર્યું છે ને મારી પાસે આ જમીનના નવાબી સમયથી લઈ ત્યાર પછીના બધા કાયદેસરના દસ્તાવેજો છે. પણ એમણે મારી કોઈ વાત કન્સિડર જ ન કરી. સાહેબ, સટાસટ ભાંઠા માર્યા. ચોક્કસ જગ્યા પર.

નાયક : ચોક્કસ જગ્યા પર? એ વળી શું?

દેસાઈ : મિ લૉર્ડ, મારા અસીલ કોર્ટની આમન્યા રાખી મૂળ શબ્દ નથી વાપરતા.

નાયક : ગુડ. લાલવાણી, જુઓ, કોર્ટમાં આવતા સામાન્ય નાગરિક પણ સુરુચિપૂર્ણ ભાષા વાપરે છે ને તમે ? ગુડ, ચોક્કસ જગ્યા.. આઈ એપ્રિશિયેટ.

સમીર : નામદાર, આ જમીનના કેસને કારણે મારા ફેમિલીની હાલત ખરાબ થઈ ગઈ છે. કોર્ટના ધક્કા ખાઈ ખાઈને મારા અબ્બા અલ્લાતાલાને પ્યારા થઈ ગયા. મારાં અમ્મીને ટેન્શનના કારણે દમની બીમારી થઈ ગઈ. અમારા ધંધાધાપા છૂટી ગયા. હું નવાબનો વંશજ સાહેબ..(રડે છે) આજે સોડાલેમનની લારી ચલાવું છું.

(જજની આંખ ભીની થઈ જાય છે. ફોટા સામે જોઈ)

નાયક : બાપુ..

(કરુણ સંગીત)

નાયક : તો તમે સોડાલેમનની લારી ચલાવો છો?

લાલવાણી : બુટલેગર છે સાહેબ!

સમીર : બસ, આ બાકી હતું સાહેબ, ઘર ચલાવવા માટે સોડાલેમનની લારી કરી તો દારૂ વેચવાનો આરોપ લાગ્યો. સાહેબ, હું તો સોડાલેમન વેચું છું. હવે ધારો કે તમે મારી લારી પર દારૂની બાટલી લઈને આવ્યા..

નાયક : હું નહિ.. હું નહિ..

સમીર : ઓકે, માની લો કે આ લાલવાણીસાહેબ બાટલી લઈને આવ્યા.. ને ગ્લાસમાં સોડા સાથે મિક્સ કરી ઠપકારે તો હું શું કરું? બે વાર બુટલેગિંગના કેસ થયા મારા ઉપર. મારા નિકાહ તય હતા સાહેબ...મેં સફેદ શેરવાની અને કાળો બંધ ગળાનો કોટે સિવડાવી લીધાં હતાં. દિલ્હીથી ફરની કાળી ટોપીયે મંગાવી રાખી હતી. અરીસા સામે સ્ટાઇલથી કબૂલ હૈં નાં રિહર્સલ પણ કરી રાખ્યાં હતાં. પણ...મારે ગુલામઅલીની ગઝલ સાંભળવાના દિવસો આવ્યા..

(ગઝલ વાગે છે. ચુપકે ચુપકે રાતદિન આંસુ બહાના યાદ હૈં..જજ પણ ગમગીન થઈ સાંભળે છે. બેલિફ એમના હાથમાં ગેવેલ આપે છે. જજ ગેવેલ પાછી ટેબલ પર મૂકી ગઝલમાં ખોવાઈ જાય છે. બેલિફ ફરી ગેવેલ હાથમાં આપે છે, પણ પાછી મૂકવા નથી દેતો. જજ સભાન થાય છે.)

નાયક : (ઘંટડી બેલિફને આપતાં) આને ગુલામઅલી પાસેથી પાછો કોર્ટમાં લાવો.

(બેલિફ સમીરના કાન પાસે ઘંટડી વગાડે છે. સમીર સાંપ્રતમાં પાછો ફરે છે.)

નાયક : આપણો સેમ ટેસ્ટ છે. મને પણ ગુલામઅલી ગમે છે. પછી નિકાહનું શું થયું?

સમીર : સામેવાળાએ છોકરીના નિકાહ એક જુઆરી સાથે કરાવી દીધા!

નાયક : જુગારી સાથે?

સમીર : હા સાહેબ, બુટલેગર કરતાં જુઆરી થોડી ઊંચી કૅટેગરીમાં આવે.

નાયક : કોર્ટને તમારા માટે સહાનુભૂતિ છે સમીર અને તમારે કાંઈ કહેવું છે કશ્યપ જોશી? કોર્ટ તમારો પક્ષ પણ સમજવા માંગે છે.

કશ્યપ : જજસાહેબ, મારી સ્ટોરી લગભગ તો એના જેવી જ છે. કહો તો..

નાયક : નહિ કહો તોપણ ચાલશે. એમાં શું છે કે પાછા તમે ભૂતકાળમાં સરી પડશો. નાઉ નો મોર ચમેલી કે મંડવે તલે. આજે આ કેસનો ચુકાદો આપવો છે. આ કેસને કારણે તમને જે મુશ્કેલી પડી તે જણાવો.

કશ્યપ : બાપદાદાની મિલકત કહેવાય એવું એક મોટું ઘર અમારી પાસે હતું. ખુશરૂચાચાની હવેલીથી નાનું, એમાં મારા ચાર કાકા, બે ભૈજી, બે વિધવા ફૈબા અને મારા પપ્પા, એમ કુલ.. નવ અવિભાજિત પરિવાર રહેતા હતા. આ કેસના કારણે બધાં રોડ પર આવી ગયાં. હું પણ બેઘર જ છું સાહેબ.

દેસાઈ : જુઠ્ઠું બોલે છે સાહેબ. એણે બસ્સો વારના સરકારી પ્લૉટ પર ગેરકાયદેસર મકાન બાંધ્યું છે. (કાગળ આપતાં) આ જુઓ સાહેબ, મ્યુનિસિપાલિટીએ એને પંદર દિવસમાં એ જગ્યા ખાલી કરવા નોટિસ આપી છે.

નાયક : (કાગળ જોતાં) આ સાચું છે?

કશ્યપ : સાહેબ, તો હું ક્યાં રહેવા જાઉં?

નાયક : કેમ? તું તારું મકાન હતું ત્યાં ઘર બાંધી ન રહી શકે?

લાલવાણી : હવે તમે કેસના સત્યની નજીક આવ્યા સાહેબ!

નાયક : એટલે? તમે કહેવા શું માંગો છો?

દેસાઈ : એ જ કે બેય પોતાની જમીન પરથી બેદખલ થયા છે. બંને છેલ્લાં સિત્તેર વર્ષથી આ વિવાદને કારણે પરેશાન છે.

નાયક : પણ આ પરેશાનીનું મૂળ શું છે?

(બહારથી ફટકડા ફૂટવાના અને ઢોલ વાગવાના અવાજો આવે છે. મકવાણા બહાર દોડે છે. પાછા આવે છે. અવાજ ધીમો થઈ શમી જાય છે.)

નાયક : મકવાણાભાઈ, આ શું?

મકવાણા : સાહેબ, ત્રણ સો બે!

નાયક : ત્રણ સો બે? એ તો મર્ડરની કલમ છે, આપણી તો સિવિલ કોર્ટ છે.

મકવાણા : પણ બાજુમાં ક્રિમિનલ કોર્ટ છે ને! આજે ત્રણસો બેના ગુનામાં પશાભાઈ..

નાયક : આ નગરના પ્રથમ નાગરિક ?

મકવાણા : હા, મેયર, એ સસન્માન મુક્ત થયા!

નાયક : ઓકે, ઓકે. (ભોંઠપ છુપાવવા ખોંખારે છે.) તો આપણે કેસ પર આગળ વધીએ?

દેસાઈ : હજુ કહું છું સાહેબ.. મુદત..

નાયક : નો.. એટલે નો..જોતા નથી? બાહર ફટાકડા ફૂટે છે, ને અહીં આ કેસ નંબર ૫૯૫૬/૪૭માં બે બેકસૂર ત્રણ ત્રણ પેઢીથી રિબાય છે? એક જમીનના કેસનો સિત્તેર વર્ષે નિવેડો નથી આવતો!

દેસાઈ : સાહેબ, હજુ બીજાં સિત્તેર વર્ષ જાય તોય નવાઈ નહિ!

નાયક : એમ નિરાશાવાદી બન્યે ન ચાલે દેસાઈ, જહાં ચાહ વહાં રાહ. હું ભલે દેખાઉં છું સામાન્ય, પણ જરા નોખી માટીનો જજ છું.

દેસાઈ : સાહેબ, સવાલ ચાહ કે રાહનો નથી. કાયદાની આંટીઘૂંટીનો છે. કોર્ટમાં કેસ ક્યાં આવે છે સાહેબ? ગૂંચવાયેલાં કોકડાં અને સલવાયેલા માણસો આવે છે. ને ન્યાયની તલબ કોને છે સાહેબ? સહુને ફેંસલો જોઈએ છે, એ પણ પોતાને અનુકૂળ આવે એવો ફેંસલો ને અનુકૂળ ન આવે તો એક કોર્ટથી બીજી કોર્ટ.. ડિસ્ટ્રિક્ટથી હાઈકોર્ટ, ને ત્યાંથી સુપ્રીમ. પછી બેન્ચ..

નાયક : અત્યારે આ કેસ આગળ ચલાવો.

લાલવાણી : કેસની ફાઈલ નંબર...બારના પેજ પચાસ પર જુઓ સાહેબ.

નાયક : (લૅપટૉપમાં) ફા ઈ લ બા ર .. આ રહ્યું પેજ.

લાલવાણી : ગ્રેટ જસ્ટિસ જમનાદાસના આદેશથી પુરાતત્ત્વ ખાતાની સમિતિ બની?

નાયક : બની.

લાલવાણી : એનો ખંડિત અભિપ્રાય આવ્યો?

નાયક : (લૅપટૉપમાં વાંચતાં) ખં ડિ ત .. આવ્યો.

લાલવાણી : પછી જુઓ ગ્રેટ જસ્ટિસ જમનાદાસ..

નાયક : (ગુસ્સે થઈ) વારે વારે નામ શું કામ બોલો છો? આમ બોલીને તમે શું સાબિત કરવા માંગો છો લાલવાણી? જુઓ હું બહુ સ્ટ્રિક્ટ જજ છું. તમારી સનદ જોખમમાં આવી પડશે. મૂળ મુદ્દા પર આવો. નહિતર હમણાં હું ચુકાદો આપી દઈશ..

દેસાઈ : મિ. લૉર્ડ, એમ નહિ થઈ શકે.

નાયક : વાદી અને પ્રતિવાદી બેય પક્ષ સુલેહ કરવા તૈયાર હોય તો તો થઈ શકેને?

સમીર : અમે ચાર વર્ષ પહેલાં સમાધાન માટે રાજી છીએ એવી અરજી આપી રાખી છે. કશ્યપ એમના પૂર્વજોએ કરેલો વળતરનો કેસ કોઈ પણ શરત વિના પાછો ખેંચવા તૈયાર છે.

કશ્યપ : જી સાહેબ. મારે વળતર નથી જોઈતું. મારી જમીન પછી મળે એટલે ભયોભયો.

નાયક : તો પછી આજે જ કેસ નંબર ૫૯૫૬/૪૭માં ભયોભયો કરી નાખીએ.

દેસાઈ : એમ ભયો ભયો ન થાય સાહેબ!

નાયક : કેમ ન થાય? કેસ મારી કોર્ટમાં છે

લાલવાણી : સાહેબ, કેસ પર બુચ વાગેલું છે.

નાયક : લાલવાણી ભાષા.. ભાષા..

લાલવાણી : ઓકે, આમાં પુરાતત્ત્વ ખાતું અને સેન્ટ્રલનો સંસ્કૃતિ વિભાગ સંકડાયેલા છે.

નાયક : પુરાતત્ત્વ વિભાગ! અને સંસ્કૃતિ મંત્રાલય? એ ક્યાંથી આવ્યાં આમાં?

સમીર : આપના અબ્બાના અબ્બા હજૂર!

દેસાઈ : ફાઈલ નંબર તેર, પેજ સત્તાવન પર જુઓ સાહેબ. સંસ્કૃતિ મંત્રાલયનો પત્ર છે.

નાયક : ફાઈલ તેર પેજ સત્તાવન.. આ રહ્યું.. એમાં લખ્યું છે કે કેસ નંબર ૫૯૫૬/૪૭ બાબતે જસ્ટિસ હું.. હું.. હું.. ના બીજા આદેશ પછી ફરી ખોદકામ શરૂ કરાયું છે અને એમાં.. આ બંને ઇમારતોની નીચે પચાસ ફૂટ ઊંડે ગયા પછી છઠ્ઠી શતાબ્દીના ચંદેલા વંશનાં કેટલાંક ખંડિત શિલ્પ મળ્યાં છે, જેનો અભ્યાસ ચંદાકર સમિતિ બે વર્ષમાં પૂરો કરશે. સંસ્કૃતિ વિભાગે આ બાબતે હાઈકોર્ટમાંથી એવો આદેશ મેળવ્યો છે કે જ્યાં સુધી સમિતિનો અહેવાલ ન આવે ત્યાં સુધી આ વિવાદિત ભૂમિ સંસ્કૃતિ મંત્રાલયના તાબામાં રહેશે. (થોડું વિચારી) પણ આ આદેશ, બે હજાર બારનો છે.

દેસાઈ : જી સાહેબ,

નાયક : એટલે કે બે હજાર ચૌદ સુધીમાં સમિતિએ સર્વેક્ષણ પૂરું કરી અહેવાલ આપવાનો હતો અને પછી આપણે આ કેસનો નિવેડો લાવવાનો હતો.

લાલવાણી : સાહેબ હાઈકોર્ટના આદેશમાં અર્થઘટનની વિસંવાદિતા છે.

નાયક : અહીં સ્પષ્ટ છે કે સમિતિએ બે વર્ષમાં સર્વેક્ષણ પૂરું કરવાનું છે.

દેસાઈ : પણ પછીની લાઇનમાં લખ્યું છે કે અહેવાલ ન આવે ત્યાં સુધી આ ભૂમિ સરકારના તાબામાં રહેશે.

નાયક : એટલે અભ્યાસ બે વર્ષમાં પૂરો.. અને અહેવાલ ન આવે ત્યાં સુધી.. પ્રૉબ્લેમ અહીં છે? કરેક્ટ? તો પછી આપણે એટલે કે આ કોર્ટે પુરાતત્ત્વ ખાતા પાસે કે સંસ્કૃતિ મંત્રાલય પાસે સ્પષ્ટતા કેમ ન માંગી?

લાલવાણી : તમારી જગ્યાએ રિટાયર થયા એ હાથીસાહેબથી લઈને એમની પહેલાંના બે જજસાહેબોએ આ બંને જગ્યાએ સમન્સ પાઠવ્યા છે.

નાયક : જવાબ?

દેસાઈ : એક વાર પુરાતત્ત્વ ખાતાએ કહ્યું કે અમે ફાઈલ સંસ્કૃતિ મંત્રાલયને મોકલાવી છે.

લાલવાણી : અને સંસ્કૃતિ મંત્રાલયે જવાબ આપ્યો કે હાલ આંતરરાષ્ટ્રીય ખેલ મહોત્સવમાં અમે વ્યસ્ત છીએ એટલે મહોત્સવ પતે પછી વહેલી તકે જવાબ આપીશું.

દેસાઈ : અને ઑલિમ્પિક પત્યા આઠ વર્ષ થઈ ગયાં છે.

નાયક : ને આ લોકો હજુ રમે છે? બાપુ ..

(ખડખડાટ હાસ્ય)

નાયક : પણ સમિતિના અધ્યક્ષ ચંદાકરસાહેબને કોઈ સમન્સ મોકલેલું.

દેસાઈ : હા, ત્યાંથી જવાબ આવ્યો કે તેઓ આ તપાસ પૂરી કરતાં પહેલાં જ..

નાયક : ગુજરી ગયા?

લાલવાણી : યસ મિ. લૉર્ડ.

નાયક : એટલે એનો અર્થ એ થયો કે સર્વેક્ષણ પૂરું નથી થયું. અહેવાલ નથી આવ્યો. ચંદેલા કાળના જે અવશેષોને આધારે પુરાતત્ત્વ વિભાગ અને સંસ્કૃતિ મંત્રાલયે આ કેસનો ચુકાદો રોકાવી આગળનું કામ કરવાનું હતું તે પણ નથી થયું. કે નથી એમણે ફરીથી હાઈકોર્ટ પાસે ચુકાદો રોકવા એક્સટેન્શન માંગ્યું. ને એમાં આ કેસ નંબર ૫૯૫૬/૪૭, ખુશરૂખાન અમજદ અલી મેમણ

સમીર : અબ્બાના અબ્બા હજૂર

નાયક : અને કિશનકુમાર ઘેલાભાઈ જોશીના વંશજનો કેસ પેન્ડિંગ છે!

દેસાઈ : કરેક્ટ... મિ. લૉર્ડ..આમાં કાંઈ લેવાનું નથી... હું બીએમડબલ્યુ માટે...

નાયક : થોભો મિસ્ટર દેસાઈ, (ગેવેલ ઉઠાવી) આ શું છે? હેં, ગેવેલ, જે જજના હાથમાં હોય છે. ઇટ્સ સિમ્બોલ ઑફ જ્યુડિશિયરી. ન્યાયપ્રણાલીનું પ્રતીક.. હમણાં તમે ફટાકડાનો અવાજ સાંભળ્યો? એ લોકો ફટાકડા નથી ફોડતા, સામાન્ય નાગરિકની કોર્ટ પ્રત્યેની આસ્થા અને આપણી વિશ્વસનીયતાના ધજાગરા ઉડાડે છે. એક રીતે જોવા જાવ તો એમની અને આપણી વચ્ચે અઘોષિત યુદ્ધ આરંભાઈ ગયું છે. એવું નથી કે આ ખેંચતાણના કારણે આપણને થનારા વ્યક્તિગત અને સંસ્થાગત નુક્સાનનો મને અંદાજો નથી, છે. એ ભલે પોતાની પૂરી તાકાતથી આપણા ઇલાકામાં, નાગરિકોની આઝાદીના ક્ષેત્રમાં અતિક્રમણ કરે પણ આપણે પીછેહઠ નથી કરવાની. ભલેને બધું ભાંગીને ભૂકો કરી નાખે, (ગેવેલ ઊંચી કરી) પણ સરેન્ડર તો નથી જ કરવાનું. (છબી તરફ જોઈ) ખરુંને બાપુ (સંગીત) આજે જ્યુડિશિયરીના ઐતિહાસિક ચુકાદાનો દિવસ છે. કેસ નંબર ૫૯૫૬/૪૭માં આ કોર્ટ ચુકાદો જાહેર કરે છે.

લાલવાણી : પણ મિ લૉર્ડ, પુરાતત્ત્વ ખાતું, સંસ્કૃતિ મંત્રાલય..

દેસાઈ : હાઈકોર્ટ?

નાયક : હાઈકોર્ટે તો આર્કિયૉલૉજિસ્ટના અહેવાલને આધારે સંસ્કૃતિ મંત્રાલયને સંશોધન માટે અવસર પૂરો પાડ્યો. પણ પુરાતત્ત્વ ખાતાએ નિયત મુદતમાં પોતાનું કામ પૂરું નથી કર્યું. સંસ્કૃતિ મંત્રાલયે બેદરકારી દાખવી છે. આ કોર્ટે એમને અનેક વાર સમન્સ આપ્યાં છે પણ એ લોકોએ સંતોષજનક જવાબ નથી આપ્યા. નથી એમના કોઈ પ્રતિનિધિ કે વકીલ આ કોર્ટમાં આવ્યા. નથી એમણે હાઈકોર્ટમાં કોઈ રજૂઆત કરી. ધિસ ઇસ ધ હાઇટ ઑફ નિગલીજિયન્સી. ને દેસાઈ.. તમે અને લાલવાણી .. બેયે બીએમડબલ્યુને બદલે ગંભીરતાથી.. જસ્ટિસ ડિલેઇડ ઇસ જસ્ટિસ ડિનાઇડ જેવા જ્યુડિશિયરીના આદર્શ પ્રમાણે પોતાનું કામ કર્યું હોત તો આ કેસ બહુ પહેલાં પૂરો થયો હોત અને આ બંને યુવાનોનું ભાવિ સુધર્યું હોત.

દેસાઈ : મિ. લૉર્ડ.. સૉરી..

લાલવાણી : યસ સર. આઈ એમ ઓલ્સો સૉરી.

નાયક : જસ્ટિસ જમનાદાસે, પુરાતત્ત્વ વિદ્વાનોની સમિતિ નીમવા એટલે ભલામણ કરી હતી કે જેથી ફેક્ટ સામે આવે અને ન્યાય થાય. પણ એમ થવાને બદલે ઊંટ અને આરબની વાર્તા જેવું થયું. બંને નાગરિકોની વડીલોપાર્જિત મિલકત સરકારના હાથમાં ચાલી ગઈ. દુખદ છે. મારે પુરાતત્ત્વ વિભાગ અને સંસ્કૃતિ મંત્રાલય બંનેને દંડ ફટકારવો પડશે. એમના કારણે આ નાગરિકોને જે સહન કરવું પડ્યું છે તે બદલ સરકારે બંને યુવાનોને વળતર ચૂકવવું પડશે. આ કોર્ટ કેસ નંબર ૫૯૫૬/૪૭, ખુશરૂખાન અમજદઅલી મેમણ..

(અચાનક ભાંગફોડના અવાજો આવે છે. જજના ટેબલ પાછળથી ધૂળના ગોટેગોટા ઊડે છે. જજ ગભરાઈને ઊભા થઈ બાજુ પર ખસી જાય છે. બેલિફ ભાગીને નીચે આવી જાય છે. ટેબલ પાછળથી હેલમેટ પહેરેલા કામદારો હાથમાં ત્રિકમ, પાવડા હથોડા, કોશ, ઘણ સાથે પ્રવેશે છે. એમની સાથે એક હેટધારી પુરાતત્ત્વવિદ છે. એના હાથમાં એક ખંડિત મૂર્તિ છે.)

નાયક : કોણ છો તમે? અને મારી કોર્ટમાં? આ બધું શું છે?

હેટધારી : ઓહ, માય સેલ્ફ આર્કિયૉલૉજિસ્ટ એસ. ચંદાકર..

નાયક : પણ એ તો ગુજરી ગયા છે ને?

હેટધારી : ઓહ! તમે આર્કિયૉલૉજિસ્ટ એમ. ચંદાકરની વાત કરતા લાગો છો. હી વોઝ માય ગ્રેટ ગ્રેટ ગ્રાંડ ફાધર.

સમીર : અબ્બાના અબ્બાજાન!

હેટધારી : (એક કાગળ બતાવતાં) સાહેબ, આ સરકારી આદેશ..

નાયક : (પોતાની ખુરશીમાં બેસતાં. ગેવેલ બતાવી) એક્સક્યુઝ મી.. મેં કોર્ટની કાર્યવાહી પૂરી નથી કરી. ગિવ મિ ફ્યુ મિનિટ્સ મિસ્ટર એસ. ચંદાકર. ચુકાદો ટાઇપ કરો કુમુદબહેન, (કાટમાળ બનેલી કોર્ટમાં હેટધારી અને કામદારો ઊભા છે. બંને વકીલ અને અસીલોના ચહેરા ખીલી ઊઠે છે. ક્લાર્ક ઝડપથી કમ્પ્યૂટર પર બેસે છે. ઉત્સાહવર્ધક સંગીત.)

નાયક : તમામ દસ્તાવેજી પુરાવા, સાક્ષીઓનાં નિવેદન, સમિતિઓની રચના અને કાર્યપ્રણાલી, હાઈકોર્ટનો આદેશ, વકીલોની પેરવી, બધાનો તલસ્પર્શી અભ્યાસ કર્યા બાદ આ કોર્ટ કેસ નંબર ૫૯૫૬/૪૭માં એવા તારણ પર આવે છે કે સરકારના જુદા જુદા વિભાગોએ સાંઠગાંઠ કરી, બેદરકારી દાખવી, અધિકારનો દુરુપયોગ કરી મનસ્વી રીતે ખુશરૂખાન અમજદઅલી મેમણ અને કિશનકુમાર ઘેલાભાઈ જોશીની વડીલોપાર્જિત મિલકત ઉપર કબ્જો કર્યો છે. સિત્તેર વર્ષ સુધી એમને પોતાના માલિકીહકથી દૂર રાખ્યા છે. આ ઘટનાને કારણે આ બંને પરિવારોએ સામાજિક, આર્થિક અને માનસિક નુકસાન ઉઠાવવું પડ્યું છે. એમનું જીવનધોરણ કથળી ગયું છે. તેથી આ કોર્ટ તત્કાળ અસરથી એમને એમની મિલકત પાછી સોંપવા અને વિભાગે જ્યારથી મિલકત હસ્તગત કરી છે ત્યાંથી લઈને આજ સુધીનું વળતર નાણાં સ્વરૂપે ચૂકવવા આદેશ આપે છે. સાથોસાથ

મંત્રાલયને ભલામણ કરે છે કે આ કેસમાં કોર્ટના સમન્સનો જવાબ ન આપવા બદલ, બિનજરૂરી વિલંબ કરવા બદલ સંકળાયેલા અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં ભરે જેથી ભવિષ્યમાં સામાન્ય નાગરિકે આવી હાલાકી ન ભોગવવી પડે. (ગેવેલ પછાડી) કોર્ટની કાર્યવાહી પૂરી થાય છે.

(ઉલ્લાસજનક સંગીત અને પ્રકાશ. ક્લાર્ક જજમેંટ પર જજની સહી લે છે. જજ હેટધારી પાસે જઈ)

નાયક : યસ મિસ્ટર ચંદાકર, આદેશ લાવો.

હેટધારી : (કાગળ આપતાં) આ આદેશ છે. આ જગ્યા હવેથી પુરાતત્ત્વ વિભાગ અને સંસ્કૃતિ મંત્રાલયના અધિકાર હેઠળ છે.

નાયક : એમ? શા માટે?

હેટધારી : આ વિસ્તારમાં પુરાતત્ત્વ વિભાગનું સર્વેક્ષણ ચાલતું હતું. અહીં જમીનની બસો ફૂટ નીચેથી ચંદેલા ડાયનેસ્ટીના સમયના, છઠ્ઠી સદીના અવશેષ મળ્યા છે. (મૂર્તિ નાયકને આપતાં) આ એ મૂર્તિ છે સાહેબ! આપણી ધરોહર..

નાયક : (મૂર્તિ હાથમાં લઈ જોતાં) યસ, આપણી ધરોહર..(મૂર્તિ પછી આપતાં) બસો ફૂટ નીચે!

ચંદાકર : વ્હોટ?

નાયક : એમ જ. હું સરકારના રાજ્યપત્રિત અધિકારી તરીકે આ આદેશનું પાલન કરું છું. (પગે લાગી ભીંત પરથી બાપુની છબી ઉતારે છે.)

નાયક : ચાલો, બાપુ..

(સંગીત સાથે દૃશ્ય સ્થિર થાય છે. મંચ પર અંધકાર.)

■

સ્ટીમરમાં મને દરિયો તો જરાયે ન લાગ્યો. પણ જેમ દિવસ જાય તેમ હું મૂંઝાતો જાઉં. 'સ્ટુઅર્ડ'ની સાથે બોલતાં શરમ લાગે. અંગ્રેજીમાં વાત કરવાની મને ટેવ જ નહોતી. મજમુદાર સિવાયના બીજા મુસાફરો અંગ્રેજ હતા. તેમની સાથે બોલતાં ન આવડે. તેઓ મારી સાથે બોલવાનો પ્રયત્ન કરે તો હું સમજું નહિ, ને સમજું ત્યારે જવાબ કેમ દેવો એની ગમ ન પડે. દરેક વાક્ય બોલતાં પહેલાં મનમાં ગોઠવવું જોઈએ. કાંટાચમચા વડે ખાતાં ન આવડે, અને કઈ વસ્તુ માંસ વિનાની હોય એ પૂછવાની હિંમત ન ચાલે. એટલે હું ખાણાના ટેબલ ઉપર તો કદી ગયો જ નહીં. કોટડીમાં જ ખાતો. મુખ્યત્વે મારી સાથે મીઠાઈ વગેરે લીધાં હતાં તેની ઉપર જ નિભાવ કર્યો. મજમુદારને તો કશોય સંકોચ નહોતો. તે તો સૌની સાથે ભળી ગયેલા. ડેક ઉપર પણ છૂટથી જાય. હું તો આખો દહાડો કોટડીમાં ભરાઈ રહું. કવચિત્ ડેક ઉપર માણસો થોડા હોય તે વેળા થોડી વાર ત્યાં બેસી આવું. મજમુદાર મને બધાની સાથે ભળી જવાનું, છૂટથી વાતો કરવાનું સમજાવે; વકીલની જીભ છૂટી હોવી જોઈએ એમ પણ મને કહે; પોતાના વકીલ તરીકેના અનુભવો વર્ણવે; અંગ્રેજી આપણી ભાષા ન કહેવાય, તેમાં ભૂલ તો પડે જ, છતાં બોલવાની છૂટ રાખવી જોઈએ વગેરે કહે. પણ હું મારી ભીરુતા ન છોડી શકું.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# ગ્રંથસમક્ષ કરતું મૂલ્યવાન સંપાદન

કિશોર વ્યાસ

આ પુસ્તક ૨૦૨૪ના વર્ષમાં નવપ્રકાશિત ગુજરાતી સાહિત્યના ગ્રંથોની સમીક્ષાઓ રજૂ કરે છે.

જે-તે સમયસંદર્ભમાં પ્રકાશિત થતાં પુસ્તકો પરોક્ષ રીતે સાહિત્યનો વરતારો આપનારાં છે. કવિતા કે વાર્તા જેવાં સર્જનાત્મક સ્વરૂપોની ગતિથી માંડીને એમાં પ્રવેશેલાં પ્રયોગાત્મક વલણો કૃતિ વિશેના યથાર્થ પ્રતિભાવોથી ઊપસી આવતા હોય છે એટલે કે સમીક્ષાપ્રવૃત્તિ સાહિત્યપ્રવાહોનું એમ સાહિત્યસ્થિતિનું સચોટ મૂલ્યાંકન આપે છે. જો સમીક્ષકે ઝીણું કાંત્યું હશે, કૃતિનું સઘન વાચન કર્યું હશે તો આવા સમીક્ષાલેખો ગ્રંથને સમક્ષ કરી આપતો આનંદ આપી શકે એ આ પ્રવૃત્તિની મહત્તા છે. સંપાદક રમણ સોનીએ આવા સુચિંતિત પ્રતિભાવ મેળવવા માટે કમર કસીને બ્યાસી જેટલી વિધ વિધ સ્વરૂપની સમીક્ષાઓનો થાળ અહીં રજૂ કરી દીધો છે. કોઈ સામયિકમાં દરેક અંકે ચાર-પાંચ સમીક્ષાઓ પ્રગટ થતી જોવા મળે છે જ્યારે અહીં તો એકીસાથે આટલાં પુસ્તકોને પ્રત્યક્ષ કરી આપનારા સમીક્ષકો અને વિધ વિધ સ્વરૂપની સમીક્ષાનો મેળાવડો છે. ગ્રંથસમીક્ષાના વાર્ષિક તરીકેનું આ કદમ સાહિત્ય પરિષદના એક અત્યંત નોંધપાત્ર કામ તરીકે સ્મરણમાં રહેશે.

સંપાદકે નિવેદનમાં આ ગ્રંથ વિશે, સાંપ્રત સમીક્ષાપ્રવૃત્તિ વિશે, જાણીતા અને અણજાણ્યા લેખકો માટે તેમ સમીક્ષાલેખનના મૂળગત પ્રશ્નો સંદર્ભે નિસબતથી જે નોંધ કરી છે એ આપણી સમીક્ષાપ્રવૃત્તિનું આકલન કરનારી છે. વ્યાપક રૂપની પણ નિર્ધારિત અપેક્ષાઓને દર્શાવતો અનૌપચારિક પત્ર દરેક સમીક્ષકને એમણે પાઠવેલો. સમીક્ષાનાં ધોરણો અને સમીક્ષાના સંતુલન માટેનો આ આગ્રહ પણ સંપાદકની સાહિત્યનિષ્ઠાને પ્રગટ કરી આપનારો છે.

આ પુસ્તકમાં સાતેક જેટલા સમીક્ષકો પાસે એકથી વધુ સમીક્ષાઓ મળી છે. બાકીના તમામ સમીક્ષકોને યોગ્ય એવાં પુસ્તકોની સમીક્ષા સોંપવા માટેની યાદી ઘડી એની સંમતિથી માંડીને અંતિમ તારીખ સુધી લેખ મેળવવા મથામણ કર્યા કરવી એ કષ્ટસાધ્ય કામ સંપાદકે કરી બતાવ્યું છે. પુસ્તકોની ઠીક ઠીક વ્યાપક અને બહુસમાવેશી પસંદગી સંપાદકે કરી છે. મોટિવેશનલ, પ્રાસંગિક વિચારણાના પુસ્તકો, પુનર્મુદ્રણો, સંપાદનમૂલ્ય વિનાનાં સંકલનો, સારાનુવાદ આપતાં પુસ્તકો તથા કોઈ પણ રીતે સમીક્ષ્ય ન લાગેલાં

સાધારણ પ્રકાશનોને સંપાદકે પસંદગીની બહાર રાખ્યાં છે તેમ છતાં એક વર્ષમાં પ્રકાશિત થતાં પુસ્તકોની સંખ્યાને ધ્યાનમાં લઈએ તો કોઈને આટલી સમીક્ષા પણ ઓછી લાગવાનો સંભવ છે.

'દરેક વાર્તા વિશે વિગતે વાત કરવાની આ જગા નથી.' જેવાં વિધાનો ઘણી સમીક્ષામાં છે એની પાછળ સંપાદકે નિયત કરેલી શબ્દમર્યાદા છે. પ્રસ્તારી લેખોના મુદ્દાઓ અળપાઈ ન જાય અને સાતત્ય ટકી રહે એ માટે કાંટછાંટ કરવાનો શ્રમ પણ સંપાદકે ઊલટથી કર્યો છે અને લેખશીર્ષકો ઉપરાંત સુબદ્ધ ફેરલેખન વિશે સમીક્ષક સાથે સંપાદકની સતત સંવાદ જાળવી રાખવાની સક્રિયતાને કારણે એનું પરિણામ અહીં જોઈ શકાય છે.

મોટા ભાગના સમીક્ષકોએ સંતુલિત સમીક્ષાઓ આપી છે. જે લાગ્યું તે નિર્ભીકતાથી ને નિસબતથી લખ્યું છે. આવા સ્પષ્ટ અભિપ્રાયવાળી અનેક સમીક્ષાઓનાં ઉદાહરણો અહીં આપી શકાય જેમ કે ઉર્વીશ કોઠારીએ કરેલી 'ગુરુદત્ત : ત્રિઅંકી શોકાંતિકા' (અરુણ ખોપકર, અનુ.અશ્વિની બાપટ), નિવ્યા પટેલે પારુલ બારોટના વાર્તાસંગ્રહ 'અનરાધાર'ની કરેલી સમીક્ષા.

કાવ્યસંગ્રહોની મોટા ભાગની સમીક્ષાઓ પંક્તિઓનો ટેકો લઈને ચાલે છે. એમાં લથડતા લયની, છંદત્રુટીની કે પુનરાવર્તનોની નોંધ સમીક્ષકોએ ઝીણવટથી કરી છે. સિતાંશુ યશશ્ચન્દ્ર જેવા સમર્થ કવિ છંદની વિગતે ચર્ચા માંડે એ તો બરાબર પણ આપણા અન્ય સમીક્ષકો ગઝલના ઓછા જાણીતા છંદોની પણ ચર્ચા મૂકી આપે છે ત્યારે એમના અભ્યાસ માટે માન થાય છે. કેટલાક સમીક્ષકોએ કૃતિઆસ્વાદનો રસ્તો અપનાવ્યો છે. નવલકથા આસ્વાદના આવા ઉત્તમ નમૂના વિનેશ અંતાણી, મીનલ દવે અને સુશ્રુત પટેલની સમીક્ષામાંથી સાંપડે છે. કોઈ સમીક્ષકોએ એકેક લેખની તપાસમાં ઊતરવાનું મુનાસિબ માન્યું છે. જેમ કે નીના ભાવનગરીએ કરેલી 'દિનાન્તે'(સં. રમણ સોની, હિમાંશી શેલત) ની સમીક્ષા. દરેક લેખના વિશેષ અને મર્યાદાઓને તેઓ પ્રકાશમાં લાવી મૂકતાં હોવાથી જાણે મૂળ પુસ્તક વાંચતા હોઈએ એવો અનુભવ પમાય છે. આવી જ એક ઉત્તમ સમીક્ષા 'માતૃભાષા મોરી મોરી રે : (સં. અનિતા તન્ના, રમેશ તન્ના) રમેશ આ. ઓઝાની છે. લેખોની ચર્ચા કરતાં તેઓ મહત્ત્વનું નિરીક્ષણ આપે છે કે : 'સંપાદન પણ એક જાતનો સ્વાધ્યાય છે. ગુજરાતી સાહિત્યમાં સંપાદનો ઓછાં, ને આવાં સંકલનો કે સંચયો જ વધુ થયાં છે.' (પૃ.૨૦૪) સમીક્ષાઓ સાંપ્રત સાહિત્યસ્થિતિનું નિદાન કરી આપતી હોય છે. એ માટે સમીક્ષક ધોરણોનો આગ્રહ રાખી આકરી વાણીનો પ્રયોગ કરતા હોય તો એમાં સાહિત્યખેવનાને જ જોવી જોઈએ.' અનુઆધુનિક ટૂંકી વાર્તાઓમાં 'ગ્રામચેતના' (નીતિન પટેલ) સંશોધનગ્રંથની પ્રવીણ કુકડિયાએ કરેલી સમીક્ષા ધ્યાન ખેંચનારી છે. સંશોધન દિશાનો ચિતાર આપતાં તેઓ કહે છે કે' આપણે ત્યાં સંશોધકને સંશોધન કરવા માટે આર્થિક સહાય, સંદર્ભસામગ્રી મેળવવા બાબત અનેક પ્રકારની સગવડ પહેલાં કરતાં વધુ મળતી હોવા છતાં આપણાં સંશોધનો નબળાં, સંશોધન પદ્ધતિનો ઉલાળિયો કરી નાખનારાં, સંશોધનની આગવી શાસ્ત્રીય ભાષાને બદલે અંગત અને મનઘડંત અભિપ્રાયોના

મારાવાળા બનતા જાય છે : એ આપણા વિદ્યાજગત માટે ખેદકારક વાત ગણાય' (પૃ.૮૩). સંશોધનના મૂળ હેતુ તરફ ધ્યાન દોરતી 'ટૂંકી વાર્તામાં વસ્તુસંકલના'(સુશીલા વાઘમશી) સેજલ શાહની સમીક્ષા પણ અન્ય સંશોધકોને પ્રેરક બને એવી વિગતોથી ઘડાયેલી છે. મહેન્દ્રસિંહ પરમારના 'અક્ષરપ્રતિમા કિસનસિંહ ચાવડા' સંશોધનગ્રંથ વિશેની સમીક્ષા કરતાં પ્રફુલ્લ રાવલે સૂઝસમજથી આકારિત થયેલા આ વિદ્યાકાર્યને મહત્ત્વનું ગણાવ્યું છે. વ્યાપક રીતે આપણા સ્વાધ્યાય પ્રમાદની નોંધ આપતાં તેઓ કહે છે : 'મહાનિબંધલેખન નિમિત્તે આપણે ત્યાં મહદ્અંશે જે સ્વાધ્યાય થાય છે તેમાં ચતુર્દિશ થયેલા પૂર્વસૂરિના સ્વાધ્યાયલેખનના અંશો-અવતરણોનું સંકલન કરીને સંશોધન-સ્વાધ્યાય કર્યાનો સંતોષ માનવાની પ્રણાલી દઢ થઈ છે. રૂઢ પણ થઈ છે. ત્યાં એ સંશોધન-સ્વાધ્યાયના મૌલિક અર્થઘટનની ઉપસ્થિતિ ભાગ્યે જ વર્તાય છે.' (પૃ.૨૨૪) એ જાણે પ્રવીણ કુકડિયાના મતનું સમર્થન છે. 'પ્રથમા-પૂષા'(દેવાંગી ભટ્ટ) નવલકથાનાં સમીક્ષક મીનલ દવેને એકવીસમી સદીના ત્રીજા દાયકાના આરંભે ગુજરાતી નવલકથા પોતાનું વહેણ બદલી રહી હોય એમ લાગે છે. બદલાયેલા સામાજિક સંદર્ભોને આ સર્જકો કઈ રીતે સાહિત્યમાં ઝીલે છે તે આ નવલકથામાં પામી શકાય. 'હવે નૈતિક મૂલ્યો કે સામાજિક દાયિત્વ કરતાં અંગત અસ્મિતાનું આલેખન વધારે અગત્યનું બની રહે છે' જેવી નોંધ કેવળ કૃતિને નહીં પણ સમગ્ર પ્રવાહને અવલોકે છે એ ધ્યાનપાત્ર બને.

અહીં સમીક્ષિત કૃતિ સાથે પૂર્વે થયેલાં અન્ય પુસ્તકોના સંદર્ભો દાખલ થાય છે ત્યારે સમીક્ષાનો પટ વિસ્તરે છે. નવું જાણવાની અને તુલનાવવાની તક સાંપડે છે. જેમ કે કિરીટ દૂધાત અભિમન્યુ આચાર્યના વાર્તાસંગ્રહ 'લગભગપણું'ની સમીક્ષા કરે છે ત્યારે એમના પ્રથમ વાર્તાસંગ્રહના પડાવની નોંધ જિજ્ઞાસુ વાચકોને ઉપયોગી નીવડે છે. 'પરકીયા'(સં. શરીફા વીજળીવાળા)ના સંપાદન વિશે ડંકેશ ઓઝાએ વાત કરતી વેળાએ વિનોદ ભટ્ટના સંપાદન 'શ્લીલ-અશ્લીલ'ને પણ ચર્ચામાં ગૂંથી લીધું છે. એ જ રીતે 'મહાપંથી પાટ પરંપરા અને તેના સંતકવિઓ'(દલપત પઢિયાર)ના સમીક્ષક બળવંત જાનીએ આ દિશાના અન્ય ગ્રંથોને પણ નોંધ્યા છે. ચન્દ્રકાન્ત ટોપીવાળાના કાવ્યસંગ્રહ 'કાલવેગ'ની સમીક્ષા કરતાં સિતાંશુ યશશ્ચન્દ્રે સમયની દુદાન્ત ગતિને અને મૃત્યુને આલેખતી ગુજરાતી કવિતાની પરંપરાનો અહીં જે રસપ્રદ આલેખ આપ્યો છે એ વાચકને સમીક્ષા ઉપરાંતનું ભાથું પૂરું પાડે છે. અનુવાદિત કૃતિ 'નાચિકેત સૂત્ર'(હરીશ મીનાશ્રુ, અં.અનુ. રાજેન્દ્રસિંહ જાડેજા)ની સમીક્ષામાં કાવ્યાનુવાદના પડકારો વિશેની નોંધ જે રીતે હિમાંશી શેલતે ઉપસાવી છે એ સમીક્ષાનો વિશેષ બની રહે છે. સાયંસ ફિકશન 'અસ્તિત્વનો અહેસાસ'(જિગર સાગર)ની સમીક્ષા સાથે સુશ્રુત પટેલની વિજ્ઞાનકથાઓની જે નોંધ છે એ જોતાં કહી શકાય કે એ સમીક્ષકોએ માત્ર કૃતિજગતની જ નહીં, પરંપરાની પણ યાત્રા કરાવી છે.

એકની એક વાત પર ફરી આવીને ઊભા રહી જાય એવાં પુનરાવર્તનો પરત્વે સમીક્ષકોએ સભાન રહેવાની જરૂર છે. 'કાશ્મીરની ભીતરમાં'(જયંત ડાંગોદરા) વિશે ભારતી રાણેની સચોટ સમીક્ષા છે પણ 'જીએ તો કૈસે!' પ્રકરણની વાતનું પુનરાવર્તન થયું છે.' મારા

જીવનઘડતરના ઘાટ'(રાઘવ કનેરિયા)ની સમીક્ષા કરતાં નિસર્ગ આહીર પણ વિગતોનું પુનરાવર્તન કરે છે. અનુક્રમમાં આ પુસ્તકને આત્મકથા વિભાગ તળે અને લેખના મથાળે એને સંસ્મરણો નામે મુકાયું છે. સમીક્ષામાં 'આ એક ભાવુક સર્જક છે', જ્યાં માનવમનનો વિશેષ પ્રગટ થયો છે એવી કેટલીક ક્ષણો વાંચવા, જાણવા અને માણવા જેવી બની છે' જેવાં શિથિલ વિધાનો, 'ગેરકાનૂની ભ્રષ્ટાચાર'જેવા શબ્દપ્રયોગોથી સમીક્ષકે સાવધાન રહેવું જોઈએ. સમીક્ષકોએ ક્યાંક જાહેર માહિતીઅધિકારીની ભૂમિકા પણ અદા કરી છે. જેમ કે 'ઈવા ડેવ એ મહિલા નથી. પુરુષ છે.' (પૃ.૧૧૭) 'સંજુ વાળા આ સાલમાં સેવાનિવૃત્ત થયા છે.' (પૃ.૨૦૯) સમીક્ષાને આ વિગતો ઉપકારક નથી. આદ્ય વિવેચક નવલરામ ગ્રંથકર્તાને સલાહ આપતા કે :' ભાઈ, નમ્રતા રાખો, અભ્યાસ વધારો, ભાઈ લલ્લુને અમારી ભલામણ છે કે હાલ કેટલોક વખત સુધી નાટકફાટક લખવાનું ચેટક મૂકી દઈ છૂટક કવિતા બનાવવામાં જ મંડ્યા રહેવું' એમ રાજેશ અંતાણીના 'પાણીનો અવાજ' વાર્તાસંગ્રહમાં વિષયવૈવિધ્ય હોવા છતાં એનો મર્યાદિત વ્યાપ જોઈને લેખક પાસે જો વાર્તાના વિષયો ન હોય તો લેખકને સલાહ આપતાં નિરૂપમ છાયાથી લખાઈ ગયું છે કે : 'સાંપ્રત સમયના ઘણા નવા પ્રશ્નો, સંબંધોની સંકુલતા, ભૌતિકતા પાછળની દોટ વગેરે જેવા ઘણા મુદ્દા વાર્તાના વિષય બની શકે.(પૃ.૧૬૪)

સોંસરવી ગતિ અને સાફ નિરીક્ષણોને કારણે મોટા ભાગની સમીક્ષાઓ આસ્વાદ્ય બની આવી છે. પ્રવાહિતા અને સ્પષ્ટતા આ ગ્રંથનો વિશેષ છે. 'ઢોલકીવાળા બમનજી' (ગિરા ભટ્ટ)ની કોમલ ઠાકરે કરેલી સમીક્ષાથી લઈને 'શબ્દમૂળની શોધ'(હેમન્ત દવે, સુહાગ દવે) ની કિશન પટેલની સમીક્ષા સુધી ઉત્તમ સમીક્ષાઓની યાદી તૈયાર કરી શકાય એવું આ ગ્રંથનું વિત્ત બંધાવા પામ્યું છે.

અહીં સમીક્ષક રૂપે આપણા ગણમાન્ય સર્જકો છે તો બીજે છેડે અલ્પખ્યાત સમીક્ષકો છે. સમર્થ સર્જકો સાથે નવસમીક્ષકોના સાહિત્યતંતુને જોડવાનું કામ આ ગ્રંથ થકી થયું છે. સમીક્ષા માટે સમીક્ષકોએ પસંદ કરેલાં ઓજારો પણ ધ્યાન ખેંચે છે. 'નાચિકેત સૂત્ર'ના અનુવાદમાં અનુવાદના સંદર્ભમાં, વિજય પંડ્યાએ કરેલા 'અરણ્યકાંડ'ના અનુવાદ બાબતે રમણ સોનીની સમીક્ષા પણ અનુવાદનાં રસસ્થાનો અને રસવિઘ્નો પર ચાલે છે જ્યારે 'પુરાકથાનો અર્થ'(સદાશિવ ડાંગે, અનુ. ધ્વનિલ પારેખ) ગ્રંથ વિશે રાજેન્દ્ર પટેલની સમીક્ષામાં પુરાકથાનાં દષ્ટાંતો મુખ્ય છે. કવિતા, વાર્તા, નિબંધ અને નવલકથાના સમીક્ષકો વસ્તુવિષયો, અભિવ્યક્તિ, નવતા, આયોજન, પાત્રગત સંકુલતા જેવી બાજુઓને કેવી રીતેભાતે મૂકી આપે છે એનો તોલ વાચક અહીં કરી શકશે.

આ ગ્રંથનું સુઘડ મુદ્રણસંયોજન પણ ઘણું આકર્ષક છે. પ્રત્યેક જગાનો સંપૂર્ણ ઉપયોગ સૌદર્યદષ્ટિએ અહીં થયો છે. સમીક્ષાઓને મથાળે સ્વરૂપનોંધ અને પુસ્તક-લેખક-સમીક્ષક પછી અપાયેલાં માર્મિક શીર્ષકો એનું જમા પાસું છે તેમ છતાં અહીં સમીક્ષિત ગ્રંથની અન્ય વિગતો દાખલ કરવાનું સંપાદક કેમ ચૂકી ગયા? એ તો સ્પષ્ટ છે કે આ તમામ ગ્રંથો ૨૦૨૪માં પ્રકાશિત છે પણ પુસ્તકનું કદ, પૃષ્ઠ અને એનું મૂલ્ય દર્શાવવાની તો

પુસ્તકસમીક્ષાની પરંપરા રહી છે. આટલી વિગતો ભવિષ્યના અભ્યાસીને પણ ખપમાં રહેવાની. ખાસ તો, નવ સમીક્ષકોને માટે આ વિગતો તાલીમનો એક ભાગ બની રહે.

મૂળ પુસ્તક સુધી વાચક દોરાય એવી સમીક્ષાઓ કરનારા સમીક્ષકો પણ આ ગ્રંથ નિમિત્તે અભિનંદનના અધિકારી છે. સમીક્ષાલેખન, સંપાદન અને પ્રકાશનની આ ત્રિવેણી દસ્તાવેજીકરણ માટે પણ મૂલ્યવાન બની રહેશે.

ગુજરાતી સાહિત્યપરિષદ આ ઉપક્રમને સાતત્યથી જાળવી રાખે એવું ઇચ્છવું કોને ન ગમે ?

[સમક્ષ(ગ્રંથસમીક્ષાઓ) : સં. રમણ સોની, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર. આ. ૨૦૨૫, ડ.ક્રા., પૃ. ૨૮૦, મૂલ્ય રૂ. ૪૫૦.]

■

હોટેલમાં તો અમને બન્નેને આવી ભરાયા જેવું લાગ્યું. હોટેલ પણ મોંઘી. માલ્ટાથી એક સિંધી ઉતારુ ચડેલા, તેમની સાથે મજમુદાર ઠીક હળી ગયા હતા. આ સિંધી ઉતારુ લંડનના ભોમિયા હતા. તેમણે અમારા સારુ બે કોટડી રોકી લેવાનું માથે લીધું. અમે સંમત થયા અને સોમવારે સામાન મળ્યો તેવા જ બિલ ચૂકવીને પેલા સિંધી ભાઈએ રાખેલી કોટડીઓમાં અમે પ્રવેશ કર્યો. મને યાદ છે કે મારા ભાગમાં હોટેલનું બિલ લગભગ ત્રણ પાઉંડ આવ્યું હતું. હું તો આભો જ બની ગયો. ત્રણ પાઉંડ આપવા છતાં ભૂખ્યો રહ્યો. હોટેલના ખાવામાંનું કંઈ ભાવે નહીં. એક વસ્તુ લીધી તે ન ભાવી. બીજી લીધી. પણ પૈસા તો બન્નેના જ આપવા જોઈએ. મારો આધાર હજુ મુંબઈથી લીધેલા ભાતા ઉપર હતો એમ કહીએ તો ચાલે.

પેલી કોટડીમાં પણ હું તો ખૂબ મૂંઝાયો. દેશ ખૂબ યાદ આવે. માતાનો પ્રેમ મૂર્તિમંત થાય. રાત પડે એટલે રડવાનું શરૂ થાય. ઘરનાં અનેક પ્રકારનાં સ્મરણોની ચડાઈથી નિદ્રા તો શાની આવી જ શકે? આ દુઃખની વાત કોઈને કરાય પણ નહીં. કરવાથી ફાયદો પણ શો? હું પોતે જાણતો નહોતો કે ક્યા ઇલાજથી મને આશ્વાસન મળે. લોકો વિચિત્ર, રહેણી વિચિત્ર, ઘરો પણ વિચિત્ર. ઘરોમાં રહેવાની રીતભાત પણ તેવી જ. શું બોલતાં ને શું કરતાં એ રીતભાતના નિયમોનો ભંગ થતો હશે એનું પણ થોડું જ ભાન. સાથે ખાવાપીવાની પરહેજી અને ખાઈ શકાય તેવો ખોરાક લૂખો અને રસ વિનાનો લાગે. એટલે મારી દશા સૂડી વચ્ચે સોપારી જેવી થઈ પડી. વિલાયત ગમે નહીં ને પાછા દેશ જવાય નહીં. વિલાયત આવ્યો એટલે ત્રણ વર્ષ પૂરાં કરવાનો જ આગ્રહ હતો.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

બે મૌન વચ્ચે સંગોપી રાખેલી લાગણીની વાર્તા અજય સોનીની વાર્તા

# ‘રેતીમાં ખૂંપેલું મોરચંગ’

વિજય સોની

અજય સોનીનો પ્રથમ વાર્તાસંગ્રહ ‘રેતીનો માણસ’ ૨૦૧૭માં પ્રગટ થયો. ૨૦૨૪માં એમનો બીજો વાર્તાસંગ્રહ ‘તળેટીનું અંધારું’ પ્રગટ થાય છે. પ્રથમ વાર્તાસંગ્રહને વિવિધ માન-અકરામ મળ્યાં છે. જેથી લેખક સર્જનકર્મ પ્રત્યે વધુ સભાન થયા છે. જેનો ઉલ્લેખ લેખક બીજા સંગ્રહના લેખક નિવેદનમાં છે;

“પ્રથમ વાર્તાસંગ્રહ ‘રેતીનો માણસ’ પ્રગટ થયો એ સમયે શબ્દ પ્રત્યે એક પ્રકારનું મુગ્ધ ખેંચાણ હતું. આજે પણ છે. પરંતુ તેમાં બીજું તત્ત્વ ઉમેરાયું છે – શબ્દ ઉપાસના. શબ્દની નજીક બેસવાની લગની ઉત્તરોત્તર વધતી જાય છે. આજે ‘રેતીનો માણસ’ની વાર્તાઓ જોઉં છું તો એવું પ્રતીત થાય છે કે એ વાર્તાઓ મને સામે ચાલીને મળી હતી.

પ્રથમ સંગ્રહનો શબ્દ વિવિધ સંસ્થાઓ દ્વારા પોંખાયો. તેના કારણે હું નૈસર્ગિક શક્તિ પ્રત્યે વધુ સજાગ બન્યો. શબ્દના રિયાઝ પ્રત્યેનું ખેંચાણ વધ્યું. પરિણામે સંવેદનકથાઓ, નવલકથા, નિબંધો, સંપાદન જેવાં સ્વરૂપોમાં વ્યક્ત થવાનું બન્યું. બાહ્ય જગત બદલાતું રહે છે એમ મારું આંતરજગત પણ બદલાય છે. પરિણામે કહેણી અને દૃષ્ટિ પણ બદલાય છે. મારી અંદર આવેલા બદલાવને તટસ્થભાવે જોઉં છું તો આશ્ચર્ય થાય છે. મુગ્ધતાની લગોલગ પાકટતા આવીને બેસી ગઈ છે.” (તળેટીનું અંધારું)

તે ઉપરાંત બીજા સંગ્રહમાં વાર્તાકારે એમની લેખનપ્રક્રિયા વિશે લખ્યું છે. જેમાં ટૂંકી વાર્તા વિશેના એમના ખ્યાલો સ્પષ્ટ થાય છે.

આ સંગ્રહમાં કુલ બાર વાર્તાઓ છે. પરિસ્થિતિને હાથે પરાજિત થઈને ન્યૂન થતા જતા માણસની વાત કરતી અજયની વાર્તાઓ ઝીણા સંવેદનનું આલેખન કરે છે. જાણીતો મહાવરો વાપરીએ તો અજય સોનીકામની જેમ નકશી વડે ઘટનાઓને ખૂબ બારીકીથી જુએ છે. અજય સોની એમની વાર્તાઓમાં આ અમૂર્ત ગૂંચને ચીંધી બતાવે છે. એમની અગાઉની વાર્તાઓમાં એમણે ઘટના બની ગયા પછી પાત્રોનાં મનમાં ઉઠતાં વલયોનું નિરૂપણ કર્યું છે. જ્યારે આ સંગ્રહની વાર્તાઓમાં વાર્તાકારે ઘટનાઓના તાંતણાઓ દ્વારા સંબંધોમાં રહેલા અવકાશનું ચિત્રણ કર્યું છે.

અહીં સંગ્રહમાંની ‘રેતીમાં ખૂંપેલું મોરચંગ’ વિશે આસ્વાદની ભૂમિકાએ વાત કરવાનો વિચાર છે.

આ વાર્તા સર્વજ્ઞ કથક વડે કહેવાઈ છે. વાર્તાનાયિકા રોમત કચ્છના કોઈ નાનકડા ગામમાં(વાંઢમાં) રહીને ભરત ભરવાનું કામ કરી રહી છે. વાર્તાકારે કચ્છનો એમને સુપરિચિત ભાતીગળ પરિવેશ પસંદ કર્યો છે. પાત્ર કયા પરિવેશમાં મુકાય છે તે પરથી જ તેના વર્તનનાં કારણોની તપાસ કરી શકાય. ભુંગામાં રહેતી ઘણી બધી સ્ત્રીઓ ભરતકામ કરી રહી છે. બહારથી સર્વે કરવા માટે સાહેબ, સ્ત્રીઓનાં ભરતકામ અને એમના જીવન વિશે જાણકારી મેળવવા માટે વાંઢમાં આવે છે. 'સાહેબ ભુંગામાં હશે કે પછી જતા રહ્યા હશે.' એની ચિંતામાં રોમતથી ભરત ભરતાં ભરતાં ખોટા ટેભા ભરાઈ જાય છે. અહીં ભરતકામની સાથોસાથ રોમતના મનોભાવોને સાંકળીને લેખકે શબ્દોનું ભરતકામ પણ કર્યું છે.

પહેલી વાર સાહેબનો પરિચય કરાવતી વખતે સરપંચે જ્યારે સાહેબને બે શબ્દ બોલવાનું કહ્યું ત્યારે પુરુષો સાહેબને અવગણતા હોય એમ આઘાપાછા થઈ ગયા, પણ સ્ત્રીઓ ધ્યાનથી સાંભળતી હતી. આમ લેખકે ઝીણી ઝીણી વિગતો વડે સાહેબ અને વાંઢની સ્ત્રીઓ વચ્ચે રચાતું સહાનુભૂતિનું વાતાવરણ રચ્યું છે. આ પહેલાં ઘણા સાહેબ આવી રીતે ભરતકામનાં વખાણ કરતાં વિદેશમાં એની માંગ હોવાના ખોટા આશ્વાસન આપીને જતા રહ્યા છે, પરંતુ આ સાહેબ કંઈક નોખા છે અને કશુંક નક્કર કરી બતાવશે એવો વિશ્વાસ વાંઢની સ્ત્રીઓને અને ખાસ કરીને રોમતને બેસતો જાય છે.

બધી બાયું એક ઢળતી બપોરે સાહેબની આજુબાજુ ઊભી રહીને ભરતકામની વાતો કરતી હોય છે ત્યારે રોમતના પતિ મજીદનું આગમન થાય છે. સાહેબ અને મજીદ વચ્ચેનું આ પ્રથમ એન્કાઉન્ટર છે. અહીં મજીદની રૂક્ષતા, કરડાકી અને ભુંગાની સ્ત્રીઓમાં મજીદના નામના ભયનો પરિચય સાહેબની સાથોસાથ વાચકને પણ થાય છે.

મજીદ દિવસો સુધી ગાયબ રહેતો અને અચાનક પાછો આવી જતો. એટલે કંઈક ગુનાખોરીનું રહસ્યમય કામ કરે છે, એવું વાર્તાકાર કહેવા માંગે છે. રોમતની આજીજી, પ્રેમસભર લાગણીનો મજીદ ઊના વાયરા જેવો સૂકો પ્રતિસાદ આપે છે. કડક પુરુષ હોવાના વારંવાર પુરાવા આપતો મજીદ અને મૃદુ અવાજે શાંતિથી સાંભળતા સાહેબ. રોમત બંને વચ્ચે મનોમન સરખામણી કરતી રહે છે. જ્યારે સાહેબ એમ કહે કે "બાયુંમાંય જીવ તો હોય કે નઈ? અમથા કાંઈ ટેરવાં ચાલે ને મોર જીવતા થઈ જાય?" સાહેબ સ્ત્રીને એક object તરીકે નહીં પણ પુરુષસમોવડી તરીકે જુએ છે. સાહેબના સ્ત્રીઓ પ્રત્યેના ઔદાર્યનો રોમત પર ઊંડો પ્રભાવ પડે છે. રોમતને, ભુંગા ખખડાવતો વાયરો જાણે કોઈ કાળ કે દુશ્મન જેવો વર્તાય છે. ભુંગાની સ્ત્રીઓ અને સાહેબના સમાજની સ્ત્રીઓ વચ્ચેનો ભેદ સાહેબના વર્તન પરથી કળી શકાય છે. સાહેબના વર્તન અને એની સામે મજીદનું વર્તન એ બન્નેનો તીવ્ર વિરોધાભાસ રચીને વાર્તાકારે તાણ ઊભી કરી છે. રોમતના મનમાં સતત સાહેબ અને મજીદ બન્ને વચ્ચે સરખામણી થતી રહે છે. વાચક પણ એ સરખામણી અનુભવતો રહે છે.

સાહેબની ભુંગાના લોકો પ્રત્યેની અતિ ઘનિષ્ઠતા મજીદને ખટકે છે. એ જાસૂસ હોઈ શકે છે એવું કહીને લોકોના મનમાં શંકાનાં બીજ વાવતો મજીદ, સાહેબને જીવતો ભોંયમાં દાટી દેવાની વાત કરે છે. રોમતનું ભુંગું સૌથી છેવાડે હોય છે. ત્યાંથી રણ શરૂ થઈ જાય છે. એક સવારે વાવડો વીંઝાય છે. રોમતને દૂરથી એક સાંઢણી આવતી નજરે પડે છે. એ આખી ઘટનાના નિરૂપણમાં અદ્‌ભુત દૃશ્યાત્મકતા રચાઈ છે. લૉંગ શૉટ અને

ક્લોઝ અપ શૉટ સાથે ઘટના આકાર લે છે. અને અંતે રોમત જુએ છે કે સાહેબ એના ભુંગા નજીક આવી ગયા છે. સાહેબ આવીને એનું ભરતકામ જોવા માંગે છે. શરૂઆતમાં રોમત આનાકાની કરે છે. પણ કોઈ અગમ્ય ભાવતત્ત્વથી ખેંચાતી હોય એમ એ પોતાનું કામ ખડકામાંથી કાઢીને સાહેબને બતાવવા લાગે છે. સાહેબ વખાણ કર્યે જાય છે. ત્યારે સાહેબના લહેરાતા વાળ અને મજીદની વધેલી રેતીથી ભરાયેલી દાઢી રોમતને એકસાથે યાદ આવે છે. મજીદ બોલે ત્યારે પણ જાણે મોઢામાંથી સૂકી રેતી ખરતી હોય એવું રોમતને ભાસે છે. સાહેબ એનું ભરતકામ જોઈ રહ્યા હોય છે ત્યારે રોમતને ભુંગાની બારીમાંથી કોઈ આવતું ભળાય છે. સાહેબ મગ્ન થઈને રોમતનું ભરત જોતા રહે છે ત્યારે રોમત ચોર નજરે સાહેબને નિહાળતી રહે છે. પછી અચાનક એ સભાન બની જાય છે કે 'રખે ને કોઈ સાહેબને અહીં પોતાના ભુંગામાં જોઈ લે તો?' એ એક વાર સાહેબને તાકીદ પણ કરે છે કે 'તકડ કરજો કોઈ દેખી જાશે તો ભૂંડું થાશે.' અહીં આ વાર્તામાં વાર્તાકારે કેટલાક કચ્છી ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો છે. જે વાર્તા અને વાતાવરણને જીવંત બનાવવામાં મદદ કરે છે. રોમત એકાએક સાહેબના હાથમાંથી ભરતકામ આંચકી લઈને ખડકામાં ભરવા લાગે છે. સાહેબને આશ્ચર્ય થાય છે. રોમત, સાહેબને સ્પષ્ટ શબ્દોમાં સૂચના આપે છે કે, "અઈયા પાણી માટે લોહી વે છે. તમારા જેવા સીધા માડૂનું કામ નથી. ઝટ વાટ પકડજો. આજ રાતનો વિચાર થાય તો કાલ સવાર મ કરજો."

સાહેબને રોમતનું ઝડપથી બદલાયેલું વર્તન સમજાતું નથી. "મને સમજાતું નથી કે તમને એકાએક શું થઈ ગયું." સાહેબના પુછાયેલા પ્રશ્નના જવાબમાં રોમત પણ પોતાના મનોભાવની અસ્પષ્ટતાથી મૂંઝાઈને બોલી ઊઠે છે. "મને પણ એ સમજાતું નથી." અને એ સાહેબને હિંમત કરીને પૂછી બેસે છે "તમે જાસૂસ તો નથી?" અહીં રોમતને જાણે પોતાને જ આશ્વાસન જોઈતું હતું કે સાહેબ જાસૂસ ન હોય તો સારું. એ સાહેબને ભરત ભરેલી ધડકી આપવા ઇચ્છે છે પણ આપી શકતી નથી. એને લાગે છે કે સાહેબને પોતે આપી શકે એવી આ એક જ વસ્તુ છે.

એ સાંજના રોટલા ઘડવા ચૂલો સળગાવે છે. બપોરે સાહેબના ગયા પછી એની આંખ મીંચાઈ ત્યારે જે સપનું આવ્યું હતું એ યાદ આવે છે. સપનામાં પોતાના વાડામાંનું બાવળનું ઝાડ જાણે પીલુંનું હોય એવું દેખાય છે. એના પર રતુંબડાં પીલું લટકતાં હોય છે. રોમતના હોઠના ખૂણે મલકાટ ભરાયો. અલપ-ઝલપ દશ્યો દેખાવા લાગે છે. પીલુના ઝાડ નીચે એ અને સાહેબ ઊભા છે. વરસવાની તૈયારી કરતું આકાશ ઘેરાઈને ઝળૂંબી રહ્યું હોય છે. રોમતની બંધ મૂઠીમાં મોરચંગ છે. એ સાહેબને પૂછે છે કે તમને વગાડતાં આવડે છે? સાહેબ હસી પડે છે. એ સાથે રોમત પણ હસી પડે છે. વીજળીનો કડાકો અને ધીમી ધારે ફોરાં પડવા લાગે છે. એક સાંઢણી પીલુના ઝાડ નીચેથી દોડીને ક્ષિતિજ તરફ જઈ રહી છે. એના પર બે જણ બેઠા છે. રોમતના હાથમાંથી મોરચંગ છટકીને રેતીમાં પડી જાય છે. પાછળ ઘેરાયેલું આકાશ વરસી પડે છે. અહીં વાર્તાકારે સ્વપ્ન વડે રોમતની અકથ્ય લાગણી અને સમગ્ર મનોસંસાર તાદશય કરી આપ્યો છે.

ક્ષિતિજ પાસે સાંજ ઊતરી આવી છે અને એક સાંઢણી આવીને ઊભી રહે છે. ઠેક મારીને મજીદ એના પરથી ઊતરે છે. રોમતને વાડામાં સાંઢણી બાંધવાનું કહીને મજીદ ગુસ્સામાં બોલે છે. "આટલી ખેપ કરી પણ કોઈ દી' નથી ચાતર્યો. આજે માંડ બચ્યો

છું. નક્કી ઈ સાહેબે બાતમી દીધી છે. ભલે દીધી. પણ ઈ મજીદને નથી ઓળખતો. હવે એની બાતમી દેનારું કોઈ નહીં રે.”

આટલું સાંભળતાં તો રોમતના પગ નીચેથી જમીન સરકી જાય છે. તેને ખ્યાલ આવી જાય છે કે સાહેબનું શું થવાનું છે. સાહેબને આપવાની ઇચ્છાથી બહાર કાઢી હતી એ ધડકી છાતી સાથે ભીંસીને ડૂસકે ચડી જાય છે.

‘સાંભરશ કે મરી ગઈ?’ ધારિયા સાથે પાછો ફરતો મજીદ ઘૃણા અને ગુસ્સામાં બરાડી ઊઠે છે.

પોતે કોઈકના હાથે જાણે હારી ગયો છે એવા અપમાનથી અકળાયેલો મજીદ રોમતને જમીન પર સુવડાવી એના બન્ને હાથ પકડીને એની ઉપર ચડી જાય છે. પ્રખ્યાત નવલકથાકાર ડી. એચ. લૉરેન્સ કહે છે કે, “સ્ત્રી પુરુષ વચ્ચેનો સંભોગ એ વાસ્તવમાં એકબીજા પર પ્રભુત્વ મેળવવાની લડાઈ છે.” અહીં રોમત જે પરિવેશમાં સ્થિત છે ત્યાં હંમેશાં પુરુષ પ્રભુત્વ ભોગવે છે. સંભોગરત મજીદ હાંફતાં હાંફતાં બોલે છે. “ગાંડફટો ભાગી ગયો. નકાં આજ મજીદની મરદાનગી જોઈ લેત. જધનાનાં નસીબ ઊજળાં હશે.”

અને તરત જ રોમતની બંધ આંખોમાં ચમક આવી જાય છે અને એ મજીદના ખભા જોરથી પકડી લે છે. એના વાળની મૂઠી ભરીને ઉપર ખેંચી લે છે. પછી એને ઝટકાથી નીચે પટકે છે. એની ઉપર બેસીને હસવા લાગે છે અને શરીરમાં વાવડો ભરાયો હોય એમ વિજયી અદામાં ડોલવા લાગે છે. અહીં ડી. એચ. લૉરેન્સના કથન મુજબ પાત્ર બદલાઈ જાય છે પણ એ મજીદ પર પ્રભુત્વ ભોગવવા માટે નહીં, પણ સાહેબના આ દોજખમાંથી મુક્ત થઈ જવાના આનંદનો ભોગવટો બની જાય છે. અને સાહેબ જીવતા બચી ગયા છે એ જાણીને રોમતનું, પતિ મજીદ સાથેનું સહશયન એક હિંસાત્મક રમતમાં ફેરવાઈ જાય છે. એ રોમતનું ટ્રાન્સફોર્મેશન છે. એ રૂપાંતરણમાં સાહેબ જતા રહ્યા છે, એ ગૂંગળામણમાંથી છુટકારો અને સાહેબના બચી ગયાનો હરખ પણ આબાદ વ્યક્ત થયો છે. મજીદ સમજી નથી શકતો કે રોમતને એકાએક શું થઈ ગયું છે. રોમતને સાહેબ યાદ આવે છે. એને લાગે છે કે જાણે સાહેબ મોરચંગ વગાડી રહ્યા છે અને પોતે પીલુના ઝાડ નીચે ઊભી રહી છે. અહીં વાર્તા અંત પામે છે. આ વાર્તાના અંત સાથે મણિલાલ હ. પટેલની ‘બદલી’ અને જયંત ખત્રીની ‘તેજ, ગતિ અને ધ્વનિ’ વાર્તાઓના અંત યાદ આવે છે. ‘બદલી’ વાર્તામાં નાયિકા પોતાના ભૂતપૂર્વ પ્રેમીની પોતાના ગામમાંથી બીજે બદલી કરાવી દે છે અને પછી એ જતો રહેવાનો છે એ વાતે દુઃખી થઈ જાય છે. એ દુઃખની ચરમસીમાએ પોતાના પતિને ભેટીને કહે છે કે ‘તમે હવે મને છોડીને ક્યાંય જતા નહીં.’ તો ‘તેજ ગતિ ધ્વનિ’ વાર્તામાં પ્રસાદજીનું હાર્ટઍટેકને કારણે મૃત્યુ થયું છે. એવા સમાચાર નરપત કસ્તુરને આપે છે ત્યારે કસ્તુર આખા બ્રહ્માંડમાં જાણે એકલી હોય અને પ્રકૃતિનું સૌંદર્ય માણતી હોય એમ ઉર્વર ભૂમિ પર આળોટે છે અને અટ્ટહાસ્ય કરે છે. અહીં વાર્તાનાયિકા રોમત, પતિ મજીદને આવેશથી ભેટીને સહશયન કરવા માટે ઉશ્કેરે છે.

અહીં વાર્તાનો બીજો એક ખૂણો પણ છે. એ કંઈક આ મુજબ છે :

‘અઇ તમારી જેવા સીધા માડુનું કામ નથી. આજ રાતનો વિચાર થાય તો કાલ મ કરજો.’ આમ કહેતી રોમતને માત્ર મજીદ જેવા પુરુષનો જ અનુભવ હોવાથી, સાહેબ

પ્રત્યે કૂણી લાગણી કે આકર્ષણ નથી. મજીદ સાથેની સરખામણીથી એના મનમાં એક માનવીય નિસબત જન્મી છે. એટલે જ સાહેબના જીવિત રહ્યાનો તેને આનંદ છે, પણ એ આનંદને વ્યક્ત કરવાની એની પાસે શિષ્ટ રીત નથી. કાયમ પુરુષની હવસનો ભોગ બનતી આવેલી એ ગામઠી સ્ત્રીનું વર્તન એટલે જ અણધાર્યું પ્રગટે છે. સંભોગની એ ક્ષણમાં કચડાયેલી સ્ત્રીનું આધિપત્ય સામાન્ય અર્થમાં પુરુષ ઉપરનું જણાય પણ સૂક્ષ્મ રીતે જોઈએ તો પોતાની ઇચ્છા, જે અતૃપ્ત પણ હોઈ શકે. (પુરુષની ઉપર સવાર થઈને સંભોગ) તેની પૂર્તિ માટેની હિંમત બતાવવાના એના આ વર્તન પાછળ સાહેબ જીવિત રહી ગયાના આનંદની અભિવ્યક્તિની વાત પણ વણાઈ ગઈ છે. આમ અંતનું એ દૃશ્ય વાર્તાને સંકુલ બનાવે છે.

આ વાર્તામાં કશુંક ખોઈ નાખ્યાનો વિષાદ છે. પણ એ પાત્ર ભવિષ્યમાં ફરી નહીં મળી શકે એવી લાચારીનો પણ અંત આવી જાય છે. એટલે મોકળાશનો કે યંત્રણામાંથી મુક્ત થઈ ગયાનો પ્રચ્છન્ન ભાવ નજરે ચડે છે. જેવી રીતે જ્યાં પોલ સાર્ત્ર કહે છે કે 'તમે જ્યારે કોઈના અંતિમ સંસ્કાર કે અંતિમ વિધિમાં સામેલ થાવ છો ત્યારે તમે મૃત્યુ નામના પાશમાંથી બચી ગયા છો એનો છૂપો સંતોષ પણ અનુભવતા હો છો. પણ ત્યારે સ્વજનના મૃત્યુના અવસાદનો ભાવ પ્રભાવી હોય છે માટે એ સંતોષનો ભાવ સપાટી પર પહોંચી શકતો નથી.' એમ આ વાર્તાનો અંત અનેક ઇન્ટરપ્રિટેશનને ખુલ્લા રાખે છે અને ભાવકને પોતાના માનસપટ પર મનુષ્યભાવનાં અનેક આવર્તનો અનુભવાય છે.

આમ 'રેતીમાં ખૂંપેલું મોરચંગ' વાર્તા અજય સોનીનું બારીક નકશીકામવાળું કલાત્મક રૂપાંતરણ છે.

■

પણ હવે મને પાંખ આવવા લાગી હતી. હજુ અભ્યાસ તો શરૂ નહોતો થયો. માંડ વર્તમાનપત્ર વાંચતો થયો હતો. એ પ્રતાપ ભાઈ શુક્લના હતા. હિંદુસ્તાનમાં મેં કદી વર્તમાનપત્ર વાંચ્યાં નહોતાં. પણ નિરંતર વાંચવાના અભ્યાસથી તે વાંચવાનો શોખ કેળવી શક્યો. 'ડેલી ન્યૂસ', 'ડેલી ટેલિગ્રાફ' અને 'પેલમેલ ગૅઝેટ' એટલાં પત્રો પર આંખ ફેરવતો. પણ તેમાં તો પ્રથમ ભાગ્યે જ કલાક જતો હશે.

મેં તો ભ્રમણ શરૂ કર્યું. મારે નિરામિષ એટલે કે અન્નાહાર આપનારું ભોજનગૃહ શોધવું હતું. ઘરધણી બાઈએ પણ કહેલું કે લંડન તળમાં એવાં ગૃહો છે ખરાં. હું રોજ દશબાર માઈલ ચાલું. કોઈ ગરીબડા ભોજનગૃહમાં જઈ પેટ ભરીને રોટી ખાઈ લઉં, પણ સંતોષ ન વળે. આમ ભટકતાં એક દિવસ હું ફેરિંગ્ડન સ્ટ્રીટ પહોંચ્યો ને 'વેજિટેરિયન રેસ્ટોરાં' (અન્નાહારી વીશી) એવું નામ વાંચ્યું, બાળકને મનગમતી વસ્તુ મળવાથી જે આનંદ થાય તે મને થયો. હર્ષઘેલો હું અંદર દાખલ થાઉં તેના પહેલાં તો મેં દરવાજા પાસેની કાચની બારીમાં વેચવાનાં પુસ્તકો જોયાં. તેમાં મેં સૉલ્ટનું 'અન્નાહારની હિમાયત' નામનું પુસ્તક જોયું. એક શિલિંગ આપી ખરીદ્યું ને પછી જમવા બેઠો. વિલાયતમાં આવ્યા પછી પેટ ભરીને ખાવાનું પ્રથમ અહીં મળ્યું. ઈશ્વરે મારી ભૂખ ભાંગી.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# રાજુ બારોટની વિદાય નિમિત્તે

પરેશ નાયક



ગુજરાતની રંગભૂમિ સાથે સંકળાયેલા સૌ કોઈ જાણે છે કે આજે હવે આપણી પાસે નખશિખ મૌલિક કહી શકાય તેવી જીવંત, સાતત્યપૂર્ણ, સંચારી ગુજરાતી રંગભૂમિ નથી. જે છે તે કથિત ગુજરાતી હ્યુમરની અર્થહીન બેતબાજી છે, અથવા તો, લાગણીઓના ઊભરામાં અટવાતાં બીબાઢાળ પાત્રો કે પછી રહસ્યોની છીછરી માયાજાળ છે.

આઠમા દસકમાં, જશવંત ઠાકર, દીના પાઠક અને તેમની પેઢીના અન્ય કલાકારો – અમૃત જાની, પ્રાણસુખ નાયક, પી. ખરસાણી, વગેરે – મારા જેવા રંગભૂમિ વિશે નવાસવા ઉત્સાહી જિજ્ઞાસુઓ પાસે જૂની ગુજરાતી રંગભૂમિના સુવર્ણકાળનાં સંસ્મરણો વાગોળતાં થાકતા નહોતા.

પ્રવાસી નાટ્યમંડળીઓ થકી રાજ્યભરમાં વિસ્તરેલી એ જૂની ગુજરાતી રંગભૂમિની તુલનાએ, કે પ્રવીણ જોશી–કાંતિ મડિયા જે વ્યાવસાયિક રંગભૂમિના સૂત્રધારો હતા એ વીસમીના ઉત્તરાર્ધની મુંબઈ કેન્દ્રિત ગુજરાતી રંગભૂમિની તુલનાએ, કે પછી આઠમા–નવમા દશકમાં અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ, રાજકોટ અને અન્ય નગરોમાં સમાંતર વિસ્તરેલી એમેટર ગુજરાતી રંગભૂમિની તુલનાએ, આજના સુપરફાસ્ટ ડિજિટલ યુગમાં શેષ બચેલી જે કમર્શિયલ અને એમેટર રંગભૂમિ આપણને સાંપડી છે તેનાં કીર્તિ અને પ્રશંસાનાં ગાણાં ગાઈ–વાગોળી શકવા જેટલાં શ્રદ્ધા ને ભરોસો એમની ગુણવત્તા વિશે, એમની પ્રભાવકતા વિશે, કે એમની મૌલિકતા વિશે આપણને નથી.

પરંતુ, અરધીઅધૂરી તોય જેવી–છે–તેવી–પણ–આપણી–છે એવી આ સાંપ્રત ગુજરાતી રંગભૂમિ માટે આજીવન મથામણ કરતો રહેલો આપણો એક અદનો કલાકાર જ્યારે તખ્તા સાથેનું સગપણ તોડી આ બળબળતા ગ્લોબ ઉપરથી અચાનક એક્ઝિટ કરી જાય છે ત્યારે દુઃખ અને ગ્લાનિનો તીવ્ર અહેસાસ થાય છે.

અમદાવાદ થિયેટર ગ્રૂપના સંચાલક, જાણીતા અભિનેતા–દિગ્દર્શક અને પ્રતિબદ્ધ નાટ્યશિક્ષક રાજુ બારોટની વિદાયે આપણને સૌને આઘાત અને શોકની લાગણીથી ઘેરી

લીધા છે. ઉત્તરાખંડની નાટ્યયાત્રા દરમ્યાન હૃદયરોગના ઓચિંતા હુમલાથી અકાળે વિદાય લેતા રાજુ બારોટ પાસે હજી વધુ એક દસકા લગી એમેટર ગુજરાતી રંગભૂમિની સેવા કરવા માટેનાં ધગશ અને સામર્થ્ય હતાં. થોડાંક વર્ષો અગાઉ, પહેલા કોરસ થિયેટર ગ્રૂપના નિમેષ દેસાઈને અને પછી સપ્તસિંધુ થિયેટર્સના સ્થાપક-સંચાલક, દિગ્દર્શક, લેખક અને નટ ભરત દવેને આપણે ગુમાવ્યા.

આઠમા દાયકાના મધ્યમાં દિલ્હીની નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામાની ડિગ્રી મેળવીને રાજુ બારોટ ગુજરાતમાં પાછા આવ્યા ત્યારે વડોદરાની તુલનામાં અમદાવાદમાં નાટકની વ્યાવસાયિક અને એમેટર રંગભૂમિનું સહિયારું વાતાવરણ પ્રમાણમાં વધુ આશાસ્પદ હતું. નાટ્યગૃહોનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભલે આજના જેટલું સગવડભર્યું નહોતું તેમ છતાં નાનાંમોટાં નગરોમાં સ્થાનિક અને પ્રવાસી મંડળીઓમાં નાટક ભજવવા વિશે હોંશ અને ઉત્સાહ હતાં.

રંગીન ટેલિવિઝને હજી ગુજરાતી પ્રેક્ષકોનાં મન ઉપર કબજો જમાવ્યો નહોતો. ઇસરોના ડેકુ કેન્દ્ર અંતર્ગત નિયમિતપણે શૈક્ષણિક તેમજ વિકાસલક્ષી ટીવી કાર્યક્રમોનું નિર્માણ થવા લાગ્યું હતું, આઈ.એન.ટી, બહુરૂપી, અને નાટ્યસંપદા જેવી મુંબઈની મંડળીઓ ગુજરાતના અનેક પ્રાંતોમાં જતીઆવતી હતી. અમદાવાદથી દિનેશ શુક્લ, દિલીપ ગઢવી, રમેશ અમીન વગેરે પોતપોતાનાં સામર્થ્ય અને મર્યાદાઓ સાથે ગુજરાતનાં નાનાંમોટાં ગામ-કસબાઓ સુધી પોતાનાં નાટકો પહોંચાડવા સતત પ્રવૃત્ત રહેતા હતા. દૂરદર્શનના અમદાવાદ કેન્દ્ર ખાતે પણ દરરોજના પ્રસારણ માટે ગુજરાતી ભાષામાં મોટી સંખ્યામાં ટીવી-નાટકોનાં પ્રોડક્શન્સ તૈયાર થઈ રહ્યાં હતાં.

આવી કંઈક ચહલપહલભર્યા પ્રોત્સાહક માહોલ વચ્ચે રાજુ અને નફીસાએ વડોદરા છોડીને અમદાવાદમાં સ્થાયી થવાનો નિર્ધાર કર્યો. નફીસા સાથેની રાજુની મૈત્રી વડોદરાના કૉલેજકાળથી. ત્યારે નફીસા એમ. એસ. યુનિવર્સિટીના હોમ-સાયન્સ ડિપાર્ટમેન્ટમાં ન્યુટ્રિશન મુખ્ય વિષય સાથે અન્ડરગ્રૅજ્યુએટ સ્તરે અભ્યાસ કરતી હતી. આ તરફ, શારદાબહેન અને મહેશભાઈ બારોટના સુપુત્ર રાજુએ બી.કૉમ. કર્યા પછી તરત જ નાટકને કારકિર્દી તરીકે અપનાવવાનો નિર્ધાર કરી લીધેલો. રાજુના એ નિર્ણયને નફીસાનો મક્કમ ટેકો હતો.

રાજુ વડોદરાની મ્યુઝિક કૉલેજના ડ્રામા-ડિપ્લોમામાં જોડાયો ત્યારે દીપક બાવસ્કર, આશિત દેસાઈ અને સુબાહુ ભટ્ટ મિત્રો બન્યા. નફીસા પણ એ મંડળીમાં સહજ ભળી ગઈ. ડ્રામા-ડિપ્લોમાં મેળવ્યા પછી દીપક બાવસ્કરની ઇચ્છા દિલ્હી જઈ નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામાના ડિગ્રી કોર્સ માટેના અભ્યાસમાં જોડાવાની હતી. દીપકના જ આગ્રહથી રાજુએ પણ નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામામાં પ્રવેશ માટે અરજી કરી. પ્રવેશપરીક્ષા થઈ. દીપકની પસંદગી ન થઈ. રાજુને પ્રવેશ મળ્યો.

યશવંત કેળકરે દીપકનો કેસ ચં. ચી. મહેતા પાસે રજૂ કર્યો. ચંચીએ દીપકને અમદાવાદ જઈ ટેલિવિઝન કેન્દ્રમાં અરજી કરવા સૂચવ્યું. ટીવી કાર્યક્રમોના નિર્માણ સહાયક તરીકે દીપક મુંબઈ દૂરદર્શનમાં જોડાયો. બંને મિત્રોની નાટ્યકારકિર્દી બે અલગ રસ્તે ફંટાઈ. જોકે, રાજુએ પણ શરૂમાં થોડો વખત ઇસરો, ડેકુમા નિર્માણસહાયક તરીકે કામ કરેલું. પણ નોકરી રાજુના સ્વભાવ વિરુદ્ધની વાત હતી. એણે નોકરી છોડી, નાટક ન છોડ્યું.

દીપકને ટી.વી.એ ન છોડ્યો. અમદાવાદ દૂરદર્શનના એના બે દાયકાના કાર્યકાળ દરમ્યાન ટેલિફિલ્મ 'રેવા' સહિત અનેક ગુણવત્તાસભર ટીવી કાર્યક્રમોનું નિર્માણ દીપકે કર્યું. બંને મિત્રો લાંબો કાળ અમદાવાદમાં જ રહ્યા, પણ દીપકને અમદાવાદ ન સદ્યું. છેવટે એણે નોકરી અને અમદાવાદ બન્ને છોડ્યાં. રાજુએ અમદાવાદી માહોલની અનેક મર્યાદાઓ વચ્ચે ધોરણસરની એમેટર રંગભૂમિ ઊભી કરવા આજીવન મથામણ કરી.

ગુજરાતમાં રંગભૂમિનાં વિવિધ પાસાં વિશેની સુનિયોજિત તાલીમ અને તેને માટેનું સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક શિક્ષણ શરૂ કરનાર ચં. ચી. મહેતા હતા. એમની સમાંતરે જસવંત ઠાકરે અમદાવાદની એચ. કે. આર્ટ્સ કૉલેજમાં અને પછી ગુજરાત કૉલેજમાં એ પરંપરાને આગળ ધપાવી.

રાજુ બારોટે વડોદરામાં યશવંત કેળકર અને અન્ય શિક્ષકો પાસે મેળવેલી તાલીમ દરમ્યાન નાટ્યશિક્ષણનો એ આદર્શ આત્મસાત્ કર્યો હતો. જેને કારણે, પોતાની કારકિર્દીના છેલ્લા દિવસ સુધી તન-મન-ધનથી રંગભૂમિને સમર્પિત રહીને ગુજરાતના તેમજ એન.એસ.ડી. જેવી કેન્દ્રીય સંસ્થાઓ સાથે સંકળાયેલા ગુજરાત બહારના સેંકડો તાલીમાર્થીઓને વિવિધ પ્રશિક્ષણ-શિબિરો હેઠળ નાટકની સઘન તાલીમ આપી.

નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામાની ડિગ્રી મેળવ્યા બાદ રાજુ બારોટે વડોદરાને બદલે અમદાવાદ સ્થાયી થવાનું નક્કી કરેલું. એની પાછળ ભરત દવેની સંસ્થા 'સપ્તસિંધુ' પણ એક મહત્ત્વનું કારણ હતું. સપ્તસિંધુની સ્થાપના થઈ ત્યારે ભરત દવે ઇસરોની સંસ્થા ડેકુ માટે ટેલિવિઝન-કાર્યક્રમના નિર્માતાના હોદ્દા પર હતા. આથી સપ્તસિંધુ થિયેટર્સના મોટા ભાગના કલાકારોને ઇસરો ટેલિવિઝનના પીજ પ્રોજેક્ટ માટે તૈયાર કરવામાં આવતી નાટ્યશ્રેણીઓમાં સહજ કામ મળી રહેતું. ટેલિવિઝન અને રંગભૂમિ આ રીતે ત્યારે પરસ્પરનાં પૂરક બની રહ્યાં હતાં. ગુજરાતના સાંસ્કૃતિક ઘડતરનો એ એક લાક્ષણિક અને મહત્ત્વનો પડાવ હતો.

મને પણ રાજુનો પ્રારંભિક પરિચય ભરત દવે દિગ્દર્શિત સપ્તસિંધુના નાટક 'શ્વેતપંખી'ના રિહર્સલ્સ દરમ્યાન જ થયેલો. ઍંશીની સાલના ઉનાળાના એ દિવસો હતા. ટોમ સ્ટોપાર્ડના નાટક 'ઈફ યૂ આર ગ્લેડ, આઈ વિલ બી. ફ્રેન્ક'ના ગુજરાતી રૂપાંતરમાં અદિતિ ઠાકર અને હું અનુક્રમે ગ્લેડ અને ફ્રેન્કની મુખ્ય ભૂમિકા ભજવી રહ્યાં હતાં. રાજુ બારોટ આ નાટકની લાઇટ્સ ડિઝાઇન કરવાના છે એ જાણ્યું ત્યારે મને સહેજ આશ્ચર્ય થયેલું. ત્યારે રાજુ બારોટનું નામ 'એન.એસ.ડી. રિટર્ન્ડ ઍક્ટર' તરીકે સાંભળેલું.

સપ્તસિંધુ સાથેના થોડાક મહિનાઓના એ અનુબંધ નિમિત્તે મને ભરત દવે અને રાજુ બારોટની કાર્યપદ્ધતિનો તેમજ નાટક વિશેના તેમના ઓવરોલ કમિટમેન્ટનો પ્રત્યક્ષ અનુભવ થયો હતો. પ્રોસેનિયમ રંગભૂમિના તખ્તાનું મિઝાન્સીન કેવી રીતે રચાય તેના સાક્ષી બનવાનો એ પ્રસંગ હતો. અને એ રીતે આ કલાકારોના ગુરુ ઇબ્રાહીમ અલ્કાઝીનો પણ પરોક્ષ પરિચય મળેલો. અલ્કાઝીસાહેબના વધુ એક 'એન.એસ.ડી.રિટર્ન્ડ' રંગકર્મી દિલીપ શાહનો પરિચય પણ સપ્તસિંધુ સાથેના એ સંપર્કને કારણે જ થયેલો.

સપ્તસિંધુના નાટકો માટે સેટ ડિઝાઇન કરવાની દિલીપની પ્રોસેસ જોઈને નાટ્યશાળાઓના શિક્ષણ અને તાલીમનું મહત્ત્વ સમજાયેલું, વળી, નાટકના આંગિક-

વાચિક ઉપરાંત આહાર્ય અંગનું મહત્ત્વ પણ ત્યારે સહજ કળાયેલું. દરેક નવા નાટકની સેટ ડિઝાઈન માટે દિલીપ શાહ જે-તે સેટના વિવિધ પ્લાન્સ થ્રીડી મૉડલ રૂપે બનાવતા. એમાં અવારનવાર નાનામોટા ફેરફારો કરી છેવટે આખરી ડિઝાઈનનું મૉડલ તૈયાર કર્યા પછી જ સેટ તૈયાર કરવામાં આવતો. નાટક માટેના વિસ્તૃત રંગઆયોજનની કેટલીક બારીકાઈઓ વિશે સભાન થવાનો એ અનુભવ સાચે જ રોમાંચક હતો.

સપ્તસિંધુની એ દીર્ઘ, રોમાંચક નાટ્યયાત્રામાં રાજુ બારોટનો પણ મહત્ત્વનો ફાળો રહ્યો. રાજુ ઉપરાંત દેવેન્દ્ર દીક્ષિત, અદિતિ દવે, હર્ષદ શુક્લ, સુભાષ બ્રહ્મભટ્ટ, દીપ્તિ જોશી, ભીમ વાકાણી, અનંગ દેસાઈ, અન્નપૂર્ણા શુક્લ, ફીરદૌસ મેવાવાલા, કિરણ જોશી, યોગેશ ઠક્કર, હીમાંશુ અને બ્રીજેશ ત્રિવેદી, સલિલ મહેતા, હેમંત નાણાવટી વગેરે પણ સપ્તસિંધુ સાથે સતત જોડાયેલા રહ્યા હતા.

સપ્તસિંધુની સ્થાપના અને તેના સુચારુ સંચાલન પાછળ અને ત્યારબાદ રાજુ બારોટની સ્વતંત્ર કામગીરી પાછળ પણ જાણીતા નાટ્યલેખક શ્રીકાન્ત શાહનું મૂક પણ મક્કમ નૈતિક પીઠબળ હતું એ નોંધવું જોઈએ.

સપ્તસિંધુએ ભજવેલાં શ્રીકાન્ત શાહનાં સાત એકાંકીઓની ભજવણી એ તત્કાલીન એમેટર ગુજરાતી રંગભૂમિનું એક વિશિષ્ટ અને મહત્ત્વનું પ્રદાન હતું. 'નટોના દિગ્દર્શક' તરીકે ભરત દવે એમાં પોતાના હસ્તાક્ષર ઉપસાવી શક્યા હતા. રાજુ ઉપરાંત ભીમ વાંકાણી જેવા ગુજરાતના અનેક કલાકારોના ઘડતરમાં આ પ્રાયોગિક શૈલીનાં એકાંકીઓનું મહત્ત્વનું યોગદાન હતું.

* * *

સપ્તસિંધુની નાટ્યપ્રવૃત્તિઓને નિમિત્તે થયેલો રાજુનો એ પ્રાથમિક પરિચય સમયાંતરે અમારી સહજ મૈત્રીમાં ફેરવાયો. અમારી મૈત્રી ગાઢ કે અંગત હોવા કરતાં સવિશેષ તો 'ધંધાભાઈઓ'ની મૈત્રી બની રહી એ કબૂલવું રહ્યું. એ મૈત્રીમાં પરસ્પર આદર હોવા ઉપરાંત આવશ્યક અંતર પણ અમે બન્ને હંમેશાં જાળવી શકેલા એનો સંતોષ છે. પરિણામે, ટેલિવિઝન અને ફિલ્મોનાં વ્યાવસાયિક કામો દરમ્યાન પરસ્પરના ગમાઅણગમાને ખમી ખાઈને પણ એક જ સેટ ઉપર અમે લાંબો સમય સાથે કામ કરી શકતા હતા, અને સંભવિત 'સિરિયસ કન્ફ્રન્ટેશન્સ' પણ અનેક વાર ટાળી શકેલા.

બે હજાર ચૌદની સાલમાં ઇડર ખાતે સંગીત નાટક અકાદમીની નાટ્યસ્પર્ધાના નિર્ણાયકો તરીકે રાજુએ અને મારે લગભગ એક અઠવાડિયું ઇડરના સરકારી ગેસ્ટહાઉસમાં સાથે રહેવાનું બન્યું

ત્યારે પેલી ધંધાભાઈઓ હોવાની મર્યાદાઓ ઓળંગીને સ્હેજસાજ નિકટ આવવાનું પણ બન્યું હતું એ સુયોગ આજે સાંભરે છે.

ફૂલ-લેન્થ નાટકોની એ સ્પર્ધા માટે અમારે દરરોજ મોડી સાંજે જ ઈડરના નાટ્યગૃહમાં હાજર થવાનું રહેતું. એટલે દિવસ આખો અમે નવરા અને સાથે. ઈડરથી દસબાર કિલોમીટરના અંતરે જ શ્રીમદ્ રાજચંદના એક સંસ્થા-વિહાર ભવન વિશે જાણ્યું એ પછી એક દિવસ અમે એ નાનકડો ઇડરિયો ડુંગર ચડવાનું નક્કી કર્યું. તળેટીમાં કાર પાર્ક કરી એક સવારે આઠેક વાગ્યે પ્રયાણ આદરેલું. દોઢબે કલાકના એ સીધા ચઢાણ

દરમ્યાન ત્રણચાર વાર ઊંચાનીચા પથ્થરોની છાયામાં વિસામો લીધેલો. વ્યાવસાયિક કામોની કડવીમીઠી યાદો વાગોળવાનું ટાળીને ત્યારે અમે ગુજરાતના સામાજિક પરિવેશમાં આવી રહેલા કેટલાક બદલાવો વિશે સહિયારાં ચિંતા ને ચિંતન કર્યાનું સાંભરે છે.

* * *

નફીસાનો બિનસરકારી વૉલન્ટરી સંસ્થાઓ સાથેનો સંબંધ રાજુ બારોટને માટે સંવેદનશીલ સામાજિક વિષયોની આસપાસ ડૉક્યુડ્રામાઝ – દસ્તાવેજી નાટકો –ના સ્વરૂપમાં મહત્ત્વની કામગીરી કરવાનું નિમિત્ત બની રહ્યો. કલાકાર તરીકેની પોતાની સામાજિક પ્રતિબદ્ધતા પણ રાજુએ આ રીતે સતત વ્યક્ત કરી હતી, અને સાથે સાથે, પોતાની સ્વતંત્ર અવેતન નાટ્યપ્રવૃત્તિને પણ એનાથી આર્થિક ટેકો મળતો રહ્યો. રાજુ બારોટની રંગયાત્રાની સળંગસૂત્રરૂપ અને એકમાત્ર સાક્ષી અને સંગાથી તો નફીસા જ. નફીસાના અંગત–બિનંગત, સીધા–પરોક્ષ, પણ બિનશરતી નૈતિક સહયોગ વિના રાજ ‘રાજુ બારોટ’ બની ન શક્યો હોત એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

રાજુ બારોટની નાટકી તેમજ ફિલ્મોની કામગીરી દરમ્યાન શૈલેશ પ્રજાપતિ પણ એના અંતરંગ સહયોગી રૂપે સતત એની પડખે રહેલા. શૈલેશ પાસે તખ્તાની તેમજ ફિલ્મ અને ટીવી માધ્યમનાં ટૅક્‌નિકલ પાસાંઓ વિશેની સવિશેષ સજ્ઞતા હતી જેને કારણે રાજુ બારોટનાં અનેક પ્રોડક્શન્સ સ્વરૂપગત નિખાર પણ મેળવી શક્યાં હતાં.

સપ્ટેમ્બર બે હજાર ચૌદમાં જ ‘સૉક્રેટિસ’ ભજવાયું. સંજોગવશાત્ હું એ નાટક જોઈ શક્યો નહોતો. દસમી સપ્ટેમ્બરે ભરત દવેએ મને એક ઈમેલ મારફત નાટકના ફોટોગ્રાફ્સ સાથે એમનો અભિપ્રાય મોકલેલો. દેખીતું છે કે નાટક જોયા પછી પોતાનો હરખ પ્રગટ કરતો આ ઈમેલ એમણે મારી જેમ બીજા કેટલાક મિત્રોને પણ ફૉર્વર્ડ કર્યો હશે. એ અંગ્રેજી ઈમેલનો ગુજરાતી તરજુમો અત્રે રજૂ કરું છુંઃ

‘છઠ્ઠી સપ્ટેમ્બરે સુંદરી હૉલમાં ‘સૉક્રેટિસ’ નાટકનો પ્રયોગ રજૂ થયો. આ નાટકનું દિગ્દર્શન મારા મિત્ર રાજુ બારોટે કર્યું હતું. નાટકનું પ્રોડક્શન ખૂબ જ સરસ હતું. ચાળીસ કલાકારોનો મસમોટો કાફલો, ગ્રીક વેશભૂષા, વિશાળ બહુસ્તરીય મંચસજ્જા તથા કોરસગાન વગેરેની મદદથી તત્કાલીન ગ્રીસનું એમ્બિયન્સ ઊભું થઈ શક્યું હતું. તમારે આ નાટકનો આગામી પ્રયોગ અચૂક જોવો જોઈએ. બાય ધ વે, ઓગણીસો ચુમ્મોતેરમાં સાહિત્ય અકાદમી પુરસ્કારપ્રાપ્ત આ નવલકથાનું નાટ્યરૂપાંતર મેં કર્યું હતું. આ સાથે નાટકના થોડા ફોટોગ્રાફ્સ અને છાપાનાં કટિંગ્ઝ મોકલું છું. – ભરત.’

દિગ્દર્શક તરીકેનું રાજુ બારોટનું આ સર્વોત્તમ કામ હશે એ વાત સ્વયમ્ સ્પષ્ટ થઈ રહી. જાણે કે ભરત દવેના વારસદાર તરીકેની ક્ષમતાનો પોતાનો ક્લેઇમ એ કૃતિની મદદથી રાજુએ રજૂ કર્યો. સાતેક વર્ષ બાદ –બે હજાર એકવીસમાં– ભરત દવેના અવસાન વખતે રાજુએ ભરતભાઈને અંજલિ આપતાં કહ્યું હતું, ‘ભરતનો રંગભૂમિનો વારસદાર – ઉત્તરાધિકારી હું છું’.

દર્શકની ઐતિહાસિક નવલકથાનું નાટ્યરૂપાંતર કરવું એ જ ભારે મોટું કામ ગણાય. અને ત્યારબાદ તત્કાલીન ગ્રીક સમાજનાં ચરિત્રો અને પરિવેશને વિઝ્યુઅલાઇઝ કરી મંચ ઉપર એમને તાદશ કરાવવા એ તો એથીય વધુ કઠણ કામ ગણાય.

અમદાવાદમાં નાટકનો પહેલો જાહેર પ્રયોગ થયો ત્યારે એટલી ભીડ થયેલી કે ઘણા પ્રેક્ષકોને પાછા જવું પડ્યું હતું. અમદાવાદી ગુજરાતી પ્રેક્ષકોના આવા અદ્ભત પ્રતિસાદથી પ્રોત્સાહિત થઈને થિયેટર ગ્રૂપે થોડા જ દિવસોમાં બીજા પ્રયોગની જાહેરાત કરી. પહેલા પ્રયોગ માટે પ્રવેશ નિઃશુલ્ક હતો. બીજા પ્રયોગમાં પ્રેક્ષકોની ઉપસ્થિતિ એટલી પાંખી હતી કે થિયેટર ગ્રૂપને વીસ હજારનું નુકસાન વેઠવું પડ્યું. વાત દુઃખદ છે, પણ આપણી જ વાત છે, એમાં નવાઈ પામવા જેવું નથી. આઠમા દસકના ઉત્તરાર્ધમાં દિનેશ હૉલ ભાડે રાખ્યા પછી માંડ દસબાર પ્રેક્ષકોની હાજરીમાં જશવંત ઠાકરને ‘નટસમ્રાટ’ ભજવતાં મેં જોયા છે.

* * *

વ્યાવસાયિક દિગ્દર્શક તરીકેની કારકિર્દીના પ્રારંભિક તબક્કામાં આરંભે રાજુ બારોટે અભિજાત જોશીનાં અને પછી સૌમ્ય જોશીનાં નાટકોની ભજવણી કરી. સપ્તસિંધુની નાટ્યપ્રવૃત્તિ એ ગાળામાં મંદ પડી ચૂકી હતી. મારાં નાટકો ‘ફારગતી’, અને ‘ચક્રવાત’ ભજવાઈ ચૂક્યાં હતાં. નાટ્યસંપદાના નેજા હેઠળ ડાયના રાવલના નિર્દેશનમાં ‘ફારગતી’ અને દામિની મહેતાના દિગ્દર્શનમાં દર્પણ સંસ્થા દ્વારા ‘ચક્રવાત’ ભજવાયું હતું. દરમ્યાન અમે કેટલાક મિત્રોએ – તુષાર અને સ્વાતિ દવે, ચીકા ખરસાણી, ઘનશ્યામ પટેલ, ભાવેશ પટ્ટણી, પ્રભાકર શુક્લ – ‘અદાકાર’ નામે એક વ્યાવસાયિક નાટ્યસંસ્થાના નેજા હેઠળ મારું નાટક ‘છાનુછપનું’ પ્રોડ્યુસ કર્યું હતું. રાજુએ એમાં નટવરલાલ પટેલ ઉર્ફે એન.પી. ની ભૂમિકા ભજવેલી. સ્વાતિ-તુષાર, પ્રભાકર અને ચીકા ખરસાણી ઉપરાંત તપન પંડ્યા, હીના ત્રિવેદી અને ઉષા મહેતા પણ એમાં ભૂમિકાઓ ભજવતાં હતાં. એ નાટકના જે થોડા પ્રયોગો થયેલા એ પ્રત્યેક રોમાંચક રીતે સફળ રહેલા. પરંતુ, પચાસેક હજારની ખોટ પછી નાટ્યગૃહોના બુકિંગ અને વિતરણની અન્ય ‘ટિપિકલ’ સમસ્યાઓને કારણે નાટક અને કંપની બેઉ બંધ કરવાં પડેલાં. મુંબઈની કમર્શિયલ રંગભૂમિ સામે બાથ ભીડવાના આવા અનેક તંદુરસ્ત પ્રયોગો એ પહેલાં અને એ પછી પણ અસફળ રહ્યા છે, કદાચ ભવિષ્યમાં પણ..

* * *

દરમ્યાન, ટેલિવિઝનનું કામણ ગુજરાતી પ્રેક્ષકોને જ નહીં ગુજરાતી રંગભૂમિના લેખકો, દિગ્દર્શકો અને કલાકારોને પણ પોતાની ભણી ખેંચી રહ્યું હતું. આ ગાળામાં રાજુ બારોટ અને મેં ક્યારેક એક જ નિર્માતા માટે તો ક્યારેક સામસામે ગોઠવાયેલા નિર્માતાઓ માટે પણ ટેલિવિઝનના અનેક પ્રોજેક્ટસમાં સાથે કામ કર્યું હતું. રાજુએ મારી લખેલી ઘણી સિરિયલ્સમાં અભિનય કર્યો હતો, ‘ગ્રહણ’ નામની એક સિરિયલ મેં રાજુ માટે લખી હતી. શૈલેશ પ્રજાપતિના સહયોગમાં એ સિરિયલનું નિર્દેશન રાજુએ કર્યું હતું. તો, સલિલ મહેતા-નીતિન દવે નિર્મિત ટીવી સિરિયલ ‘કાલસર્પ’નું લેખન-દિગ્દર્શન હું કરતો હતો, એમાં રાજુએ અભિનેતા તરીકે અનેક એપિસોડમાં ભાગ ભજવેલો.

કેતન મહેતાની ફિલ્મ ‘મિર્ચ મસાલા’ના સેટ ઉપર પણ અમે લાંબો સમય સાથે હતા. એ ફિલ્મમાં રાજુનું પાત્ર નાનું હોવા છતાં તાલીમબદ્ધ અભિનેતા તરીકેની એની પાવરફૂલ ‘પ્રેઝન્સ’ને કારણે સૌરાષ્ટ્રના એક બેઠાડુ, પંચાતિયા, મેલશોવનિસ્ટ ગ્રામજનનું એ સાવ સામાન્ય પાત્ર પણ મુખ્ય પાત્રોની આભામાં ઢંકાઈ ન જતાં સહજ ઊપસી આવે છે.

* * *

'માનવીની ભવાઈ' પન્નાલાલની યશદાયી કૃતિ છે, પણ 'ઈશેન્શ્યલ પન્નાલાલ' જેટલા 'મળેલા જીવ'માં અભિવ્યક્ત થઈ શક્યા છે એટલા એમની અન્ય કોઈ કૃતિમાં નહીં. બે હજાર અગિયાર-બાર દરમ્યાન મેં 'મળેલા જીવ'ની એક એક્સક્લુઝિવ વાચિક આવૃત્તિ સંપાદિત કરી, સ્થાનિક કલાકારોની ટીમ રચી ગુજરાતમાં અનેક ઠેકાણે એની મંચસ્થ રજૂઆત કરી હતી. દૃષ્ટિ અને ભરત પટેલે એ વાચિકમ્ પ્રસ્તુતિના નિર્માણની જવાબદારી સ્વીકારેલી. દૃષ્ટિ પટેલે વધુમાં મારી સાથે એ પ્રસ્તુતિના એક પ્રવક્તા તરીકે પણ ભાગ ભજવેલો. એ નટમંડળીમાં ભરત ઠક્કર અને આરતી પટેલ અનુક્રમે કાનજી અને જીવીની મુખ્ય ભૂમિકાઓમાં હતાં. સૂરતની સાહિત્ય પરિષદ માટેના એક પ્રયોગમાં આરતીના અનુપસ્થિતિમાં જિજ્ઞા વ્યાસે જીવીની ભૂમિકા અદા કરેલી. જિગિષા અને અર્ચન ત્રિવેદી, સ્વાતિ અને તુષાર દવે અને મોરલી પટેલ ઉપરાંત ભગતની ભૂમિકા ભજવતા રાજુ બારોટનો વાચિક અભિનય સવિશેષ યાદગાર બની રહેતો. નાટકના અંતમાં રાજુના કંઠે ગવાતું ગીત – 'ભૂલ્યાં ભુલાશે મહિયર માળખાં' પ્રેક્ષકોની સાથે સાથે અમે સૌ પણ એકચિત્તે સાંભળી રહેતાં. 'મળેલા જીવ'ની એ વાચિક પ્રસ્તુતિના રિહર્સલ્સ અને શોઝ દરમ્યાન વાચિક અભિનયનાં અનેક સૌંદર્યસ્થાનો અમે સૌ સાથે મળીને ખોળી-પ્રયોજી શક્યાં હતાં એનો આનંદ છે.

* * *

રંગસજ્જા, પ્રકાશઆયોજન ઉપરાંત સંગીત પણ ઇબ્રાહીમ અલ્કાઝીની શૈલીના રંગભૂમિનું એક અભિન્ન અંગ છે. ભરત દવેની જેમ જ રાજુએ પણ સંગીતને એનાં નાટકોમાં સમાનપણે પ્રયોજ્યું. પાછળનાં વર્ષોમાં, રાજુએ જૂની ગુજરાતી રંગભૂમિનાં ગીતો શોધ્યાં, એકઠાં કર્યાં, કલાકારોની મંડળી ભેગી કરી, અને 'તર્જે થિયેટર' નામે એક રંગઅભિયાન છેડી ગુજરાતમાં ઠેર ઠેર જૂની રંગભૂમિનાં ગીતો પહોંચાડ્યાં.

અભિનેતા તરીકે રાજુ બારોટનું સૌથી અસરકારક કામ કદાચ ભરત દવેદિગ્દર્શિત 'માનવીની ભવાઈ'માં કાળુના પાત્ર થકી હતું. રાજુના પાત્રમાં દીપ્તિ જોશી પણ પન્નાલાલના એક સંકુલ, ગ્રામીણ સ્ત્રીપાત્રને ચરિતાર્થ કરવામાં સફળ રહ્યાં. પન્નાલાલની નવલકથામાં આ બન્ને પાત્રોની પ્રણયકથાની સમાંતર છપ્પનિયા દુષ્કાળની પરિસ્થિતિનું ગહન, વાસ્તવિક ચિત્રણ છે. દિગ્દર્શક ભરત દવેએ નવલકથાનો એ મૂળ એજન્ડા સુપેરે નાટકમાં રૂપાંતરિત કર્યો હતો.

* * *

સાતમી માર્ચ બે હજાર તેરની બપોરે રાજુને મેં સેમ્યુઅલ બેકેટના નાટક 'વેઇટિંગ ફોર ગોદો'ના મારા ગુજરાતી રૂપાંતરનો પહેલો ડ્રાફ્ટ ઇમેલથી રવાના કરેલો. નાટકનું નામ – 'પ્રતીક્ષાલોક' યાને 'ગગનવાલા આવે છે'. મૂળ નાટકના એસ્ટ્રેગોન નામના પાત્રને મેં રાજુ નામના પચાસેકની વયના એક એવરેજ ગુજરાતી નાગરિક તરીકે ઢાળવા કોશિશ કરેલી. રાજુ બારોટને ધ્યાનમાં રાખીને જ એ પાત્ર લખેલું માટે નામ પણ રાજુ રાખેલું અને નાટકની પહેલા મુસદ્દાની હસ્તપ્રત પણ સૌથી પહેલાં રાજુ સાથે શેર કરેલી.

એ પછી સપ્ટેમ્બરમાં કલાપક્ષની ઑફિસમાં એનું પહેલું રીડિંગ ગોઠવેલું. રાજુ બારોટ ઉપરાંત બાનીના પાત્ર માટે તાદશી જાનીને તથા પોઝો માટે અર્ચન ત્રિવેદીને અને લકીના પાત્ર માટે તુષાર દવેને એ રીડિંગ માટે નોતરેલા. વિવેચક, વાર્તાકાર સુમન શાહને પણ

તેડેલા, કેમ કે આ નાટકનો ગુજરાતી અનુવાદ ઘણાં વર્ષો અગાઉ તેઓ કરી ચૂક્યા હતા. વિભા અને પેલવા પણ ઉપસ્થિત હતાં.

પહેલા વાચન બાદ સૌ એની ભજવણી કરવા વિશે પણ રાજી હતા, હું એ માટે ઉત્સુક અને સજ્જ હતો. પરંતુ થોડાંક રીડિંગ રિહર્સલ્સ થયાં એ દરમ્યાન મૃદુલ પાર્કના અમારા ઍપાર્ટમેન્ટ-બ્લૉકની રિટેઇનિંગ વૉલ તૂટી પડવાથી તાત્કાલિક ઘર ખાલી કરી ભાડાના ફ્લૅટમાં શિફ્ટ થવાની જરૂરિયાત ઊભી થઈ. થોડા દિવસોમાં જ અમે પરિમલ વિસ્તારના ગ્લોરિયસ ઍપાર્ટમેન્ટમાં મૂવ થયા. નાટક અભરાઈ ઉપર ચડ્યું તે આજ લગી ઉતારી શકાયું જ નહીં.

પ્રારંભિક રિહર્સલ્સ દરમ્યાન નાટકનાં પાત્રોની વેશભૂષા, મેકઅપ વગેરે વિશે પણ વિચાર કરવો શરૂ કરેલો. નાટકનો રાજુ બનવા રાજુ બારોટ કેવી ટોપી કે હૅટ પહેરશે એ નક્કી કરવાનું હતું. રાજુ પોતાના વૉર્ડરોબમાંથી અનેક જુદી જુદી ડિઝાઇનની ટોપીઓ લઈ આવેલો. એ ટોપીઓ સાથેના રાજુ બારોટના ફોટા ક્યારેક પ્રગટ કરી શકીશું. પણ નાટકના રાજુ તરીકે તો હવે અન્ય રાજુ ખોળવો રહ્યો. રાજુની એ ત્રણ ટોપીઓ મારે નફીસાને પરત પહોંચતી કરવાની છે.

* * *

સમગ્રપણે, અભિનેતા તરીકે રાજુની કારકિર્દીનું મૂલ્યાંકન કરીએ ત્યારે એને અરવિંદ વૈદ્ય, નલીન દવે, પરેશ રાવલ, કે ઉપેન્દ્ર ત્રિવેદી સાથે આપણે કમ્પેર નહીં કરી શકીએ. એ જ રીતે, ભરત દવેના રંગભૂમિના વારસાને રાજુ બારોટે આગળ ધપાવ્યો એ સાચું છે તેમ છતાં, દિગ્દર્શક રાજુ બારોટની તુલના પણ આપણે ભરત દવે સાથે નહીં કરી શકીએ. પરંતુ, ઇબ્રાહીમ અલ્કાઝીના વિદ્યાર્થી હોવાના દાવે એણે પ્રૉફેશનલ અભિનેતા તરીકેનાં શિસ્ત અને તાલીમને બળે અચૂક સિદ્ધ કરી બતાવ્યું કે એમેટર રંગભૂમિના અભિનેતા તરીકે સફળ થવા માટે તાલીમનું મહત્ત્વ ટેલેન્ટથી સહેજ પણ ઓછું નથી.

રાજુ બારોટને આપણે હંમેશાં યાદ કરીશું રંગભૂમિ પ્રત્યેની એની અખૂટ પ્રતિબદ્ધતા માટે. ગુજરાતી રંગભૂમિ પ્રત્યેના રાજુના કમિટમેન્ટને જશવંત ઠાકરના 'ફકીરી કમિટમેન્ટ' સાથે સરખાવવામાં પણ હું સહેજેય અતિશયોક્તિ જોતો નથી.

■

માતા કેમ સમજે? તેણે બધી તપાસો શરૂ કરી હતી. કોઈ કહે, જુવાનિયા વિલાયત જઈ વંઠી જાય છે; કોઈ કહે તેઓ માંસાહાર કરે છે; કોઈ કહે દારૂ વિના ન જ ચાલે, માતાએ આ બધું મને સંભળાવ્યું. મેં કહ્યું, 'પણ તું મારો વિશ્વાસ નહીં રાખે? હું તને છેતરીશ નહીં. સોગન ખાઈને કહું છું કે એ ત્રણે વસ્તુથી હું બચીશ. એવું જોખમ હોય તો જોશીજી કેમ જવા દે?'

માતા બોલી, 'મને તારો વિશ્વાસ છે. પણ દૂર દેશમાં કેમ થાય? મારી તો અક્કલ નથી ચાલતી. હું બેચરજી સ્વામીને પૂછીશ.' બેચરજી સ્વામી મોઢ વાણિયામાંથી જૈન સાધુ થયા હતા. જોશીજી જેમ સલાહકાર પણ હતા. તમણે મદદ કરી. તેમણે કહ્યુંઃ 'હું એ છોકરા પાસે એ ત્રણે બાબતની બાધા લેવડાવીશ, પછી તેને જવા દેવામાં હરકત નહીં આવે.' તેમણે પ્રતિજ્ઞા લેવડાવી અને મેં માંસ, મદિરા અને સ્ત્રીસંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લીધી. માતાએ આજ્ઞા આપી.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# રાગા MAGA : One Battle After Another

કિરીટ દૂધાત

ધારો કે તમે મહાન સાહિત્યકાર છો અને તમારી કીર્તિ હોલિવુડના સુપરસ્ટારની હરીફાઈ કરતી હોય તો તમને નોબેલ પ્રાઇઝ મળવાની શક્યતા કેટલી? નજીવી. કેમ કે લોકપ્રિયતાનું તત્ત્વ તમારી વિરુદ્ધમાં જાય. હારુકી મુરાકામીને નોબેલ પ્રાઇઝ મળશે તેવી આશાએ કરોડો વાચકો દર વરસે, ઊંટનો નીચલો હોઠ પડવાની આશાએ બેઠેલા શિયાળની જેમ ઊંચી ડોકે રાહ જુએ છે. અગાઉ મહાન બ્રિટિશ લેખકને ગ્રેહામ ગ્રીન કે મિલાન કુંદેરાને આ ઇનામ મળ્યું નહોતું. (ગ્રેહામ ગ્રીનને એના જુનિયર નવલકથાકાર એન્ટની બરજેસે પૂછ્યું કે તમારા જેવા સર્જકને નોબેલ હવે નહીં તો ક્યારે? ત્યારે બાઇબલમાં Thou shalt not- થી નિષેધ ફરમાવેલાં દરેક પાપ આચરવામાં મળેલાં શારિરીક સુખની સમાંતરે જીવતેજીવત નરકના અગ્નિમાં પ્રજળેલા આત્મા વચ્ચે રહેંસાયેલા જીવનનો પોતાની નવલકથાઓમાં પ્રામાણિક અહેવાલ રજૂ કરનારા ગ્રીને જવાબ આપ્યો કે નોબેલથી પણ મોટા ઇનામની મને રાહ છે. એ છે - death!) કારણ એવું આપવામાં આવે છે કે કીર્તિવંત સાહિત્યકારને તો લોકો આમ પણ વાંચવાના એટલે ઓછા જાણીતા પણ સત્ત્વશીલ સર્જકને નોબેલ મળે તો વાચકોને બેવડો લાભ મળે. યોગાનુયોગે શ્રેષ્ઠ ફિલ્મો માટે ઑસ્કાર આપતી ઍવોર્ડ સમિતિ પણ ડિટ્ટો વિચારતી હશે? ચાર્લી ચૅપ્લિને એકથી એક ચડિયાતી ફિલ્મો આપી પણ કદી શ્રેષ્ઠ અભિનેતા કે દિગ્દર્શકનો ઑસ્કાર ન મળ્યો. છેવટે ઊંઘમાંથી સફાળી જાગી હોય એમ એમને ૧૯૭૨માં ઑનરરી ઑસ્કાર ઍવૉર્ડની ચૉકલેટ આપી દીધી. ત્યારે પ્રેક્ષકોએ ઊભા થઈને ૧૨ મિનિટ સુધી આપેલા સન્માન જેટલું દીર્ઘ અભિવાદન ઑસ્કારના ઇતિહાસમાં હજી સુધી બીજા કોઈ કલાકારને મળ્યું નથી. (પોતે અન્યાય કર્યો હોય એ કલાકારની માફી માગવાની આ પણ એક પદ્ધતિ થઈ.) ‘જીવન ખળખળ વહેતી નદી જેવું છે અને મનુષ્યનું કર્તવ્ય કાંઠે ઊભા રહીને એને માત્ર અપલક નિહાળવાનું છે’ એવા ભારતીય દર્શનને નવલકથામાંથી ફિલ્મના પરદે સફળતાથી આલેખવા માટે પાથેર પાંચાલી માટે ૧૯૫૫માં ઑસ્કાર મળી જવો જોઈતો હતો એવા સત્યજિત રાયને ઠેઠ મરણપથારીએ પડ્યા ત્યારે ઝટપટ હૉસ્પિટલમાં જઈને છાનગપતિયાં કરતા હોય એમ વધાવ્યા!. ડેવિડ થોમ્પસન અક્કલ ઠેકાણે રાખીને લખવા માટે વખણાયેલા વિવેચક પણ રાય માટે બાર વરસે બાવો બોલે એમ ભણ્યા “aristocratic Indian” who was an admirer of European music and literature, often producing work aimed at Western art houses.” લો બોલો? અહીં aristocratic અને art houses શબ્દો ગાળ છે એ

નોંધ્યું? (‘કુલીન ઘરાનાના યુરોપીય કલા અને સંગીતપ્રેમી, જેણે ગણ્યાગાંઠ્યા ઉન્નતભ્રૂ અમરિકન-યુરોપિયન પ્રેક્ષકોના મનોરંજન માટે ફિલ્મો બનાવી.’)

ખુદ હોલિવુડના કલાકારો અંગે આવા દેર આયે જેવા અનેક દાખલા છે. Leonardo DiCaprioને ટટળાવી ટટળાવીને છેવટે ફિલ્મોમાં ૨૨ વરસ અભિનય કર્યા પછી ઑસ્કાર મળ્યો. ડિકેપ્રિયોની મારી પ્રિય ફિલ્મ Revolutionary Road છે જેમાં American Dreamના ભ્રામક સપના પર વિશ્વાસ મૂકીને જીવવાથી એક મધ્યમવર્ગના અમેરિકન દંપતીનું જીવન છિન્નભિન્ન થઈ જાય છે. શું છે આ American Dream? એક વાક્યમાં કહેવાય કે ટ્રમ્પસાહેબે MAGA (Make America Great Again) નામનો જે ગોળ અમેરિકનોની કોણીએ વળગાડ્યો છે એનું અસલી પહેલી ધારનું ઘટ્ટ મોલાસીસ છે. (ત્યાં ખૂણામાંથી ચીઓ ધુરંધર MIGA એમ બોઈલો?) રાજકારણીઓ કાયમ શબ્દોના સાથિયા પૂરે જેને માટે જનતાની કોણીએ હંમેશાં ખૂજલી ઊપડેલી હોય છે. લોકોને સચ્ચાઈનો આયનો બતાવીએ તો ગમતું નથી એટલે Revolutionary Road સફળ ન થઈ. આમ તો The Wolf of Wall Street (૨૦૧૩)માં ડિકેપ્રિયો કેફી દ્રવ્ય લઈને પોતાની કાર સુધી ઢસડાતો જઈને દરવાજો ખોલવા પ્રયત્ન કરે છે એવા રમૂજ મિશ્રિત કરુણ અભિનય માટે ઑસ્કારનો દાવેદાર હતો. પણ, સૂક્ષ્મ અભિનયના આગ્રહીઓને નર્યો પાશવિક અભિનય કદાચ કલાત્મક લાગ્યો નહોતો! આવી વાતો અહીં પડતી મૂકીને cut to આ વરસની ઑસ્કાર વિજેતા ફિલ્મ One Battle After Another (૨૦૨૫) જેમાં નાયક તરીકે ડિકેપ્રિયો છે. અનુઆધુનિક સાહિત્યકાર ટોમસ પિંચનની Vineland નામની નવલકથાથી પ્રેરણા પામેલી આ ફિલ્મમાં એવું શું છે જેથી છ ઑસ્કાર જીતી ગઈ?

એક જાડું નિરીક્ષણ છે કે આ ફિલ્મ MAGAનો ખુલ્લો પ્રચાર છે. પરંતુ આ MAGA ટ્રમ્પનું નહીં, પોલ ટોમસ એન્ડરસનનું છે. એના જેવા કસાયેલા દિગ્દર્શક સિવાય એ બીજાના હાથે અમેરિકાનો કર્કશ પ્રચાર કરનારી ફિલ્મ બની જાત. અહીં શ્વેત તેમજ શ્યામ ત્વચાવાળાં અમેરિકનો છે. ફિલ્મમાં ગોરા અને કાળા અમેરિકનોને ત્રણ રીતે જોવામાં આવ્યા છે. એક, જેમાં બંને જાતિઓનો સુખી ઘરસંસાર છે, તો બીજો વર્ગ, શ્યામ અમેરિકન છોકરીઓના શોખીન રૂઢિદાસ્ય ગોરા અમેરિકનોનો છે અને ત્રીજી, શ્યામ અમેરિકનોનું નિકંદન કાઢી નાખનારી Christmas Adventurers Club જેવી, હિટલરની શુદ્ધ આર્યનની માસિયાઈ બહેન જેવી વિચારસરણી ધરાવતી ગુપ્ત ખૂની સંસ્થા છે. ડિકેપ્રિયો teacher - parent મિટિંગમાં પોતાની દીકરીની શિક્ષિકાને પૂછે છે કે ઇતિહાસમાં ટોમસ જેફરસનને અમેરિકાના સ્વાતંત્ર્યના ઘોષણાપત્રમાં all men are created equal બાહેંધરી આપનારા મહાન અમેરિકન રાજપુરુષ તરીકે ભણાવો છે કે ગુલામીપ્રથાની નાબૂદીનો પોકાર કરવા છતાં આજીવન ૭૦૦ ગુલામોના માલિક રહેલી વિરોધાભાસી વ્યક્તિ તરીકે? (આ સવાલ ઇતિહાસના એકથી વધુ અને પરસ્પર વિરોધી અર્થઘટનનો ઉત્તમ નમૂનો છે.) દિગ્દર્શક કહે છે કે અમેરિકાને ભવ્ય બનાવવાની ઝુંબેશ work in progress છે એટલે ‘હાલો, હાલો, મેં યુદ્ધ અટકાવ્યું તો લાવો શાંતિનું નોબેલ.’ એવાં ત્રાગાં ન કરાય. આ સતત ચાલતી પ્રક્રિયા છે એટલે One Battle After Another. એની કથા એક વાક્યમાં કહી તો કેટલાંક સ્વપ્નસેવીઓ

અમેરિકન સમાજને વધુ સારો બનાવવાના પ્રયત્નો કરે છે જેઓને સશસ્ત્ર ચળવળનો છોછ નથી. આ ક્રાંતિકારીઓ અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ કરતાં પકડાયેલાં અલ્પસંખ્યકોને ghettoમાંથી મુક્ત કરાવે છે. દરમ્યાન પોલીસના હાથે ઝડપાઈ ગયેલી એક ક્રાંતિકારી યુવતી સલામતીના બદલામાં પોતાના સાથીદારોનો વિશ્વાસઘાત કરનારી rat (મુહિમને ફોલી ખાનારી 'ઉંદરડી')ની કાળી ટીલી લઈને અદશ્ય થઈ જવા છતાં પોતાની દીકરી આ ઝુંબેશ પ્રમાણિકતાથી ચલાવશે એવી આશામાં ગુમનામ બની જીવે છે. આ સૂરો તો મેં સરવા કાને સાંભળ્યા છે, મૂળમાં ફિલ્મ થ્રિલરની જેમ રજૂ થાય છે. કૅમેરાની એવી કમાલ છે કે એક દશ્યના અનુસંધાને એ પછીનું દશ્ય નહીં પણ અલગ કથાતંતુ રજૂ કરતા દશ્ય પછી મૂળ કથા પર આવે એવી રચના પ્રેક્ષકોનો સતત અપેક્ષાભંગ કરે છે, ખાસ તો છેલ્લા અરધા કલાકમાં, જે અપૂર્વ રસાનુભવ કરાવે છે.

કલાકારોમાં, એક, યુવાનીમાં ક્રાંતિકારી. બીજું, આધેડવયે પોલીસથી છુપાઈને જીવવાથી નશેડી બની ગયેલા couch potato અને ત્રીજો, પ્રેમિકાને પેટે જન્મેલી છોકરી પોતાની નહીં પણ કર્નલની છે એ વહેલાસર જાણી જવા છતાં પ્રેમિકા નાસી ગયા પછી 'દીકરી'ને માતૃસહજ મૃદુતા અને ઘાંઘો થઈ ઉછેરતા પાલક પિતા તરીકે લિયોનાર્ડો ડિકેપ્રિયોનો અભિનય (ત્રણ ત્રણ આયામોમાં વ્યક્ત થવા છતાં ફરી એક વાર નિર્ણાયકોને ઑસ્કારને યોગ્ય નથી લાગ્યો છતાં) છે તો શ્રેષ્ઠ જ. તો શ્યામ અમેરિકનોને ધિક્કારવા છતાં એમની કન્યાઓને ભોગવવાના શોખીન કર્નલનું ઠઠ્ઠાચિત્ર બની બેસે એવા પાત્રને ત્રિપરિમાણીય વ્યક્તિત્વ બક્ષીને પોતાના અદ્વિતીય અભિનયથી ઉગારી લેનારા shon પેનને સહાયક અભિનેતા તરીકે ઑસ્કાર મળ્યો છે. એ લશ્કરી રુઆબ છાંટીને ચાલે છે ત્યારે દમામદાર દેખાવા છતાં હાથનું હલનચલન એ રીતે કરે છે કે શરીર અખાડેબાજનું અને હાથ કોઈ ઠિંગુજીના લાગે ત્યાં એનો બાહ્ય રુઆબ અને આંતરિક દરિદ્રતા અભિન્ન બની ગયાં છે! લિફ્ટમાં, મોઢાની ભેજલ હવાથી કાંસકો ભીંજવીને વાળ ઓળે એમાં એની અસંસ્કારિતા ક્ષણમાત્રમાં બખૂબી વ્યક્ત થાય છે! બેનેશીઓ ડેલ ટોરો તો હોલિવુડની કોઈ પણ ફિલ્મમાં લૅટિન અમેરિકન પાત્ર તરીકે અનિવાર્ય બની ગયો છે. કટ્ટર ક્રાંતિકારી સ્ત્રી, સાથીઓને છેહ દેનારી સ્ત્રી, પાછળ છૂટી ગયેલી દીકરીને બેબાકળી થઈને રોજેરોજ યાદ કરનારી માતા અને નિગ્રો ઓળખ તથા જાતીયતાને સાધન બનાવી પ્રેમી તથા દુશ્મન બંનેનો એકસરખો ઉપહાસ કરતી માનુની તરીકે ટિયાના ટેઇલરનો અભિનય ગજબનો છે. તો, હવે નવી પેઢી પોતાની લડાઈ આગવી રીતે લડશે અને પિતા ધમકાવવા યોગ્ય બાળસહજ ચિંતા કરે છે તો એ કાલ્પનિક ચિંતાઓ પોતે ઓઢી ન લેવાય એવી પુખ્ત સમજ ધરાવનારી Gen Z યુવતી તરીકે ચેઇઝ ઇન્ફિનિટી ઊભરતી અભિનેત્રી તરીકે મોટી અપેક્ષાઓ જન્માવે છે. છેલ્લા દશ્યમાં માતાનો કાગળ વાંચીને એ પાલક પિતાને ભેટે છે ત્યારે પોતાના કે પારકા લોહીની DNAની વૈજ્ઞાનિકતાને વળોટીને પાલક પુરુષનો પિતા તરીકે જન્મ થાય છે. માતાનો પત્ર વાંચીને ઓક્લોહામાં દૂર હોવા છતાં ત્યાં વિરોધ પ્રદર્શનમાં જવા ઉતાવળે નીકળે છે ત્યારે american dream હવે રાજકારણીઓના MAGAથી પોતીકા રૂપે સાકાર થશે એવો સંકેત છે. ફિલ્મમાં આ સિવાય ઘણું છે જે આવનારી ફિલ્મો માટે માનદંડ છે.

આ કૃતિ એન્ડરસન નામના ફિલ્મકારે ટ્રમ્પ નામના પ્રમુખને આપેલી નસીહત છે? તમે જ કહેજો. અહીં દરેક ફ્રેમમાં દિગ્દર્શકનો અમેરિકાપ્રેમ બોલકો થયા વિના ઊભરાય છે. ક્રાંતિકારીઓ બૅંક લૂંટવા જાય ત્યારે જીવના ભોગે એમનો પ્રતિકાર કરનારા સંત્રીને ક્રાંતિકારી યુવતી STOP MAN કહી બંને હબસી હોવાની એકતા હાવભાવ અને અવાજમાં વ્યક્ત કરીને એને નિષ્ક્રિય થઈ જવા સાનમાં સમજાવે છે છતાં જાનના જોખમે પ્રતિકાર કરે છે એ ચોકીદાર ફક્ત શ્યામ અમેરિકન નહીં પરંતુ નર્યો અમેરિકન છે એવું બતાવીને દિગ્દર્શક americanism શું છે તે સુપેરે સમજાવે છે. રાષ્ટ્રવાદનું ખુલ્લેઆમ ગૌરવ કરતી પ્રચારાત્મક ફિલ્મ કળાનાં ધોરણો જાળવીને કેમ બનાવવી એ કોઈ ટૉમસ પૉલ ઍન્ડરસન પાસેથી શીખે.

■

દરમ્યાન ન્યાતમાં ખળભળાટ ઊઠ્યો. નાત બોલાવવામાં આવી. મોઢ વાણિયો કોઈ હજુ સુધી વિલાયત નહોતો ગયો, અને હું જાઉં તો મારી હાજરી લેવાવી જોઈએ! મને નાતની વાડીમાં હાજર રહેવા ફરમાવવામાં આવ્યું. હું ગયો. મને ખબર નથી કે મને એકાએક હિંમત ક્યાંથી આવી. મને હાજર રહેતાં ન સંકોચ થયો, ન ડર લાગ્યો. નાતના શેઠની સાથે કંઈક છેટેની સગાઈ પણ હતી. પિતાની સાથે તેમનો સંબંધ સારો હતો. તેમણે મને કહ્યું:

'નાત ધારે છે કે તેં વિલાયત જવાનો વિચાર કર્યો છે તે બરોબર નથી. આપણા ધર્મમાં દરિયો ઓળંગવાની મનાઈ છે. વળી વિલાયતમાં ધર્મ ન સચવાય એવું અમે સાંભળીએ છીએ. ત્યાં સાહેબ લોકોની સાથે ખાવુંપીવું પડે છે.'

મેં જવાબ આપ્યો, 'મને તો લાગે છે કે વિલાયત જવામાં મુદ્દલ અધર્મ નથી. મારે તો ત્યાં જઈને વિદ્યાભ્યાસ જ કરવાનો છે. વળી જે વસ્તુઓનો આપને ભય છે તેનાથી દૂર રહેવાની મેં મારી માતુશ્રી પાસે પ્રતિજ્ઞા લીધી છે. એટલે હું તેથી દૂર રહી શકીશ.'

'પણ અમે તને કહીએ છીએ કે ત્યાં ધર્મ ન જ સચવાય. તું જાણે છે કે તારા પિતાશ્રીની સાથે મારે કેવો સંબંધ હતો. તારે મારું કહેવું માનવું જોઈએ.' શેઠ બોલ્યા.

'આપની સાથેના સંબંધની મને ખબર છે. આપ વડીલ સમાન છો. પણ આ બાબતમાં હું લાચાર છું. મારો વિલાયત જવાનો નિશ્ચય હું નહીં ફેરવી શકું. મારા પિતાશ્રીના મિત્ર અને સલાહકાર જે વિદ્વાન બ્રાહ્મણ છે તેઓ માને છે કે મારા વિલાયત જવામાં કશો દોષ નથી. મારાં માતુશ્રી અને મારા ભાઈની આજ્ઞા પણ મને મળી છે.' મેં જવાબ આપ્યો.

'પણ નાતનો હુકમ તું નહીં ઉઠાવે?'

'હું લાચાર છું. મને લાગે છે કે આમાં નાતે વચમાં ન આવવું જોઈએ.'

આ જવાબથી શેઠને રોષ ચઢ્યો. મને બેચાર સંભળાવી. હું સ્વસ્થ બેસી રહ્યો. શેઠે હુકમ કર્યો :

'આ છોકરાને આજથી નાતબહાર ગણવામાં આવશે. જે કોઈ તેને મદદ કરશે અથવા વળાવવા જશે તેને નાત પૂછશે. ને તેનો સવા રૂપિયો દંડ થશે.'

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

## સાભાર–સ્વીકાર

- **કવિતા :**
  **ઝાકળભીનાં ફૂલ :** દીપક જગતાપ, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૨૬, ડે. પૃ. ૧૯૬, રૂ. ૩૯૯. ગઝલ, લઘુકાવ્યો, અછાંદસ કાવ્યો, મૉનોઇમેજ કાવ્યો, દીર્ઘકાવ્યો, વિજ્ઞાન લઘુકાવ્યો, હાઈકુ અને ગીતરચનાઓનો સંગ્રહ • **હું કવિતા ગુજરાતી :** નરોત્તમ પલાણ, બીજલ પ્રકાશન, વડોદરા. ડે. પૃ. ૧૨ રૂ.

- **નવલકથા :**
  **જર જમીન ને જોરૂ :** શીતલ માલાણી 'શ્રી', રાગ પબ્લિકેશન, અમદાવાદ. ૨૦૨૪, ડે. પૃ. ૪૯૩, રૂ. ૪૫૦, અઢી વીઘા જમીન માટે લડતી નંદુની કથા.

- **લેખ સંગ્રહ :**
  **માનસરોવરનાં મોતી :** દેવેન્દ્ર કે. ચૌધરી, તરંગ પ્રકાશન 'વ્રજરંગ' તડાગ તટે, કમાલપુર, તા. ચાણસ્મા, જિ. પાટણ. ૨૦૨૫, ડે. પૃ. ૧૦૯, રૂ. ૨૦૦. ૨૮ લેખોનો સંગ્રહ.

- **કાવ્યાસ્વાદ :**
  **અહો ગાંધી ! :** દર્શના ધોળકિયા, બીજલ પ્રકાશન, વડોદરા, ૨૦૨૬. ડે. પૃ. ૯૫, રૂ. ૧૦૦, ૪૫ ગાંધીવિષયક કાવ્યોનો આસ્વાદ.

- **સંપાદન :**
  **ધીરુબહેન પટેલ અધ્યયનગ્રંથ :** સંપા. : પારુલ કંદર્પ દેસાઈ – કંદર્પ ર. દેસાઈ, ઝેડકેડ પબ્લિકેશન, ૨૦૨૬, ડે. પૃ. ૩૮૬, રૂ. ૬૭૫, ધીરુબહેન પટેલ વિશેનો અભ્યાસગ્રંથ. • **પ્રફુલ્લપર્વ :** સંપા. : જયંત ડાંગોદરા, કૃતિ પ્રકાશન વિરમગામ, ૨૦૨૬, ડે. પૃ. ૨૦૦, રૂ. ૩૦૦. પ્રફુલ્લ રાવલના ૪૨ નિબંધોનું અને પત્રોનું સંપાદન.

- **પ્રકીર્ણ :**
  **ડાંગી આદિવાસી :** મોતીરામભાઈ સોમીબહેન માહદુભાઈ વાડુ, દિનેશભાઈ મગનભાઈ માહલા, પીપલખેડ, તા. વાંસદા, જિ. નવસારી. ક્રાઉન, પૃ. ૧૨૨, રૂ. ૧૫૦. ડાંગના આદિવાસી સમાજના જન્મથી મૃત્યુ સુધીના રીતરિવાજોનું આલેખન.

■

ઇતુભાઈ કુરકુટિયા

## શિશુવિહાર બુધસભાની ૨૩૮૩મી બેઠક

૧૯૮૦થી અવિરત શિશુવિહાર બુધસભાની ૨૩૮૩મી બેઠક તા. ૧૮-૩-૨૦૨૬ બુધવારે ગુજરાતી સાહિત્ય પરિષદ અને શિશુવિહાર બુધસભાના સંયુક્ત ઉપક્રમે ડૉ. માનસીબહેન ત્રિવેદીના સંચાલનમાં યોજાઈ. બેઠકના પ્રારંભે ભાવનગરના જાણીતા કવિશ્રી ડૉ. વિનોદ જોશી અને શ્રી ઇંદાબહેન ભટ્ટ દ્વારા મહેમાનશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું. આ 'સર્જકગોષ્ઠિ' ઉપક્રમમાં અમદાવાદના કવિશ્રી તેજસ દવેએ તેમનાં ગીતો અને ગઝલો દ્વારા ભાવકોને રસતરબોળ કર્યા તો કવયિત્રી શ્રી રાધિકા પટેલે પોતાના સર્જન અને સર્જનયાત્રા વિશે ગોષ્ઠિ કરી અને અછાંદસ રચના તથા ગઝલો દ્વારા તેમના સંવેદનરૂપી ભાવવિશ્વમાં ભાવકોને પ્રવેશ કરાવ્યો. આ ઉપક્રમમાં ૪૦ જેટલા ભાવકો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા.

શિશુવિહાર બુધસભાની બેઠક ક્રમાંક ૨૩૮૪ 'સર્જકગોષ્ઠિ' કાર્યક્રમમાં તા. ૨૫-૩-૨૦૨૬ના રોજ, શ્રી પીયૂષ ઠક્કર અને શ્રી યોગેશ જોષીએ કવિતાપઠન અને સર્જનયાત્રાની કેફિયત આપી હતી. ડૉ. અયનાબહેન ત્રિવેદીએ સંચાલન કર્યું હતું. ડૉ. વિનોદ જોશી તથા ડૉ. મહેન્દ્રસિંહ પરમારે અભિવાદન કર્યું હતું.

## નાટ્યનાદ અંતર્ગત કથાયન

ગુજરાતી સાહિત્ય પરિષદ આયોજિત બિઝીપ્પી મીડિયા અને કૉમ્યુનિકેશન પ્રસ્તુતિનો કાર્યક્રમ 'નાટ્યનાદ' અંતર્ગત કથાયન તા. ૨૧-૩-૨૦૨૬ના રોજ સાંજે ૫-૦૦ થી ૭-૦૦ ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં યોજાયો હતો. અભિનેતા-દિગ્દર્શન-નાટ્યકાર-નિર્માતા જીજ્ઞેશ પટેલે અને તેમના સાથી કલાકારોએ રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના નૅશનલ ઍવૉર્ડવિજેતા લેખિકા બકુલા ઘાસવાલાની વાર્તાઓનું કથાયન, કવિશ્રી મકરંદ દવેનાં ગીતોનું ગાન, દક્ષિણ ગુજરાતનાં ગીતોનાં ગાનથી ઉપસ્થિત ભાવકોને રસતરબોળ કર્યા હતા. પરિષદના મહામંત્રી શ્રી હર્ષદ ત્રિવેદીએ સૌને અભિનંદન આપ્યાં હતાં. નાટ્યનાદનાં સંયોજક ધરા ભટ્ટે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## જયંતિ દલાલ વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્યભવન, ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે તા. ૨-૩-૨૦૨૬ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે 'જયંતિ દલાલ' વ્યાખ્યાનમાળા અંતર્ગત 'સાહિત્યિક અનુવાદની સમસ્યા' વિશે પ્રો. રીટા કોઠારીએ કવિશ્રી ઉમાશંકર જોશી સભાખંડ, ભાષા-સાહિત્ય ભવન ગુજરાત યુનિવર્સિટીમાં વ્યાખ્યાન આપ્યું હતું.

## 'પાક્ષિકી'અંતર્ગત

તા.૧૪-૩-૨૦૨૬ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં ૫-૦૦ વાગ્યે 'પાક્ષિકી' અંતર્ગત વાર્તાકાર ડૉ. દ્વિતીયા શુક્લએ એમની વાર્તા 'મૅનિફેસ્ટેશન'નું પઠન કર્યું હતું. તા. ૨૮-૩-૨૦૨૬ના રોજ વાર્તાકાર મનીષા દલાલે એમની વાર્તા 'પ્રવાસી ગૃહિણી'નું પઠન કર્યું હતું.

## સ્વાતંત્ર્યસંગ્રામી રસિકલાલ 'આઝાદ' વ્યાખ્યાનશ્રેણી

ગુજરાતી સાહિત્ય પરિષદ, જનજાગૃતિ અભિયાન (વડોદરા) અને 'ધ સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે સ્વાતંત્ર્યસંગ્રામી રસિકલાલ 'આઝાદ' વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત ગુજરાતી વિભાગમાં તા. ૨૭-૩-૨૦૨૬ના રોજ સાંજે ૪-૦૦ કલાકે, કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શ્રી બીરેન કોઠારીએ 'કાર્ટૂનકળાની સંગે સંગે સ્વાતંત્ર્યસંગ્રામ' વિષય ઉપર એમની આગવી અને રસપ્રદ શૈલીમાં કાર્ટૂનકળાનો વિગતે પરિચય કરાવતું અદ્ભુત વ્યાખ્યાન આપ્યું હતું. બીરેન કોઠારીએ વર્ષ ૧૭૫૭થી વર્ષ ૧૯૪૭ સુધીના સમયગાળાને આવરી, ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતી સ્વાતંત્ર્યસંગ્રામની ઘટનાઓને કેન્દ્રમાં રાખીને રચાયેલાં કાર્ટૂન પ્રોજેક્ટર પર બતાવી વિશદ ચર્ચા કરી હતી. કાર્યક્રમમાં ડૉ. રમણ સોની જેવા વિદ્વાન, પારિલ દાંડીકર તથા ઉત્સાહી વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં રસિક ભાવકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે પ્રો. ભરત મહેતાએ બીરેન કોઠારીનો પરિચય આપ્યો હતો.અને અંતે ત્રણેય સંસ્થાવતી આભારવિધિ કરી હતી.

## બાળરંજન રંગારંગ સભા

શ્રીમતી રાધિકા શિરીષ પરીખ બાળકિશોર ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ આયોજિત તા. ૧૪-૩-૨૦૨૬ના રોજ શનિવારે સાંજે ૪થી ૬ દરમિયાન 'બાળરંજન રંગારંગ સભા' યોજાઈ હતી. આ સભામાં ડૉ. સ્નેહલ નિમાવત, પ્રકાશ કુબાવત, અને પ્રા. હેમંત વાળા જેવા સાહિત્યસર્જકો ઉપસ્થિત રહ્યા હતા. તા. ૨૮-૩-૨૦૨૬ના રોજ શનિવારે સાંજે ૪ થી ૬ દરમિયાન 'બાળરંજન રંગારંગ સભા' યોજાઈ હતી. આ સભામાં ડૉ. નટવર ગોહેલ, ડૉ. અવિનાશ પરીખ, શ્રી લતા હિરાણી જેવાં સાહિત્યસર્જકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ બન્ને કાર્યક્રમનું સંયોજન ડૉ. નટવર ગોહેલ અને ડૉ. અવિનાશ પરીખે કર્યું હતું અને સંચાલન ડૉ. સ્નેહલ નિમાવતે કર્યું હતું.

■

પોરબંદર પહોંચ્યો. કાકાને સાષ્ટાંગ પ્રણામ કર્યા. બધી વાત સંભળાવી. તેમણે વિચાર કરી જવાબ આપ્યો :

'વિલાયત જતાં આપણે ધર્મ સાચવી શકીએ કે નહીં એ હું નથી જાણતો. બધી વાતો સાંભળતાં તો મને શંકા આવે છે. જોને, મોટા બારિસ્ટરોને મારે મળવાનું થાય છે ત્યારે હું તો તેમની રહેણીમાં ને સાહેબોની રહેણીમાં કંઈ ભેદ નથી જોતો. તેમને ખાવાપીવાનો કશો બાધ હોતો નથી. સિગાર તો મોઢામાંથી નીકળે જ નહીં. પહેરવેશ જુઓ તોપણ નાગો. એ બધું આપણા કુટુંબને ન છાજે. પણ હું તારા સાહસમાં વિઘ્ન નાખવા નથી માગતો. હું તો થોડા દિવસમાં જાત્રાએ જવાનો છું. મારે હવે થોડાં વર્ષ જીવવાનાં હશે. કાંઠે આવેલો હું તને વિલાયત જવાની - દરિયો ઓળંગવાની - રજા તો કેમ આપું? પણ હું વચમાં નહીં આવું. ખરી રજા તારી બાની. જો તે તને રજા આપે તો તું સુખેથી જજે. હું તને રોકવાનો નથી એટલું કહેજે. મારી આશિષ તો તને છે જ.'

**- 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

ઇતુભાઈ કુરકુટિયા

## જવાહર બક્ષીને આંતરભાષીય પ્રિયદર્શની એકૅડેમીનો ઍવૉર્ડ

જવાહર બક્ષીને આંતરભાષીય પ્રિયદર્શની એકૅડેમીનો ઍવૉર્ડ તેમના જીવનભરના લગભગ ૬૦ વર્ષના સર્જનકાર્યમાં ગઝલના શીલ, સૌંદર્ય અને તેની આધ્યાત્મિકતાને નિખારવા માટે મળ્યો છે. ગઝલની ક્ષિતિજો વિસ્તારવા તેમણે ગુજરાતી તળપદા પ્રકારો દોહા, છપ્પા, કુંડળી, ગીત, આખ્યાન વગેરે સાથે સંયોજન કરી તથા ગઝલસ્વરૂપ અને વસ્તુવિષયમાં અદ્ભુત અને અપૂર્વ કામ કર્યું છે. તેમની યોગ-વેદાંતની સાધનાના અનુભવો તથા સૂફી પ્રેમને શુદ્ધ અને સૂક્ષ્મ કાવ્યમય અભિવ્યક્તિઓમાં રૂપાંતર કર્યો છે. ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બરમાં યોજાયેલા કાર્યક્રમમાં આ ઍવૉર્ડ ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખશ્રી નાદિર ગોદરેજે અર્પણ કરતાં જવાહર બક્ષીને અભિનંદન આપ્યાં હતાં.

## 'શબ્દસંપદા'

તા. ૧૫-૩-૨૦૨૬ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે શાસમસમ્રાટ ભવન, ઑડિટોરિયમ હૉલ, હઠીસિંગની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદમાં આદરણીયશ્રી વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજસાહેબની પ્રેરણાથી, હઠીસિંગ કેસરીસિંગ ટ્રસ્ટના ઉપક્રમે ઓમ કૉમ્યુનિકેશન દ્વારા 'શબ્દસંપદા' અંતર્ગત  જૈન સાહિત્યસર્જક પાલહણના 'નેમિ બારહમાસા' વિશે પ્રો. ઋષિકેશ રાવલે અને વિનયપ્રભ ઉપાધ્યાયના 'ગૌતમસ્વામી રાસ' વિશે પ્રો. રમજાન હસણિયાએ વક્તવ્યો આપ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું.

## સદા સર્વદા કવિતા

પ્રદાન કૉમ્યુનિકેશન પ્રસ્તુત સદા સર્વદા કવિતાનો પર્વ ૧૧૪નો કાર્યક્રમ રા. વિ. પાઠક સભાગૃહમા તા. ૧-૩-૨૦૨૬ના રોજ સાંજે ૬-૦૦ કલાકે, યોજાયો હતો. જેમાં સર્વશ્રી લક્ષ્મી ડોબરિયા, લિપિ ઓઝા, માર્ગી દોશી, ભાર્ગવી પંડ્યા, રક્ષા શાહ, પૂર્વી બ્રહ્મભટ્ટે કવિતાનું પઠન કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન માર્ગી દોશીએ કર્યું હતું.

## વિશ્વકોશ ટ્રસ્ટ અંતર્ગત

ગુજરાતી સાહિત્યનાં સમર્થ નવલકથાકાર, વાર્તાકાર અને નાટ્યકાર શ્રી ધીરુબહેન પટેલના જન્મદિવસ નિમિત્તે તા. ૧૦-૩-૨૦૨૬ના રોજ ધીરુબહેન પટેલની પુણ્યતિથિએ વિશ્વકોશભવનમાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં 'આગંતુક' વિશે મીનલબહેન દવેએ, ધીરુબહેનની વાર્તાઓ 'દીકરીનું ધન', 'મયંકની મા' અને 'જાવલ' વિશે ઉષા ઉપાધ્યાયે વાત કરી હતી. મિત્રા પટેલ અને લતા હિરાણીએ ધીરુબહેન પટેલ સાથે વિતાવેલા સમયને વાગોળ્યો હતો.

તા. ૨૧-૩-૨૦૨૬ના રોજ  ધીરુબહેન પટેલની સ્મૃતિમાં મુંબઈના સાહિત્યકારો દ્વારા 'સ્મરણોના સથવારે  કાર્યક્રમ' યોજાયો. જેમાં ધીરુબહેનનાં કાવ્યોની સંગીતમય પ્રસ્તુતિ શ્રી નંદિતા ઠાકોરે કરી હતી. 'હરીશનું હનીમૂન' એકોક્તિની પ્રસ્તુતિ પ્રીતિ જરીવાલાએ કરી હતી. 'ભવની ભવાઈ'ની રજૂઆત ઉત્કર્ષ મઝુમદાર અને ખેવના દેસાઈએ કરી હતી. રેડિયોનાટક 'ઇચ્છાવર' વિશે વૈશાલી ત્રિવેદીએ પ્રસ્તુતિ કરી હતી. 'પરદુઃખભંજન પેસતનજી'નું પઠન દીપક મહેતા અને પ્રીતિ જરીવાલાએ કર્યું હતું. 'અંડેરીગંડેરી ટીપરી ટેન' બાળનાટકનું પઠન ઉત્કર્ષ મઝુમદારે કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે શ્રી કુમારપાળ દેસાઈએ ધીરુબહેન વિશે વાત કરી.

તા. ૧૪-૩-૨૦૨૬ના રોજ વિશ્વકોશભવનમાં કુંદનબહેન કલા-ગૌરવ પુરસ્કાર જી. રવિન્દર રેડ્ડીને એનાયત કરવામાં આવ્યો. શ્રી અમિત અંબાલાલે એમનાં માતૃશ્રીની સ્મૃતિમાં ચિત્રકારને આ ઍવૉર્ડ આપીને તેમનું સન્માન કર્યું હતું.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની નિયમિત રીતે યોજાતી વ્યાખ્યાનશ્રેણીમાં તા. ૨૫-૩-૨૦૨૬ના રોજ શ્રી દક્ષાબહેન પટ્ટણી સ્મૃતિવ્યાખ્યાન અંતર્ગત શ્રી ડંકેશ ઓઝાએ 'ચાલો. થોડા થોડા ગાંધી બનીએ' વિશે વક્તવ્ય આપ્યું હતું.

■

લેલીસાહેબના શબ્દો — 'તું બી.એ. થા, પછી આવજે' — ખૂંચતા હતા. મારે બારિસ્ટર થવા ઉપરાંત કંઈક બીજો અભ્યાસ કરવો જોઈએ. ઑક્સફર્ડ કેમ્બ્રિજની ખબર કાઢી. કેટલાક મિત્રોને મળ્યો. જોયું કે ત્યાં જતાં ખર્ચ બહુ વધે ને ત્યાંનો ક્રમ લાંબો. મારાથી ત્રણ વર્ષ ઉપરાંત રહેવાય તેમ નહોતું. કોઈ મિત્રે કહ્યું, 'જો તારે કંઈ કઠણ જ પરીક્ષા આપવી હોય તો તું લંડન મૅટ્રિક્યુલેશનમાં પાસ થા. તેમાં મહેનત ઠીક કરવી પડશે ને સામાન્ય જ્ઞાન વધશે. ખર્ચ તો મુદ્દલ નહીં વધે.' આ સૂચના મને ગમી. પરીક્ષાના વિષયો જોઉં તો ભડક્યો. લૅટિન અને બીજી ભાષા ફરજિયાત! લૅટિન કેમ થાય? પણ મિત્રે સૂચવ્યું : લૅટિનનો ઉપયોગ વકીલને બહુ હોય છે. લૅટિન જાણનારને કાયદાનાં પુસ્તકો સમજવાં સહેલાં લાગે. વળી 'રોમન લૉ'ની પરીક્ષામાં એક સવાલ તો કેવળ લૅટિન ભાષામાં જ હોય છે, ને લૅટિન જાણવાથી અંગ્રેજી ભાષા ઉપર કાબૂ વધે.' આ બધી દલીલોની અસર પડી. મુશ્કેલ હો કે ન હો, પણ લૅટિન તો શીખવું જ. ફ્રેંચ લીધેલું પૂરું કરવું. એટલે બીજી ભાષા ફ્રેંચ એમ નિશ્ચય કર્યો. એક ખાનગી મૅટ્રિક્યુલેશન વર્ગ ચાલતો હતો તેમાં જોડાયો, પરીક્ષા દર છ માસે થાય, મને ભાગ્યે પાંચ માસનો વખત હતો. આ કામ મારા ગજા ઉપરાંત હતું. પરિણામ એ આવ્યું કે સભ્ય બનવામાંથી હું તો અત્યંત ઉદ્યમી વિદ્યાર્થી બન્યો. ટાઇમટેબલ બનાવ્યું. મિનિટો સાચવી. પણ મારી બુદ્ધિ કે યાદશક્તિ એવાં નહોતાં કે હું બીજા વિષયો ઉપરાંત લૅટિન અને ફ્રેંચને પહોંચી શકું. પરીક્ષામાં બેઠો. લૅટિનમાં નાપાસ થયો. દુઃખી થયો, પણ હાર્યો નહીં. લૅટિનમાં રસ લાગ્યો હતો. ફ્રેંચ વધારે સારું થશે ને વિજ્ઞાનમાં નવો વિષય લઈશ એમ વિચાર્યું. રસાયણશાસ્ત્ર, જેમાં હવે જોઉં છું કે ખૂબ રસ આવવો જોઈએ, તે પ્રયોગોને અભાવે મને ગમતું જ નહોતું. દેશમાં તો એ વિષય શીખવાનો હતો જ, એટલે લંડન મૅટ્રિક માટે પણ પહેલી વેળા એ જ પસંદ કર્યો હતો. આ વેળા પ્રકાશ અને ઉષ્ણતા (લાઇટ અને હીટ) લીધાં. આ વિષય સહેલો ગણાતો. મને પણ સહેલો લાગ્યો.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

## ગુજરાતી સાહિત્ય પરિષદનું અંદાજપત્ર (વર્ષ ૨૦૨૬-'૨૭)

ગુજરાતી સાહિત્ય પરિષદ, ક. લા. સ્વાધ્યાય મંદિર અને ચી. મં. ગ્રંથાલયનું વર્ષ ૨૦૨૬-'૨૭ માટેનું અંદાજપત્ર કોષાધ્યક્ષે તૈયાર કર્યું હતું. જેને ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિએ થોડાક સુધારા-વધારા સાથે મંજૂર કરેલ છે. ગુજરાતી સાહિત્ય પરિષદના આ અંદાજપત્રની વિગતવાર માહિતી અત્રે પ્રસ્તુત છે.

— **સંજય ચૌધરી,** (કોષાધ્યક્ષ)

## ગુજરાતી સાહિત્ય પરિષદ અને તેનાં ઘટકોનાં અંદાજપત્રોનું સમગ્ર ચિત્ર

| ક્રમ | સંસ્થાનું નામ | અંદાજિત ખર્ચ | વાસ્તવિક ખર્ચ | તફાવત | ખર્ચનો અંદાજ | આવક | આવક સંદર્ભ |
|---|---|---|---|---|---|---|---|
| | | (૨૦૨૫-૨૬) | (૨૦૨૫-૨૬) | (૨૦૨૫-૨૬) | (૨૦૨૬-૨૭) | (૨૦૨૬-૨૭) | ઘટ (-)/પુરાંત(+) |
| ૧ | *ગુજરાતી સાહિત્ય પરિષદ* | *૯૯,૪૮,૫૦૦* | *૮૮,૬૦,૮૯૬* | *-૧૦,૮૭,૬૦૪* | *૧,૦૧,૩૯,૦૦૦* | *૭૭,૨૨,૭૪૬* | *-૨૪,૧૬,૨૫૪* |
| ૨ | *ક.લા. સ્વાધ્યાયમંદિર* | *૨૬,૭૧,૭૪૬* | *૨૩,૫૦,૯૬૯* | *-૩,૨૦,૭૭૭* | *૨૬,૩૭,૭૪૬* | *૨૫,૦૪,૦૦૦* | *-૧,૩૩,૭૪૬* ★ |
| ૩ | ચી. મં. ગ્રંથાલય | *૯,૬૨,૨૦૦* | *૮,૫૭,૪૮૨* | *-૧,૦૪,૭૧૮* | *૧૦,૦૯,૯૦૦* | *૭,૦૬,૦૦૦* | *-૩,૦૩,૯૦૦* |
| | **કુલ રકમ.....** | **૧,૩૫,૮૨,૪૪૬** | **૧,૨૦,૬૯,૩૪૭** | **-૧૫,૧૩,૦૯૯** | **૧,૩૭,૮૬,૬૪૬** | **૧,૦૯,૩૨,૭૪૬** | **-૨૮,૫૩,૯૦૦** |

નોંધ :- ★ *ગ્રાન્ટ પાત્ર રકમ*

# ગુજરાતી સાહિત્ય પરિષદ - બજેટ (૨૦૨૬-૨૦૨૭)

| ક્રમ | ખર્ચની વિગત | અંદાજ ખર્ચ | વાસ્તવિક ખર્ચ | અંદાજ કરતાં | | અંદાજ |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૫-૨૦૨૬ | ૨૦૨૫-૨૦૨૬ | વધારો | ઘટાડો | ૨૦૨૬-૨૦૨૭ |
| ૧ | મ્યુનિસિપલ ટેક્ષ | ૨,૨૦,૦૦૦ | ૨,૧૫,૫૧૨ | | ૪૪૮૮ | ૨,૫૦,૦૦૦ |
| ૨ | વીમા ખર્ચ | ૬,૫૦૦ | ૧૩,૪૮૪ | ૬૯૮૪ | | ૧૫,૦૦૦ |
| ૩ | ઑડિટ ફી અને પ્રોફેશનલ-કન્સલ્ટન્ટન્સી ચાર્જીસ | ૭૫,૦૦૦ | ૮૨,૩૬૪ | ૭૩૬૪ | | ૧,૦૦,૦૦૦ |
| ૪ | બેંક કમિશન તથા ચેક બુક ચાર્જીસ | ૧,૦૦૦ | ૨૯૩૦ | ૧૯૩૦ | | ૩,૦૦૦ |
| ૫ | પગારખર્ચ | ૧૬,૦૦,૦૦૦ | ૧૫,૫૮,૭૦૦ | | ૪૧૩૦૦ | ૧૮,૦૦,૦૦૦ |
| ૬ | ટેલિફોન ખર્ચ | ૧૫,૦૦૦ | ૧૧,૫૪૫ | | ૩૪૫૫ | ૧૫,૦૦૦ |
| ૭ | પારિતોષિક, વ્યાખ્યાનપુરસ્કાર, નિર્ણાયક<br>પુરસ્કાર, પ્રવાસખર્ચ (જ્ઞાનસત્ર/અધિવેશન) | ૨,૫૦,૦૦૦ | ૨,૨૧,૭૯૮ | | ૨૮,૨૦૨ | ૨,૫૦,૦૦૦ |
| ૮ | મકાન રીપેરીંગ તથા અન્ય ખર્ચ (આગળ પાછળ પથ્થર તેમજ બે<br>ડકમાં પ્લબીંગકામ કરાવ્યુ, નવી પાઈપ નાંખી | ૧૦,૦૦,૦૦૦ | ૭,૭૭,૦૨૨ | | ૨,૨૨,૯૭૮ | ૧૫,૦૦,૦૦૦ |
| ૯ | પરબ- પ્રકાશન, પોસ્ટેજ રવાનગી,<br>લેખક પુરસ્કાર તથા અન્ય | ૨૩,૦૦,૦૦૦ | ૨૬,૬૫,૮૨૦ | ૩,૬૫,૮૨૦ | | ૨૭,૦૦,૦૦૦ |
| ૧૦ | ૬ સ્વાધ્યાયપીઠ અંગેનો ખર્ચ | ૧,૦૦,૦૦૦ | ૯,૬૪૦ | ૦ | ૯૦,૩૬૦ | ૧,૦૦,૦૦૦ |
| ૧૧ | ડેડસ્ટોક ઘસારા ખર્ચ | ૧૬,૦૦૦ | ૧૬,૦૦૦ | ૦ | | ૧૬,૦૦૦ |
| ૧૨ | અન્ય ખર્ચાઓ :-<br>પોસ્ટેજ, પ્રવાસ, ઈલેક્ટ્રીક બર્નીંગ,<br>ફર્નિચર રીપેરીંગ ખર્ચ,<br>ઓવરટાઈમ, કોમ્પ્યુટર રીપેરીંગ ખર્ચ, અન્ય. | ૯,૦૦,૦૦૦ | ૭,૪૦,૦૪૬ | | ૧૫૯૯૫૪ | ૯,૦૦,૦૦૦ |
| ૧૩ | પરિસંવાદ કાર્યશાળા, શિબિર કાવ્ય પઠન<br>વ્યાખ્યાનમાળા,<br>મુદ્રણ, નિમંત્રણકાર્ડ, અન્ય પ્રવૃત્તિઓ | ૧૦,૦૦,૦૦૦ | ૬,૭૩,૫૯૦ | | ૩૨૬૪૧૦ | ૧૦,૦૦,૦૦૦ |
| ૧૪ | પુસ્તક પ્રકાશન (વિવિધ પ્રકાશનશ્રેણી) | ૩,૦૦,૦૦૦ | ૭૬,૫૪૫ | | ૨૨૩૪૫૫ | ૩,૦૦,૦૦૦ |
| ૧૫ | એચ.એમ.પટેલ અનુવાદ કેન્દ્ર | ૫૦,૦૦૦ | ૦ | ૦ | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| ૧૬ | માતૃભાષા સંવર્ધન કેન્દ્ર | ૫૦,૦૦૦ | ૦ | ૦ | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| ૧૭ | મેઈન્ટેનસ વાર્ષિક ખર્ચ (રા.વિ.પાઠક) | ૫,૦૦,૦૦૦ | ૨,૯૨,૪૦૦ | | ૨૦૭૬૦૦ | ૫,૦૦,૦૦૦ |
| ૧૮ | રવિશંકર રાવળ વ્યાખ્યાનમાળા | ૨૫,૦૦૦ | ૦ | | | ૨૫,૦૦૦ |
| ૧૯ | માતૃભાષા દિન ખર્ચ | ૪૦,૦૦૦ | ૩,૫૦૦ | | ૩૬,૫૦૦ | ૪૦,૦૦૦ |
| ૨૦ | સોલાર પ્લાન્ટ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | | | ૧,૫૦,૦૦૦ |
| ૨૧ | ફાયર સેફ્ટી | ૧૩,૦૦,૦૦૦ | ૧૩,૦૦,૦૦૦ | | | ૨,૦૦,૦૦૦ |
| ૨૨ | 'વેબ સાઈટ ડિઝાઈન તથા ડિજિટલ ડેટાબેઝ' | | | | | ૧,૭૫,૦૦૦ |
| | **કુલ........** | **૯૯,૪૮,૫૦૦** | **૮૮,૬૦,૮૯૬** | **૩,૮૨,૦૯૮** | **૧૪,૪૪,૭૦૨** | **૧,૦૧,૩૯,૦૦૦** |

## મળેલ આવક (૨૦૨૫-૨૬)

| ક્રમ | વિગત | આવક |
|---|---|---|
| ૧ | પરબ લવાજમ | ૫૩,૨૦૦ |
| ૨ | સામાન્ય સભ્યફી | ૧,૮૦૦ |
| ૩ | સંસ્થા સભ્યફી | ૦ |
| ૪ | આજીવન સભ્યફી | ૯૯,૦૦૦ |
| ૫ | (A) મકાન વપરાશ ફાળો - (ગોવર્ધનસ્મૃતિમંદિર)<br>(B) મકાન વપરાશ ફાળો (રા.વિ.પાઠક સભાગૃહ) | ૨૫,૬૮,૫૫૦ |
| ૬ | પરચૂરણ આવક | ૩,૦૭૫ |
| ૭ | પુસ્તક વેચાણ | ૨,૪૬,૦૦૦ |
| ૮ | પરબ જાહેરખબર આવક | ૧,૬૬,૧૫૦ |
| ૯ | ફિક્સ્ડ ડિપોઝીટ વ્યાજ આવક | ૪,૨૫,૦૦૦ |
| ૧૦ | મકાન વપરાશ ફાળો (ક.લા. સ્વા. મંદિર) | ૧૯,૭૪૬ |
| ૧૧ | વ્યાખ્યાનમાળા આવક (ચિત્રકૂટધામ ટ્રસ્ટ, મહુવા) | ૫૦,૦૦૦ |
| ૧૨ | દાન આવક | ૩૧,૩૬,૪૨૩ |
| ૧૩ | મકાન વપરાશ ફાળો (મેઘાણી પ્રાંગણ) | ૨,૩૪,૦૮૦ |
| ૧૪ | સંસ્થા આજીવન સભ્યફી | ૦ |
| | | |
| | | |
| | **કુલ.....** | **૭૦,૦૩,૦૨૪** |

## મળવાપાત્ર આવકનો અંદાજ (૨૦૨૬-૨૭)

| ક્રમ | વિગત | આવક |
|---|---|---|
| ૧ | પરબ લવાજમ | ૭૫,૦૦૦ |
| ૨ | સામાન્ય સભ્યફી | ૩,૦૦૦ |
| ૩ | સંસ્થા સભ્યફી | ૩,૦૦૦ |
| ૪ | આજીવન સભ્યફી | ૧,૨૦,૦૦૦ |
| ૫ | (A) મકાન વપરાશ ફાળો - ગોવર્ધનસ્મૃતિમંદિર<br>(B) મકાન વપરાશ ફાળો (રા.વિ.પાઠક સભાગૃહ) | ૨૭,૦૦,૦૦૦ |
| ૬ | પરચૂરણ આવક | ૫,૦૦૦ |
| ૭ | પુસ્તક વેચાણ | ૩,૦૦,૦૦૦ |
| ૮ | પરબ જાહેરખબર આવક | ૧,૭૫,૦૦૦ |
| ૯ | સંસ્થા આજીવન | ૧૦,૦૦૦ |
| ૧૦ | ફિક્સ્ડ ડિપોઝીટ વ્યાજ આવક | ૪,૩૦,૦૦૦ |
| ૧૧ | ડેલિગેટ ફી | ૧,૦૦,૦૦૦ |
| ૧૨ | મકાન વપરાશ ફાળો (ક.લા. સ્વા. મંદિર) | ૧૯,૭૪૬ |
| ૧૩ | વ્યાખ્યાનમાળા આવક (ચિત્રકૂટધામ ટ્રસ્ટ, મહુવા) | ૫૦,૦૦૦ |
| ૧૪ | મકાન વપરાશ ફાળો (મેઘાણી પ્રાંગણ) | ૨,૩૫,૦૦૦ |
| ૧૫ | દાન આવક | ૩૫,૦૦,૦૦૦ |
| | | |
| | **કુલ.....** | **૭૭,૨૨,૭૪૬** |

# શ્રી કસ્તુરભાઈ લાલભાઈ સ્વાધ્યાયમંદિર : અંદાજપત્ર (૨૦૨૬-૨૭)

| ક્રમ | ખર્ચની વિગત | અંદાજ ખર્ચ | વાસ્તવિક ખર્ચ | અંદાજ કરતા | | અંદાજ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૫-૨૦૨૬ | ૨૦૨૫-૨૦૨૬ | વધારો | ઘટાડો | ૨૦૨૬-૨૦૨૭ |
| ૧ | પગાર | ૨૫૦૦૦૦૦★ | ૨૨,૬૪,૬૩૬ | | ૨,૩૫,૩૬૪ | ૨૫૦૦૦૦૦★ |
| ૨ | અન્ય ખર્ચાઓ : સ્ટેશનરી, ટેલિફોન, | ૬૫૦૦૦★ | ૨૪,૦૮૭ | | ૨૧૯૧૩ | ૩૫૦૦૦★ |
| | વીજળી, પોસ્ટેજ, પ્રવાસ, પરચુરણ, | | | | | |
| | કોમ્પ્યુટર ચાર્જ, સર્વિસચાર્જ, | | | | | |
| | બેંક કમિશન, પટાવાળા યુનિફોર્મ ખર્ચ, | | | | | |
| | મિટીંગ ખર્ચ તથા અન્ય ખર્ચાઓ. | | | | | |
| ૪ | ગ્રંથાલય-પુસ્તક ખરીદી, | ૨૫૦૦૦★ | ૨૫,૦૦૦ | | - | ૨૫૦૦૦★ |
| ૫ | સામયિક ખરીદી | ૬૦૦૦★ | ૫,૭૦૦ | | ૩૦૦ | ૬૦૦૦★ |
| ૬ | કબાટ ખરીદી | ૨૨૦૦૦★ | - | - | ૨૨૦૦૦ | ૨૨૦૦૦★ |
| ૭ | મકાન વપરાશ | ૧૯૭૪૬★ | ૧૯,૭૪૬ | - | - | ૧૯૭૪૬★ |
| ૮ | ઑફિસ ખર્ચ | ૨૦૦૦★ | ૦ | -- | ૨૦૦૦ | ૨૦૦૦★ |
| ૯ | પુસ્તક બાઈન્ડિંગ ખર્ચ | ૫૦૦૦★ | ૦ | | ૫૦૦૦ | ૫૦૦૦★ |
| ૧૦ | ઑડિટ તથા કન્સલ્ટીંગ ફી | ૧૩૦૦૦★ | ૧૧,૮૦૦ | | ૧૨૦૦ | ૧૩૦૦૦★ |
| ૧૧ | વ્યાખ્યાખ્યાન પુરસ્કાર | ૧૪૦૦૦★ | ૦ | | ૧૪૦૦૦ | ૧૦૦૦૦★ |
| | કુલ...... | ૨૬,૭૧,૭૪૬ | ૨૩,૫૦,૯૬૯ | ૧૮,૪૪૮ | ૩,૦૧,૭૭૭ | ૨૬,૩૭,૭૪૬ |

## મળેલી આવક (૨૦૨૫-૨૦૨૬)

| ક્રમ | વિગત | રૂા. |
|---|---|---|
| ૧ | ગુજરાત સરકાર તરફથી ગ્રાન્ટ (પગાર) | ૨૨,૬૪,૬૩૬ |
| ૨ | માન્ય ખર્ચની મળેલી ગ્રાન્ટ | ૦ |
| ૩ | સેવિંગ્સ ખાતા પર મળેલ વ્યાજ | ૩૬૬૩ |
| | **કુલ રકમ..........** | **૨૨,૬૮,૨૯૯** |

### ક.લા. સ્વાધ્યાયમંદિર

## અંદાજિત આવક (૨૦૨૬-૨૦૨૭)

| ક્રમ | વિગત | રૂા. |
|---|---|---|
| ૧ | ગુજરાત સરકાર તરફથી મળવાપાત્ર ગ્રાન્ટ (પગાર) | ૨૫,૦૦,૦૦૦ |
| ૨ | સેવિંગ્સ ખાતા પર મળવાપાત્ર વ્યાજ | ૪,૦૦૦ |
| | **કુલ રકમ..........** | **૨૫,૦૪,૦૦૦** |

# ચી.મં. ગ્રંથાલય અંદાજપત્ર (૨૦૨૬-૨૦૨૭)

| ક્રમ | ખર્ચની વિગત | અંદાજ ખર્ચ | વાસ્તવિક ખર્ચ | અંદાજ કરતા | | અંદાજ |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૫-૨૦૨૬ | ૨૦૨૫-૨૦૨૬ | વધારો | ઘટાડો | ૨૦૨૬-૨૦૨૭ |
| ૧ | પગાર | ૪,૦૦,૦૦૦ | ૩,૮૪,૬૦૦ | | ૧૫૪૦૦ | ૪,૨૫,૦૦૦ |
| ૨ | પુસ્તક ખરીદી | ૨,૫૦,૦૦૦ | ૨,૭૦,૦૦૦ | | | ૩,૦૦,૦૦૦ |
| | સામયિક ખરીદી | | ૬૮,૪૫૦ | | | |
| | પુસ્તક બાઈંડિંગ ખર્ચ | | | | | |
| ૩ | ઑડિટ તથા કન્સલ્ટીંગ ફી | ૧૦,૦૦૦ | ૧૧,૮૦૦ | ૧૮૦૦ | | ૧૨,૦૦૦ |
| ૪ | સ્ટેશનરી તથા છપામણી ખર્ચ | ૧૯,૦૦૦ | ૩,૦૫૦ | | ૧૫,૯૫૦ | ૧૦,૦૦૦ |
| ૫ | પોસ્ટેજ ખર્ચ | ૫૦૦ | ૦ | ૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૬ | પ્રવાસ ખર્ચ | ૨,૦૦૦ | ૫૦૦ | | ૧,૫૦૦ | ૨,૦૦૦ |
| ૭ | મ્યુનિસિપલ ટેક્ષ | ૨૦,૦૦૦ | ૨૦,૨૫૪ | ૨૫૪ | | ૨૧,૦૦૦ |
| ૮ | ડેડ સ્ટોક ઘસારા ખર્ચ | ૪,૨૦૦ | ૪,૨૦૦ | ૦ | ૦ | ૪,૨૦૦ |
| ૯ | બેંક ચાર્જિસ | ૫૦૦ | ૧૦ | | ૪૯૦ | ૨૦૦ |
| ૧૦ | કોમ્પ્યુટર ખર્ચ | ૨૧,૦૦૦ | ૫૫,૭૫૨ | ૩૪૭૫૨ | | ૨૫,૦૦૦ |
| ૧૧ | લાયબ્રેરી ખર્ચ (ડેટાએન્ટ્રી) | ૧,૫૦,૦૦૦ | ૦ | | ૧,૫૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ |
| ૧૨ | રિપેરીંગ ખર્ચ/ફર્નિચર | ૩૦,૦૦૦ | ૨૫,૯૬૬ | ૫,૯૬૬ | | ૩૦,૦૦૦ |
| ૧૩ | પરચૂરણ ખર્ચ | ૫,૦૦૦ | ૩,૭૦૦ | | ૧,૩૦૦ | ૫,૦૦૦ |
| ૧૪ | વ્યાખ્યાન પુરસ્કાર, પ્રવાસ, પરિસંવાદ, શિબિર | ૫૦,૦૦૦ | ૯,૨૦૦ | | ૪૦૮૦૦ | ૨૫,૦૦૦ |
| | કુલ........ | **9,62,200** | **857482** | **42772** | **225940** | **1009900** |

*** *ગ્રંથાલય નિયામકની કચેરી, ગાંધીનગર તરફથી રૂા.૬,૦૦,૦૦૦/- ગ્રાન્ટ મળેલ છે. તે ગ્રાન્ટ માર્ચની આખર સુધીમાં ખર્ચ કરવાની રહેશે.*

# ચી.મં. ગ્રંથાલય

## મળેલી આવક (૨૦૨૫-૨૦૨૬)

| | વિગત | રૂા. |
|---|---|---|
| ૧ | વાર્ષિક સભ્ય ફી | ૭૫,૯૨૦ |
| ૨ | અતિદેય ફી | ૩,૩૩૮ |
| ૩ | પસ્તી વેચાણ | ૨,૮૦૦ |
| ૪ | વ્યાજ આવક (સેવિંગ્સ) | ૪,૧૬૮ |
| ૫ | પરચૂરણ | ૨,૬૧૭ |
| ૬ | ગ્રંથાલય વિભાગ તરફથી ગ્રાન્ટ | ૬,૦૦,૦૦૦ |
| | **કુલ રકમ..........** | **૬,૮૮,૮૪૩** |

# ચી.મં. ગ્રંથાલય

## અંદાજિત આવક (૨૦૨૬-૨૦૨૭)

| ક્રમ | વિગત | રૂા. |
|---|---|---|
| ૧ | વાર્ષિક સભ્ય ફી | ૮૫,૦૦૦ |
| ૨ | અતિદેય ફી | ૫,૦૦૦ |
| ૩ | બુક લોસ્ટ | ૩,૦૦૦ |
| ૪ | વ્યાજ આવક (સેવિંગ્સ) | ૭,૦૦૦ |
| ૫ | પસ્તી વેચાણ (આવક) | ૬,૦૦૦ |
| ૬ | ગ્રંથાલય વિભાગ (રા.રા.લા.ફા.) તરફથી મળવાપાત્ર ગ્રાન્ટ | ૬,૦૦,૦૦૦ |
| | **કુલ રકમ..........** | **૭,૦૬,૦૦૦** |

કુટુંબના જૂના મિત્ર અને સલાહકાર એક વિદ્વાન, વ્યવહારકુશળ બ્રાહ્મણ, માવજી દવે હતા. તેમણે પિતાજીના સ્વર્ગવાસ પછી પણ કુટુંબ સાથેનો સંબંધ કાયમ રાખ્યો હતો. તેઓ આ રજાના દિવસોમાં ઘેર આવ્યા. માતુશ્રી અને વડીલ ભાઈ સાથે વાતો કરતાં મારા ભણતર વિષે પૂછપરછ કરી. હું શામળદાસ કૉલેજમાં છું એમ સાંભળી કહ્યું : 'જમાનો બદલાયો છે. તમ ભાઈઓમાંથી કોઈ કબા ગાંધીની ગાદી સાચવવા માગો તો તે ભણતર વિના નહીં મળે. આ છોકરો હજુ ભણે છે એટલે ગાદી સાચવવાનો બોજો તેની પાસે ઉપડાવવો જોઈએ. તેને હજુ તો ચાર-પાંચ વર્ષ બી.એ. થતાં જશે, એને તેટલો વખત આપવા છતાં તેને પચાસ સાઠ રૂપિયાની નોકરી મળશે, દીવાનપદ નહીં મળે. વળી જો એને ત્યાર પછી મારા દીકરાની જેમ વકીલ બનાવીએ તો વળી બીજાં થોડાં વર્ષ જાય, ને ત્યારે તો દીવાનગીરીને સારુ વકીલો પણ ઘણા તૈયાર થયા હોય. તમારે તેને વિલાયત મોકલવો જોઈએ. કેવળરામ (માવજી દવેના દીકરાનું નામ) કહે છે ત્યાં ભણતર સહેલું છે. ત્રણ વર્ષમાં ભણીને પાછો આવશે. ખરચ પણ ચાર-પાંચ હજારથી વધારે નહીં થાય. જુઓને પેલા નવા બારિસ્ટર આવ્યા છે તે કેવા દમામથી રહે છે! તેને કારભારું જોઈએ તો આજે મળે. મારી સલાહ તો છે કે મોહનદાસને તમારે આ વર્ષે જ વિલાયત મોકલી દેવો.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

## સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષ રૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદપ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૬ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મૂકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઇચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગ રૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

| | |
|---|---|
| NAME OF THE ACCOUNT HOLDER | : GUJARATI SAHITYA PARISHAD |
| BANK NAME | : BANK OF INDIA |
| BANK ADDRESS | : ASHRAM ROAD BRANCH, AHMEDABAD-380009 |
| BANK A/C NO. | : 200220100004869 |
| MICR CODE NO. | : 380013006 |
| IFSC NO. | : BKID0002002 |
| BRNCH CODE | : 2002 |

| | | |
|---|---|---|
| **હર્ષદ ત્રિવેદી** | **સંજય ચૌધરી** | **સમીર ભટ્ટ** |
| પ્રમુખ | કોષાધ્યક્ષ | મહામંત્રી |

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

## ગુજરાતી સાહિત્ય પરિષદને જૂન, ૨૦૨૫થી મળેલ દાનની વિગત

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| | **પરબ અપીલ પેટે મળેલ દાન** | | |
| ૧. | પિડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લિ. (માળખાગત સુવિધા માટે દાન) | મુંબઈ | ૧૫,૦૦,૦૦૦ |
| ૨. | અંબાલાલ હિંમતલાલ (પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ) હ. શ્રી અમિત અંબાલાલ | અમદાવાદ | ૧૧,૦૦,૦૦૦ |
| ૩. | જી.એમ.આઈ. બિલ્ડર્સ પ્રા. લિ. (શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ મારફતે) | સુરત | ૧૦,૦૦,૦૦૦ |
| | **શ્રી હર્ષ બ્રહ્મભટ્ટની પ્રેરણાથી શ્રી મોહનભાઈ કુંડારિયા મારફતે મળેલું દાન** | | |
| ૪. | શ્રી માધવ લૉજીસ્ટિક્સ | મોરબી | ૫,૦૦,૦૦૦ |
| ૫. | શ્રી હરિકૃષ્ણા કૉમર્શિયલ ભારત ગૅસ એજન્સી | રાજકોટ | ૨,૫૦,૦૦૦ |
| ૬. | ગોપીનાથ એન્જિનિયરિંગ | રાજકોટ | ૨,૫૦,૦૦૦ |
| ૭. | રાધિકા શિરીષ પરીખ ટ્રસ્ટ (બાળરંજન રંગારંગ સભાના કાર્યક્રમના ખર્ચ પેટે) | અમદાવાદ | ૧,૫૯,૨૯૩ |
| ૮. | શ્રી હર્ષદ ત્રિવેદી (પ્રકાશન માટે) | અમિયાપુર | ૧,૨૫,૦૦૦ |
| ૯. | શ્રી હરેશ ધોળકિયા (પરબ પ્રકાશન પેટે) | ભુજ | ૧,૦૦,૦૦૦ |
| ૧૦. | પ્રીતિ સેનગુપ્તા (પરબ પ્રકાશન માટે) | ન્યૂયૉર્ક | ૧,૦૦,૦૦૦ |
| ૧૧. | રોહિતભાઈ જી. બોડીવાલા | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૧૨. | પરિમલ રમણિકલાલ દલાલ (પરબ પ્રકાશન માટે) | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૧૩. | બીનાબહેન કાનાણી | થાણા | ૨૫,૦૦૦ |
| ૧૪. | છેલભાઈ વ્યાસ | અમરેલી | ૨૧,૦૦૦ |
| ૧૫. | શ્રી મોહનલાલ દવે જીવનપ્રકાશ પારિતોષિક વર્ષ ૨૦૨૫ માટે (હ. શ્રી ભૂપેન્દ્રભાઈ મો. દવે.) | સુરેન્દ્રનગર | ૧૫,૦૦૦ |
| ૧૬. | ભરત પ્રેમશંકર યાજ્ઞિક | રાજકોટ | ૧૧,૧૧૧ |
| ૧૭. | પ્રીતિ અનુભાઈ શાહ | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૧૮. | બિનીત મોદી (પરબ અપીલ પેટે) | અમદાવાદ | ૫,૧૧૧ |
| ૧૯. | શરીફા વીજળીવાળા (પરબ અપીલ પેટે) | સુરત | ૭,૦૦૦ |
| ૨૦. | શ્રીમતી હીરાલક્ષ્મી મણકીવાળા ચૅરિટેબલ ટ્રસ્ટ (સાદું દાન) | અમદાવાદ | ૫,૦૦૧ |
| ૨૧. | જોષી ચૅરિટેબલ ટ્રસ્ટ (પરબ અપીલ) | સુરત | ૫,૦૦૦ |
| ૨૨. | ભરત એચ. દવે | જૂનાગઢ | ૩,૦૦૦ |
| ૨૩. | નવીનચંદ્ર ધામેચા | રાજકોટ | ૧,૧૦૦ |
| ૨૪. | હિતેન્દ્ર ટેલર | નવસારી | ૧,૧૦૦ |
| ૨૫. | એક સાહિત્યપ્રેમી | અમદાવાદ | ૧,૦૦૦ |
| ૨૬. | શ્રી અશોકકુમાર ઠક્કર (વિશ્વસોશિયલ મીડિયા કાર્યક્રમ અંગે) | અમદાવાદ | ૫૪૦ |
| ૨૭. | મનસુખ સાવલા | જામનગર | ૫૦૦ |
| ૨૮. | સોમચંદ્ર એલ. શાહ | જામનગર | ૫૦૦ |
| ૨૯. | રૂપેશ વી. શાહ | જામનગર | ૫૦૦ |
| | **ગુજરાતી સાહિત્ય પરિષદ જન્મદિવસ નિમિત્તે મળેલ દાન** | | |
| ૧. | શ્રી સંતોષ બાલક્રિષ્ણા કરોડે | અમદાવાદ | ૨,૫૦૦ |

## આ અંકના લેખકો

**Ajay Sarvaiya** : Department of Linguistics, Bhasha Sahitya Bhavan, Feculty of Arts., Nr. University Guest House, Pratapgunj, Vadodara-390002 M. 9825473097

**અધીર અમદાવાદી** : બી-૭૦૪, લા.ગ્રેસિયા ઍપાર્ટમેન્ટ, વિવેકાનંદ ચોક પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨. મો. ૯૯૦૯૯૫૬૬૬૧.

**ઇતુભાઈ કુરકુટિયા** : વ્યાખ્યાતા ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. મો. ૭૫૬૭૭૩૪૫૯૫

**Eshan Doshi** : Room No. 2, Barrack No. 12, Munshinagar, Bhavans College Campus, Andheri (west) MUMBAI-400058. M. 9833180574

**કિરીટ દૂધાત** : A/૧, સુયોજન ઍપાર્ટમેન્ટ, સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. મો. ૯૪૨૭૩ ૦૬૫૦૭

**કિશોર વ્યાસ** : ૬/બી, મહેતા સોસાયટી, એમ.જી.એસ. હાઈસ્કૂલ પાછળ, કાલોલ-૩૮૯૩૩૦. (પંચમહાલ) મો. ૯૪૨૭૬૭૫૦૭૫

**જગદીશ** : પ્લોટ નં. ૧૭૫૮, પ્રભાત સોસાયટી, સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૨. મો. ૯૪૨૭૪ ૯૭૪૩૭

**દક્ષા સંઘવી** : C/o. જયેશ સાવલા એન/૪૫, મેઇન બજાર, ગાંધીધામ-૩૭૦૨૦૧. મો. ૯૪૨૭૦૧૪૬૪૦

**દિવ્યરાજસિંહ યાદવ** : રિસર્ચ સ્કૉલર, અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. મો. ૭૮૬૧૦૬૬૫૬૯
ઈમેલ એડ્રેસ : : divyarajsinhy21@gmail.com

**નરેશ સોલંકી** : મવડી પોલીસ હેડક્વાટર, ગંગા ઑફિસર, બ્લૉક નં. સી-૧, ક્વાર્ટર નં. ૬, નાનામવા રોડ, રાજકોટ. મો. ૮૩૨૦૬૪૮૭૦૦

**પરેશ નાયક** : 'પ્રજ્ઞા', એફએફ/૧૪, સુરમ્યા-૩, ઇન્ડક્સ યુનિવર્સિટી પાસે, મુ. ગરોડિયા, ગોધાવી, અમદાવાદ-૩૮૨૧૧૫. મો. ૯૮૨૪૦૬૧૭૬૪.

**Pratishtha Pandya** : 3068, Cornwall Prestige Kensington Gardens, 17, HMT Main Road, Nr. HMT Theatre, Jallahalli, Bangalore-560013. M. 8311418808

**પ્રવીણ પંડ્યા** : એચ/૯૦૧, સામ્રાજ્ય ફ્લૅટ્સ, ડ્રાઈવઇન રોડ, માનવમંદિર સામે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨. મો. ૯૪૨૬૭૦૦૯૪૩

**બાદલ પંચાલ** : જી/૬૦૨, મોદી પાર્ક ઇરાની વાડી રોડ, કાંદિવલી (વે.) મુંબઈ-૪૦૦૦૬૭. મો. ૮૮૨૮૪૨૬૧૩૩.

**બિપિન પટેલ** : ૧૮, આરોહી વિલા સોસાયટી, સનસિટી પહેલાં, સરસ્વતી હૉસ્પિટલની પાસે, એસ.પી. રિંગ રોડ, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮. મો. ૯૯૨૫૨૧૩૯૪૧

**મણિલાલ હ. પટેલ** : 'સહજ', બંગલો, શાસ્ત્રી માર્ગ, શાન્તાબા પાર્ક, પાસે, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦ મો. ૯૪૨૬૮૮૬૧૭૫૭

| | | |
|---|---|---|
| **મનસુખ સલ્લા** | : | સી/૪૦૩, સુરેલ ઍપાર્ટમેન્ટસ, જજીસબંગલા વિસ્તાર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૮૨૪૦૪૨૪૫૩ |
| **રમણીક અગ્રાવત** | : | ૭, મુક્તાનંદ સોસાયટી, નર્મદાનગર, જિ. ભરૂચ-૩૯૨૦૧૫. મો. ૯૬૬૨૦૫૮૨૪૩ |
| **રાજેશ પંડ્યા** | : | એ/૫, ઋતુરાજ, નૂતન વિદ્યાલય પાસે, સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪. મો. ૯૪૨૯૨૫૫૯૫૭ |
| **વિજય સોની** | : | ૭, આશીર્વાદ ચેમ્બર્સ, ગંગાધીયાની પોળ સામે, સાંકડીશેરી, માણેકચોક, અમદાવાદ-૩૮૦૦૦૧. મો. ૯૯૨૪૩૭૯૨૦૯ |
| **શૈલેશ ગઢવી** | : | ખીજડિયા પ્રાથમિક શાળા, મુ. ખીજડિયા, તા. મેંદરડા, જિ. જૂનાગઢ-૩૬૨૨૬૦. મો. ૬૬૫૧૯૦૩૮૭૩ |
| **Shobhit Desai** | : | 301, Joy Residency, Beside Ramkrishna Mission, 12th Road, Khar (west) Mumbai-400052. M. 9082986700 |
| **સિકંદર મુલતાની** | : | C/o. ડિલક્ષ મંડપ સર્વિસ, છાલિયાપરા, લીંબડી-૩૬૩૪૨૧. મો. ૯૨૨૮૧૧૬૩૬૩ |
| **Suman Shah** | : | sumangshah@gmail.com / suman-9-shah@yahoo.com |
| **સ્નેહલ ત્રિવેદી** | : | 'ગૌરી કૃપા', મેઈન બજાર, મુ. ટાણા, તા. સિહોર, જિ. ભાવનગર-૩૬૪૨૬૦. મો. ૮૧૪૧૫ ૩૬૩૫૦. ઈમેલ એડ્રેસ : snehaltrivedi7@gmail.com |
| **હરીશ મીનાશ્રુ** | : | 'સુમિરન', 9/એ, સૌરમ્ય બંગલા, વિનુકાકા માર્ગ, બાકરોલ-૩૮૮ ૩૧૫ જિ. આણંદ. મો. ૯૮૨૪૫૧૧૯૬૧ |
| **હર્ષદ ત્રિવેદી** | : | 'સુરતા' એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર. મો. ૯૭૨૩૫૫૫૯૯૪ |

■

ફરી પરીક્ષા આપવાની તૈયારીની સાથે જ રહેણીમાં વધારે સાદાઈ દાખલ કરવાનો પ્રયાસ આદર્યો. મને લાગ્યું કે હજુ મારા કુટુંબની ગરીબાઈને છાજે તેવું સાદું મારું જીવન નથી. ભાઈની તંગીનો અને તેમની ઉદારતાનો વિચાર કરતાં હું કચવાયો. જેઓ પંદર પાઉંડ અને આઠ પાઉંડ દર માસે ખર્ચતા હતા તેમને તો શિષ્યવૃત્તિઓ મળતી હતી. મારા કરતાં વધારે સાદાઈથી રહેનારને પણ હું જોતો હતો. મારા પ્રસંગમાં આવા ગરીબ વિદ્યાર્થીઓ ઠીક પ્રમાણમાં આવ્યા હતા. એક વિદ્યાર્થી લંડનના કંગાળ ભાગમાં અઠવાડિયાના બે શિલિંગ ભરી એક કોટડીમાં રહેતો હતો, અને લોકાર્ટની સસ્તી કોકોની દુકાનમાં બે પેનીનાં કોકો અને રોટી ખાઈને ગુજારો કરતો હતો. તેની હરીફાઈ કરવાની તો મારી શક્તિ નહોતી, પણ હું અવશ્ય બેને બદલે એક કોટડીમાં રહી શકું અને અરધી રસોઈ હાથે પણ પકાવી શકું એમ લાગ્યું. આમ કરવાથી હું દર માસે ચાર કે પાંચ પાઉંડમાં રહી શકું. સાદી રહેણીનાં પુસ્તકો પણ વાંચવામાં આવ્યાં હતાં. બે કોટડી કાઢી નાખી અઠવાડિયાના આઠ શિલિંગની એક કોટડી ભાડે લીધી. એક સગડી ખરીદી ને સવારનું હાથે પકાવવાનું શરૂ કર્યું. પકાવવામાં ભાગ્યે વીસ મિનિટ જતી. ઓટમીલની ઘેંસ અને કોકોને સારુ પાણી ઉકાળવામાં શો વખત જાય? બપોરે બહાર જમી લેવું અને સાંજે પાછો કોકો બનાવી રોટીની સાથે લેવો. આમ હું એકથી સવા શિલિંગમાં રોજ ખાવાનું મેળવી લેતાં શીખ્યો. આ મારો સમય વધારેમાં વધારે ભણતરનો હતો. જીવન સાદું થવાથી વખત વધારે બચ્યો. બીજી વેળા પરીક્ષામાં બેઠો ને પાસ થયો.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

## માતૃભાષા ગુજરાતીનું ગૌરવગાન હવે ઑનલાઈન પર ઉપલબ્ધ

- ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ એકમાત્ર સચિત્ર વિશ્વકોશ (એન્સાઇક્લોપીડિયા)
- એક હજાર પૃષ્ઠનો એક એવા છવ્વીસ ગ્રંથોમાં આવેલા ૨૪,૦૦૦થી વધુ લેખો https://gujarativishwakosh.org પર જોઈ શકાશે. છેલ્લા ત્રીસ દિવસમાં પાંચલ લાખ સુડતાલીસ હજારથી વધુ લોકો દ્વારા લેવાતી મુલાકાત
- ૪૫ લાખથી વધુ શબ્દો ધરાવતો ઑનલાઇન શબ્દકોશ ગુજરાતી લૅક્સિકન https://gujaratilexicon.com પર જોઈ શકાશે. જેની દર મહિને દોઢ લાખથી વધુ લોકો દ્વારા લેવાતી મુલાકાત
- 'વિશ્વકોશ તમારે આંગણે' દ્વારા રોજેરોજ વૉટ્સએપ ઉપર પ્રસ્તુત થતી માહિતીપ્રદ અને વિચારપ્રેરક સામગ્રી
- વિશ્વની ગતિવિધિ આલેખતું સામયિક 'વિશ્વવિહાર' – ઓડિયો મૅગેઝિન રૂપે ઉપલબ્ધ જેના મૂલ્યવાન લેખો યૂટ્યૂબ ઉપર સાંભળી શકાશે.
- વિશ્વકોશમાં યોજાતાં અનેકવિધ પ્રવચનો યૂટ્યૂબ ઉપર પ્રાપ્ત
- દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે બાળકોને ગમતી બાળવાર્તા અને બાળગીતની રજૂઆત
- વિશ્વકોશ દ્વારા પ્રકાશિત થયેલ ૩૫ મૂલ્યવાન પુસ્તકો ઈ–બુક્સ રીતે પ્રાપ્ત
- આગામી એપ્રિલ માસથી 'મારી બારીએથી વિશ્વ' નામના પોડકાસ્ટ દ્વારા મહત્ત્વની વ્યક્તિઓ સાથે રસપ્રદ સંવાદ

Gujarat Vishvakosh Trust

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ


9898042699 Gujarat Vishvakosh

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**
૫૧/૨, રમેશ પાર્કની બાજુમાં, બંધુ સમાજ સોસાયટીની સામે, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

# ગૂર્જરનું પુરસ્કૃત સાહિત્ય


## વિવેચન અને સંદર્ભ-સાહિત્ય




| | | |
|---|---|---|
| નિરીક્ષા | ઉમાશંકર જોશી | 90 |
| ભાવચર્યા | ચિમનલાલ ત્રિવેદી | 170 |
| ભાવરેખા | ચિમનલાલ ત્રિવેદી | 100 |
| નરસિંહ ચરિત્રવિમર્શ | દર્શના ધોળકિયા | 300 |
| સંતવાણી, લોકગીત અને લોકકથા | હસુ યાજ્ઞિક | 320 |
| ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ | દલપત ચૌહાણ | 170 |
| વિવેચનની વાટે | અરુણિકા મનોજ દરુ | 160 |
| રંગવિમર્શ | ભરત દવે | 250 |
| સમયને સથવારઃ ગુજરાત | કુન્દનલાલ ધોળકિયા | 300 |
| વિત્ત-પર્વ [ગુજરાતની આર્થિક વિકાસયાત્રા] | રોહિત શુક્લ | 135 |
| સાગર-પર્વ [ગુજરાતમાં બંદરવિકાસ અને મત્સ્યોદ્યોગ] | ગૌરાંગ વૈદ્ય | 70 |

## પ્રવાસ-સાહિત્ય




| | | |
|---|---|---|
| દો કદમ હમ ભી ચલેં (પુરસ્કૃત) | મહેબૂબ દેસાઈ | 85 |
| હિમાલય અને હિમાલય (પુરસ્કૃત) | રમણ સોની | 200 |
| પૃથ્વી-પ્રદક્ષિણા (પુરસ્કૃત) | સ્વામી સચ્ચિદાનંદ | 350 |
| યુરોપની અટારીએથી (પુરસ્કૃત) | સ્વામી સચ્ચિદાનંદ | 220 |
| અમેરિકા આવજે (પુરસ્કૃત) | ભગવતીકુમાર શર્મા | 200 |
| યુરોપમાં હરતાંફરતાં (પુરસ્કૃત) | પ્રતીક્ષા થાનકી | 180 |
| ઊર્મિઓના દેશમાં, વાદળના વેશમાં (પુરસ્કૃત) | રજની વ્યાસ | 30 |
| અંધારખંડની આરપાર (પુરસ્કૃત) | અરુણાબહેન ચોક્સી | 150 |
| ઉત્તરાખંડ (પુરસ્કૃત) | ચંદ્રશસહ ઠાકોર | 100 |
| ઇલાયઝા ટુ (પુરસ્કૃત) | ચંદ્રવદન મહેતા | 33 |
| અમારો શેખનો પાડો (પુરસ્કૃત) | ચંદ્રકાન્ત કડિયા | 160 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001 મો.: 9227055777
9662275777 E-mail: goorjar@yahoo.com Website : www.gurjarbooks.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102 લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોનઃ 26934340
E-mail: gurjarprakashan@gmail.com

**રન્નાદે પ્રકાશન**
૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

## પ્રેરણાત્મક નિબંધો

### મધુસૂદન બ્રહ્મભટ્ટ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **સફળ કારકિર્દી માઇન્ડ સેટ દ્વારા** (પ્રેરણાત્મક લેખો) | ૧૦૦.૦૦ |
| **કર લો દુનિયા મુઠ્ઠી મેં** (પ્રેરણાત્મક લેખો) | ૧૩૫.૦૦ |

### દિનેશ દેસાઈ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **જિંદગી ઝિંદાબાદ** | ૧૮૦.૦૦ |
| **કારકિર્દીના પથદર્શકો** (સફળ વ્યક્તિકથાનક) | ૧૮૦.૦૦ |

### લાભશંકર ઠાકર

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **એક મિનિટ!** | ૩૬.૦૦ |

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| **આઝાદીના બલિદાનીઓ** (આઝાદીની પ્રેરક કથાઓ) | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૧૪૦.૦૦ |
| **સંભવામિ ( I can...)** (પ્રેરણાત્મક લેખો) | અશોક શર્મા | ૨૪૦.૦૦ |
| **કથાબોધ** (બોધકથાઓ) | રાધેશ્યામ શર્મા | ૨૪૫.૦૦ |
| **આચમન** (સુવિચારો) | પ્રજ્ઞા ઘનશ્યામ દેસાઈ | ૧૬૫.૦૦ |
| **લાગણીના ગુલમહોર** (પ્રેરણાત્મક નિબંધો) | વિરેન્દ્ર રાવલ | ૧૩૫.૦૦ |
| **પરબ** (પ્રેરણાત્મક લેખો) | ચંદ્રકાન્ત જોષી ‘પ્રસૂન’ | ૫૦.૦૦ |
| **હેતુલક્ષી જીવન** (પ્રેરણાત્મક લેખો) | ફાધર વર્ગીસ પૉલ | ૮૫.૦૦ |
| **પ્રકૃતિપર્વ** (પ્રેરણાત્મક નિબંધો) | ભગીરથ બ્રહ્મભટ્ટ | ૭૦.૦૦ |
| **નવા ફણગા** (પ્રેરક લઘુવાર્તાઓ) | સાંકળચંદ પટેલ | ૫૫.૦૦ |
| **કેસૂડો** (પ્રેરક લઘુ લેખો) | અનિલ ભટ્ટ | ૬૦.૦૦ |
| **હું વિવેકાનંદ બોલું છું** (સુવિચારો) | સંપા. : ડૉ. જગદીશ ભાવસાર | ૧૬૫.૦૦ |
| **Reiki : The Healing Method** | Hiren Patel/Mohini Khatri | ૧૫૦.૦૦ |
| **સંઘર્ષ અને સિદ્ધિ** (પ્રેરક લેખો) | ભાવેશ ચાંદેગરા | ૮૦.૦૦ |

## નિબંધસંગ્રહો


### લાભશંકર ઠાકર

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| ઓળખ આંતરધનની | ૫૫.૦૦ |
| પ્રતિભાવન હો! | ૧૮૫.૦૦ |
| શ્રવણ સંપદા | ૧૮૫.૦૦ |
| સોનેરી ચુંબન | ૧૪૫.૦૦ |
| આ હોવાના સંદર્ભો | ૧૪૫.૦૦ |
| મૂંઝારો ધ ઑરેન્જ અને | ૧૩૫.૦૦ |
| નિસબત | ૧૫૦.૦૦ |
| મનજળ થંભ થયેલું | ૧૩૦.૦૦ |
| હમારી સલામ | ૧૨૫.૦૦ |
| ઢોળી ગયાં જે તડકો | ૭૦.૦૦ |
| વિનિમયવૃક્ષ | ૧૦૦.૦૦ |
| થોડો અમસ્તો તડકો | ૯૦.૦૦ |
| કાગળની પૂંછડી (લલિતનિબંધ) | ૭૫.૦૦ |
| ઝાકળનો ઝ (લલિતનિબંધ) | ૮૦.૦૦ |
| સૂરજ ઊગ્યો કેવડિયાની ફણસે (ટૂંકાં નિબંધો) | ૬૫.૦૦ |

### પ્રવીણ દરજી

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| પર્ણસ્તોત્ર (લલિત નિબંધ) | ૧૯૫.૦૦ |
| મોતીગૂંથ્યું ઝાકળ (લલિત નિબંધ) | ૧૭૫.૦૦ |
| ચંદ્રનો ધરાસ્પર્શ | ૧૬૦.૦૦ |
| બિચ બિચ બારી (લલિત નિબંધ) | ૧૪૫.૦૦ |
| હજી યાદ છે (લલિતનિબંધ) | ૧૪૦.૦૦ |
| અથ કિમ્ (લલિતનિબંધ) | ૧૬૦.૦૦ |
| નીરવ ઉત્સવ (લલિતનિબંધ) | ૯૫.૦૦ |
| બટકબોલા બુધાલાલ (હાસ્યનિબંધ) | ૧૦૦.૦૦ |
| નિબંધબોધ (લલિતનિબંધ) | ૧૧૫.૦૦ |
| બહુસ્યામ્ | ૭૫.૦૦ |
| કા કથા (લલિતનિબંધ) | ૮૫.૦૦ |

## જીવનશિક્ષણની વાર્તા




જીવન પાથેય

# સર્વધર્મ કથાઓ

**રામનારાયણ નાગરદાસ પાઠક**

(*આપણી ધર્મકથાઓ*, ભાગ ૧થી ૫ અને
*સંસ્કૃતિનાં સંરક્ષકો [સંતચરિત્રો]* નો સંપાદિત સંચય)

**~ સં. ઉષા રા. પાઠક • કેતન રૂપેરા**

**આશીર્વચન : વિજયશીલચન્દ્રસૂરી મ.સા.**
**આવકાર : રમેશ સંઘવી**

"ગુજરાતમાં રામભાઈ અને
વાર્તા પર્યાય છે."
**- ઉમાશંકર જોશી**

"ગિજુભાઈએ વાર્તાનું શાસ્ત્ર રચ્યું અને એ
પછી વાર્તાઓ કહેવરાવી રામભાઈ પાસે."
**- વિમુબહેન બધેકા**

(પુસ્તકના આવરણ-જમાંથી)

પેપર બૅક બાઈન્ડિંગ, પૃષ્ઠ 264, સાઈઝ : 5.5" x 8.5", કિંમત ₹ 325

ગુજરાતભરમાં
રવાનગી **વિનામૂલ્યે**

ત્રણ કે તેથી વધુ નકલ
ખરીદનારને **૨૦% વળતર**

પ્રાપ્તિસ્થાન **ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ'ની પાછળ,
નદીકિનારે, આશ્રમમાર્ગ, અમદાવાદ-09 • ફોન : 079-26587949

ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હોટ્સએપ નં. 98987 62263 • કુરિયર ચાર્જ અલગથી

Ekatra Foundation




## ભગવાનદાસ પટેલનું સાહિત્ય અને લોકસાહિત્ય-વિશ્વ (ડિજિટલ સ્વરૂપે)

ભગવાનવાનદાસ પટેલનું સમગ્ર સાહિત્ય અને લોકસાહિત્ય-વિશ્વ હવે એકત્ર ફાઉન્ડેશન પર **વિનામૂલ્યે** ઉપલબ્ધ (**કુલ ૪૮ પુસ્તકો**).

આદિવાસી લોકસાહિત્યનો આ અમૂલ્ય ખજાનો હવે વાંચો ડિજિટલ સ્વરૂપે એકત્ર પર.

સંશોધક ભગવાનદાસ પટેલે ઉત્તર ગુજરાતના ઊંડાણના આદિવાસી વિસ્તારોમાં લગભગ ૩૦ વર્ષ સુધી લોકયાત્રા કરીને આદિવાસી કંઠપરંપરાની અમૂલ્ય સાંસ્કૃતિક સંપદાનું સંકલન કર્યું છે. એમણે ૧૫૦૦થી વધુ ઑડિઓ અને ૫૦ વિડિઓ કેસેટ્સમાં આ લોકવારસાનું ધ્વનિમુદ્રણ કરીને તેને સંરક્ષિત કર્યું.

આ ધ્વનિમુદ્રણોના આધારે એમણે ‘કંઠવેદ’ સહિત આદિવાસી લોકગંગાના અનેક સ્વરૂપોને સંપાદિત કર્યા છે. તેમાં સમાવેશ થાય છે –

* ૪ ભીલી મહાકાવ્યો
* ૨૦ લોકાખ્યાનો
* લગભગ ૧૦૦૦ લોકગીતો, કથાગીતો અને ગીતકથાઓ
* અનેક લોકકથાઓ અને પુરાકથાઓ

આ સંપાદનોના આધારે સ્વયં સંપાદક અને અન્ય સંશોધકોએ મળીને ૧૪ મહત્વપૂર્ણ અભ્યાસગ્રંથો આલેખ્યા છે, જે આદિવાસી લોકસાહિત્યના ક્ષેત્રમાં એક નોંધપાત્ર ઘટના છે.

હવે આ સમગ્ર અમૂલ્ય લોકસંપદાને ડિજિટાઇઝ કરીને એકત્ર ફાઉન્ડેશન દ્વારા વિશ્વ સમક્ષ રજૂ કરવામાં આવી છે. જ્યાં જ્યાં આ સાહિત્ય અભ્યાસક્રમમાં સમાવિષ્ટ છે ત્યાં વિદ્યાર્થીઓ તેને ડિજિટલ સ્વરૂપે તરત જ સરળતાથી વાંચી, તેનો લાભ લઈ શકશે

www.ekatrafoundation.org

GPSC / UPSC / UGC - JRF - NET, SLET ની
પરીક્ષા માટે, વિવિધ યુનિ. ના અભ્યાસક્રમ માટે

# ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

## વિવેચન

નાટ્યનાન્દી•સંદર્ભસંકેત•ભારતીય નવલકથા•સમકાલીન ગુજરાતી નવલકથા•સમકાલીન ગુજરાતી નવલિકા•સંજ્ઞાસંયોગ•કૃતિસમીપે, સર્જકસમીપે • કૃતિભાષ્ય

## સંશોધન

જયંત ગાડીતનું કથાસાહિત્ય•ચાર નવલકથાકારો
કળાકારનો ઈતિહાસબોધ•આર્નોલ્ડનો કાવ્યવિચાર

## સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા•મારી હકીકત•સંન્નિધાન (એક થી ત્રણ) વિવેચનના વિવિધ અભિગમો•રવીન્દ્રનાથ ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ હિમાંશી શેલતનો વાર્તાલોક•મોહન પરમાર અધ્યયન ગ્રંથ- ૧ (નવલિકા)•કાફકા અને મેટામોર્ફેસીસ

## સઘન સ્વાધ્યાય શ્રેણી

ટાગોરની વાર્તાકળા•મંટોની વાર્તાકળા•વળામણા•મારી હકીકત• સત્યના પ્રયોગો•તમસ•ગોરા•બદલાતી ક્ષિતિજ•શર્વિલક•સિદ્ધાર્થ• સંસ્કાર•વેસ્ટલેન્ડ

## ફિલ્મ આસ્વાદ શ્રેણી

મિર્ચમસાલા•ચારુલતા

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

105, નંદન કોમ્પ્લેક્ષ,
મીઠાખળી ગામ, રેલ્વે ફાટક સામે, અમદાવાદ - 380006

## વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા

# કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

**કાવ્યસંચય :**

| | | |
|---|---|---|
| ૧. હસ્તરેખાનાં વમળ (૧૯૮૮) | રન્નાદે પ્રકાશન | ૧૧/- |
| ૨. કલમથી કાગળ સુધી (૨૦૦૪) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૩. વિદેશવટો (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. બત્રીસ કોઠા વાવ (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૫. અછાંદોત્સવ (૨૦૧૩) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૨૫૦/- |
| ૬. ચક્રવ્યૂહ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૩૫૦/- |
| ૭. ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (૨૦૧૬) | બુકપબ | ૩૫૦/- |
| ૮. ન્યૂયૉર્ક નામે નગર (૨૦૧૭) | બુકપબ | ૨૫૦/- |
| ૯. ને હવે ગઝલોત્સવ (૨૦૨૦) | ડિવાઈન પબ્લિકેશન | ૧૫૦/- |
| ૧૦. શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (૨૦૨૦) | ગ્રંથમ | ૪૦૦/- |
| ૧૧. મનસંહિતા (૨૦૨૨) | ઝેડકેડ પબ્લિકેશન | ૫૦૦/- |
| ૧૨. મનોરથ (પ્રકાશ્ય) | ઝેડકેડ પબ્લિકેશન – | |

**ગદ્યપ્રકાશન – નવલિકા :**

| | | |
|---|---|---|
| ૧. પરાયા શ્વાસ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૨. સત્યેનની સકીના (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૩. ભીતર અનારાધાર (૨૦૧૩) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. હું અને મારી કવિતા (૨૦૨૨) | બોલ્ડ પ્રકાશન | ૨૫૦/- |
| ૫. ત્રેવડ (૨૦૨૨) | ડિવાઈન પબ્લિકેશન | ૨૦૦/- |

**BHARAT TRIVEDI**
927, David Walker Drive,
Tavares, Florida 32778, USA.
Ph. +11 2178991163.
bharattrivedi@sbcglobal.net



ત્રીજી જૂન, ૧૯૨૪માં કાફકા મૃત્યુ પામ્યો ત્યારે એના મિત્ર અને નવલકથાકાર મેક્સ બ્રૉડ સિવાય કોઈનેય કલ્પના પણ ન હતી કે ફ્રાંઝ કાફકા વીસમી સદીનો લેખક ગણાશે. એનું મોટા ભાગનું સર્જન મરણોત્તર પ્રગટ થયું છે. એની ત્રણેય નવલકથા 'ટ્રાયલ', 'કેસલ' અને 'અમેરિકા' અનુક્રમે ઈ.સ. ૧૯૨૫, ૨૬ અને ૨૭માં પ્રગટ થઈ. કાફકાએ પોતાનું સઘળું સર્જન બાળી મૂકવાની સલાહ બ્રોડને આપેલી! બ્રૉડે આ સલાહ ન માની. સર્જક હોવાના નાતે બ્રૉડે જ્યારે 'જજમેન્ટ' વાર્તા વાંચેલી ત્યારથી જ પોતાનો મિત્ર એક વિશિષ્ટ સર્જક છે એની પ્રતીતિ એને થઈ ચૂકી હતી. – **ભરત મહેતા**

યહૂદીઓની આપત્તિદશાનું આલેખન એન્ની ફ્રેન્ક નામની તેર ચૌદ વર્ષની યહૂદી કિશોરીએ પોતાની સખી કિટ્ટી પર લખેલા પત્રોની શૈલીએ પોતાની તા. ૧૨ જાન્યુઆરી, ૧૯૪૨થી આરંભીને તા. ૧ ઑગસ્ટ, ૧૯૪૪ના છેલ્લા પત્રની ડાયરીમાં કર્યું છે. છેલ્લો પત્ર લખ્યા પછી ચોથી તારીખે તે ગુપ્તવાસમાં પકડાઈ અને નાઝીઓના કૉન્સન્ટ્રેશન કૅમ્પની યાતનાઓને કારણે જૂન ૧૯૪૫માં તો મૃત્યુ પામી! એન્નીના પિતા જીવતા રહ્યા અને એમણે પુત્રી એન્નીની ડાયરી ઈ. ૧૯૪૭માં પ્રકાશિત કરી અને જાતિદ્વેષ અને યુદ્ધે લીધેલા ભોગનું એક કિશોરીએ સાહિત્યિક સંસ્પર્શ અને બૌદ્ધિક તર્કબદ્ધ રીતે તાટસ્થ્યથી કરેલું આલેખન કરોડો ઉપરાંત લોકોને, એની ત્રણ ત્રણ પેઢીઓને અંતરથી રડાવે એવું છે.

– **હસુ યાજ્ઞિક**

'અન ટુ ધીસ લાસ્ટ' જે તે વખતના પ્રચલિત અર્થશાસ્ત્ર સામેનો આક્રોશ છે. ઇંગ્લાંડની પાર્લામેન્ટમાં ૧૯૦૬માં જ્યારે પ્રથમ વાર મજૂર પક્ષ દાખલ થયો ત્યારે તેના ૨૯ સભ્યો હતા. તે બધાને પૂછવામાં આવ્યું કે તમને મજૂરપક્ષમાં મળી, સમાજવાદી થવાની સૌથી વધારે પ્રેરણા કયા પુસ્તકે આપી? બધાએ જવાબ આપેલો : રશ્કિનના 'અન ટુ ધીસ લાસ્ટ'માંથી. શબ્દને મહત્ત્વ આપનારા આપણા સૌને આનંદ ગૌરવ ઉપજાવે તેવી આ બીના છે. અસરકારક થાય સોનું કે શસ્ત્ર નહીં પણ શબ્દ. – **મનુભાઈ પંચોળી 'દર્શક'**


સ્થાન સમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

ઍસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

# હિતની વાતો

મધ્યકાલીન ગુજરાતી જૈન કવિઓમાં રસકવિ પંડિત શ્રી વીરવિજયજી(શુભવીર)નું નામ આદર સાથે લેવાય છે.

તેમણે રચેલી એક નાની છતાં નાજુક, નમણી અને હૃદયસ્પર્શી રચના હિતશિક્ષા છત્રીસી છે.

અહીં તેમાંથી થોડીક થોડીક કડીઓના આધારે હિતની વાતો કરવાનો ઉપક્રમ છે. અહીં ક્રમ વિષયને અનુરૂપ રાખ્યો છે.

પ્રભાતે જાગ્યા પછી કરવા લાયક કામ માટે તેઓએ સુંદર શબ્દો પ્રયોજ્યા છે :

માતાને ચરણે શીશ નમાવે, બાપને કરીય પ્રણામો જી;
દેવગુરુને વિધિએ વાંદી, કરે સંસારનાં કામો.
સુણજો સજ્જન રે, લોક વિરુદ્ધ નિવારો,
સુણજો સજ્જન રે, જગત વડો વ્યવહારો.

ગૃહસ્થનું જીવન છે : પ્રાતઃકાળમાં સૂર્યોદય પહેલાં તે જાગે છે. સર્વપ્રથમ નવકાર મહામંત્રનું સ્મરણ કરે છે. પોતાની નાસિકાના બે ફોરણાંમાંથી જે તરફનો શ્વાસ લેવાતો હોય તે તરફનો પગ, પથારીની બહાર પહેલાં મૂકે પછી દેહ ચિંતા/શંકા ટાળે, તે પછી માતાની પાસે જઈ તેના ચરણે મસ્તક નમાવીને કુશળ પૂછે. ઉપકારી વર્ગમાં સૌથી પહેલું સ્થાન માતાનું છે. આ પૃથ્વી પર અવતરણ થયું – જન્મ થયો તે પછી સર્વપ્રથમ આપણા પર વાત્સલ્યપૂર્ણ દૃષ્ટિપાત માતાનો થયો. હર્ષ ભરેલા હૈયાથી અને અમી ભરેલી આંખડીથી સ્નેહ સીંચનાર માતા છે. આપણે તેનો જ એક હિસ્સો છીએ. આપણું પિંડ તેનામાંથી જ નીપજ્યું છે. માતાના દેહમાંથી જન્મતું શિશુ તેના દૂધથી પોષાય છે. તેના લાડકોડથી મોટું થાય છે ને તેના પ્રેમથી માનવ બને છે. બાળકને જોઈ – 'લોચને કોના જેવો' એ પ્રશ્નના ઉત્તરમાં કાં માતાનું નામ આવે, કાં મોસાળનું નામ આવે. માટે પહેલાં પ્રણામ માતાને. કવિ રામનારાયણ પાઠકના જાણીતા ગીતમાં આ શબ્દો છે :

'પહેલા પરણામ મારા માતાજીને કહેજો.' – આ સર્વસ્વીકૃત વાત છે.

અત્યારે માતા સંબંધી વાત કરવી છે અને તેના પર વધુ ધ્યાન દોરવાનું મન થયું છે. શિશુના મુખેથી નીકળતો પહેલો શબ્દ હોય છે : 'બા' કવિતામાં પણ આવે છે :

વહાલામાં વહાલી લાગે મને બા, બા, બા.

ભગવાનની જેમ બા સાથેનો વ્યવહાર પણ એકવચનથી થાય છે. નાનપણમાં આ તું'કારો મીઠો લાગે છે. સોળેક વર્ષની વય સુધી એ શોભે પણ છે. પછી પુખ્ત વય થતાં એને બહુવચનથી બોલાવી એનું ઔચિત્ય જળવાય છે. પરમાત્માની જેમ માતા મહાનથી પણ મહાન છે અને નાનાથી પણ નાની છે. કથીરનું કંચન માતાના વાત્સલ્યથી જ થઈ શકે છે. **(ક્રમશઃ)**

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

## અમૃતવર્ષા

M.B.Prints®

Traditionally Printed Cotton Sarees

## નિમેષભાઈ ડગલી

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

## કો' મીઠા હૈયાની 'ના'

વાત આમ બની છે.

મુંબઈ શહેરની વાત છે.

કોલસાના એક વેપારીને ત્યાં પોતાની દીકરીનો લગ્ન પ્રસંગ છે.

મહેમાન-પરોણા આવવાના છે.

મહેમાનોની સરભરા સાચવવા માટે ઊતરવા-રહેવાની જગ્યાની સગવડ કરવાની છે.

નજર દોડાવતાં પોતાની દુકાન સામે જ એક મોટા મકાનમાં પહેલા માળે એક ફ્લૅટ ખાલી છે અને આવી રીતે, આવા પ્રસંગે તેઓ વાપરવા પણ આપે છે એમ જાણવા મળ્યું. માલિક તો હૈદ્રાબાદ રહેતા હતા. સ્થાનિક દેખભાળ બાજુના ફ્લૅટવાળા રાખતા હતા. સામાન્ય પરિચય હતો. એમની સાથે વાત કરી લઈએ એમ વિચાર્યું.

ફોન કરી પૃચ્છા કરી. સમય માંગીને મળવા ગયા.

બેલ સાંભળી બારણુંય ખૂલ્યું. આવકાર મળ્યો. બેસાડ્યા.

ચા-નાસ્તો ધરી ઉચિત સ્વાગત થયું. પછી આવવાનું પ્રયોજન પુછાયું.

કહ્યું : 'ઘરે લગ્નપ્રસંગ આવે છે. મહેમાનોને ઉતારા માટે બે દિવસ વાપરવા આ બાજુનો ફ્લૅટ જોઈએ છે.'

જવાબ મળ્યો : 'તેઓ હૈદ્રાબાદ રહે છે. ચાવી અમને સોંપી છે પણ છેલ્લા બે-ત્રણ પ્રસંગોએ એવો અનુભવ થયો છે કે, હવેથી તેઓએ આપવાનું બંધ કર્યું છે. માટે અમે આપને એ ફ્લૅટ વાપરવા આપી શકતા નથી.'

રજૂઆત બહુ જ વ્યવસ્થિત અને સરળતાભરી હતી તેથી માત્ર, 'ભલે. અમને એમ કે આ જગ્યા મળે તો પ્રસંગે અનુકૂળતા રહે માટે આપની પાસે આવ્યા હતા.' એમ કહીને ઊભા થયા.

તે જ વખતે ઘરની પુત્રવધૂ હાથમાં શ્રીફળ લઈને આગળ આવ્યાં અને મહેમાન વેપારીને અર્પણ કરવા લાગ્યાં. આવનાર ભાઈએ એ ન લેવાનો ભાવ પ્રદર્શિત કર્યો : 'આ શા માટે ?' એમ પ્રશ્ન પણ કર્યો.

ભાઈ બોલ્યા : 'તમે અમારે ત્યાંથી કંઈક લેવા આવ્યા હતા. તમને જોઈતું તો અમે આપી ન શક્યા તો આટલું તો અમારું સ્વીકારો. અમારે આપને કંઈક તો આપવું જોઈએ.'

ભાવથી ભીંજાયેલા આ અલ્પ શબ્દોએ અસર કરી શ્રીફળ સ્વીકાર્યું.

દાદરાનાં પગથિયાં ઊતરતાં ઊતરતાં કોલસાના વેપારી ભાઈના મનમાં ફ્લૅટ ન મળવાની જે ચચરાટી થઈ હતી, તેના ઉપર જાણે શીતળ લેપ કરવામાં આવ્યો હોય તેવું લાગ્યું. મન વિચારે ચડ્યું :

શું 'ના' પણ આટલી મીઠી હોઈ શકે છે ? આપણે તો પ્રસંગે 'ના' કહીએ છીએ તો મોટે ભાગે તે કેટલી લુખ્ખી-સુક્કી હોય છે ! વળી, ક્યારેક તો દંભના રેશમી કપડામાં લપેટેલી હોય છે ! પણ આવી મીઠી 'ના' તો પહેલી વાર સાંભળી ! મનને વાગે એવી ઠેસ પહોંચાડે તેવી 'ના' તો ઘણી મળી છે પણ આવી 'ના' સાંભળ્યા પછી તો શીખવા મળ્યું કે ના પાડવાનો પ્રસંગ આવે તો આવી 'ના' પાડવી જોઈએ.

જુવાનિયાઓને હોઠે ચડેલી પેલી પ્રસિદ્ધ પંક્તિ પણ આ જ ભાવને પ્રગટ કરે છે ને !

હું ક્યાં કહું છું –

મારી બધી વાતમાં હા હોવી જોઈએ,

પણ ના કહેતાં તમને વ્યથા હોવી જોઈએ.

'ના' પણ કોઈને સાંભળવી ગમે એવી હોઈ શકે ? હા, હોઈ શકે. આવી 'ના' પણ સાંભળવી જરૂર ગમે પણ એવી 'ના' કહેવા માટે હૈયું મીઠું હોવું જોઈએ. – એ મેળવીએ.

(પાઠશાળા) – **પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર


**અમદાવાદ**

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં નવાં પ્રકાશનો

## મહાપંથી 'પાટ' પરંપરા અને તેના સંતકવિઓ


**લે. : દલપત પઢિયાર**

**(કાચું પૂંઠું, પૃષ્ઠ : ૩૨૪, કિ. રૂ. ૬૦૦/-)**




'મહાપંથ' અતિ પ્રાચીન લોકસાધનાપંથ ગણાય છે. આ પંથનો ઉદ્‌ભવ ક્યારે થયો, કોણે કર્યો, કઈ રીતે વિસ્તર્યો વગેરે પ્રશ્નોના સીધેસીધા ઉત્તર હાથ લાગવા મુશ્કેલ છે, પણ આ પંથ બહુધા નીચલા સ્તરના ગણાતા, સામાન્ય વર્ગના સંતો, ભક્તો, સાધકો અને બહુજન લોકોએ ખેડ્યો છે એ સ્પષ્ટ છે. આજે પણ પંથ સામાન્ય સમાજોમાં અને નીચલા વર્ગના ગણાતા લોકોમાં સવિશેષ પ્રચલિત છે. સામાન્ય જનસમાજની આસ્થા, ભક્તિ અને ધર્મભાવનાને ધારણ આપતો આ પંથ, તેના ઉદ્‌ભવકાળથી તે આજ સુધી તેના દેશકાળ મુજબ અનેક અવનવાં રૂપોમાં પરિવર્તન પામતો, એકધારો ચાલ્યો આવ્યો છે. આમ, 'મહાપંથ' લોકોની વચ્ચે ઉદ્‌ભવેલો, લોકોએ ઉઝેરેલો, લોકોએ ઝીલેલો અને લોકોએ જાળવેલો પ્રાચીન, વિશાળ લોકસાધનાપંથ છે. એ 'લોકધર્મ' તરીકે પણ ઓળખાય છે.

---




## શબ્દમૂળની શોધ


**લે. : હેમન્ત દવે – સુહાગ દવે**

**(પાકું પૂંઠું, પૃષ્ઠ : ૨૧૬, કિ. રૂ. ૬૫૦/-)**

'શબ્દમૂળની શોધ' [...]. એમાંથી પસાર થતાં લાગે છે કે આ પ્રકારની સજ્જ ભાષાચેતનાનું કામ હવે વિરલ થતું આવે છે ત્યારે બહુશ્રુત ભૂમિકાથી ભાષાવિશ્લેષણ અને શબ્દવ્યુત્પત્તિ-વિશ્લેષણ દૃષ્ટિપૂર્વકનું આ સાહસ આવકારવા યોગ્ય છે.

**– ચન્દ્રકાન્ત ટોપીવાળા**

---




## બે હજાર ચોવીસ **સમક્ષ**

(૨૦૨૪માં પ્રકાશિત ગુજરાતી સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાઓ)

**સંપાદક : રમણ સોની**

**(પૃષ્ઠ : ૨૮૦, કિ. રૂ. ૪૫૦/-)**

લગભગ દરેક સમીક્ષક-મિત્રે નિખાલસ સ્પષ્ટ પ્રતિભાવ નોંધ્યા છે, ઘણાં સૂઝ-શ્રમપૂર્વક કેટલાંકે પોતાની વિશ્લેષક દૃષ્ટિ પણ પરોવી છે, લેખક/વ્યક્તિ નહીં પણ કૃતિ/પુસ્તક ઉપર એમનું ધ્યાન કેન્દ્રિત રહ્યું છે. એટલે ૨૦૨૪ના ગુજરાતી સાહિત્ય-વિચાર-જગતનો, મહદંશે નરવો કહી શકાય એવો આલેખ ઊપસ્યો છે. અનુવાદ-ગ્રંથોની સમીક્ષા અનુવાદને તપાસવાની રીતે થઈ શકી છે ને બાળસાહિત્યનાં પુસ્તકોમાં ભાષા-વિનિયોગની ઝીણી ચર્ચાઓ પણ થઈ છે. **– રમણ સોની**

**PARAB 2026 April**
RNI No. GUJGUJ/2006/17273

Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023
Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd

**Date of Publication 10th Posted on Every Month** **ISSN : 0250-9747**

₹ **20**




Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT.**